# તારી પીડાનો હું અનુભવી



પ્રકાશક:
શ્રી અજિત સી. પટેલ
દાદા ભગવાન વિજ્ઞાન ફાઉન્ડેશન
૧, વરુણ એપાર્ટમેન્ટ, ૩૭, શ્રીમાલી સોસાયટી,
નવરંગપુરા પોલીસ સ્ટેશનની સામે,
નવરંગપુરા અમદાવાદ, ૩૮૦૦૦૯.
Tel.: +91 79 3983 0100

© Dada Bhagwan Foundation
૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજ પાછળ,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
E: info@dadabhagwan.org
T: +91 79 3983 0100

All Rights Reserved. No part of this publication may be shared, copied, translated or reproduced in any form or shape (including electronic storage or audio recording) without written permission from the holder of the copyright. This publication is licensed for your personal use only.

પ્રથમ આવૃત્તિ : ૩૦૦ કોપી, જૂલાઈ ૨૦૨૦

ભાવ મૂલ્ય : 'પરમ વિનય'
અને
'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !

દ્રવ્ય મૂલ્ય : ₹ ૧૦૦/-

Printed in India

www.dadabhagwan.org

**Inspired by the teachings of**
**Param Pujya Dada Bhagwan**

# તારી પીડાનો હું અનુભવી

## ડિસ્ક્લેમર

*આજના કાળમાં માનવી ટેકનોલોજીમાં જેટલો એડવાન્સ થતો જાય છે, એટલો અંતર શાંતિ ગુમાવતો જાય છે.*

*ટીનેજ... રંગીન સપના... પેરેન્ટ્સ પ્રેશર... ફ્રેન્ડ સર્કલ... પિઅર પ્રેશર... આંધળી દોડ... સોશિયલ મીડિયા... પરિણામે આનંદ અને શોક વચ્ચે હિલોળા ખાતી આ ટીનેજ અંતે ડિપ્રેશન સુધી જઈને પહોંચે છે.*

*આ આખી સફરને આ નવલકથામાં વિસ્તારથી વર્ણવવામાં આવી છે. સાથે સાથે એમાંથી બહાર નીકળવાના ઉપાયો તેમજ અન્ય ઘણી સમજણોને આમાં આવરી લેવામાં આવી છે.*

*પરમ પૂજ્ય દાદાશ્રી કાયમ કહેતા કે દુઃખો માત્ર અણસમજણના હોય છે. જીવનના દરેક તબક્કે પ્રવર્તતી અણસમજણો અને તેની સામે સાચી સમજણને આમાં સુંદર રીતે આલેખવામાં આવી છે, જે ટીનેજર્સ અને યુથને અતિ ઉપયોગી નીવડશે.*

*આ નવલકથામાં પરમ પૂજ્ય દાદાશ્રીએ આપેલી સાચી દષ્ટિને એટલે કે એમના આશયોને ટીનેજના લેવલે સમજાવવાનો પ્રયાસ કર્યો છે. આથી એમાં થોડી છૂટ લીધી છે. બાકી પૂજ્ય દાદાશ્રીની એક્ઝેક્ટ સમજણ માટે તો એમના પુસ્તકોને જ મૂળ આધાર માનવો.*

## (૧)

*બહાર ખૂબ ઉકળાટ હતો. ગરમીમાંથી છુટકારો મળે અને મેઘરાજાની મહેર વરસે એવી આશ દરેક મનુષ્યમાં જ નહીં પણ મૂંગા પશુઓમાં પણ દેખાતી હતી. વાદળ ઘેરાયેલા હતા. બફારાથી બધા કંટાળેલા હતા. હા, હું પણ. છતાં મારા મનમાં ખૂબ જ શાંતિ હતી અને સાથે સાથે સ્થિરતાની ઠંડક. હું રૂમમાં એકલી હતી, જેમ જીવનમાં હતી એમ. પણ હવે નહીં, બહુ રહી લીધું એકલું. હવે હું મારી પોતાની કંપનીને એન્જોય કરવા લાગી હતી.*

*રૂમમાં બારી પાસે મારું સ્ટડી ટેબલ હતું અને તેના પર મારી જીવનની આપવીતીને સાચવીને પડેલી મારી ડાયરી હતી. આ ડાયરીએ મારા જીવનના એક-એક સારા-નરસા પ્રસંગોને સંભાળી રાખ્યા હતા. એમ જ કહોને કે બધા જ નરસા પ્રસંગો એમાં દટાયેલા હતા કારણ કે સારા પ્રસંગો મેં જીવ્યા જ નહોતા. પણ હવે આ ડાયરીનો નવો અધ્યાય ચાલુ થવાની તૈયારીમાં હતો, એ પણ તમારી હાજરીમાં.*

*અચાનક બારીમાંથી પવનની ઠંડી લહેર આવી. મેં એ લહેર આખા શરીર અને માથા પર અનુભવી. ખૂબ સ્વસ્થતાપૂર્વક મેં મારા માથા પર સ્પર્શ કર્યો. આજે કોઈ ભોગવટા કે લઘુતાગ્રંથિ રહિત સ્થિરતા અને સ્વસ્થતા અનુભવી. આજ સુધી નફરત, હતાશા અને ગુસ્સા સાથે, એક ફરિયાદી બનીને જ મેં પોતાની જાતને અને ભગવાનના ન્યાયને અનેકવાર ધિક્કાર્યા હતા.*

*તમે વિચારતા હશોને કે હું કોણ બોલું છું ?*

*હું સંયુક્તા…*

*તમારી જ મિત્ર…*

*તમારો જ પડછાયો…*

*તમે તમારામાં મને ક્યાંક ને ક્યાંક અદૃશ્ય જોશો જ…*

*કદાચ તમે મને નથી ઓળખતા તેથી તમારામાં છૂપાયેલી મારી છબીને પણ*

નથી ઓળખી શકતા.

જીવનના વિવિધ પાસાઓમાં અટવાઈ જતા હું અને તમે, નજીવી અણસમજણના કારણે, અકારણ હોઠ અને આંખોને ન હસવાની ઉંમરકેદની સજા આપી દેતા હોઈએ છીએ. આજે મને એનો અહેસાસ થાય છે, જ્યારે હું એક નવી દૃષ્ટિ મેળવ્યા બાદ મુક્ત મને હસું છું, જીવું છું.

બારીમાંથી સીધા જ રૂમમાં પ્રવેશતા પવનની ગતિ વધવા લાગી. ડાયરીના પાના ઊડવા લાગ્યા. એક કરચલી પડી ગયેલું પાનું આંખો સામે આવતા જ મારી આંગળીઓએ તેને રોકી લીધું. નજર એ જૂના દિવસોની યાદમાં દોડવા લાગી.

હા, યાદ છે મને, આ પાના ઉપરની લાલ લાઈનનો કાચો રંગ કેમ નીકળ્યો હતો અને એમાં કરચલીઓ કેમ પડી ગઈ હતી. ઉતાવળે ખરાબ અક્ષરે લખાયેલું એ પાનું આજે મારો ઈતિહાસ બોલી રહ્યું હતું...

'આજે હું સ્કૂલથી ઘરે આવી ત્યારે ખૂબ વરસાદ આવતો હતો. મારી બધી ફ્રેન્ડ્સ, ખાલી કહેવા પૂરતી, વરસાદમાં ભીની થઈ ગઈ હતી. આમેય ભીના તો થઈ જ ગયા હતા, તેથી અમે બધાએ વરસાદની મજા લેવા ટેરેસ પર જવાનું નક્કી કર્યું. મને પણ વરસાદમાં નહાવાનું બહુ ગમે. હું પણ તેમની સાથે જોડાઈ. 'આવ સંયુક્તા, કેટલી મજા આવે છે ને અહીંયા.'

'હા.' મેં દર વખતની જેમ સંકોચાતા કહ્યું.

'ચાલો આપણે બધા અંતાક્ષરી રમીએ.'

'બારીશમેં અંતાક્ષરી... બહોત ખૂબ... બહોત ખૂબ', શ્વેતા ઊછળી પડી.

શ્વેતા, નેહા, ક્રિષ્ના અને હું બે-બેની ટીમમાં વહેંચાઈ ગયા.

'યાહુ... ચાહે કોઈ હમે જંગલી કહે...' શ્વેતા ગીત શરૂ કરતાની સાથે જ જોરથી વરસાદથી ભરાયેલા પાણીના ખાબોચિયામાં કૂદી પડી અને એની પાછળ અમે બધા પણ પાણીમાં છબછબિયા કરવા લાગ્યા.

'રે મામા... રે મામા... રે...' અંતાક્ષરી જુદા જુદા પિક્ચરના ગીતો સાથે આગળ વધી રહી હતી. જેવા ગીતો આવે એવી એક્શન કરતા કરતા અમે બધા ખૂબ મસ્તીમાં આવી ગયા હતા. જાણે આખી દુનિયાના રાજા ના હોય ! મારા શરમ અને સંકોચ હું જાણે ભૂલી જ ગઈ હતી.

દસ-પંદર મિનિટ પછી નેહાએ ચાલુ કર્યું. 'યે રેશમી ઝૂલ્ફે... યે શરબતી આંખે...'

બસ ખલાસ... મારી હકીકત... મારી વાસ્તવિકતા... મારી નારાજગીએ

મારી બધી ખુશીઓનો એક સેકન્ડમાં ભોગ લઈ લીધો. મારો ચહેરો ફિક્કો પડી ગયો. બધી ફ્રેન્ડ્ઝને ગીત પ્રમાણે આંગળીઓથી પોતાના વાળને રમાડતા જોઈને હું ભોંઠી પડી ગઈ. મને બધાની ઈર્ષા થવા લાગી. મન થયું કે હમણાં ઘરે જતી રહું પણ એવું કરવા મારા પગ મને સાથ નહોતા આપતા.

'સંયુક્તા... ચલ હવે તારો વારો, તું ગા હવે...' ક્રિષ્નાએ મને ઝંઝોળી.

મને તો એ પણ ખબર નહોતી કે ગીત ક્યારે પૂરું થયું અને કયા અક્ષર પર અટક્યું. હું મૂંગી રહી કારણ કે બોલવા જાત તો કદાચ રડી પડત. ખૂબ હિંમત ભેગી કરીને આખરે બસ એટલું જ બોલાયું કે 'મને ઠંડી લાગે છે. હું ઘરે જઉ છું.'

હું ફટાફટ સીડીના દાદરા ઊતરીને નીચે ઘરમાં આવી. રૂમમાં આવીને ખુરશીમાં બેસી ગઈ. ખૂબ ગુસ્સો આવતો હતો. જાત માટેની નફરત અને ઘૃણાથી મન ભરાઈ ગયું હતું. આંખો વરસતા વરસાદની જેમ વરસી રહી હતી. મેં ડાયરી ખોલી અને આંસુવાળી ઝાંખી આંખોથી આ પ્રસંગની પીડા એમાં ઉતારી દીધી. નીતરતી આંખો, ભીના અને ધ્રૂજતા હાથ અને અકળાયેલા મન સાથે લખતા લખતા પાનું પણ ભીનું થઈ ગયું. અને અક્ષરો તો ખૂબ ખરાબ નીકળ્યા હતા.

આજે ફરી આ કરચલીવાળું અને કલર નીકળી ગયેલું પાનું મને એ આખો પ્રસંગ જીવંત બનાવી ગયું.

પણ મારા આજ અને કાલમાં હવે આસમાન-જમીનનો ફરક હતો. મેં મારી જિંદગીની ઘણી ખુશીઓને પોતાની લઘુતાગ્રંથિના કારણે દુઃખ અને ભોગવટાની બળતરાવાળી અગ્નિમાં હોમી દીધી હતી. મારું બાળપણ અને યુવાનીની શરૂઆત બધું જ કાયમ માટે ઉદાસીની છાયામાં જ વ્યતિત થયેલું હતું. જીવન જીવવાની આશા પણ ઉંમર વધતાની સાથે સાથે ઘટતી જતી હતી. હું વધારે ને વધારે હતાશાનો ભોગ બનતી ગઈ હતી.

પણ હવે મારે ફરીથી એ તમામ પળોને જીવવી છે. જે કદાચ શક્ય નથી. પણ હા, હું વરસાદની પહેલીવાર રાહ જોઈ રહી છું. મારે હવે વિના સંકોચે એમાં ભીંજાઈને મોરની જેમ નાચવું છે. જ્યારથી મને એક વિરલ વિભૂતિનો સંયોગ પ્રાપ્ત થયો, ત્યારથી જાણે મારું જીવન જ બદલાઈ ગયું. એમણે મને નવું જીવન આપ્યું. નવી દૃષ્ટિ આપી. એમના પ્રેમ અને કરુણાની ધારાના બે ટીપાએ મને તૃપ્ત કરી. છતાં એ કેમ વધારે ને વધારે મળે એની લાલચ પ્રબળ બનતી ગઈ. મારું મન હવે પોતાનામાંથી ખસીને એમની પાસે દોડી જાય છે. અને કેમ ના જાય ? જે સુખની આશામાં હું ક્યારેય શાંતિથી સૂતી નહોતી, એ સુખ એમણે જ મને ચખાડ્યું.

દુનિયામાં ઘણી ખરી વ્યક્તિઓ પૈસાના જોરે, પ્રતિષ્ઠાના જોરે, બુદ્ધિના જોરે કે પછી કોઈ પોતાની આગવી કળાના જોરે પોતાના પગને જમીન પર સ્થિર રાખતા હોય છે. અને જો સ્ત્રીઓની વાત કરીએ તો સૌથી પહેલા દરેકના માનસપટ પર એનો દેખાવ આવતો હોય છે. પહેલી જ નજરે એ કેવી છે એમ જોવાય. પછી એની બુદ્ધિ અંકાય અને કદાચ અમુક જ લોકો ગુણને કિંમત આપે. પણ મારી પાસે તો કદાચ આ બધામાંથી એક પણ વસ્તુની અસામાન્યતા નહોતી. હું સામાન્ય હતી અને આજે પણ છું. બુદ્ધિ અને ગુણની વાત કરીએ તો બુદ્ધિ તો નિરંતર બળતરામાં અને નેગેટિવિટીમાં જ વેડફાઈ ગઈ. અને ગુણ સુધી તો પહોંચી જ ના શકી કારણ કે આખું અંતઃકરણ માત્ર અને માત્ર કેમ કરીને આ જીવનમાં શાંતિથી જીવાય અને કેમ કરીને લોકોનો સામનો કરાય એની જ પીડામાં ખોવાયેલું રહેતું. એમાં જે કોઈ સારા ગુણો હતા, તે પણ જાણે મૃત જેવા થઈ ગયા હતા. રોજ નવા અવગુણો જ જન્મ લેતા. બાકી રહ્યો દેખાવ, તો એના માટે મેં કાયમ નેગેટિવ જ અનુભવ્યું છે. આજે પહેલીવાર મને બાહ્ય દેખાવ ગૌણ લાગ્યું. ત્યાં અચાનક રોનક આવ્યો અને એણે મારી વિચારોની શૃંખલા તોડી...

'દીદી, આજે નાટક જોવા જવું છે ?'

'હા, જઈએ. બોલ કેટલા વાગે જવાનું છે ?'

'શું વાત છે ? તે આજે વગર વિચાર્યે જ જવાબ આપી દીધો ?'

'હા... આજે હું તને ના નહીં કહું. મારે જવું જ છે.'

'જોરદાર... તો છ વાગ્યાનો શો છે, તું સવા પાંચે તૈયાર રહેજે.'

'ઓ.કે., ડન.' મેં રોનકને હાઈ ફાઈ આપી.

મારો નાનો ભાઈ રોનક... હંમેશાં મને ખુશ કરવા નવા નવા નુસખા અપનાવતો અને હું હંમેશાં તેને ચકનાચૂર કરી નાખતી. મારી ઈચ્છા એ નિરાશ થાય એવી ના હોય પણ મને પોતાને અંદર એટલો બધો અસંતોષ હોય કે જેનાથી કોઈની લાગણીઓ અને ભાવનાઓને સમજવા કે વિચારવાનું પાસું હું ખોઈ બેઠી હતી. સતત પોતાની અંદર જ ખોવાયેલી, ઉદાસ અને સંપૂર્ણપણે હતાશ વ્યક્તિ બીજાને શું ખુશ કરી શકે ?

ઘડિયાળમાં સાડા ચાર વાગ્યા. હું તૈયાર થવા ઊભી થઈ. મેં શાંતિથી એક જીન્સ અને ટી-શર્ટ પહેર્યા. મોઢું ધોયું. એક નાનકડી સ્લિંગ બેગમાં વોલેટ અને મોબાઈલ મૂક્યા. અરીસા સામે ઊભી રહી મેં પોતાને એક સરસ કોન્ફિડન્ટ સ્માઈલ આપી.

પોતાની જાતને અરીસામાં જોઈને સ્માઈલ આપવાનું કામ મારા માટે અત્યાર

સુધી ખૂબ અઘરું હતું. ડર હતો કે અરીસો પણ મારી મશ્કરી ન કરી બેસે. પણ આજે અંદર નીરવ શાંતિ વર્તાતી હતી. બધું શાંત હતું. મનની અંદર કોઈ પણ જાતના વિચારો નહોતા. બસ, એક અલગ પ્રકારનો આનંદ અને આત્મવિશ્વાસ અનુભવાઈ રહ્યા હતા. હવે હું લગભગ તૈયાર હતી, મારી અંદરની અને બહારની દુનિયાનો સામનો કરવા માટે.

રોનકે બૂમ પાડી, 'દીદી, દસ મિનિટમાં નીકળીશું. તૈયાર થઈ જજે.'

મેં શોર્ટમાં જ જવાબ આપ્યો, 'હા, તૈયાર છું.'

હું ફરીથી અરીસા સામે ગઈ. પેહલા પણ ક્યાંય બહાર જવાનું હોય તો મને વારંવાર અરીસા સામે જઈને ઊભા રહેવાની આદત. આ જગ્યા મારા માટે હંમેશાં દુ:ખદાયી જ રહી છે. અરીસા પર પડેલી એક મોટી તિરાડ અને કાચ વગરનો અમુક ભાગ ફરી મને મારા ભૂતકાળમાં ખેંચી ગયા...

મમ્મીની બર્થ ડે હતી. પપ્પા નાટકની ટિકિટો લાવ્યા હતા. નાટક જોઈને અમે બધા બહાર રેસ્ટોરેન્ટમાં જમવા જવાના હતા. પણ મમ્મી તો આજે પણ એવી સાદી જ સાડીમાં તૈયાર થઈ હતી.

દાદીએ કહ્યું, 'રશ્મિ, આજે તો સારા કપડાં પહેર.'

'આ સારા જ તો છે.' મમ્મીની આંખો દાદીને આડકતરી રીતે કંઈક સમજાવવા મથતી હતી.

રોનક બહાર મિત્રો સાથે રમવા ગયો હતો. તે દોડતો દોડતો ઘરમાં આવીને ફટાફટ તૈયાર થયો. એ ખૂબ ઉત્સાહમાં હતો કારણ કે અમે ભાગ્યે જ બહાર ફરવા કે હોટેલમાં જતા. એને હંમેશાં ઘરથી બહાર નીકળતા પહેલા પોતાના વાળને ચાર-પાંચવાર સરખા કરવાની ટેવ હતી. બેસિનમાંથી હાથમાં પાણી લઈને વાળમાં ચોપડ્યું અને ધસમસતો મારા રૂમમાં આવ્યો.

'એય ! શું કરે છે ક્યારની અરીસા સામે ? મને તૈયાર થવા દે. ખસ હવે અહીંથી.' એણે મને મજાકમાં થોડો ધક્કો માર્યો.

મારું ડિપ્રેસ મન પાછું છટકી ગયું, 'શું સમજે છે તારી જાતને ? નહીં ખસું જા.'

'તારે એટલું બધું શું તૈયાર થવાનું છે ?' હવે એની કમાન પણ છટકી.

'તું કોણ છે મને કહેવાવાળો.' હવે મારી નબળાઈઓ ક્રોધમાં પરિવર્તિત થઈને બહાર ફૂટવા લાગી.

'એક તો ટકલી છે અને રોફ પાર વગરનો કરે છે.' રોનકનો અહંકાર પણ

જાગી ઊઠ્યો હતો.

એણે મારી દુખતી નસ દબાવવાને બદલે આખેઆખી કાપી નાખી હોય એવો મને અનુભવ થયો. બાજુમાં ટેબલ પર પેપર વેઈટ પડ્યું હતું. હું ગુસ્સામાં આંધળી થઈ ગઈ હતી. પેપર વેઈટ મેં હાથમાં ઉપાડ્યું. મન તો થયું કે રોનકને બે તમાચા ઠોકી દઉં. પણ અરીસા માટે કકળાટ થયો હતો તેથી એ અરીસાને જ મેં જોરથી ઘા કર્યો. કાચ ફૂટ્યો, કેટલીક તિરાડો પડી અને થોડો કાચ નીચે પડ્યો. મોટો અવાજ થતા બધા રૂમમાં ભેગા થઈ ગયા. મને કોઈ કશું બોલ્યું નહીં. બધા રોનક પર ગુસ્સે થઈ ગયા. જો કે પપ્પાની આંખોમાં મારા માટે ગુસ્સો અને દયા બંને દેખાતા હતા. પણ દાદી અને મમ્મીની હાજરીએ એમને થોડા ઠંડા પાડ્યા. મમ્મીએ આંખોમાં આંસુ સાથે કાચને ધીમેથી ઉપાડ્યા. એની કરચો ક્યાં ક્યાં સુધી ફેલાયેલી હતી.

મેં કાચ તોડ્યો અને રોનકે મારું મન.

જમીન પર કાચની કરચો ફેલાઈ અને મારા મનમાં હીનતા અને લઘુતાની કરચો ફેલાઈ ગઈ. જાણે મારા હૃદયમાં ખૂંપી ગઈ.

મારા જીવનમાં જે જે કડવા પ્રસંગો બન્યા, તેનો ભોગ હું તો બની જ પણ મારા મમ્મી-પપ્પાને પણ મેં ક્યારેય શાંતિથી રહેવા દીધા નહોતા. મારી સાથે સાથે તેઓ પણ મારા જેટલી જ પીડા અનુભવતા.

હવે બહાર જવાનું આપોઆપ કેન્સલ થઈ ગયું અને દાદી પણ ચૂપચાપ એમના રૂમમાં જતા રહ્યા. રોનક બહારની રૂમમાં જઈને ટી.વી. ચાલુ કરીને બેસી ગયો. મમ્મી રસોડામાં જઈને કામ કરવાનું નાટક કરવા લાગી કારણ કે એ બિચારી મને હમણાં કંઈ કહી શકે એમ નહોતી. એ જો હમણાં કંઈ કહેત તો મારો મિજાજ એના પર ખૂબ ભારે થઈ પડત. તેથી થોડો સમય વીત્યા પછી જ એ મને એનો પ્રેમ અને હૂંફ આપીને શાંત કરતી. મારા પગ અને હાથ હજી પણ ગુસ્સામાં ધ્રૂજતા હતા. પપ્પાએ નાટકની ટિકિટો ફાડીને ડસ્ટબીનમાં ફેંકી દીધી. તેઓ ચૂપચાપ મારા માથા પર હાથ ફેરવીને બહાર જતા રહ્યા. મમ્મીનો બર્થ ડે અંતે ખીચડી ખાઈને જ ઊજવાયો.

બિચારી મમ્મી... હંમેશાં મારા લીધે સપડાઈ જતી. હું પણ બધું ભાન ભૂલીને માત્ર અને માત્ર પોતાનામાં કેન્દ્રિત થઈ જતી હતી. અને એટલે જ ત્યારે મને કોઈની પીડાનો અહેસાસ નહોતો થતો. પોતે ડૂબતો હોય તેને બીજાને બચાવવાનો વિચાર ક્યાંથી આવે ?

'દીદી... ચાલ હવે મોડું થઈ જશે.' રોનક રૂમમાં આવ્યો અને હું પાછી વર્તમાનમાં ફરી.

## (૨)

વીસ મિનિટમાં અમે નાટક હોલ પહોંચી ગયા. લોકોની નજર કોઈ એલિયનને જોતા હોય એમ મારા પર સ્થિર થઈ જતી. બધાને પસાર કરતા હું અને રોનક આગળ વધ્યા.

'રોનક, પોપકોર્ન ખાશે ?'

'હા, હું જઈને લઈ આવું.' રોનક આગળ વધ્યો.

'આજે હું લઈ આવું છું.' મેં તેનો હાથ પકડીને તેને રોક્યો.

એ નવાઈ પામ્યો. કંઈ બોલ્યો નહીં પણ એની આંખોમાં આનંદ દેખાતો હતો. પોપકોર્નની લાઈનમાં મારી પાછળ બે આન્ટી ઊભા હતા. એમણે ધીમેથી મારા પર કમેન્ટ કરી,

'એ, આને જો તો, વાળ કેવા વિચિત્ર છે.'

'છે કે નથી એ જ ખબર પડતી નથી.'

'કદાચ કોઈ બિમારી હશે.' એક આન્ટીના મનમાં અચાનક દયા ઊપસી આવી. બીજા આન્ટી પણ હવે બોલતા બંધ થયા. બહારથી આવું બધું સાંભળવાનું અને ભોગવવાનું કંઈ મારા માટે નવું નહોતું. પણ આજે મને એનો સ્વીકાર થાય છે.

'આન્ટી, તમારો રૂમાલ નીચે પડી ગયો છે.' મેં જતા જતા એમને કહ્યું.

'ઓહ, થેન્ક યૂ.' એમણે આભાર દર્શાવ્યો.

નાટક સરસ હતું. કોમેડી હતું. હું પેટ ભરીને હસી. ધીમે ધીમે આખું ટોળું થીયેટરમાંથી બહાર નીકળ્યું. આછા ઘોંઘાટમાં મને એક અવાજ સંભળાયો.

'સંયુક્તા...'

મેં પાછું વળીને જોયું તો મારી સ્કૂલની ફ્રેન્ડ ઈશિતા પાછળ ઊભી હતી.

'હાય, હાઉ આર યૂ ?' મેં હાથ લંબાવ્યો.

'ફાઈન, તું કેમ છે ?' એણે પણ અચરજ સાથે મારો હાથ પકડ્યો.

'એકદમ ઓલરાઈટ.'

'બાકી શું ચાલે છે ?'

'ઓલ વેલ છે, તું બોલ.' મેં આજે એની સાથે ખરી લાગણીથી વાત કરી.

ઈશિતા એટલે અમારા ક્લાસની બ્યૂટિફૂલ છોકરી. માત્ર ચહેરો જ નહીં, વાળ પણ એટલા જ સુંદર. ખુદ ટીચરો પણ એને પૂછતા કે એ વાળ માટે કયું તેલ વાપરે છે. અને ત્યારે એની છાતી ગજ ગજ ફૂલતી. છોકરીઓ એની ફ્રેન્ડ બનવામાં માન અનુભવતી, પછી ભલેને અંદર એના પ્રત્યે ઈર્ષામાં જલતી હોય.

સુંદરતાના કારણે એનો પારો થોડો ઊંચો રહેતો. હું એની સાથે ભાગ્યે જ વાત કરતી. એને જોઈને મને પોતાની જાત પર વધારે શરમ આવતી. મને ખૂબ જ લઘુતા અનુભવાતી એટલે તેનાથી દૂર જ રહેતી.

એકવાર છઠ્ઠા ધોરણમાં સ્ટેજ પર એક નાટક કરવાનું હતું. તેમાં ભાગ લેવા બધા ખૂબ ઉત્સાહી હતા. મને પણ અનેક અરમાનો હતા પણ હું પાછી પડતી હતી એ જાહેર કરવામાં. જ્યારે બધી છોકરીઓ ટોળે વળીને એની ચર્ચા કરતી ત્યારે તે બધી વાત હું ટોળાથી દૂર રહીને ધ્યાનથી સાંભળતી. નાટક વૃદ્ધો અને યુવા પેઢીના વચ્ચેના જનરેશન ગેપ પર હતું. કુલ પાંચ પાત્રો હતા. એમાં એક પાત્ર વૃદ્ધ સ્ત્રીનું હતું. બધા મજાકના મૂડમાં હતા.

'એ અંજલી, પેલી યંગ છોકરીનું પાત્ર તો હું જ ભજવીશ.' સ્વાતિએ જાહેર કર્યું.

'જા જા, તું તો એની મમ્મીના રોલમાં જ સારી લાગીશ.' અંજલીએ વળતો જવાબ આપ્યો.

'મને લાગે છે કે એ રોલ તો ઈશિતાને જ મળશે.' 'ઈશિતાની ચમચી', નિશા તરત બોલી ઊઠી. નિશા હંમેશાં ઈશિતાની પાછળ પાછળ ફરવામાં અને તેની હામાં હા મિલાવવામાં નંબર વન હતી. બધા એને ખાનગીમાં ઈશિતાની ચમચી જ કહેતા. તેનું પોતાનું જાણે કોઈ અસ્તિત્વ જ નહોતું.

'આઈ થિંક નિશા સાચું કહે છે. ટીચર ઈશિતાને જ સિલેક્ટ કરશે.' રેહાનાએ પણ સ્વીકાર્યું.

'ઓ.કે. બાબા, તો પછી એ રોલ તો ગયો આપણા હાથમાંથી.' સ્વાતિએ અંજલી સામે જોઈને કહ્યું.

'આપણો મમ્મી-પપ્પા બનવાનો જ વારો આવશે.' અંજલીની કમેન્ટ પર બધા ખડખડાટ હસી પડ્યા. ઈશિતા મૌન થઈને સાતમાં આસમાનમાં ઊડી રહી. તેના

નાકના ટેરવા ગર્વથી ફૂલી ગયા.

'ચાલો, હવે બે રોલ બાકી રહ્યા. એક તો યંગ છોકરીનો ભાઈ અને બીજા એના દાદીમા.' પ્રિયાએ વાત આગળ ચલાવી.

'એના ભાઈનો રોલ તો સના કરશે તો સારું લાગશે, એના વાળ બોય કટ છે ને.' અંજલીએ પાછું પોતાનું ડહાપણ બતાવ્યું.

'અને દાદીમા કોણ બનશે ?' સ્વાતિએ પ્રશ્ન કર્યો.

'એમાં તો કોઈને રસ નથી.' રેહાના બોલી.

'કોઈકે તો કરવો જ પડશે ને ?' પ્રિયા બોલી.

'મારી પાસે એક આઈડિયા છે.' ઈશિતાએ બધાનું ધ્યાન મારા તરફ કરતા ધીમેથી કંઈક ઈશારો કર્યો. મને સમજ ના પડી. બધા જોર જોરથી હસવા લાગ્યા.

'વાઉ ઈશિતા, તારો આઈડિયા તો સૂપર છે.' ઈશિતા કંઈક બોલે તો નિશાથી કેમ ચૂપ રહેવાય.

'અરે યાર, જવા દે ને.' પ્રિયા થોડી સીરિઅસ થઈને બોલી.

'એકવાર પૂછી તો જોઈએ.' નિશા બોલી.

'એમ પણ દાદીના રોલમાં સફેદ વાળની વિગ પહેરવી પડશે. તો એને પરફેક્ટ ફિટ થશે.' ઈશિતાના વાક્યોમાં ભરપૂર અહંકાર છલકાતો હતો.

'સંયુક્તા, તારે ડ્રામામાં રહેવું છે ?' નિશાએ બૂમ પાડીને મને પૂછ્યું.

'ના.' એને ખબર નહોતી કે મેં એમની બધી વાતો સાંભળી છે. હું સાવ તૂટી ગઈ. ભાંગી પડી. ઈશિતા માટે મને ભારોભાર નફરત થવા લાગી. મારી આવી મશ્કરી એક દિવસ ઊડશે એની મેં કલ્પના પણ નહોતી કરી. હું મજાક બનીને રહી ગઈ. મારી આંખો ભરાઈ આવી હતી પણ મારે બધા સામે રડવું નહોતું. હું ઉતાવળે પગલા ભરીને બાથરૂમ તરફ જવા લાગી. રસ્તામાં જ રડી પડી. બાથરૂમમાં પાણીનો નળ ચાલુ કરીને મોઢું ધોતા ધોતા મારા આંસુ બીજી છોકરીઓથી છૂપાવવાનો પ્રયત્ન કર્યો પણ આંખો તો લાલઘૂમ થઈ ગઈ હતી. એ દિવસે મારાથી કોઈનો પણ સામનો કરવાનું શક્ય નહોતું. નીચી નજરે હું ક્લાસમાં પાછી ગઈ અને ડાયરી લઈને સ્ટાફ રૂમ તરફ ગઈ.

'અક્ષિતા મેમ.' મેં ધીમેથી ક્લાસ ટીચરને બોલાવ્યા.

'બોલ સંયુક્તા.'

'મારી તબિયત સારી નથી. મને ઘરે જવાની રજા આપશો, પ્લીઝ ?'

'શું થયું છે તને ?'

'તું રડી હતી ?' અક્ષિતા મેમને ખબર પડી ગઈ.

'હા મેમ, પેટમાં બહુ દુખે છે. નથી રહેવાતું.' મેં નીચું જોઈને બહાનું આપ્યું. 'તમે કહો તો પપ્પાને ફોન કરીને બોલાવી લઉ.'

'હા, લાવ ડાયરીમાં સાઈન કરી આપું.' અક્ષિતા મેમે પણ મને ત્યારે વધારે સવાલ પૂછ્યા વિના રજા આપી દીધી. એ મારી ઉપર એમનો ઉપકાર હતો કારણ કે વધારે બોલવા જાત તો હું મારા આંસુને રોકી ના શકત.

'થેન્ક યૂ મેમ.' મેં ઢીલા મોઢે સ્માઈલ આપવાની પરાણે મહેનત કરી.

સ્કૂલની ઓફિસમાંથી પપ્પાને ફોન કરીને બોલાવી લીધા. ગેટ પાસે મેમની સાઈન કરેલી ડાયરીનું પાનું બતાવી પપ્પા સાથે સ્કૂટર પર રવાના થઈ.

'બેટા, ચાલ પહેલા ડોક્ટર પાસે લઈ જઉ તને.' પપ્પાએ ચિંતા વ્યક્ત કરતા કહ્યું.

'ના, મારે ઘરે જવું છે.'

'પણ તું દવા લઈ લઈશ તો તને સારું થઈ જશે, દીકરા.'

'મેં તમને કહ્યુંને કે મારે ઘરે જવું છે. હમણાં ડોક્ટરની જરૂર નથી.' મેં અકળાઈને પપ્પાને જવાબ આપ્યો.

'જેવી તારી ઈચ્છા.' કદાચ પપ્પા સમજી ગયા હતા કે હું જૂઠું બોલીને આવી છું એટલે આગળ કંઈ પણ કહ્યા વિના મને સીધા ઘરે લઈ ગયા.

'સંયુક્તા...' ઈશિતાએ મને ઢંઢોળી.

'ઓહ...' જોયું તો હું થીયેટરના હોલમાં ઊભી હતી. મારી વિચારધારા તૂટી.

'તું સ્કૂલમાંથી કોઈના ટચમાં છે ?' ઈશિતાએ પૂછ્યું.

'ના. પણ હવે આપણે ટચમાં રહીશું.'

'મને તારો મોબાઈલ નંબર આપ.' ઈશિતા જેવી છોકરી મારા જેવીનો નંબર માંગે ? મને થોડી નવાઈ લાગી પણ આગળ વિચાર્યા વિના અમે એકબીજાના નંબર શેર કર્યા.

'ચાલ, પછી ક્યારેક મળીશું.' આગળ હવે કંઈ વાત ન હોવાથી, મેં તેને બાય કહેવાનું યોગ્ય સમજ્યું.

'હા, શ્યોર મળીશું.'

'ઓ.કે. બાય.'

'બાય.' ઈશિતાએ બાય તો કર્યું પણ હજી જાણે એને કંઈક કહેવું હોય એમ

લાગ્યું. હું એક મિનિટ તેની સામે ઊભી રહી.

'તું બહુ બદલાઈ ગઈ છે.' ઈશિતાના મોઢામાંથી શબ્દો સરી પડ્યા.

'એમ ? તને એવું લાગે છે ?' મને એના વિચાર જાણવામાં રસ પડ્યો.

'હા, યૂ લુક હેપી એન્ડ કોન્ફિડન્ટ.'

'યૂ આર રાઈટ.'

'આટલા વર્ષો પછી તને મળીને સારું લાગ્યું.' પ્રાઉડી ઈશિતા આજે મારી સાથે આવી રીતે વાત કરે છે, એની એટલી જ નવાઈ મને લાગી જેટલી ઈશિતાને મને ખુશ જોઈને લાગી.

'દીદી, હવે જઈએ ?' રોનકે બૂમ પાડી.

લગભગ બધા જ માણસો હોલમાંથી નીકળી ગયા હતા. હું અને ઈશિતા એકબીજાને જોઈને આશ્ચર્યની લાગણીમાં એટલા ખોવાઈ ગયા હતા કે અમને સમયનું ધ્યાન ના રહ્યું. આમેય બે છોકરીઓ જ્યારે ભેગી થાય ત્યારે વાત લાંબી જ થાયને. અને હવે હું પણ બધા સાથે મિક્સ થવા લાગી હતી. પહેલાની સંયુક્તા તો કોઈની સાથે બહુ મિક્સ નહોતી થતી. અને ઈશિતા પણ માત્ર અમુક જ છોકરીને ફ્રેન્ડ બનાવતી પણ આજે તે પણ બદલાયેલી લાગી.

'દીદી.' રોનકે ફરી બૂમ પાડી.

'હા, આવું છું.'

'ચાલ, બાય ઈશિતા. પછી ફોન પર વાત કરીશું.'

'હા, હું તને ફોન કરીશ.' મેં તેને સ્માઈલ આપી અને અમે બંને છૂટા પડ્યા.

## (૩)

બહાર રોડ પર આવી હું એક કોર્નર પર ઊભી રહી. રોનક બાઈક લઈને આવ્યો. હું જ્યાં બાઈક પર બેસવા જાઉં ત્યાં તો...

હુરરરરે... જોરથી અવાજ સંભળાયો.

મેં પાછું વળીને જોયું તો મારી સ્કૂલમાં ભણતો છોકરો મીત પાછળ ઊભો હતો.

'હાય,' હું બાઈક પરથી નીચે ઊતરી. 'આજે ક્લાસમેટ્સ ડે લાગે છે.'

'કેમ ?'

'હમણાં જ ઈશિતા મળી અને હવે તું.'

'હવે બીજી પંદર-વીસ મિનિટ પાક્કી.' રોનક મનમાં જ બબડ્યો. પણ એય આજે મારામાં આવેલા બદલાવને આશ્ચર્ય અને આનંદની મિશ્ર લાગણીથી નિહાળી રહ્યો હતો. આજે એને મોટી બહેનને જોવી ગમતી હતી.

'હાઉ આર યૂ ?' એણે નવાઈભરી દૃષ્ટિથી મારી સામે જોયું.

'ફાઈન, તું કેમ છે ?' મારા મોઢા પર ખુશીનો ઊભરો હતો.

'બંદા ઓલ્વેઝ કૂલ કૂલ.' મીતે પોતાની આગવી સ્ટાઈલમાં માથું હલાવતા અને ખભા ઉછાળતા કહ્યું.

'હા... હા... હા... તું હજી પણ એવો જ છે.'

'હાસ્તો વળી, એવા જ રહેવાનું હોયને. તું મજામાં છે ને ?' મીત વર્ષો પહેલા પણ સ્કૂલમાં આવી જ રીતે મને પૂછતો, ખાસ કરીને ત્યારે જ્યારે હું હતાશ હોઉં.

'હા, હવે સાચું કહું છું. મજામાં છું.' મેં આજે એને સાચો જવાબ આપ્યો હતો. સ્કૂલમાં બીજા છોકરાંઓ મારી સામે ઘૃણા ને મજાકની નજરે જ જોતા. પણ મીત આ બધામાં સાવ જુદો હતો. એના તરફથી મને ક્યારેય પણ આવો અનુભવ થયો નહોતો. ઊલટું, એ મને એની ફાલતું પણ દુ:ખ ભુલાવી દે એવી વાતોથી હસાવી

દેતો.

'ક્યાં ખોવાઈ ગઈ પાછી ?'

'ના, ના, બસ વર્ષો પહેલાના સ્કૂલના દિવસો યાદ આવી ગયા.'

'આપણને જોઈને ભલભલાને બધી વાતો યાદ આવી જાય.'

'હજી પણ તું એવર રોકિંગ જ છે.'

'આ તો મારી જન્મજાત ગિફ્ટ છે ભાઈ.'

'હા યાર, તારી સાથે વાતોમાં હું જીતી નહીં શકું.'

'શું ચાલે છે બીજું ?'

'બસ, હમણાં ગ્રેજ્યુએશન પૂરું કર્યું.'

'ઓ.કે. સરસ. બે વર્ષ પાછળ ક્યાં અટવાઈ ગઈ ?' મીતે સહજ મજાકમાં પૂછ્યું.

'બે વર્ષનો બ્રેક લીધો હતો. તું શું કરે છે ?'

'આપણે તો બી ડોટ કોમ થયા અને હવે 'લાઈફ લિવિંગ વિથ બર્ડન'નો કોર્સ ચાલુ કર્યો છે.'

'એટલે ???'

'એટલે એલ ડોટ એલ ડોટ બી કરું છું યાર.' મીતે નારાજગીથી કહ્યું.

'વ્હોટ ? તું અને એલ.એલ.બી. ? માનવામાં નથી આવતું.' મને ખૂબ નવાઈ લાગી.

'અરે જવા દે. પપ્પાએ આપણી લાઈફની ગાડી ટો કરીને એલ.એલ.બી. કમ્પાઉન્ડમાં મૂકી દીધી.' નારાજગી સાથે પણ એણે હસતા હસતા કહ્યું.

'હા... હા... હા... તું સાચે જ ફની છે.'

'અરે, ફની છું એટલે જ હેપી છું. નહીં તો આ એલ.એલ.બી.માં મારા જેવો માણસ હસવાનું અને જીવવાનું બંને ભૂલી જાય.'

'હં અ અ અ...' શું બોલવું એ મને સૂઝ્યું નહીં.

'હવે તું આગળ શું કરવાની છે ?'

'ફાઈન આર્ટ્સ.'

'સરસ. તારો કોન્ટેક્ટ નંબર આપ અને ટચમાં રહેજે.'

'હા, શ્યોર.' અમે એકબીજાના નંબર શેર કર્યા અને છૂટા પડ્યા.

રસ્તામાં પાછા ફરતા મને સ્કૂલની યાદો તાજી થવા લાગી. રોનકની બાઈક ટ્રાફિકની વચ્ચેથી આરામથી નીકળી ગઈ.

'દીદી, આ મીત હતોને ?'

'હા, તને યાદ છે ?'

'હા, એની પર્સનાલિટી મને પહેલેથી જ ગમતી હતી.'

'બહુ નિખાલસ છે.'

'એકદમ બંદા કૂલ કૂલ જ છે હજી પણ.'

'હા, કેટલીવાર હોમવર્ક કર્યા વિના આવે પણ ટીચરને પટાવતા એને વાર ના લાગે.'

રોનક અને હું એક જ સ્કૂલમાં હતા એટલે એ મારી ક્લાસના અમુક છોકરાં-છોકરીઓને સારી રીતે ઓળખતો હતો.

અમે ઘરે પહોંચ્યા ત્યારે મમ્મીએ જમવાનું તૈયાર રાખ્યું હતું. જમીને હું મારા રૂમમાં પહોંચી. મોબાઈલમાં ટાઈમ પાસ કરવા માટે ફેસબુક ખોલી. એક ગુજરાતી જોક કોઈકે શેર કર્યો હતો. 'હસે તેનું ઘર વસે એમ કહેવાય છે પણ ભાઈ ઘર વસે પછી એ રડે એનું શું ???' મને પણ વાંચીને હસવું આવ્યું. મીત યાદ આવી ગયો. મને યાદ છે એકવાર એણે મને પૂછ્યું હતું...

'સંયુક્તા, તું હંમેશાં હેવી મૂડમાં કેમ રહે છે ?'

'ખબર નહીં.' મારી પાસે એની વાતનો કોઈ જવાબ નહોતો.

'જિંદગી આમ વેડફવા માટે નથી.'

'જિંદગી આમ જીવવા જેવી પણ નથી.' મારી વેદના મારે એને કહેવી નહોતી, છતાં મારી અકળામણ બહાર આવી.

'અરે, તું તો બહુ મોટા નિરાશાવાદીઓ જેવી વાત કરે છે.'

'તું નહીં સમજે. જવા દે.' મને મીત સાથે વાત કરવામાં કોઈ રસ નહોતો.

'આજે રિઝલ્ટ આવવાનું છે એટલે મોઢું પડી ગયું છે ને ?' મીતે અનુમાન લગાવ્યું.

'ના, મને અત્યારે એની કંઈ પડી નથી.'

'જોરદાર છે બાપુ, તને મારી અસર થવા લાગી લાગે છે.'

'હું અત્યારે મૂડમાં નથી, પ્લીઝ.' મને ત્યારે મીતની સહાનુભૂતિની કોઈ અસર થતી નહોતી.

હું જાણતી હતી કે એ મને શાંત પાડવા આટલી મહેનત કરતો હતો. માત્ર મને જ નહીં, પણ ક્લાસમાં કોઈને પણ ઉદાસ જુએ તો એ એને હસાવવાનો અચૂક પ્રયત્ન કરતો. એ જિંદગીમાં ટેન્શન લેવાનું શીખ્યો જ નહોતો.

'સારું પણ એક છેલ્લી વાત કહું ?'

'બોલ.' મેં એની સામે જોયા વગર જવાબ આપ્યો.

'તે સાંભળ્યું છે પેલું ?'

'પેલું એટલે શું ?' મારે વાત ટૂંકમાં પતાવવી હતી.

'અરે યાર પેલી ગુજરાતીઓમાં કહેવત નથી ?'

'????' મેં કોઈ જવાબ ના આપ્યો પણ તેની સામે સવાલભરી નજરે જોયું.

'બોલે એના બોર વેચાય અને હસે તેનું ઘર વસે.'

'હા, તો ?'

'અરે, એવી આપણી પણ એક શોધખોળ છે.'

'ઓ.કે.'

'તને કામ લાગે એવું હોય તો કહું.'

'હા, બોલી દે.'

'બોલે એના બોર વેચાય અને હસે એ તો દુનિયાને વેચી શકે.'

'નોનસેન્સ !' હવે મારાથી એનો જોક્સ સહન નહોતો થતો.

પણ એ એટલો જ શાંત અને ખુશમિજાજ હતો. ક્યાંક એને મારા તરફ સોફ્ટ કોર્નર હતો.

'શું નોનસેન્સ !'

'તો શું બહુ સેન્સવાળી વાત છે ? તું દુનિયા વેચવાનો છે હસી હસીને ?'

'એનો મતલબ છે કે દુનિયાના બધા દુઃખ અને તકલીફ હસવાથી વેચી શકાય.'

'કોને ?'

'જેણે આપણને એ દુઃખ આપ્યું હોય એને.'

'સારું.' ત્યારે મારું મગજ કામ નહોતું કરતું. સવારે મેં જે દવા લીધી હતી તેના કારણે સખત એસિડિટીની બળતરા અનુભવાતી હતી.

'પ્લીઝ મીત, ખોટું ના લગાડીશ. મારે તને હર્ટ નથી કરવું, પણ અત્યારે મને એકલા રહેવું છે થોડીવાર.'

'નો પ્રોબ્લેમ.'

મીત શાંતિથી ચાલ્યો ગયો. રિસેસ પૂરી થઈ અને બીજા ત્રણ પિરિયડ પછી સ્કૂલ પણ પૂરી થઈ.

'બોલે એના બોર વેચાય પણ જે હસે તે દુનિયાને વેચી શકે.' એ દિવસે એણે

એની મજાકિયા સ્ટાઈલમાં કહ્યું હતું એ આજે વ્હોટ્સએપ જોઈને પાછું યાદ આવી ગયું.

'સંયુક્તા, દાદી બોલાવે છે તને.' મમ્મીએ મારા રૂમમાં આવીને કહ્યું અને મારી વિચારધારા તૂટી.

'સારું.'

હું દાદી પાસે ગઈ.

'જો બેટા, તારા માટે પેલા વૈદ્ય પાસેથી લેપ લાવી છું. આવ, લગાડી આપું.'

'ચાલશે દાદી, હવે જરૂર નથી આ બધાની.'

'કેમ બેટા ?' દાદીને નવાઈ લાગી.

'દાદી, આટલા વર્ષોથી આ બધું કરી કરીને કોઈ ખાસ ફાયદો થયો નથી. હવે બહુ થયું.' મેં દાદીને સ્વસ્થતાથી કહ્યું.

'આ તો ખાસ જડીબુટ્ટીઓથી બનાવેલું છે.' દાદીના વ્હાલ અને લાગણી એમના શબ્દોમાં વરસતા હતા.

'દાદી, તમને એક વાત કહું ?' મેં દાદીની પાસે બેસીને પ્રેમથી એમનો હાથ પકડીને કહ્યું.

'બોલને, સંયુ...' દાદી મને પ્રેમથી 'સંયુ' કહેતા.

'મને હવે, હું જેવી છું એવા જ રહેવું છે.' મેં દૃઢતાથી કહ્યું.

'પણ બેટા...' દાદીને હજી પણ વિશ્વાસ નહોતો થતો કે એક સમયે લેપ લગાડી આપવા માટે કકળાટ કરવાવાળી છોકરી આજે આવી વાત કરે છે.

'સાચે કહું છું દાદી.' મેં એમનો હાથ દબાવ્યો અને એમને ખાતરી કરાવી.

જ્યારથી સમજણી થઈ ત્યારથી મને મારા દેખાવ માટેની કોન્શિયસનેસ વધતી જ જતી હતી. ગમે તે રસ્તે એના માટે હું કોઈ પણ ભોગ આપવા તૈયાર હતી. મેં અત્યાર સુધી દસ-પંદર એલોપેથી, હોમિયોપેથીના ડોક્ટરો અને આઠ-નવ આયુર્વેદિક વૈદ્યોના ચક્કર કાપ્યા હતા. અનેક જુદા જુદા પ્રકારની દવાઓ, જડીબુટ્ટીઓ, તેલ, શેમ્પૂ બધું જ અજમાવી જોયું હતું. કંઈ જ બાકી રાખ્યું નહોતું. અનેક પ્રકારના, ઊલટી આવે એવા કડવા કાઢા પીધા હતા. મારું શરીર આ બધી દવાઓની આડઅસર હજી ભોગવી રહ્યું છે. આંખો નીચે વર્ષોથી કાળા કુંડાળા થઈ ગયા છે. ઘણા હોર્મોનલ બદલાવ આવી ગયા છે. સ્વભાવ પણ ચીડિયો થઈ ગયો છે.

આ બધાની વચ્ચે કોઈ એક વ્યક્તિ મારા જીવનમાં એવી આવી કે જેણે મારા અસ્તિત્વની સાચી ઓળખાણ આપી મારા જીવનનો ધ્યેય આખો બદલી નાખ્યો. કોઈ

જન્મના મહાપુણ્યનો જ આ પ્રતાપ હશે. હજી પણ પાછલી અસરોના પરિણામ ક્યારેક સામે આવે છે, પણ મન બહુ જલદી શાંતિને પામે છે.

આમ ને આમ થોડા દિવસો વીતી ગયા. એક દિવસ અચાનક ફોનની રિંગ વાગી.

'હેલ્લો...'

'હાય... સંયુક્તા. કેમ છો મેડમ ?'

'હાય મીત.'

'શું થયું ? અવાજ કેમ ઢીલો છે ?'

'ના, ના. એ તો એમ જ.'

'અરે યાર... જસ્ટ ચિલ લાઈક મી.'

'હા બાબા, હવે હું પણ ક્યારેક ચિલ કરી જ લઉ છું.'

'સાચે ? વ્હોટ અ ચેન્જ.'

'યસ.'

'ગ્રેટ.'

'બોલ, અત્યારે કેમ યાદ કરી મને ?'

'તું યાદ નથી કરતી એટલે.'

'હા... હા... હા...' મને હસવું આવી ગયું.

'મારે તારું એક કામ હતું.'

'મારું કામ ? શું ?'

'તું મારા ઘરે મને મળવા આવી શકે ?'

'ઘરે ?' મને થોડો ખચકાટ થયો. આમ તો મીત એક સારો માણસ છે. છતાં પણ આટલા વર્ષો પછી આમ ઘરે મળવા જવાનું યોગ્ય નહોતું લાગતું.

'હું સમજી શકું છું કે તને ઓડ લાગશે.'

'એવું હોય તો તું મારા ઘરે આવી શકે છે.' મેં કહ્યું.

'એક્ચુઅલી... વાત થોડી પર્સનલ છે પણ એવું થાય છે કે તને શેર કરું.'

'હા, બોલને.' મીતનું આવું રૂપ મેં પહેલા ક્યારેય જોયું નહોતું.

'જ્યારથી તને મળ્યો છું અને તારામાં જે ચેન્જ જોયો છે ત્યારથી તું મારા મનમાંથી ખસતી જ નથી.'

'મીત, વાય આર યૂ સાઉન્ડિંગ સો કોમ્પ્લિકેટેડ. પ્લીઝ, જે કહેવું હોય તે ક્લિયરલી બોલ.' મારાથી બોલાઈ ગયું.

'તને મિરાજ યાદ છે ?'

'હા, એને કોણ ભૂલી શકે. કેમ છે એ ?' મિરાજ મીતનો નાનોભાઈ... હું જ્યારે એના ઘરે જતી ત્યારે નાનકડા મિરાજની સાથે મસ્તી કરવાની મને બહુ મજા આવતી હતી.

'બસ, એના માટે તને ફોન કર્યો છે.'

'મને કંઈ સમજાયું નહીં.'

'મિરાજ અત્યારે સાવ ડિપ્રેશનમાં તો ન કહી શકાય પણ એને અડીને ઊભો હોય એવું લાગે છે.'

'ઓહ !'

'અમે એને સમજાવવાના બધા પ્રયત્નો કર્યા. પણ તને મળ્યા પછી એવું લાગ્યું કે તારા જેવી છોકરી, જેણે જીવનમાં આવા કપરા સંજોગોનો સામનો કર્યો હોય અને અનેક સંઘર્ષમાંથી પસાર થયા પછી અનુભવ લઈને પોતાના અસ્તિત્વને લુપ્ત થતા પહેલા આમ સાચવી લીધું હોય, એવી કોઈ વ્યક્તિ એની હાલત વધારે સારી રીતે સમજી શકે. તું જો એને સમજાવે તો એને આ જિંદગીની કિંમત સમજાય.'

'શું થયું છે એને ?'

'એક બાજુ ફેમિલી પ્રેશર અને બીજી બાજુ પિઅર પ્રેશર. બસ, એના લીધે ડિપ્રેસ થઈ ગયો છે.'

'ઓહ, તો શ્યોર આવીશ.'

'થેન્ક યૂ.'

'અરે, નો થેન્ક્સ. કાલે સન્ડે છે. કાલે જ મળીએ, જો ફાવે તો.' મિરાજ માટે હું કંઈક કરી શકું તો એ મારું ધનભાગ્ય એવા વિચારે મેં તરત જ હા પાડી દીધી.

'હા, કાલે મળીએ.'

'મિરાજને એવી ખબર ના પડવા દઈશ કે મેં તને એના માટે બોલાવી છે. વર્ષો પછી આપણે અચાનક મળ્યા એટલે ખાલી મળવાના છીએ એમ રાખજે.'

'સારું, ડોન્ટ વરી.'

'ઓ.કે. તો મળીએ કાલે. બાય.'

'બાય.' મીતે ફોન કટ કર્યો. પલંગ પરનો તકિયો હાથમાં લઈને રિલેક્સ થઈને બેઠી.

મિરાજનો ચહેરો હજી પણ મને યાદ હતો. જેમ મારો ભાઈ રોનક અને હું એક જ સ્કૂલમાં હતા તેમ મીત અને મિરાજ પણ એક જ સ્કૂલમાં હતા. ક્યારેક અમે

રિસેસમાં સાથે જ નાસ્તો કરતા હતા.

'મિરાજ તો નોર્મલ હતો, તેને વળી શાનું ડિપ્રેશન આવ્યું હશે ? એનું ફેમિલી તો સરસ છે, તો પ્રેશર શેનું હશે ? મીતે ક્યારેય કંઈ કહ્યું નથી કે ઘરમાં કંઈ પ્રોબ્લેમ છે. આજ સુધી મેં એને હંમેશાં હસતા અને બધાને હસાવતા જ જોયો હતો. આજે પહેલીવાર તેના અવાજમાં પહેલા જેવી નિખાલસતાને બદલે નાનાભાઈ માટેની લાગણી અને દુઃખ તરવરતા હતા. જેમ રોનકને મારા માટે દુઃખ થતું હતું એમ એને પણ પોતાના ભાઈ માટે દુઃખ થતું હશેને ! મારે એને મદદ કરવી જ જોઈએ. એણે મારા અનેક ઉદાસીના પ્રસંગોમાં મને હસાવવાની કોશિશ કરી છે. આફ્ટર ઓલ હી ઈઝ અ ગુડ ફ્રેન્ડ. ભલે ત્યારે મને એની કિંમત એટલી નહોતી સમજાય પણ આજે સમજાય છે.

બીજા દિવસે સવારે ઊઠીને, નાહી-ધોઈને મેં ભગવાનના દર્શન કર્યા. દીવો કર્યો. હું મિરાજને મદદરૂપ થઈ શકું એવી પ્રાર્થના કરી. નાસ્તો કરીને મમ્મીને કહીને મીતના ઘરે જવા તૈયાર થઈ. એટલામાં મીતનો ફોન આવ્યો.

'હેલ્લો, મારું એડ્રેસ તને એસ.એમ.એસ. કર્યું છે.'

'ઓ.કે. હું પહોંચી જઈશ.'

## (૪)

બરાબર દસ વાગે હું ત્યાં પહોંચી. મીતે દરવાજો ખોલ્યો. એના મમ્મી સામે સોફામાં બેઠા હતા. એક વિશાળ ડ્રોઈંગ રૂમમાં મોટો સોફા સેટ અને એક સુંદર કાર્પેટ સૌથી પહેલા જ ધ્યાન ખેંચી લે એવા દેખાતા હતા. બારી પર ગોલ્ડન અને રેડ કલરના પડદા હતા. ઘર વેલ ડેકોરેટેડ હતું.

'કેમ છો આન્ટી ?'

'મજામાં બેટા. તું કેમ છે ? ઘણા વર્ષે દેખાઈ.'

'હા આન્ટી. ઘણા વર્ષે મીત મળી ગયો. એટલે પાછું આવવાનું થયું.'

'મિરાજ ક્યાં છે ? દેખાતો નથી ?' આગળ શું વાત કરવી એ ખબર ના પડતા મેં પૂછ્યું.

'મિરાજ બેટા, સંયુક્તાદીદી આવી છે.' આન્ટીએ એને બોલાવ્યો.

'આવું છું.' અંદર રૂમમાંથી જવાબ આવ્યો.

'શું લઈશ તું ?' આન્ટીએ પાણીનો ગ્લાસ મને આપતા કહ્યું.

'કંઈ નહીં આન્ટી.'

'તમે બધા શાંતિથી બેસો. મીત, ચા કે કોફી જે જોઈએ તે મને કહેજે. હું કિચનમાં જાઉં છું.'

'હા, મમ્મી. તારા સિવાય કોણ મને ચા પિવડાવશે.' મીતે મસ્કો માર્યો.

'હા હવે, સીધું બોલને કે ચા જોઈએ છે. સંયુક્તા પણ લેશેને ?'

'હા, બનાવી જ દે.'

આન્ટી કિચન તરફ જતા હતા ત્યાં જ મિરાજ સામેના રૂમમાંથી બહાર આવ્યો. આન્ટીની નજર એના ઉપર જ હતી, પણ મિરાજ કોઈની સામે જોયા વિના એક નજર મારી સામે જોઈને, ધીમેથી આવીને સોફા પર બેઠો. મિરાજની મમ્મીને જોઈને મને મારી મમ્મી યાદ આવી ગઈ. તે પણ હંમેશાં મારા હાવભાવને જોવામાં મશગૂલ રહેતી

અને હું બરાબર છું કે નહીં તે જાણી લેતી.

'હાય મિરાજ, હાઉ આર યૂ?' એને જોતા જ મારી આંખો પહોળી થઈ ગઈ. પહેલા કેવો હતો અને અત્યારે કેવો થઈ ગયો છે.

'ગુડ દીદી' અવાજમાં નીરસતા અને ધીમી ચાલ એના ડિપ્રેશનની ચાડી ખાતા હતા.

એને જોઈને મને મારી પહેલાની હાલત જેવો જ પડઘો એનામાં દેખાયો. મારા રૂંવાડા સહેજ ઊભા થઈ ગયા. તરત જ મેં મારી જાતને સંભાળી. મારા પર્સમાંથી એક પેકેટ કાઢી હસતા હસતા બોલી.

'મિરાજ, આ સ્પેશિઅલી હું તારા માટે લાવી છું.' હું શક્ય એટલું એની સાથે નોર્મલ રહીને વાત કરવા માંગતી હતી. એને જોઈને મને આંચકો લાગ્યો છે, એવો અણસાર પણ એને ન જ આવવો જોઈએ.

મિરાજે પેકેટ સામે નજર કરી. એની આંખમાં પ્રશ્નાર્થ હતો.

'ગેસ વ્હોટ... કેન યૂ ટેલ મી, આમાં શું હશે?'

મિરાજ પેકેટ સામે જોતો હતો. એ કંઈ બોલે એ પહેલા મીત એને હાથમાં લઈ બોલ્યો, 'ગિફ્ટ... વાઉ... લેટ મી ગેસ.... લુક્સ લાઈક ટી-શર્ટ!!!?'

'અ... હ્... રોંગ...'

'અ... એની બુક...?'

'નો...'

'ધેન...' મીત પેકેટને આગળ-પાછળ ફેરવતા, એનું ફીલ લેતા બોલ્યો, 'શો પીસ?'

'ડોન્ટ ટ્રાય મીત... આમેય તે ક્યારેય લાઈફમાં કરેક્ટ આન્સર આપ્યો છે? સ્કૂલમાં પણ ખબર છે ને, મેડમ તને કોઈ સવાલ પૂછે તો તું આવા ગલ્લાંતલ્લાં જ કરતો હતો.'

'છતાં એમ કરતા કરતા અંતે સાચો જવાબ આપી જ દેતો હતો ખબર છે ને?'

'હા... હા... ખબર છે. પણ આજે તું ગમે એટલી ટ્રાય કરીશ તો પણ સાચો જવાબ નહીં જ આપી શકે.'

મારી અને મીતની આ હસાહસી જોઈને અલ્કાબેન બહાર આવી ગયા.

'શું લાવી છે બેટા.'

'મિરાજ માટે ગિફ્ટ છે, આન્ટી.'

'ઓહો...' કહી એમણે મીતના હાથમાંથી પેકેટ લીધું. તેઓ પણ આમ તેમ

ફેરવીને જોવા લાગ્યા અને મનમાં કંઈ ને કંઈ અનુમાન કરવા લાગ્યા.

'આન્ટી, તમે નહીં બોલતા.'

'ઓ.કે... ઓ.કે...' અલ્કાબેનને ચા ઊકળવાની સુગંધ આવતા તેઓ રસોડામાં ચાલી ગયા.

હું મારી આંખો પરની ભમ્મરો રમાડી રહી હતી.

'કહેને હવે... નહીં તો હું ખોલીને જોઈ લઈશ.' મીતે દાદાગીરીના અવાજમાં કહ્યું.

'બસ ક્યા ? ...હાર ગયા તો દાદાગીરી કરતા હૈ ?'

'ચુપ... મિરાજ, યૂ એન્ડ મીત બોથ આર ઓલ આઉટ.

'ચલને હવે. ઝટ કહેને. બહુ સસ્પેન્સ ક્રિએટ નહીં કર. મારાથી રહેવાતું નથી. હું ખોલી જ નાખું છું આ ગિફ્ટ રેપર.'

આ બધું થતું હતું ત્યારે પણ મિરાજના ચહેરા પરના હાવભાવમાં આછો-પાતળો ફરક જોવાની હું રાહ જોઈ રહી હતી. કદાચ મને સફળતા ના મળે, એ પણ સ્વાભાવિક હતું. એની હાલત પ્રમાણે એ અસામાન્ય વર્તન સામાન્ય જ હતું.

મીત પેકેટ ખોલવા જાય છે ત્યાં...

'સ્ટેચ્યૂ મીત...' મેં પહેલી બે આંગળી મીત સામે આગળ કરી. અને મીત સ્થિર થઈ ગયો.

હસતા હસતા મેં મીતના હાથમાંથી પેકેટ લઈ લીધું.

'ઓવર' કહી મેં મીતને ફ્રી કર્યો.

અને બંને હસી પડ્યા. આટલીવારમાં તો ઘરમાં કેટલાય મહિનાઓથી મૌન ફરતી હવામાં જાણે જાન આવી ગઈ. નિસ્તેજ વાતાવરણમાં ચેતના પ્રસરાવા લાગી. કેટલા વર્ષો પછી સંયુક્તા અને મીતના મીઠા લડાઈ ઝઘડા જોઈને નીચી નજર રાખીને બેઠેલા મિરાજની નજર ઊંચી થઈ... મોઢા પર આછી સ્માઈલ આવી.

બસ... હું આ જ ઘડીની તો રાહ જોઈ રહી હતી.

'મિરાજ...' રેપર ખોલતા ખોલતા હું બોલી, 'આમાં તારા માટે સાપસીડી છે.' અને મેં સાપસીડીની ગેમ મિરાજ સામે ધરી.

'સાપસીડી ?' મીતના મોઢામાંથી શબ્દો સરી પડ્યા.

મિરાજ ડઘાઈને મારી સામે જોઈ રહ્યો, 'દીદી, તમને હજી યાદ છે ?'

મિરાજ નાનો હતો ત્યારે સાપસીડી બહુ રમતો હતો. હું જ્યારે જ્યારે મીતના ઘરે જતી ત્યારે એ મને સાપસીડી રમાડવા બેસાડી દેતો. ઓછામાં ઓછું પાંચવાર રમ્યા

પછી જ એ મને મીત સાથે ભણવા દેતો.

'હા મિરાજ, એટલે જ લાવી છું કે આજે પણ હું મીતને મળું, એની પહેલા તું મારી સાથે પાંચવાર સાપસીડી નહીં રમે ?'

મારી આંખોમાં લાગણી અને પ્રેમ બંને તાદૃશ થતા હતા. આ સંબંધો પણ અજીબ છે. માતા-પિતા સાથેનો સંબંધ, શિક્ષક સાથેનો સંબંધ, મિત્ર સાથેનો સંબંધ... જે સંબંધોને નામ આપી શકાય છે એમાં ખેંચાખેંચી કેમ હોય છે ? અને જ્યાં નામ નથી ત્યાં કેટલી શાંતિ અને હળવાશ છે !!

મિરાજના મોઢા પરની સ્માઈલ થોડી મોટી થઈ. મારા માટે આ પહેલી જીત હતી. એણે ટેબલ પર સાપસીડી મૂકી. બોક્સમાંથી કૂકરી અને પાંસા કાઢ્યા. હું મિરાજની સામે ગોઠવાઈ ગઈ.

'મીત, તું હવે અમને ડિસ્ટર્બ નહીં કરતો.' કહી મેં મીતને દૂર કર્યો.

અને બંને રમવા લાગ્યા. ત્યાં તો અલ્કાબેન બહાર આવીને ચાના ત્રણ કપ અને બિસ્કિટ મૂકી ગયા.

હૂરરરે.... ઓહ નો... ટીઉં... ડ્રપ... ઝૂમ... યપ... આવા અનેક ઉદ્‌ગારો સાથે અમે બંને બિસ્કિટ સાથે ચાનો સિપ લેતા ગયા અને રમતા ગયા. પાંચમાંથી ત્રણ ગેમ મિરાજ જીત્યો અને બે હું. અમે બંને હસવા લાગ્યા.

મિરાજને હસતો જોઈ અલ્કાબેનની આંખો અને મીતનું હૃદય ભરાઈ ગયા.

'બસ મિરાજ, હવે હું થાકી ગઈ.' કહી મેં શ્વાસ લીધો.

'હું તો થાકેલો જ હતો, દીદી' અને અચાનક મિરાજના મોઢા પર આવેલી ફ્રેશનેસ ગાયબ થઈ ગઈ.

અલ્કાબેન અને મીત એને જોઈને ચૂપ થઈ ગયા. પણ મારા માટે આ ક્યાં નવું હતું... મારા માટે તો આજની જીત એ મારી સફળતાનું પ્રથમ ચરણ હતું.

'તો તો બહુ જ સરસ. હું તારો થાક ઉતારું, તું મારો. ગુડ કંપની.'

'સંયુક્તા, તારી સેન્સ ઓફ હ્યુમર સ્ટ્રોંગ થઈ ગઈ છે, યાર.'

'થેન્ક યૂ મીત. થોડા ટાઈમમાં જોજેને, મિરાજ પણ સેન્સ ઓફ હ્યુમરમાં તારાથી આગળ નીકળી જશે. હેં ને મિરાજ ?'

મિરાજ લૂખ્ખું હસ્યો. થોડીવાર મીત સાથે સ્કૂલના પ્રસંગોની યાદ તાજી કરી અમે હસ્યા.

'ચલ, પછી મળશું ફ્રેશ થઈને. બીજી સરપ્રાઈઝ સાથે. ઓ.કે. ?' મેં મિરાજ સામે જોયું.

મિરાજે સહેજ માથું હલાવ્યું.

આજની મિરાજ સાથેની પહેલી મુલાકાત ભલે નાની હતી પણ એ એને સ્પર્શી જાય એ જ મારા માટે મહત્વનું હતું.

'પણ નેક્સ્ટ ટાઈમ આપણે ક્યાંક બહાર મળીશું. ઘરમાં નહીં.' મેં આન્ટીની સામે જોઈને એમની મૂક પરવાનગી માંગી.

એમણે પાંપણો ઝુકાવીને મંજૂરી આપી.

મિરાજ કંઈ બોલ્યો નહીં, એટલે મેં એને કહ્યું, 'યાદ છે ને તને, તારે મારો થાક ઉતારવાનો છે ને મારે તારો.'

'ફરી આવજે બેટા.' અત્યારે અલ્કાબેનની નજરમાં પણ ભીનાશ હતી. મારી પાસેથી એક મૂક અપેક્ષા પણ એમાં વર્તાતી હતી.

બધાને 'બાય' કહીને હું ઘરે પાછા જવા નીકળી. વીસ મિનિટમાં ઘરે પહોંચી ગઈ. મારી આંખો સામે મિરાજનો ચહેરો વારંવાર આવતો હતો. મિરાજના રૂપમાં મેં બીજી સંયુક્તાના દર્શન કર્યા અને આન્ટીના રૂપમાં મારી મમ્મીના.

પોતે અનુભવેલું દુઃખ કોઈ બીજું અનુભવતું હોય તો એના માટે સ્વાભાવિક રીતે આત્મિયતા થઈ જ જાય. એની અંતર દશા મને સ્પર્શતી હતી.મારે એને પણ આ દશામાંથી બહાર લાવવો જ હતો અને એના માટે બનતા બધા જ પ્રયત્નો કરવાના નિર્ણય પર હું પહોંચી.

જ્યારથી હું મારા દર્દ અને લઘુતામાંથી બહાર આવી છું, ત્યારથી કેમ કરીને મારા જેવા લોકો પણ એમાંથી બહાર નીકળે, એવી મારી ભાવના વધતી જતી હતી. મિરાજને મળ્યા પછી એ ભાવના પ્રબળ થઈ ગઈ હતી.

ઘણા સમય પછી હું પહેલીવાર એકલી બહાર નીકળી હતી.

જ્યારે આપણે આપણી આંતરિક પકડોની અવગણના કરી દઈએ ત્યારે આપણને જીવન જીવવાનો સાચો આનંદ અનુભવાય છે. અત્યાર સુધી હું બસ મારા વાળના કારણે પોતાની જાત પર સતત શરમ અને હીનપણાના ભાવ સાથે જીવી હતી અને લગભગ કોઈની સાથે ખૂલીને બોલી પણ નહોતી શકતી.

આજે મેં અનુભવ્યું કે **જે દુનિયા તમને નીચા બતાવે છે એ દુનિયામાં ખરેખર કોઈ બાપોય તમને જોવા નવરો નથી. બધા પોતપોતાની ચિંતામાં પડ્યા હોય છે.** હા, ક્યારેક બે-ચાર જણા એવા પણ મળી જાય, જે નવરા હોય અને બીજાની પંચાત કરીને જ પેટ ભરતા હોય. પણ એનાથી કંઈ આખી દુનિયા એવી થઈ જતી નથી. એમાં જો હું કાયમ લોકો શું વિચારશે એવું જ વિચારીને સંકોચાઈને જીવું તો એમાં વાંક કોનો ?

મારી અણસમજણનો.

કેટલા વર્ષો બગડી જાય છે માત્ર એક જ સમજણ ખોટી હોવાથી. અને એ સમજ ફરતા બધું કેટલું હળવું લાગે છે. એ તો અનુભવીને જ જાણી શકાય ! દુનિયા તો આમ જ ચાલતી હતી ને ચાલતી રહેશે, મહત્વનું એ છે કે આપણે કયા રસ્તા પર ચાલીએ છીએ.

'સંયુક્તા પણ મિરાજની જેમ...' મિરાજ ધીમા ડગલે રૂમમાં ગયો એટલે અલ્કાબેન મીતને પૂછવા ગયા પણ વાક્ય પૂરું ન કરી શક્યા.

'હા મમ્મી. પણ તું જુએ છે ને ? અત્યારે એ કેટલી ચેન્જ થઈ ગઈ છે ?'

'હા... બહુ જ નોર્મલ દેખાય છે.'

'મમ્મી, મારી બહુ ઈચ્છા છે કે તું પણ એને મળે. એની સાથે વાતચીત કરીને તને ખ્યાલ આવશે કે મિરાજની અત્યારે મનઃસ્થિતિ શું હશે.'

'હા, ચોક્કસ.' અલ્કાબેને સંમતિ દર્શાવી.

'મમ્મી, એને જોઈને મને પહેલીવાર એવું લાગ્યું કે કોઈ પણ સંજોગોમાં નાસીપાસ કે ડિપ્રેસ થવા જેવું નથી.'

'હા, એના વાળ માટે કહે છે ને ? કોઈ પણ છોકરીને તેના દેખાવ માટે સૌથી વધારે મોહ હોય. અને દુનિયા એવી છે કે જો કોઈ છોકરીના દેખાવમાં કોઈ વધારે પડતી ઊણપ કે ખામી હોય તો એનું જીવવાનું અઘરું કરી નાખે.'

'હા, લોકોની દૃષ્ટિ સંકુચિત થયેલી છે, ખાસ કરીને આપણા સમાજમાં. મમ્મી, સંયુક્તાને જોઈને મને એવું લાગ્યું કે મિરાજ પણ ફરી પાછો હસતો થઈ શકે છે. સ્કૂલમાં સંયુક્તા કેવી હતી, એ બધાથી અલગ અને શાંત બેસી રહેતી અને બધા જ ટીચરો અને સ્ટૂડન્ટ્સ એની અવગણના કરતા.'

'પહેલા આપણા ઘરે કેટલી આવતી હતી પછી તો સાવ જ આવતી બંધ થઈ ગઈ હતી.'

'હા, જેમ જેમ એનો ઈન્ફિરિયારિટી કોમ્પ્લેક્સ વધતો ગયો, તેમ તેમ એ બધાથી દૂર થઈ ગઈ.'

'ઓહ, તો એણે ઘણી તકલીફો ભોગવી હશે.' અલ્કાબેનના હૃદયમાં સંયુક્તા માટે દયાની લાગણી ઊભી થઈ ગઈ.'

'ક્યારેક પ્રશ્ન થાય કે એણે આ બધું કેવી રીતે સહન કર્યું હશે !'

'તારી વાતો સાંભળીને તો મને મિરાજની વધારે ચિંતા થવા લાગી છે.'

'એ તો સંયુક્તાનો ભૂતકાળ હતો, એનું વર્તમાન જો.'

*'હં. શરીર માંદું પડે તો દવા કરીને સાજું કરાય પણ અહંકાર ભાંગી પડે તો સંધાતા બહુવાર લાગે.'*

*'મમ્મી, મારી ઈચ્છા છે કે તું પણ સંયુક્તા પાસે તારું હૃદય હળવું કરી નાખ. આમ અંદર ને અંદર ક્યાં સુધી ગૂંગળાયા કરીશ ?'*

*'સારું.' ગળગળા અવાજની ભીનાશ આંખમાંથી સરી પડે એ પહેલા તેઓ રસોડામાં ચાલ્યા ગયા.*

## (૫)

હું ઘરે જઈને થોડું રિલેક્સ થઈ. મિરાજને જોઈને મને મારા પર વીતેલા દિવસો યાદ આવી ગયા પણ મારા ભૂતકાળમાં ઊંડા ઊતરવાની મને જરાય ઈચ્છા નહોતી.

ભૂતકાળને યાદ કરવામાં મજા નથી. જો એ સારો હોય અને વર્તમાનમાં તકલીફો હોય તો ભૂતકાળ યાદ કરીને માણસ દુઃખી થાય. અને જો ભૂતકાળ ખરાબ હોય અને વર્તમાનમાં બધું બરાબર ચાલતું હોય તો ભૂતકાળમાં ગરકાવ થઈને આપણે સારા વર્તમાનને પણ વેડફી નાખીએ છીએ.

ખુરશી પર બેસી મેં પલંગ પર પગ લંબાવ્યા. હું બારીની બહાર જોવા લાગી. આજે આછો તડકો હતો. વાદળા ઘેરાયેલા હતા છતાં વરસાદની આ સીઝન નહોતી. ક્યારેક સીઝન વિના જ વરસાદના છાંટા આવી જાય એવું બને. રસોડામાંથી વાસણોનો અવાજ આવતો હતો.

'ચલ સંયુક્તા, આજ કિચન કા કામ કર લિયા જાય.' મારી અંદરથી અચાનક અવાજ આવ્યો. રસોડાના વાસણોનો અવાજ મને મમ્મી તરફ ખેંચી ગયો. મેં પહેલા ક્યારેય એની રસોડામાં કોઈ હેલ્પ કરી જ નહોતી. 'જાગ્યા ત્યારથી સવાર.' બિચારી મમ્મીઓનું પણ કેવું અજીબ જીવન હોય છે. દિવસનો પચાસથી સાંઈઠ ટકા ટાઈમ એ રસોડામાં જ ગાળે છે.

'મમ્મી, ચાલ આપણે કોફી પીવી છે ?'

'કોફી ? આ ટાઈમે ?'

'હા મમ્મી, આજે મને ઈચ્છા છે.'

'સારું. તું બેસ. હું હમણાં બનાવીને આપી જઉ છું.'

'ના મમ્મી, આજે હું બનાવું છું. તું બાકીના કામ પતાવ.' મેં ફ્રિજ ખોલીને દૂધની તપેલી હાથમાં લેતા કહ્યું.

*'તને આવડે છે ?' મમ્મીને નવાઈ લાગી.*

*'હા, હું પપ્પા પાસેથી કોફી બનાવતા શીખી છું.'*

*'એમ ?'*

*'હા, તું જ્યારે પપ્પાથી રિસાઈ જતી અને બા ઘરે હાજર ના હોય ત્યારે પપ્પા રસોડામાં ઘૂસીને કેવા ચા-કોફી બનાવતા હતા યાદ છે ને મેડમ ?'*

*'હા. યાદ છે ને ?' મમ્મીનો ચહેરો શરમ અને આનંદથી લાલ થઈ ગયો.*

*અમારા જીવનમાં ખુશીની આવી અમુક જ પળો હતી, જે મને યાદ આવે છે. અમે બધા સાથે બેઠા હોય અને આનંદની પળો વિતાવી હોય, એ બધી ક્ષણોને જીવ્યે જાણે વર્ષો વીતી ગયા. ઈટ્સ ટાઈમ ટૂ રિલીવ ધોસ ગોલ્ડન મોમેન્ટ્સ.*

*'અને તમને છોકરાંઓને મનાવવા માટે એ મેગી પણ બનાવતા હતા. એ ભૂલી ગઈ ?'*

*'ના, યાદ છે મને. ભૂલી નથી. હું અને રોનક પપ્પાના હાથની મેગી ખાવા માટે રવિવારે ખાસ રાહ જોતા.' મારા અવાજમાં આવેલી ગહેરાઈ મનોમન પપ્પાને થેન્ક્સ કહી રહી હતી.*

*'તારા પપ્પા પણ અત્યારે ઘરે હોત તો વધારે મજા આવત.'*

*'એ મજા પણ આવશે. રવિવાર ક્યાં દૂર છે. પણ આજે મારે ફક્ત તારી સાથે બેસીને જ કોફી પીવી છે. ઓન્લી મી એન્ડ માય મમ્મા.' મેં મમ્મીનો સાડીનો પલ્લું પકડીને કહ્યું.*

*મમ્મીની આંખોમાં પાણી આવી ગયા. એનું દિલ ભરાઈ આવ્યું. એને પ્રેમથી મારા ગાલ પર ટપલી મારી.*

*'યાદ છે ને, હું જ્યારે ત્રણ-ચાર વર્ષની હતી, ત્યારે દરેક વાતમાં એવું જ કહેતી કે ઓન્લી મી એન્ડ માય મમ્મા.'*

*મમ્મીએ માથું હલાવી આંખના પોપચા બંધ કરી ખોલ્યા, એક હળવી સ્માઈલ સાથે.*

*અચાનક કોફીની સ્ટ્રોંગ સ્મેલ આવતા મેં ગેસ બંધ કર્યો. વાતો કરતા કરતા કોફી તૈયાર થઈ ગઈ. ડાઈનિંગ ટેબલ પર બેસીને અમે સાથે કોફી પીધી. અમારા બંને વચ્ચે શબ્દોની આપ-લે ઓછી થઈ પણ લાગણીઓની આપ-લે જરૂર થઈ.*

**દરેક સંબંધનું પોતાનું એક આગવું મહત્વ હોય છે. એની મીઠાશ અને ભીનાશ અનુભવવા માટે કાયમ આઉટિંગ પર જવાની જરૂર નથી હોતી. ક્યારેક ટી.વી. અને મોબાઈલને છૂટાછેડા આપીને આવો સમય વિતાવવામાં જે આનંદ આવે છે, એ ટી.વી.**

**અને મોબાઈલના મનોરંજનના ટેમ્પરરી આનંદ કરતા અનેકગણો વધારે હોય છે.**

*'કોફી સારી બની છે.' મમ્મીએ મારા વખાણ કર્યા. જે મને બહુ મીઠા લાગ્યા.*

*વાતવાતમાં મેં મમ્મીને મીત અને મિરાજની વાત કરી.*

*'એ લોકોને ઘરે બોલાવજે રોહન હોય ત્યારે. મિરાજને સારું લાગશે.'*

*'હં. ગુડ આઈડિયા. પણ હમણાં મિરાજ ઘરે આવવા તૈયાર નહીં થાય.'*

*હું નેક્સ્ટ મીટિંગમાં મિરાજ સાથે શું વાત કરવી એનો વિચાર કરવા લાગી.*

*'તારી કોફીએ પહેલાની યાદોને તાજી કરી દીધી. આ પણ એક યાદગાર મેમરી રહેશે.' મમ્મીએ ટેબલ પરથી કોફીના કપ ઉપાડતા કહ્યું. એ પાછી એના કામમાં લાગી ગઈ.*

*મમ્મીની વાત પરથી મને મારો આઈડિયા મળી ગયો. રૂમમાં જઈને મેં તરત જ મીતને ફોન કર્યો.*

*'હેલ્લો.'*

*'હાય, હું તને ફોન કરવાનો જ હતો.'*

*'કેમ ?'*

*'થેન્ક યૂ,' કહેવા.*

*'તો કહી દે.' મેં વટથી કહ્યું.*

*'તું સાચે જ બદલાઈ ગઈ છે, સંયુક્તા. પણ આનંદ થાય છે તને આમ જોઈને.'*

*'થેન્ક યૂ.'*

*'આજે તે જે સાપસીડીની ગેમ આપી એ લઈને મિરાજે એના રૂમમાં મૂકી દીધી. તારા આવવાથી ઘરના વાતાવરણમાં થોડો ચેન્જ આવ્યો.'*

*'હા, આઈ થિંક મિરાજને ચેન્જની ખૂબ જરૂર છે.'*

*'હં.'*

*'મેં એટલે ફોન કર્યો હતો કે હું મિરાજને મળું, એ પહેલા આપણે એકવાર મળી શકીએ ?'*

*'હા, શ્યોર. કાલે મળીએ ?'*

*'કાલે ? ઓ.કે. ફાવશે.'*

*હું પહેલીવાર આમ એકલા કોઈ છોકરાને મળવા જવાની હતી. એટલે મનમાં જરા ખટકતું હતું. મીતને હા તો પાડી દીધી. પણ મમ્મીને પૂછવું જરૂરી લાગ્યું. ફોન મૂકીને હું સીધી મમ્મી પાસે ગઈ.*

*'મમ્મી, હું મીતને એકલા મળવા જઉં એ યોગ્ય છે ?'*

*મમ્મી મારી આંખોમાં જોઈ રહી.*

*'કેમ આવું પૂછે છે ?'*

*'તને તો ખબર છે કે મિરાજ માટે જ થોડી વાતચીત કરવી છે એટલે મળવાનું છે. છતાં આમ હું એકલી ક્યારેય ગઈ નથી.'*

*'તારો હેતુ શું છે એ મહત્વનું છે.'*

*'હેતુ તો મિરાજનો જ છે. નથિંગ પર્સનલ.'*

**'તે મને પૂછ્યું એ સારી વાત છે. બસ આપણી મર્યાદા ચૂકાય નહીં, એવા વાણી અને વર્તન કાયમ જળવાઈ રહે એનું ધ્યાન રાખજે. મને તારા પર વિશ્વાસ છે. અમે તારા માટે એવા કોઈ કડક નિયમો નથી રાખ્યા. કેટલું જરૂરી છે અને કેટલું બિનજરૂરી એની સમજણ તને છે જ.'**

*મમ્મીની એ સ્થિર નજર મારા મનમાં મર્યાદા અને વિશ્વાસની લક્ષ્મણરેખા દોરી ગઈ.*

*આમ તો મને ખબર છે કે મારા જેવી છોકરી પર કોઈ છોકરો ફિદા થાય નહીં પણ કોઈ છોકરા માટે મારું મન બગડે નહીં, એનું ધ્યાન તો મારે જ રાખવાનુંને !*

*બીજા દિવસે હું અને મીત કોફી બારમાં મળ્યા. ત્યાં આજુબાજુ બધું યંગ ક્રાઉડ જ હતું. ક્યાંક કપલ બેઠા હતા તો ક્યાંક ચાર-પાંચ ફ્રેન્ડ્સના ગ્રુપ. અમુક લોકોનું ધ્યાન મારા તરફ ગયું. બે મિનિટ માટે હું કોન્શિયસ થઈ, મારી ચાલ ધીમી પડી. પણ ખુરશી પર બેસતા જ કોઈકની એક વાત યાદ આવતા હું નોર્મલ થવા લાગી.*

*જ્યારે આપણને આપણી જાત પર વિશ્વાસ હોય પછી લોકો આપણા માટે શું વીચારે છે એનું કોઈ મહત્વ રહેતું નથી.*

*હું વાત તો મીત સાથે કરી રહી હતી છતાંયે આજુબાજુવાળા મને અને મીતને જોઈ રહ્યા છે તેનો મને ખ્યાલ હતો. એ લોકો મીતને પણ એટલું જ ઘૂરી રહ્યા હતા જેટલી મને.*

*'હોપ યૂ ડોન્ટ ફીલ ઓકવર્ડ.' મેં મીતને પૂછ્યું.*

*'ના. કેમ ?'*

*'આજુબાજુવાળા બધા આપણી સામે...'*

*'ઓહ રિયલી ! મીન્સ વી આર સ્પેશિઅલ.' મીતે કોલર ઊંચો કર્યો અને આસપાસમાં ઊડતી નજર ફેરવી. કાયમની જેમ એ દિવસે પણ મેં એને એની ખાસિયત પ્રમાણે સીરિઅસ વાતને ઈઝીલી લેતા જોયો. મને એનો આ ગુણ પહેલેથી જ ગમતો*

હતો. શીખવા જેવો હતો.

'એક્ચુઅલી એ લોકોને મારામાં કંઈ અજુગતું લાગે છે એટલે....'

'નો, યૂ આર રોંગ. તારી જગ્યાએ કોઈ બહુ એટ્રેક્ટિવ છોકરી હોત તો આ લોકો શું કરતા હોત ?'

'તો પણ જોતા જ હોત...'

'રાઈટ. આ તો બધી નવરી બજાર કહેવાય. એ પોતે અહીંયા આવ્યા છે એન્જોય કરવા, રિલેક્સ થવા પણ બિચારા પારકી પંચાતમાં પડી જાય છે. માણસ જાતનો સ્વભાવ જ એવો છે.'

'હા, પેલું કહે છે ને... જ્યાં જ્યાં નજર મારી પડે...'

'ત્યાં ત્યાં દોષ લોકોના જડે...' મીતે બરાબર પ્રાસ બેસાડ્યો.

હું અને મીત ખડખડાટ હસી પડ્યા.

'બોલ શું કહેવાનું હતું ?'

'મને તારી પાસેથી મિરાજ વિષે થોડું જાણવું હતું.'

મીતે ઊંડો શ્વાસ લીધો.

'મિરાજ અત્યારે જે સ્થિતિમાં છે, એ એક્ચુઅલી ક્યારથી અને કેવી રીતે સ્ટાર્ટ થયું એ અમને પણ ખબર નથી.'

મારા ચહેરા પર પ્રશ્નાર્થ ઊપસી આવ્યો.

'એનામાં ચેન્જીસ તો છેલ્લા દોઢેક વર્ષથી દેખાતા હતા. જે સામાન્ય રીતે આપણને બધાને ટીનેજમાં આવે જ. પણ જેટલું મને સમજાય છે, એના પર એના ફ્રેન્ડ સર્કલની ખૂબ અસર પડી છે.'

'મને લાગે છે કે આજના જમાનામાં બધાને વધતેઓછે અંશે આ પ્રોબ્લેમ તો આવે જ છે.' મેં આસપાસની પબ્લિક પર નજર કરતા કહ્યું. ત્યાં બેઠેલા છોકરાં-છોકરીઓમાં એકબીજા પર ઈમ્પ્રેશન પાડવાની, સ્ટાઈલો મારવાની હરકતો ચાલુ જ હતી.

'એ સિવાય મને એવું લાગે છે કે વચ્ચે થોડો પિરિયડ એવો ગયો, જ્યારે એ મારાથી પણ દૂર રહેવા લાગ્યો હતો.'

કોફીનો એક સિપ લઈને મીતે કપ નીચે મૂક્યો અને...

એકવાર હું અને મિરાજ કોઈ કામ પતાવીને ઘરે પાછા જતા હતા ત્યારે રસ્તામાં એણે મને એક સવાલ પૂછ્યો હતો એ હજી મને યાદ છે.

'મીત, તે ક્યારેય કોઈ ચેટ ફ્રેન્ડ બનાવ્યા છે ?' મિરાજની આંખોમાં એક

ઉત્સુકતા હતી.

'ચેટ ફ્રેન્ડ ? ના ભાઈ ના. આપણે ક્યાં જરૂર છે એવા ફ્રેન્ડ શોધવાની. હળીમળીને વાત કરી શકે એવા ફ્રેન્ડ તો છે જ ને આપણી પાસે.'

'પણ મારા ઘણા બધા ફ્રેન્ડ્સ તો રોજ ચેટિંગ કરે છે. પરમ તો કહે છે કે એની બેસ્ટ ફ્રેન્ડ એની ચેટ ફ્રેન્ડ જ છે.'

'એને હશે પણ મને ક્યારેય એવી જરૂર નથી લાગી.'

ઘર આવી ગયું અને વાત ત્યાં જ અધૂરી રહી ગઈ. કદાચ આ ટોપિક પર મારે એની સાથે શાંતિથી ચર્ચા કરવાની જરૂર હતી. એના મનનું સમાધાન થાય એમ એને શાંતિથી સાંભળવા અને સમજવાની જરૂર હતી. પણ મેં એની વાતને નકામી વાતની જેમ કાપી નાખી અને એ દિવસ પછી એ ટોપિક પર એ ફરીવાર કંઈ બોલ્યો જ નહીં.

'એને નવા નવા ફ્રેન્ડ્સ બનાવવા ગમે ?'

'હં... ફ્રેન્ડ્સ...' મીત વિચારવા લાગ્યો.

હું એના હાવભાવ જોઈ રહી હતી.

'ઘરમાં બધા કાયમ એવું કહેતા કે હું બધા સાથે ઈઝીલી મિક્સ થઈ જઉં છું, ફોરવર્ડ છું, મને ગમે એની સાથે ફાવે.'

'અને મિરાજને ?'

'મિરાજ પહેલેથી સ્વભાવે થોડો સંકોચવાળો કહી શકાય. એ ફ્રેન્ડ્સની બાબતમાં પણ થોડો ચૂઝી હતો. ઈઝીલી કોઈને ફ્રેન્ડ ના બનાવી લે.'

'ઈન્ટ્રોવર્ટ ?'

'હં... હા... આમ તો ઈન્ટ્રોવર્ટ જ કહેવાય.'

'એનો કોઈ બેસ્ટ ફ્રેન્ડ ?'

'ફ્રેન્ડમાં પહેલા એક વિશ્રુત કરીને છોકરો હતો પણ પછી એનું ફેમિલી વચ્ચે થોડા વર્ષો બીજા શહેરમાં શિફ્ટ થઈ ગયું હતું. ત્યારથી એના ફ્રેન્ડ સર્કલમાં વળાંક આવ્યો.'

'તો અત્યારે કોણ છે એના સારા ફ્રેન્ડ્સ ?'

'જેટલું મને ખબર છે અને મમ્મી પાસેથી સાંભળ્યું છે, અત્યારે તો એ કોઈની સાથે ટચમાં રહેવા માંગતો જ નથી. પણ...'

'પણ શું ?'

'વિશ્રુત પછી એના બે ફ્રેન્ડ્સ બન્યા હતા. પરમ અને નિખિલ. પરમ એનો ક્લાસમેટ છે. અમારા ઘરની નજીક જ રહે છે. રિચ ફેમિલીનો થોડો વંઠેલો છોકરો છે.

જોવા જઈએ તો સ્વભાવમાં મિરાજથી એકદમ ઓપોઝિટ કહી શકાય.'

'અને નિખિલ કોણ છે ?'

'નિખિલ પરમના પપ્પાના બિઝનેસ પાર્ટનરનો છોકરો છે. અને ઉંમરમાં આશરે ઓગણીસ-વીસ વર્ષનો હશે.'

'એટલે નિખિલ તો ઉંમરમાં પણ ઘણો મોટો છે ને ?'

'હા, પણ મિરાજ એ બંનેની સાથે જ ફરતો હતો.'

'ઓ.કે. તારી વાત સાંભળીને મને બે વાત જાણવાનું મન થાય છે.'

'શું ?'

'એક તો એ કે તે કહ્યું કે મિરાજ ઈન્ટ્રોવર્ટ છે અને પરમ એક્સ્ટ્રોવર્ટ. તો એ બંનેની ફ્રેન્ડશિપ કયા આધારે ટકી હતી ? નોર્મલી આપણને આપણા સ્વભાવ અને વિચારો સાથે થોડું ઘણું મેચ થતા હોય એવા લોકો સાથે જ વધારે ફાવે.'

'આ પ્રશ્ન વિશે તો મેં પણ વિચાર્યું નથી.'

'બીજું શું પૂછવું હતું તારે ?'

'બીજું એ કે એના ખરેખર કોઈ ચેટ ફ્રેન્ડ હતા કે છે ?'

મીત બે મિનિટ મૌન રહ્યો.

'સાચું કહું સંયુક્તા...' મીત બોલતા બોલતા અટકી ગયો.

'હા, કહેને.'

'હું મારી લાઈફમાં એટલો બિઝી હતો કે મને આના વિષે કંઈ ખબર જ નથી તો હું તને શું જવાબ આપું.પણ આજે તે આ બધું પૂછ્યું તો મને એવું લાગે છે કે ઘરમાં કોઈને એના વિશે કંઈ જ આઈડિયા નથી. નહિતર મમ્મી મને જરૂર કહેત. મેં મિરાજને ઘણીવાર મોબાઈલમાં ખોવાયેલો જોયો છે. એ વખતે એના ચહેરા પર ગુસ્સો, બેચેની, અધીરાઈ, ઉત્સુકતા અને આનંદના ભાવ પણ જોયા છે. પણ મને એવું જ લાગતું હતું કે એ પરમ અને નિખિલ સાથે જ વાતો કરતો હશે.' અચાનક બોલતો બોલતા મીત ડિસ્ટર્બ થવા લાગ્યો.

'ઈટ્સ ઓ.કે.'

'નો, ઈટ્સ નોટ ઓ.કે. મિરાજની હાલત માટે આ પ્રશ્ન મને કેમ ના થયો ?'

હું મીતને જોઈ રહી.

'મમ્મી ઘણીવાર મોબાઈલ માટે એની પાછળ પડતી, ત્યારે હું મમ્મીને રોકતો કે આ ઉંમરમાં આવું બધું તો કોમન છે એટલે એને વધારે ટોકે નહીં કારણ કે હું પોતે પણ ઘણીવાર મોબાઈલમાં એવો ખોવાતો કે કલાકોના કલાકો ક્યાંય વીતી જતા ખબર

જ ના પડતી.'

'આઈ થિંક બધાના એ જ હાલ છે. બધા મોબાઈલમાં એવા પડ્યા છે કે પોતાની સાથે, પોતાના ઘરમાં રહેતી વ્યક્તિઓની સાથે શું બની રહ્યું છે એ ખબર ના હોય પણ દુનિયામાં, દેશમાં, પોલિટિક્સમાં, સમાજમાં, સેલિબ્રિટી વર્લ્ડમાં શું ચાલી રહ્યું છે એની બધાને ખબર હોય. ફ્રેન્ડ આજે કઈ રેસ્ટોરેન્ટમાં, કોની સાથે, કયા કપડાં પહેરીને ગયો એ બધું જ ખબર હોય.'

'આજે તારી સાથે વાત કરતા રિયલાઈઝ થાય છે કે મિરાજમાં આવતા બદલાવને સામાન્ય ગણવામાં અને એની મૂંઝવણોને જાણવામાં અમારી પણ ક્યાંક ભૂલ થઈ ગઈ છે. ધીમે ધીમે એ લોકોથી કટ ઓફ થતો ગયો અને વધારે પડતો ટાઈમ મોબાઈલ સાથે ગાળતો ગયો એની પાછળનું કારણ હવે સમજાય છે.'

'શું ?'

'એ એકલો પડી ગયો હતો. એની સાથે હસવા-બોલવાવાળું કોઈ હતું જ નહીં.'

'ડોન્ટ વરી. એવરી થિંગ ઈઝ ગોઈંગ ટૂ બી નોર્મલ.'

'થેન્ક્સ સંયુક્તા...'

'તું આમ વારેઘડીએ થેન્ક્સ ના કહીશ. મિરાજ પહેલા જેવો થઈ જાય ત્યારે કહેજે.'

મેં મોબાઈલમાં ટાઈમ જોયો, 'ટાઈમ ટૂ ગો હોમ.'

અમે બંને કોફી શોપની પાર્કિંગ સુધી પહોંચ્યા, ત્યાં અચાનક મીત કહેવા લાગ્યો.

'પહેલા તો મિરાજ અમુક વાતોથી ચિડાતો, અકળાતો અને ક્યારેક ગુસ્સો પણ કરતો. હવે તો એ ચિડાતો નથી, ગુસ્સો પણ નથી કરતો, બહુ શાંત અને ગંભીર બની ગયો છે. ખબર નહીં કંઈ કેટલીય વાતો એણે પોતાની અંદર જ દબાવી રાખી હોય એવું લાગે છે.' મીતને ધીમે ધીમે મિરાજના વર્તન અને વ્યવહાર માટે અત્યાર સુધી નોટિસ ના થઈ હોય એવી વાતો હવે સમજાતી હોય એમ લાગ્યું.

અમારી મીટિંગથી જો આ દિશામાં એનું વિઝન ખૂલ્યું હોય તો એ મિરાજની પરિસ્થિતિને અને એના પ્રોબ્લેમને સમજવામાં અમને જરૂર હેલ્પફુલ થશે, એવી આશા સાથે મેં મીતને 'બાય' કહ્યું.

આ આપણી દુનિયા પણ વિચિત્ર છે. જો કોઈ વધારે ગુસ્સો કરતું હોય તો બધા કહે કે બહુ ગુસ્સો ના કરાય. નાનપણથી જ આવી ટોકટોકથી એક દિવસ એવો આવે

કે એ વ્યક્તિ પોતાની કોઈ પણ પ્રકારની લાગણીઓને વ્યક્ત કરવાનું જ બંધ કરી દે. પરિણામે એની અંદરની આખી સિસ્ટમ ડિસ્ટર્બ થઈ જાય. એ શાંત પડી જાય. અને ત્યારે એનું એ શાંત પડી ગયેલું વર્તન જ એબનોર્મલ લાગવા લાગે. આવા સમયે એ વ્યક્તિના અંતરમાં વ્યાપેલો અંધકાર પારખવો મુશ્કેલ હોય છે.

હું મારી સ્કૂટી લઈને ઘરે જઈ રહી હતી, ત્યારે મારું મન હ્યુમન સાયકોલોજીના વિવિધ રંગ-રૂપને સમજવામાં વ્યસ્ત બની ગયું. અહંકારનું સ્વરૂપ પણ કેવું કોમ્પ્લિકેટેડ છે ને ! જો ચગી જાય તો કોઈને ગણકારે નહીં અને જો ભાંગી પડે તો બીજાનો તો શું પણ પોતાની જાતનો જ સામનો ના કરી શકે.

ઘરે પહોંચતા જ મેં મારી સ્કૂટીને બ્રેક મારી અને મારા વિચારોને પણ ટેમ્પરરી બ્રેક લાગી ગઈ.

## (૬)

*મમ્મી કાયમની જેમ રસોડામાં વ્યસ્ત હતી.*

*'રોનક ક્યાં છે ?'*

*'બહાર ગયો છે, આવતો હશે.'*

*મમ્મી નાસ્તાની પૂરી બનાવતી હતી. મેં એક-બે પૂરી ખાધી અને પાણી પીધું. મને હતું કે મમ્મી મને પૂછશે કે મીતને મળવા ક્યાં ગઈ હતી અને શું વાતો કરી. પણ મમ્મીએ કંઈ ના પૂછ્યું. મમ્મીની આ ઓપનનેસ મને સ્પર્શી ગઈ. જો કે એ સાધારણ રીતે મારી ઈન્કવાયરી કરત તો પણ મને કોઈ વાંધો નહોતો. મા તરીકે એને હક છે પૂછવાનો.*

**ક્યારેક સંબંધોમાં કોઈ સવાલ-જવાબ હોય કે ના હોય પણ એમાં વિશ્વાસનું બળ હોય એ અગત્યનું છે. અને જો કોઈ આવો વિશ્વાસ કરે તો એનો વિશ્વાસ કેમ કરીને તોડી શકાય ?**

*રોનક ક્યારે ઘરમાં આવી ગયો એની અમને ખબર ના પડી. પણ બહાર રૂમમાંથી આવતો ટી.વી.નો મોટો અવાજ એની હાજરીની ચાડી ખાતો હતો. હું રસોડામાંથી બહાર ગઈ.*

*'ક્યાં જઈ આવ્યો ?'*

*'ક્યાંય નહીં. એમ જ લટાર મારી આવ્યો થોડીવાર. ઘરમાં બોર થતો હતો.'*

*'અને તું ક્યાં જઈ આવી ?'*

*'હું મીતને મળવા ગઈ હતી.'*

*'હા, મમ્મી કંઈક કહેતી હતી, એના ભાઈને થોડો પ્રોબ્લેમ છે એવું.'*

*'હા, આપણને વાત કરવાનો ટાઈમ જ ક્યાં મળ્યો છે ? તું તારામાં બિઝી હોય છે.'*

*'એવો પણ કંઈ બિઝી નથી, તું કહે ત્યારે તારા માટે તો ફ્રી જ છું.'*

ત્યાં જ રોનકના મોબાઈલની રિંગ વાગી. મારી સામે જોતાં એ ઝાંખો પડી ગયો. પણ મેં એની સામે સ્માઈલ આપી એટલે એને રાહત થઈ.

'એક્સક્યુઝ મી પ્લીઝ' કહી એ બહાર જતો રહ્યો.

હવે હું એકલી પડી. મન વિચારોમાં ખોવાયેલું હતું. હું બહાર વોક કરવા નીકળી. મારા ઘરની બહાર વોક કરવાની થોડી ખુલ્લી જગ્યા હતી પણ આજે મને ટેરેસ પર જઈને વોક કરવાનું મન થયું. આખી ટેરેસ ખાલી હતી - ફક્ત હું અને મારા વિચારો. મેં ઉપરથી નીચેનો નજારો જોયો. બધા પોતાના રોજબરોજના કામોમાં વ્યસ્ત હતા. છતાં, ક્યાંક કોઈ ટેકનોલોજીથી વ્યસ્ત જીવનમાંથી થોડી પળો ચોરી કરીને નિર્દોષ આનંદ માણી રહેલા દેખાયા. બાજુના ફ્લેટની બે છોકરીઓ બેડમિન્ટન રમી રહી હતી.

મને અચાનક કંઈક સૂઝ્યું. અઠવાડિયા પછી, ફરીથી મિરાજને મળવાનું નક્કી કર્યું.

આજની મુલાકાત પહેલા દિવસ કરતા થોડી વધારે સારી રહેશે એવી આશાએ હું એના ઘર પાસે પહોંચી.

'હું તારા બિલ્ડિંગ નીચે ઊભી છું. તમે લોકો નીચે આવી જાવ.' મેં મીતને કોલ કર્યો.

'હા, આવીએ.'

પાંચ મિનિટ પછી મિરાજ અને મીત નીચે આવ્યા.

'ઘરે આવવું હતુંને ?' મીતે તરત જ કહ્યું.

'ના. ક્યારેક ફ્રેશ એરમાં વધારે મજા આવે. બારી-બારણાં, છત, દીવાલો ક્યારેક મને બંધન જેવી લાગે છે.'

'ઐ નાસમજ, બંધ દીવારોં કે પીછે જિયા તો ક્યા જિયા હૈ,
ઐ નાસમજ, બંધ દીવારોં કે પીછે જિયા તો ક્યા જિયા હૈ,
ખુલે આસમાન કે નીચે દેખ, ખુશીયોંને બસેરા કીયા હૈ.

'વાહ... વાહ... ક્યા શેર મારા હૈ... શુક્રિયા... શુક્રિયા...' જાતે શેર કહીને પોતાના જ વખાણ કરતા મીતે એક નવા જ અંદાજમાં વાતાવરણને પ્રફુલ્લિત બનાવવાની ટ્રાય કરી.

'આને શેર કહેવાય ?'

'આઈ ડોન્ટ નો. મોકા ભી હૈ ઔર દસ્તૂર ભી... તો મૈંને ચોકા માર દિયા. બટ ઈફ યૂ ડોન્ટ લાઈક ધેન આઈ વિલ ઈમ્પ્રૂવ માયસેલ્ફ.'

'તું ક્યારેય નહીં બદલાય પણ ધીસ ટાઈમ ઈટ વોઝ બેટર, નોટ ફાલતુ.' મેં કહ્યું.

'થેન્ક યૂ. પણ આમ તો હું અને મારી ફાલતુ કમેન્ટ્સ એ બંને ભેગા થઈએ ત્યારે જ મારું અસ્તિત્વ બને છે.'

'મિરાજ, આ તારો ભાઈ એની વાતોથી તને કેટલું ટોર્ચર કરતો હશે, એ વિચારીને મને તારી દયા આવે છે.' મેં મજાકમાં કીધું.

'આજકાલ બધાને મારી દયા જ આવે છે.' મારી વાતને મિરાજને સીરિઅસ કરી દીધો અને મિરાજે મીતના ઉમળકાને ઠંડો પાડી દીધો. કદાચ રોંગ શબ્દો રોંગ ટાઈમે વપરાઈ ગયા.

'તને વોક કરવાનું ગમે ?' મેં વાતને વાળતા કહ્યું.

'બહુ ખાસ નહીં.' મિરાજે ફિક્કો જવાબ આપ્યો.

'અહીં બાજુમાં પાર્ક છે, ત્યાં જરા આંટો મારી આવીએ ? મને ખરેખર જવું છે ત્યાં. થોડું ચેન્જ લાગશે મને. તું આવીશ સાથે ?'

'ઓ.કે.'

'અને જો, હું તો આજે બેડમિન્ટન રમવાના મૂડ સાથે આવી છું. હોપ કે તમે બંને મને નિરાશ નહીં કરો.'

'સોરી દીદી, હું ખાલી પાર્કમાં આવીશ. મને કંઈ રમવું નથી.'

'નો પ્રોબ્લેમ. તું કંપની આપીશ એ જ મારા માટે બહુ છે.'

મિરાજની સાથે મિક્સ થતા હજી થોડીવાર લાગશે એવું મને લાગ્યું. હવે મીત મૌન થઈ ગયો હતો. કોણ જાણે એના મનમાં શું ચાલતું હશે. જે પણ વિચારતો હશે તે મિરાજ માટે જ હશે.

અમે પાર્કમાં પહોંચ્યા. સાંજનો સમય હતો એટલે ઠંડક અનુભવાતી હતી. વળી ચાલુ દિવસ હોવાથી ભીડ ઓછી હતી. એટલે જ મેં શનિ-રવિમાં આવવાનું ટાળ્યું હતું.

પાર્કમાં જતા જ એક પતંગિયું મિરાજના ખભા પર આવીને બેઠું.

મિરાજ જરા અટક્યો.

'આઈ થિંક ઈટ લાઈક્સ યૂ.' મેં કહ્યું.

'નો બડી લાઈક્સ મી.'

મીત મિરાજ તરફ જોઈ જ રહ્યો. પણ એણે પોતાની લાગણીઓને મિરાજ પાસે વ્યક્ત ના થવા દીધી.

મિરાજે પગ આગળ ઉપાડ્યો ત્યાં જ પતંગિયું ઊડી ગયું. લીલાછમ ઘાસથી છવાયેલી એક મોટી ખુલ્લી જગ્યાએ અમે અટક્યા.

'અહીંયા બેસવું છે ?'

'ઓ.કે.' મીતે સહમતી આપી.

મિરાજનો કોઈ ઓપિનિયન હતો જ નહીં. હું આજુબાજુ જોવા લાગી. થોડા માણસો ચાલવામાં અને થોડા કસરતમાં બિઝી હતા. દૂર ત્રણ-ચાર આન્ટીઓનું ટોળું બેઠું હતું.

'હું નાની હતી, ત્યારે ક્યારેક પપ્પા અમને અહીંયા લાવતા હતા.'

'હા, મને ખબર છે.' મીતે કહ્યું.

'તને કેવી રીતે ખબર ?'

'ક્યારેક તને જોઈ હતી અહીં લપસણી અને હિંચકા તોડતા.'

'વ્હોટ ?'

'આઈ મીન લપસણી અને હીંચકા ખાતા.'

મિરાજ આછું હસ્યો. મને મારું લાગ્યું.

'હું એક સવાલ પૂછું એનો જવાબ આપો. જોઈએ તમારા બંનેમાં કોણ ઈન્ટેલિજન્ટ છે.'

મીતે કોલર ઊંચા કર્યા.

'હાથીને પાંજરામાં કેવી રીતે બંધ કરાય ?'

'હાથીને ?' મીત વિચારમાં પડી ગયો.

'મિસ્ટર ઈન્ટેલિજન્ટ... બોલો.'

મિરાજ ચૂપ હતો.

'એની સાઈઝનું પાંજરું હોવું જોઈએ તો કરાય.' મીતે કહ્યું.

'રોંગ.'

'તો તું જ કહી દે આનો જવાબ.'

'સિમ્પલ... પાંજરાનો દરવાજો ખોલીને પછી હાથીને પાંજરામાં પૂરાય.'

'ધેટ વોઝ નોનસેન્સ.'

'આપણે નોનસેન્સ વાતો જ કરવાની છે. તું નોનસેન્સ જવાબ આપીને તો બતાવ. એ પણ એક ટેલેન્ટ છે.'

'હવે બીજો... ઊંટને પાંજરામાં કેવી રીતે મૂકાય ?'

'પાંજરાનો દરવાજો ખોલીને.' મીતે ગર્વથી કહ્યું.

'રોંગ.'

'હવે એ કેમ રોંગ ?'

'હાથીને પાંજરામાંથી કાઢીએ પછી ઊંટને મૂકાયને ?'

'આ તો સૂપર નોનસેન્સ હતું.'

હવે તો મિરાજ પણ હસી પડ્યો.

'કમ ઓન મિરાજ, હવે છેલ્લા પ્રશ્નનો જવાબ તારે આપવાનો છે.'

'આઈ વિલ ટ્રાય દીદી.'

'સિંહ અને સિંહણના લગ્ન થવાના હતા. બધા એમના લગ્નમાં ગયા પણ એક પ્રાણી ના ગયું. એ કોણ હતું ?'

'એ, જેને સિંહ ખાઈ ગયો હશે.' મીત ફુલ કોન્ફિડન્સથી જવાબ આપ્યો.

'રોંગ.'

'મિરાજ, તું બોલ કોણ હશે એ ?'

'મને સાચે જ નથી ખબર, દીદી.'

'ઓ.કે., તો કહી દઉ ?'

'હા મારી મા કહી દે.' મીતે બે હાથ જોડતા કહ્યું.

'ઊંટ કારણ કે એ પાંજરામાં હતો.'

'હા... હા... હા...' મિરાજ એકદમ હસી પડ્યો.

'ધેટ વોઝ સો ફની સંયુક્તા. આટલા બકવાસ જોક્સ ક્યાં સાંભળે છે તું ?' મીતે હસતા હસતા કહ્યું.

'એ તો સિક્રેટ છે, ના કહેવાય.'

અને આખું વાતાવરણ હળવું થઈ ગયું.

'ચલો, હવે પહેલા કોણ મારી સાથે બેડમિન્ટન રમે છે ?'

મીતે મિરાજ તરફ જોયું. એણે કોઈ ઉત્સાહ ના દેખાડ્યો, એટલે મીત ઊભો થયો.

'જો બહુ વખત પછી રમું છું.' મેં એક રેકેટ મીતને આપતા કહ્યું.

અમે રમવાનું શરૂ કર્યું. શરૂઆતમાં તો મીતના હાથમાંથી રેકેટ જ પડી જતું. એ જાણીજોઈને નાટક કરતો હતો કે પછી સાચે જ એવું હતું એ મને ના સમજાયું. દસેક મિનિટમાં અમને રમવાની સારી ગ્રિપ આવી ગઈ. મિરાજ ચૂપચાપ બેસીને જોતો હતો. એ કંટાળતો હોય એવું ન લાગતા અમે ગેમ ચાલુ રાખી.

'શું મીત, તારી પાસેથી આવી આશા નહોતી. તું તો દરેક ફીલ્ડમાં એક્સપર્ટ

છે ને ?' મીત તરફથી આવેલા શટલ કોકને મારવા મારે ઊંચો કૂદકો મારવો પડ્યો.

'અરે, એ તો ક્યારેક એક્સપર્ટના પણ ખરાબ દિવસો તો આવેને ?'

'રિયલી ?'

'ઓહ... નો...' ગેમ સારી ચાલતી હતી.

'ઉપ્સ...'

'કમ ઓન... યૂ કેન ડૂ ઈટ.' શટલ કોકને મારવા મીતે જાતે જ પોતાનો ખભો થાબડ્યો.

'યસ... કીપ ટ્રાઈંગ.'

'વેલ ડન, સંયુક્તા.'

'થેન્ક યૂ... થેન્ક યૂ.' મીત સાથે રમવાની હવે મજા આવવા લાગી. મેં એક સેકન્ડ મારે મિરાજ તરફ જોયું. હવે એ વાતાવરણ સાથે થોડો લાઈવ થયો હોય એવું લાગ્યું. આખરે એના માટે જ તો આ બધું કરતા હતા.

'વેલ... તને ખબર છે આજે હું કેમ આવું રમું છું ?' મીતે પૂછ્યું.

'કેમ ?'

'આજે હું તને જીતવાનો એક મોકો આપું છું.'

'આપની મહેરબાની.'

'અરે... મીત...' મીતના હાથમાંથી ફરી રેકેટ છૂટતા, મિરાજના મોઢામાંથી અચાનક શબ્દો સરી પડ્યા.

'આખરે ભાઈ ભાઈની સાઈડ તો લે જ ને.' મિરાજ હવે ખીલ્યો છે એ જોઈને મેં કહ્યું.

'આખિર ભાઈ કિસકા હૈ ?' મીતે કોલર ઊંચો કરતા કહ્યું.

'મેરા ભી ભાઈ હૈ.' મેં પણ વટથી કહ્યું.

'ટાઈમ પ્લીઝ.' મને એક તૂક્કો સૂઝ્યો અને મેં ગેમ અટકાવી.

'શું થયું ?'

'આમ કૂદકા મારી મારીને હવે ભૂખ લાગી છે.'

'મને પણ. બોલ શું ખાવું છે ?'

'અહીંયા એક આઈસ્ક્રીમ પાર્લર છે ને.'

'હા, તો તું આઈસ્ક્રીમ લઈ આવ. ત્યાં સુધી હું થાક ઉતારું.'

મેં જાણીજોઈને મીતને ત્યાંથી દૂર કર્યો.

'ઓ.કે. પહેલા ઘરેથી પૈસા લેવા પડશે એટલે થોડીવાર થશે.'

'નો પ્રોબ્લેમ. ટેક યોર ટાઈમ. મને કોઈ જલદી નથી.'

કદાચ મીત સમજી ગયો કે મને મિરાજ સાથે એકલામાં વાત કરવી છે, એટલે મેં એને આઈસ્ક્રીમ લેવા મોકલ્યો છે.

(૭)

મીતના ગયા પછી હું મિરાજ સાથે સામેના બાંકડા પર બેઠી.

'તમે બેડમિન્ટન સારું રમો છો, દીદી.' એણે વાતની શરૂઆત કરી.

'સાચું કહું ? બસ આ એક જ આઉટડોર સ્પોર્ટ્સ છે જે મને સારી રીતે રમતા આવડે છે.'

એ આછું હસ્યો.

'બાકી તું મને ક્રિકેટ રમવાનું કહેને, તો મારા હાથમાંથી બેટ જ છટકી જાય.'

'ક્રિકેટ વોઝ માય ફેવરિટ ગેમ.'

'વોઝ કેમ ? ઈઝ કેમ નહીં ?' મેં પૂછ્યું.

'હવે મેં ક્રિકેટ રમવાનું જ છોડી દીધું છે.'

'આઈ થિંક કોઈ પણ એક સ્પોર્ટ્સ એક્ટિવિટીને હોબી તરીકે રાખવી જોઈએ કારણ કે સ્પોર્ટ્સમાંથી માણસને ઘણું બધું શીખવા મળે છે. લાઈફ લેસન્સ.'

'બધા એવું નથી સમજતા. મારા પેરેન્ટ્સને મારી પાસેથી ફક્ત ભણવામાં હોશિયાર થવાની જ અપેક્ષા છે.'

'એ તો બધા પેરેન્ટ્સને એવું જ હોય !'

'ના, દીદી. બધાને એવું નથી હોતું. કેટલાક પેરેન્ટ્સ તો એમના છોકરાંઓને બધી ફ્રીડમ આપતા હોય છે. કોઈ જાતના રિસ્ટ્રિક્શન નહીં. નો રૂલ્સ.'

'વધારે પડતી ફ્રીડમથી તો માણસ બગડી જાય !'

'અત્યારે એમ પણ સીધા લોકોની કોઈને જરૂર નથી. બગડેલાની જ બોલબાલા છે. સીધાનો સાથ કોઈ આપતું નથી.'

'તારા ફ્રેન્ડ્સની વાત કરે છે ?' મેં સીધું જ પૂછી લીધું.

'હા, એ બધા ફ્રેન્ડ્સ હતા પણ હવે નથી.'

'સારા ફ્રેન્ડ્સ મળવા ઈઝી નથી.'

*'પણ મેં તો એમના માટે મારું બધું બગાડી નાખ્યું. પોતાની જાતને ચેન્જ કરવી કંઈ સહેલી છે ? પણ તોય એ લોકોની ટાઈપનો બનવામાં ફેઈલ થઈ ગયો. બધી રીતે ફેઈલ.'*

*'ફેઈલ થનાર ખરેખર કંઈ ગુમાવતો નથી.'*

*'મને તમારી વાત સમજાઈ નહીં, દીદી.'*

**'જે ફેઈલ થાય છે, એ થોડી ખોટ ખાય છે પણ અનુભવની કમાણી કરે છે. એને એટલું ચોક્કસ આવડી જાય છે કે કઈ કઈ ભૂલો કરવાથી ફેઈલ થઈ જવાય.'**

*'પણ ફેઈલ તો થયો જ ને ?'*

**'હા, એકવાર ફેઈલ થયો પણ ફરીથી એ ભૂલ રિપીટ ના થવા દે તો પછી જીતવાના ચાન્સ વધી જાય છે.'**

*મિરાજ વિચારમાં પડી ગયો.*

*મિરાજ પોતાની અંદર દબાયેલી ભાવનાઓ આજે વ્યક્ત કરશે એવો અહેસાસ થતા મેં એને મારી આપવીતી કહેવાનું ચાલુ કર્યું, 'મારે તો સ્કૂલમાં કોઈ ખાસ ફ્રેન્ડ્સ બનતા જ નહોતા. કદાચ કોઈ બની પણ જાયને તો બીજી છોકરીઓ એને મારાથી દૂર કરીને જ જંપે. શરૂઆતમાં મેં બધા સાથે સારી રીતે બોલવાની, મારાથી બનતી હેલ્પ કરવાની ટ્રાય કરી. પોતાના સ્વમાનને બાજુએ મૂકીને, બીજાને ગમે એ રીતે જ વર્તવાની બહુ ટ્રાય કરી, પણ બધા પોત પોતાનો સ્વાર્થ પૂરો કરીને મને છોડી દેતા. હું પોતાની જાતને એમના ઢાંચા પ્રમાણે ઢાળવાના પ્રયત્નો કરી કરીને થાકી ગઈ. અંતે કોઈ મારું થયું નહીં.'*

*'હા, મને પણ એવું જ લાગે છે. બધા સેલ્ફિશ છે. સ્વાર્થના સગા.' મિરાજ આટલું જ બોલીને અટકી ગયો.*

*'પછી તો હું લોકોના મજાક, અજંપા ને ધૃણાનો વિષય જ બનવા લાગી હતી. અને ધીમે ધીમે હું બધાથી કટ ઓફ થતી ગઈ. આખા ક્લાસમાં મીત જેવા ગણ્યા ગાંઠ્યા માંડ બે કે ત્રણ જણા હતા જે ક્યારેક મારી સાથે વાત કરતા. પણ ત્યાં સુધીમાં તો મારો સ્વભાવ એટલો બધો સંકોચાઈ અને કચડાઈ ગયેલો કે હું કોઈની સાથે બહુ બોલી જ નહોતી શકતી. કોઈની આંખમાં આંખ મિલાવીને વાત કરવામાં પણ મને તકલીફ થતી. મીત એક જ એવો હતો કે જેણે છેક સુધી મારા તરફ પોતાનો સપોર્ટ બતાવવાની ટ્રાય ચાલુ રાખી હતી પણ ત્યારે મને મીતની કંઈ પડી નહોતી. કારણ કે હું હતાશા અને નિરાશામાં એટલી બધી ગરકાવ થઈ ગઈ હતી કે મને કોઈની સાથે ફ્રેન્ડ બનતા પહેલા ભય જ લાગતો કે એ મને છોડી દેશે તો ? કોઈ મને છોડી દે એ*

*અપમાન અને દુઃખ સહન કરવાની મારામાં હિંમત જ નહોતી. એટલે જે લોકો સાચી લાગણીવાળા હતા એમને પણ મેં મારાથી દૂર જ રાખ્યા હતા. મને કોઈના પર વિશ્વાસ જ નહોતો રહ્યો. ખરેખર કહું તો મને મારી જાત પર જ વિશ્વાસ નહોતો તો બીજા પર ક્યાંથી હોય ? મને મારા ઘરમાં પણ કોઈના પર વિશ્વાસ નહોતો. એ લોકોએ મને ઓવર પ્રોટેક્ટ જ કરી હતી, છતાંય મારી અંદરનું દુઃખ એવું પ્રબળ હતું કે મેં કાયમ બધાને મારાથી દૂર હડસેલી દીધા હતા.'*

*મિરાજ મારી સામે જોઈ રહ્યો. એના ચહેરાના ભાવ જોઈને લાગતું હતું કે એના મનમાં એનો ભૂતકાળ જીવંત થઈ રહ્યો હતો.*

*'દીદી, હું નાનો હતો ત્યારથી મને મીત સાથે બધું શેર કરવાની આદત હતી. એની પાસેથી મને હંમેશાં મોટાભાઈ જેવી હૂંફ મળતી. એને હું ક્યારે કંઈ પણ કહી શકું. હી વોઝ લાઈક માય સોલમેટ. પણ...'*

*'પણ શું ?'*

*'પણ હવે મને એની સાથે વાત કરવાનું ગમતું નથી.'*

*'બધું આટલું સરસ હતું તો પછી હવે શું થયું ?' મીત અને મિરાજના સંબંધની આત્મિયતા ઝાંખી પડેલી જોઈને મને થોડું દુઃખ થયું.*

*'હવે જાણે આકાશમાં મસ્તીથી ઊડતી પતંગ કપાઈ ગઈ છે અને લથડિયા ખાઈ રહી છે.' મિરાજની નજર સામેના ઝાડ પર લટકતી બહુ જૂની ફાટેલી પતંગ પર સ્થિર હતી.*

*'વાતાવરણની અસરથી વસ્તુઓ પર ધૂળ તો ચઢે, પણ એનાથી એ કંઈ ખરાબ થોડી થઈ જાય છે ? એને લૂછીને પાછી પહેલા જેવી જ ચળકતી કરી શકાય છે.' મને વિશ્વાસ હતો કે ક્યાંય ન હારનારો મીત એના ઘરમાં તો નહીં જ હારી જાય. ફક્ત જ્યારે વ્યક્તિ ખૂબ નજીકની હોય ત્યારે જરા સાચવીને કામ લેવું પડે. આ કામમાં મદદરૂપ થઈને કદાચ હું મીત જેવા એક સારા મિત્રની મિત્રતાનો બદલો કંઈક અંશે વાળવા ઉત્સુક હતી.*

*ત્યાં તો મીત આઈસ્ક્રીમ લઈને આવતો દેખાયો.*

*મીતને જોઈ મિરાજ અટકી ગયો.*

*'મિરાજ,* **મને ખબર છે, જે વ્યક્તિ ઉપરથી મન ઊઠી ગયું હોય, એની હાજરીમાં હૃદય ખાલી કરવું કેટલું અઘરું છે. પણ એટલું યાદ રાખજે કે ગમે એટલા દૂર હોય તો પણ આપણા એ તો આપણા જ રહે છે.'**

*'પણ ઘણા ટાઈમથી મેં એની સાથે કોઈ વાતો શેર કરી નથી, દીદી. અને હવે*

એને કંઈ કહેવાનું મન પણ નથી થતું.'

'તું નક્કી કરીશ તો કરી શકીશ. મીત માટે તારા મનમાં અત્યારે જે અભિપ્રાયો પડી ગયા છે એને એકવાર હિંમત કરીને ખસેડ. પહેલાના દિવસો યાદ કર.'

'ચોકો ચિપ્સ.' મીતે આઈસ્ક્રીમ આગળ ધરતા કહ્યું.

'વાઉ, ચોકો ચિપ્સ !' મેં મિરાજને રિલેક્સ કરવા વાત વાળી, 'આઈ લવ ચોકો ચીપ્સ.'

ભાવતો આઈસ્ક્રીમ પણ ક્યારેક ફોર્માલિટી માટે ખાવો પડશે, એવું ત્રણેમાંથી કોઈએ ક્યારેય વિચાર્યું નહોતું. ત્રણે વચ્ચે ચૂપકીદી છવાઈ ગઈ.

'મિરાજની પણ આ ફેવરિટ ફ્લેવર છે.' મીત મિરાજની બાજુમાં બેઠો. આ એ જ મીત છે જે દુનિયામાં બધાની સાથે નિખાલસ થઈ શકતો પણ આજે પોતાના ભાઈ સામે પોતાની લાગણી વ્યક્ત કરતા ખચકાતો હતો.

'આજે આપણે મહિનાઓનું મૌન તોડવા સાથે પ્રયાસ તો કરી જ શકીએને. પછી ભલે પરિણામમાં સફળતા મળે કે ના પણ મળે.'

મિરાજને ખ્યાલ આવી ગયો કે હું મીત માટે કહી રહી છું. પણ એ ચૂપ રહ્યો. એની વાણી ખેંચાઈ ગઈ.

'મિરાજ, કોઈ પણ જાતના સંકોચ વગર વાત કર. વ્યવહાર અને મર્યાદાની દૃષ્ટિએ પણ આપણા બે સાથે કોઈ ત્રીજી વ્યક્તિની હાજરી રહે એ સારું જ છે.'

'હું સમજું છું, દીદી. પણ મને અઘરું લાગે છે.'

'અઘરું એટલે લાગે છે કારણ કે આપણું ફોકસ પ્રયત્ન પરથી ખસીને પરિણામ પર જતું રહે છે. ધ્યાન જો પ્રયત્ન પર જ રહેશે તો કામ સહેલું લાગશે.'

'મને એવું લાગે છે કે પહેલા એ મને સમજી શકતો હતો. પણ હવે એને તો શું, હું મારી હાલત કોઈને સમજાવી નથી શકતો. અંદર બધું જાણે સ્થિર થઈ ગયું છે. હવે તો સમય પણ જતો રહ્યો. જ્યારે મને સાચે એની જરૂર હતી ત્યારે હું સાવ એકલો હતો.'

મિરાજ બોલી રહ્યો હતો પણ મીત સાથે નજર નહોતો મળાવી શકતો. મીતની નજર પર પણ મણનો ભાર હોય એમ ઝૂકેલી હતી.

'તને જે સ્ટેગ્નન્ટ લાગે છે, એ જ તને અંદરથી કોરી રહ્યું છે. સ્ટેગ્નન્ટ પાણીમાં તરત લીલ ફરી વળે. એના કરતા વહેતા પાણીની જેમ આગળ વહેવામાં મજા છે. એક જ જગ્યાએ અટકી જવાથી જીવન કંઈ અટકી જતું નથી. અંદરની ભાવનાઓ, વ્યથાઓ અને મૂંઝવણોને ખાલી કરીને, સમાધાન લઈને આગળ વહી જવામાં જ સૌનું હિત છે.

મિરાજ મૌન હતો. એના ચહેરા પર ગંભીર નીરવતા દેખાતી હતી. એના અંતરપટ પર ઘૂઘવાતા સમુદ્રની જેમ અનેક મોજા જાણે ઉછાળા મારીને કિનારે આવીને અથડાઈને પાછા ફરી, ફરીથી ઊઠતા હોય એવું લાગતું હતું.

હું શાંત બેસીને મિરાજ આગળ બોલે એની રાહ જોઈ રહી. આજે એ જરૂર ઓપન થશે એવી મને ખાતરી હતી.

બે મિનિટ અમે ત્રણે શાંત બેસી રહ્યા. મિરાજ આજુબાજુ નજર ફેરવી રહ્યો હતો. બહાર ફરતી દેખાતી એ નજર અંતરમાં અનેક પ્રસંગો જોઈ રહી હતી. આખરે એના હોઠ અને આંખો કંઈક કહેવા માટે સજ્જ થયા હોય, એમ એણે ઊંડો શ્વાસ લીધો.

'તને એક વાત ખબર છે ?' મેં ઉત્સુકતાથી મિરાજને પૂછ્યું.

'શું ?' એની આંખોમાં સહેજ ચમકારો દેખાયો.

'હ્યુમન બ્રેઈનની એક સ્ટડી પ્રમાણે આપણા જીવનમાં આશરે બસ્સો જેટલી વ્યક્તિઓ હોય છે. જેમાંથી ફક્ત પાંચેક વ્યક્તિઓ એવી હોય જે ખરેખર આપણી સૌથી નજીક હોય અને એ લોકો આપણી દુનિયા હોય ! બાકીની બધી વ્યવહાર પૂરતી હોય છે. તારા જીવનમાં એવી પાંચ વ્યક્તિઓ કઈ છે ?'

મિરાજ વિચારે ચઢી ગયો. પાંચેક મિનિટ પછી એણે મારી સામે જોયું.

'તમારા પ્રશ્નનો જવાબ અત્યારે મારી પાસે નથી. એના માટે તો શાંતિથી વિચારવું પડે. પણ આ સવાલ સાંભળીને મારા મગજમાં જે વ્યક્તિઓ ફ્લેશ થઈ એમનાથી શરૂઆત કરું.' હવે એણે વાત કરવાની પહેલ કરી.

'હા.'

આખરે મિરાજે મીત સામે જોયું. ક્ષણ બે ક્ષણ એના પર નજર સ્થિર કરી એ બોલ્યો, 'મીત પહેલેથી જ મારું સેફ્ટી શીલ્ડ હતો. જ્યાં જાઉં ત્યાં જો મીત સાથે હોય તો મને નિરાંત રહેતી. હું એની સાથે બધું શેર કરતો. ધીમે ધીમે ભણવાનું પ્રેશર વધવા લાગ્યું, એનું પણ અને મારું પણ. આખો દિવસ સ્કૂલ પછી ટ્યૂશન અને પછી થાક્યા પાક્યા હોઈએ એટલે થોડીવાર ટી.વી.માં ટાઈમ સ્પેન્ડ થતો.

પપ્પાના આગ્રહથી મીતે પોતાની મરજી વિરુદ્ધ એલ.એલ.બી.માં એડમિશન લીધું હતું એટલે એ દિવસોમાં એ ઘણો ડિસ્ટર્બ રહેવા લાગ્યો હતો. મારે એની સાથે ઘણું બધું શેર કરવું હોય, પણ એની હાલત જોઈને હું મારા પ્રોબ્લેમ્સ જાતે જ સોલ્વ કરવાની ટ્રાય કરતો. મારે મીતને વધારે હેરાન નહોતો કરવો. બટ હી ઈઝ અ ચેમ્પ. એણે બહુ જલદી વાસ્તવિકતાનો સ્વીકાર કરી લીધો અને પોતાની જાતને એલ.એલ.બી.ના

ભણતરમાં વ્યસ્ત કરી લીધો. એનામાં એ ગુણ બહુ સારો છે. એ વાસ્તવિકતાનો સામનો મારા કરતા વધારે સારી રીતે અને સરળતાથી કરી લે છે. હું બધે કાયમ પાછળ પડતો, પણ એ નહીં.'

'ડૂ યૂ નો ધેટ ઈન્ટ્રોવર્ટ પીપલ આર એક્ચ્યુઅલી વેરી સિન્સિઅર. જો એ લોકો પોતાની કંપની એન્જોય કરતા શીખી જાય તો જીવનમાં ક્યારેય એકલા ના પડે.'

'આવું મને પહેલા કોઈએ કહ્યું જ નથી કે ઈન્ટ્રોવર્ટ પીપલ આર વેરી સિન્સિઅર.'

યસ ધે આર સ્પેશિઅલ. મીન્સ યૂ આર સ્પેશિઅલ.

દીદી, પછી બીજું નામ આવે છે મારા ફ્રેન્ડ વિશ્રુતનું. એ પણ મારી જેમ જ ઈન્ટ્રોવર્ટ હતો.

'વિશ્રુત ?'

'હા, દીદી. હી વોઝ માય બેસ્ટ ફ્રેન્ડ એવર.'

'મને એની સાથે બહુ ફાવતું. અમે ભલે દસ મિનિટ માટે જ મળીએ તો પણ એ દસ મિનિટમાં અમને એકબીજાને સમજવાનો, સાંભળવાનો સંતોષ હોય. ક્રિકેટમાં પણ અમારી ફ્રિકવન્સી બહુ મેચ થતી.'

'એ સ્કૂલમાં પણ તારી સાથે હતો ?'

'ના. અમારી ઓળખાણ ક્રિકેટથી જ થઈ હતી. એ અમારી સોસાયટીમાં રહેતો હતો. અમે સોસાયટીના છોકરાંઓ ભેગા થઈને ક્રિકેટ રમતા ત્યારની આ વાત છે. અમે બંનેએ સાથે જ ક્રિકેટ કોચિંગ ક્લાસીસ શરૂ કર્યા હતા. ધીમે ધીમે ક્રિકેટનો નશો એવો વધી ગયો કે ભણવામાં મારું ધ્યાન ઓછું થઈ ગયું. વિશ્રુત તો ઓલ રાઉન્ડર હતો. ભણવાનું હોય કે ક્રિકેટ, એ આગળ જ હોય. પણ મારું ભણવામાં ફોકસ ઓછું થતા રિઝલ્ટ ડાઉન થવા લાગ્યું. મમ્મી-પપ્પા મને એનું નામ આપીને વારે વારે ટોકતા, વિશ્રુતને જો અને તું જો. એ બધી રીતે સ્માર્ટ છે. ભણવાનું કોમ્પ્રોમાઈઝ કર્યા વિના ક્રિકેટ રમે છે. અને તું બસ એક તરફી ક્રિકેટમાં જ આગળ વધી રહ્યો છે, છતાંય એમાં પણ તું એનાથી પાછળ જ છે.'

આટલું કહીને મિરાજ અટકી ગયો. એનો અવાજ થોડો ગહેરો થઈ ગયો. થોડી જ ક્ષણોમાં એણે સ્વસ્થતા કેળવી.

મીતની સ્થિરતાવાળી પોઝિશનમાં થોડી હલચલ આવી પણ મેં એને શાંતિથી બેસી રહેવા આંખોથી ઈશારો કર્યો.

'પછી શું થયું ?' મેં પૂછ્યું.

'સાચું કહું સંયુક્તાદીદી, મને પર્સનલી વિશ્રુત સાથે કોઈ પ્રોબ્લેમ નહોતો. પણ વારંવાર આમ એની સાથે કમ્પેરિઝન થવાથી હું પણ પોતાને એની સાથે કમ્પેર કરવા લાગ્યો. એનામાં કઈ ખોટ છે, એ શોધવા લાગ્યો. ભણવાનું અને ક્રિકેટ, આ બેમાંથી કોઈ પણ એક ફીલ્ડમાં મારે એનાથી આગળ વધવું હતું. ભણવામાં મને મારી કેપેસિટી વિશ્રુત કરતા ઓછી લાગી, એટલે મેં ક્રિકેટ પાછળ મારી બધી મહેનત લગાવી દીધી. નજીકના દિવસોમાં જ એક ટુર્નામેન્ટ થવાની હતી. બધી રીતે વિશ્રુતથી બેસ્ટ સાબિત કરવામાં મેં મારી જાતને હોમી દીધી.'

'ધેન ?'

'મને ક્રિકેટ ટુર્નામેન્ટમાં મારી મહેનતનું કોઈ રિઝલ્ટ મળે એ પહેલા જ સ્કૂલનું રિઝલ્ટ આવી ગયું. પરસેન્ટેજ બહુ ઘટી ગયા હતા. ઘરેથી વોર્નિંગ મળી ગઈ કે હવેથી ક્રિકેટ કોચિંગ બંધ. મેં બહુ રિકવેસ્ટ કરી કે એક ટુર્નામેન્ટ પૂરી થાય, ત્યાં સુધી મને જવા દો. પણ પપ્પા એકના બે ન થયા. મમ્મીએ પણ આ વખતે મારી સાઈડ ન લીધી. આ મારા માટે બહુ મોટો શોક હતો. મને લાગતું હતું કે હું મારી જાતને એક વસ્તુમાં તો વિશ્રુતનથી આગળ પ્રૂવ કરીને જ દેખાડીશ. પણ મમ્મી-પપ્પાએ મારી મહેનત અને સપનાઓ પર પાણી ફેરવી નાખ્યું. ત્યારથી જ મને મમ્મી-પપ્પા માટે અભાવ થઈ ગયો.'

'પપ્પા આમ તો અમને બંનેને ડિસિપ્લિન અને ભણતર સિવાય ક્યારેય બહુ ટોકતા નહીં. આ બે બાબતમાં તેઓ જરાય કોમ્પ્રોમાઈઝ નહોતો ચલાવતા. ખરેખર તો પપ્પાએ સામે ચાલીને મિરાજને ક્રિકેટ કોચિંગ જોઈન કરાવ્યું હતું. પણ જે દિવસથી મિરાજના રિઝલ્ટ પર એની અસર દેખાવા લાગી ત્યારથી તેઓ મિરાજની કોઈ આર્ગ્યૂમેન્ટ સાંભળવા તૈયાર નહોતા. મારી સાથે પણ એલ.એલ.બી. માટે તેઓ આવા જ કડક થયા હતા.' મીત બોલ્યો.

બાંકડા પર પડેલા અડધા સૂકાયેલા પાંદડાને હાથમાં લઈને મિરાજ આમ તેમ ફેરવવા લાગ્યો.

'અને વિશ્રુત ?'

'એના પપ્પાની જોબ પુના ટ્રાન્સફર થઈ ગઈ, એટલે એ લોકો શિફ્ટ થઈ ગયા. પણ વિશ્રુત મારા મમ્મી-પપ્પા પર સારી એવી છાપ મૂકતો ગયો. એના ગયા પછી પણ મમ્મી-પપ્પા મને એનું નામ લઈ ભણવા બાબતે ખિજાતા. મને એમના પર લાખ ગુસ્સો આવવા છતાં, હું એમને કંઈ કહી નહોતો શકતો. બસ અંદર ને અંદર સમસમી જતો... એક જ પ્રશ્ન સાથે કે ભણવામાં એવરેજ સ્ટૂડન્ટ શું જીવનમાં ક્યારેય

સક્સેસફુલ ન થઈ શકે ?'

'જેમ આપણે આપણા મમ્મી પપ્પા સામે હકથી જીદ કરીએ છીએ એમ ક્યારેક આપણી મૂંઝવણોને પણ એમની પાસે મુક્ત મને ખાલી કરવી જોઈએ. લાગણીઓને કચડવાથી બહુ નુકશાન થાય છે. એના પડઘા આખી જીંદગી આપણી સાથે રહે છે. જેમ દિલ ખોલીને હસવું એ સારી હેલ્થ માટે જરુરી છે, એમ રડીને દિલ ખાલી કરી લેવું એ પણ સારી હેલ્થ માટે એટલું જ જરુરી છે.'

'દીદી, યૂ આર જીનિયસ. તમારી વાતો કંઈક અલગ જ છે. તમારી પાસે દરેક સવાલોના જવાબ હોય છે.'

'હું જીનિયસ તો નથી. પણ હા, એટલું જરુર કહી શકું કે દરેક સવાલોના જવાબ મેળવવા માટે ધીરજની જરુર હોય છે. તારે પણ તારા સવાલોના જવાબ સુધી પહોંચવું તો પડશે ને ?'

મારી વાત સાંભળીને મીત મને જોતો જ રહી ગયો અને મિરાજ એકદમ ચૂપ થઈ ગયો. એણે પણ અત્યાર સુધી પોતાની ઘણી બધી લાગણીઓને મનમાં જ દબાવીને જ રાખી હતી એ સ્પષ્ટ જણાતું હતું. અને એ સ્વાભાવિક પણ હતું. કોઈની સામે ખુલ્લા થવું કંઈ સહેલું નથી. કેટલો બધો વિશ્વાસ આવે ત્યારે પોતાના દિલની વાત બીજાને જેમ છે તેમ કહી શકાય. મારે મિરાજ પાસેથી કોઈ પર્સનલ બેનિફિટની અપેક્ષા તો હતી જ નહીં. મારી ભાવના તો એટલી જ હતી કે એ એના અંતરપટના પડદા પાછળ છૂપાયેલા ભારને ઠાલવી દઈ અંતર શાંતિ મેળવે.

પાર્કમાં અંધારું થઈ ગયું હતું અને મારે ઘરે જવાનો ટાઈમ પણ.

'મિરાજ, આજે વાતાવરણમાં કેટલી હળવાશ લાગે છે ને. ઉનાળાની ગરમી પછી આમ ઠંડી હવાની લહેરો મોકલીને કુદરત આવનારી વર્ષાઋતુનો અહેસાસ કરાવી દે છે. માટે ગરમી પછી ઠંડક પણ આવે જ છે. ફક્ત આપણે ધીરજથી એની રાહ જોવાની જરૂર છે.'

મીત માટે આ બધી ફિલોસોફી કંઈ નવી નહોતી. પણ મિરાજ માટે તો ખરી જ. છતાં એ જરૂર મારી વાતનો અર્થ સમજી ગયો હશે એવી મને ખાતરી હતી.

પોતાનું મન અમુક અંશે ખુલ્લું કરીને મિરાજ થોડો હળવો લાગતો હતો. મને અંદરથી શાંતિ થઈ. આવતી મીટિંગમાં એ જરૂર વધારે ખૂલી શકશે એવી આશા સાથે મેં બંનેથી વિદાય લીધી.

'ફરી જલદી મળીશું.' કહીને હું ત્યાંથી નીકળી. બંને ભાઈઓ પણ પાર્કની બહાર નીકળ્યા.

મિરાજને હળવો કર્યો પણ મારા મન પર અસંખ્ય વિચારોના વાદળો ઘેરાઈ ગયા.

હે દાદા !

અને મારા માનસ પરથી ઘમસાણ હટીને શાંતિ છવાઈ ગઈ.

એમનું મુખારવિંદ મારી નજર સમક્ષ આવી ગયું. આંખોમાં પ્રેમ, મોઢા પર પ્રેમ, હાસ્યમાં પ્રેમ, આખા વ્યક્તિત્વમાં બસ પ્રેમ, પ્રેમ અને પ્રેમ જ.

કેવળ પ્રેમની જીવતી મૂર્તિ... એવા દાદા.

જરીક અમથા પરિચયથી જ્યાં લાગે ઓળખાણ જૂની, એવા આપ્તસ્વજન દાદા...

દાદાને યાદ કરતા કરતા હું ઘરે પહોંચી.

## (૮)

ઘરનો દરવાજો ખુલ્લો જ હતો. એવું લાગ્યું કે જાણે બધા કોઈ સેન્સિટિવ ટોપિક પર વાત કરી રહ્યા હતા. ઘરનું વાતાવરણ તંગ લાગતું હતું.

'આ અત્યારના છોકરાંઓને શું થઈ ગયું છે ખબર નથી પડતી.' અંદરના રૂમમાંથી આવી રહેલા દાદીના અવાજમાં દુઃખ છલકતું હતું.

'ખરેખર, આટલી નાની નાની વાતોમાં આવું કરે છે. બિચારા મા-બાપ શું કરે ?' મમ્મી પણ એટલી જ ઉકળાટમાં જણાતી હતી.

'રોનકને કંઈ કહેતા નહીં. હજુ એ છોકરું કહેવાય.' દાદીએ મમ્મીને કડક અવાજમાં કહ્યું.

'અરે બા, એ તો સોસાયટીમાંથી ખબર પડ્યા વિના રહેવાની જ નથી.'

'છતાં આપણે બહુ ચર્ચા ના કરવી ઘરમાં.'

આ શું ચર્ચા થઈ રહી હશે ? ભારે મન સાથે મેં રૂમ તરફ માંડ પગલા ભર્યા.

'શું થયું ?' મેં ચિંતિત થઈને પૂછ્યું.

'આવી ગઈ બેટા ?' બાએ પ્રેમથી કહ્યું.

'બહુ મોડું કર્યું તે આજે ?' મમ્મીએ વાત બદલતી હોય એમ કહ્યું.

'શું વાત છે ?' તમે કેમ આટલા ટેન્શનમાં લાગો છો ?'

'કંઈ નથી.' મમ્મી ફરીથી વાતને ઢાંકવા લાગી.

'મને ખબર છે કે તમે કોઈ સીરિઅસ વાત કરી રહ્યા હતા. કેમ નથી કહેતા મને ?'

'અરે બેટા, કંઈ કહેવા જેવું હશે તો તારી મમ્મી તને કહેશે જ ને ? અમે તો એમ જ આ છાપામાં રોજ બધું આવે છે એની વાતો કરતા હતા.'

'સારું દાદી, તમને ના કહેવું હોય તો વાંધો નહીં. એમ પણ હું બહુ થાકી ગઈ છું.' મનેય ક્યાં રસ હતો પરાણે ભારે ભરખમ વાતો સાંભળવામાં.

મારું માથું દુખવા લાગ્યું. બા અને મમ્મી મને નાની છોકરી ગણીને મારાથી અમુક વાતો છુપાવે છે, એની મને અકળામણ થવા લાગી. જો કે એમાં એમનો પણ શું વાંક હતો. પહેલાની સંયુક્તા એમ પણ માથાભારે જ તો હતી. ચલો હશે. જે હશે તે પછીથી ખબર પડશે.

'મમ્મી, મને માથું બહુ દુખે છે. ચા બનાવી આપીશ ? હું દવા લઈને થોડીવાર સૂઈ જઉ.'

'બેટા, ચાની સાથે થોડું ખાઈ લે તો સારું.'

'સારું.'

થોડું ખાઈને, દવા લઈને, હું રૂમમાં ગઈ. પલંગમાં પડીને માથા પર હાથ દબાવતા દબાવતા સૂવાની કોશિશ કરવા લાગી. ક્યારે ઊંઘ આવી ગઈ ખબર ના રહી.

બીજા દિવસે મારું મન ફરીથી વિચારે ચઢ્યું. એવી તે શું વાત છે, જે આ લોકો મને અને રોનકને નથી જણાવવા માંગતા ?

સવારે નાહીને નાસ્તો કરવા બધા ભેગા થયા. હું કિચનમાંથી પ્લેટ્સ અને ચાના કપ લેવા આગળ વધી.

'દીદી, આજે શું પ્લાન છે તારો ?'

'કંઈ ખાસ નહીં.'

'તો નાસ્તો પતાવીને રૂમમાં મળીએ.' રોનક થોડો વ્યથિત લાગ્યો.

'ઓ.કે.'

નાસ્તાના ટેબલ પર રોજની જેમ થોડા ન્યૂઝની અને આસપાસની ચર્ચાઓ ચાલી. નક્કી કર્યા મુજબ હું રોનકના રૂમમાં પહોંચી.

'બોલ, શું વાત છે ? તું થોડો ડિસ્ટર્બ લાગે છે.'

'એક્ચુઅલી... તને ખબર છે, કાલે શું થયુ ?' રોનકે પાછી કાલની વાત છેડી.

'ના. શું થયું ? મને તો કોઈએ કંઈ કીધું જ નહીં.' મારી ધીરજ પણ ખૂટી ગઈ હતી.

'પેલો ચિંતન, જે પાછળની સોસાયટીમાં રહેતો હતોને ?'

'હા, પેલો તોફાની... યાદ છે મને. તો શું થયું છે એને ?'

'દીદી, એ ઘર છોડીને જતો રહ્યો.'

'ઘર છોડીને ? પણ કેમ ?'

'સાંભળ્યું છે કે એને પેઈન્ટર બનવું હતું. એના પપ્પાએ એને આવા મામૂલી કામ માટે ઠપકો આપ્યો અને એન્જિનિઅરિંગ કરવા માટે ફોર્સ કર્યો એના કારણે.'

'બસ, આટલામાં ઘર છોડીને જતો રહ્યો ?'

'તને આટલું લાગે છે પણ એને બહુ અપમાનજનક લાગ્યું હશે તો જ એવું કર્યું હોયને ?'

'ખબર નહીં પણ બધાના મન બહુ નબળા થઈ ગયા છે આજકાલ.'

'મને તો વાત જ માનવામાં ના આવી. હજી ચાર દિવસ પહેલા જ એ સોસાયટીના જીમમાં મળ્યો હતો.'

'તને ક્યાંથી ખબર પડી ?'

'ફ્રેન્ડ્સ પાસેથી.'

'મમ્મીને પણ ખબર જ હશેને ?'

'હા.'

'મને તો એ લોકોએ કંઈ ના કહ્યું.'

'બા અને મમ્મીને એવી ફિકર છે કે આવી વાતોની ક્યાંક આપણા ઉપર નેગેટિવ અસર ના થઈ જાય એટલે.'

'આપણે થોડા આવું કરવાના છીએ ?'

'પણ એમને એવો ડર લાગે છે.'

'કદાચ એ લોકોને હજી પણ મારા પહેલાના વર્તનના કારણે જ આવું થતું હશે.'

'છોડને દીદી. વીતી ગયેલી વાતો.' રોનકે મારો હાથ દબાવતા કહ્યું.

'શું કરું ? આજકાલ બધાના કેસ ડિપ્રેસિવ જ લાગે છે.'

'કદાચ તું સાચું કહે છે. જ્યારથી બોર્ડનું રિઝલ્ટ આવ્યું છે, ત્યારથી છાપામાં પણ ખરાબ સમાચાર વાંચી વાંચીને હું થાકી ગયો છું. કોઈ સ્યૂસાઈડ કરે છે તો કોઈ...' સ્યૂસાઈડ શબ્દ બોલતા બોલતા અચાનક જ રોનક ચૂપ થઈ ગયો.

'ઈટ્સ ઓ.કે. તું પણ ભાર ના રાખીશ વીતેલી વાતોનો.' મેં રોનકને મારા ભૂતકાળમાંથી બહાર કાઢ્યો.

'હા.'

'એના પેરેન્ટ્સ બહુ ચિંતામાં હશે. નહીં ?'

'હા.'

ત્યાં રોનકના મોબાઈલ પર ફોન આવ્યો અને એ રૂમમાંથી બહાર ગયો.

ચિંતનની વાત સાંભળીને હું નર્વસ થઈ ગઈ. એ છોકરો તોફાની ખૂબ પણ આમ લાગણીશીલ પણ હતો. એણે આવું પગલું ભરી લીધું ? ક્યાં ગયો હશે ? આમ વિચારતા વિચારતા હુંય મારા ભૂતકાળમાં સરી પડી...

મનેય કેટલીવાર એવું થતું હતું કે આ ઘર, આ દુનિયા, બધાથી ભાગીને ક્યાંક જતી રહું. પણ જવાનું ક્યાં ? કોઈ એવી જગ્યા જ નથી. એ અપમાનના દિવસોની માનસિક વેદના એટલી અસહ્ય લાગતી કે મારાથી ના જીવાય, ના મરાય એવી હાલત થઈ જતી. આ જીવનમાં એવી ફસામણ લાગતી કે જેમાંથી છટકવાની કોઈ જગ્યા જ ના જડે.

મને મિરાજ યાદ આવી ગયો. કોઈ પણ વાતમાં પ્રેશર કેવું ભયંકર પરિણામ લાવે છે. ચિંતન તો જતો રહ્યો. ખબર નહીં એનું શું થશે પણ મિરાજને તો હું નજરે જોઈ રહી છું. અને મિરાજને મદદરૂપ થવાની મારી ભાવના દૃઢ બની.

અઠવાડિયામાં જ હું, મીત ને મિરાજ ફરી મળ્યા. આ વખતે અમે બીચ પર મળ્યા. ગયા વખતે મિરાજ થોડો ઓપન થયો હતો, એ જોઈને મીત બહુ ખુશ હતો. કેમ કરીને મિરાજ ડિપ્રેશનમાંથી બહાર આવે, એની એ ઈચ્છા એની આંખોમાંથી બહાર ડોકિયા કરી રહી હતી.

'હાય મિરાજ. કેમ છે ?' મેં શાંતિથી પૂછ્યું.

મિરાજે સહેજ સ્માઈલ કરી પણ એના મનમાં ઘણો ભાર હતો, એવું સ્પષ્ટ જણાતું હતું.

'મિરાજ, કદાચ અત્યારે હું તારી વ્યથાને એક્ઝેટ નહીં સમજી શકતી હોઉં, બટ આઈ કેર ફોર યૂ અને આઈ વોન્ટ ટૂ હેલ્પ યૂ.'

હું મિરાજની પરિસ્થિતિ અને હાલતને શબ્દોમાં સાંભળવા માટે સજ્જ બની. હજી ઘણું બધું એવું હતું જે ખાલી થવાનું બાકી હતું.

'દીદી, મમ્મી-પપ્પા મારા પર જે ભણવાનું પ્રેશર મૂકતા હતા, એ મારાથી સહન નહોતું થતું. આખરે મારી પણ ઈચ્છાઓ છે... શોખ છે... શું આપણી લાઈફ માટે આપણી ચોઈસ નથી જોવાતી ? મમ્મી-પપ્પા કહે એ જ ભણવાનું ? એ જ કરવાનું ? મને બહુ સફોકેશન થતું હતું. પણ મારું સફોકેશન ખાલી કરવા માટે મારી પાસે કોઈ નહોતું, મીત પણ નહીં. અમે બધા સાથે એક જ ઘરમાં રહેતા હતા પણ ખબર નહીં મને એવું લાગવા લાગ્યું હતું કે હું એકલો પડી ગયો છું. મને બોજો લાગતો હતો. આ દરમિયાન હું પરમના ટચમાં આવ્યો.'

'પરમ ? યોર સ્કૂલ ફ્રેન્ડ ?'

'મારો ક્લાસમેટ અને અમારા ઘર પાસે જ રહે છે. પહેલા અમારી હાય હેલ્લોથી વધારે ખાસ વાત નહોતી થતી. પણ પછી સાયન્સના એક પ્રોજેક્ટમાં અમે સાથે કામ કર્યું ત્યારથી અમે નજીક આવ્યા. એક દિવસ ફોનની રિંગ વાગી.

'હેલ્લો.'

'હેલ્લો મિરાજ, શું કરે છે ?' સામે છેડેથી પરમે પૂછ્યું.

'કંઈ ખાસ નહીં.'

'તો આવી જા ઘરે. હું પણ કંટાળું છું. મારા ઘરે કોઈ નથી. આપણે સાથે બેસીને થોડું સાયન્સના પ્રોજેક્ટનું કામ કરી લઈએ.'

'ઓ.કે. આવું છું.'

દસ મિનિટમાં હું પરમના ઘરે પહોંચ્યો. એ દિવસે હું પહેલીવાર એના ઘરે ગયો હતો. ઘરમાં બધે જ રિચ લાઈફ સ્ટાઈલ ઝળકતી હતી. પરમને સ્કૂલમાં જોઈને એ આટલો વેલ ટૂ ડૂ ફેમિલીનો છે એવી ખબર ન પડે.

'મેગીની સ્મેલ આવે છે.' મેં પરમના ઘરમાં પહોંચતા જ કહ્યું.

'હા યાર, મમ્મી નથી એટલે બંદા જાતે મેગી સિવાય બીજું શું બનાવી શકે ? પરમે સ્માઈલ કરતા કહ્યું.

'ચાલ, મારા રૂમમાં બેસીએ.' એણે મને પોતાના રૂમ તરફ લઈ જતા કહ્યું.

અમે બંને એના રૂમમાં ગયા. ત્યાં બધું જેમ તેમ પડ્યું હતું, જે પરમની આળસની ચાડી ખાતું હતું. એણે પલંગમાં ફેલાવેલા સ્કૂલ યૂનિફોર્મ, હેડ ફોન, ઈયર પ્લગ અને બીજો સામાન ઉપાડીને સાઈડમાં મૂક્યા અને મને ત્યાં બેસવા કહ્યું.

પલંગની બાજુના ટેબલ પર લેપટોપ ચાલુ હતું.

'તે રિસર્ચ શરૂ કરી દીધું ?' મેં પૂછ્યું.

'હા, કર્યું તો ખરું પણ બહુ કંટાળો આવતો હતો, એટલે તને બોલાવ્યો.'

એટલામાં મોબાઈલમાં મેસેજ આવ્યો. પરમે મોબાઈલ હાથમાં લીધો.

'અત્યારે...' પરમના મોઢા પર લાંબું સ્મિત ફરક્યું અને આંગળીઓ ફટાફટ મેસેજ કરવામાં વ્યસ્ત થઈ ગઈ.

'શું થયું ? કોણ છે ?' મને જાણવાની ઉત્સુકતા થઈ.

'અરે કંઈ નહીં. હમણાં મારી એક નવી ચેટ ફ્રેન્ડ બની છે. ફ્રી હોઈએ ત્યારે અમે બંને થોડી વાતો કરી લઈએ.'

'ચેટ ફ્રેન્ડ ? કોણ છે ?'

'વેલ, આઈ રિયલી ડોન્ટ નો હર. બટ સ્ટિલ આઈ નો હર વેરી વેલ.'

'મીન્સ ?'

'અરે યાર, ચેટ ફ્રેન્ડ છે એટલે રિયલમાં હું ક્યારેય એને મળ્યો નથી. શી ઈઝ ઈન દિલ્હી. બટ વી આર વેરી ગુડ ફ્રેન્ડ્સ. અમે રોજ એકવાર તો વાત કરી જ લઈએ.'

પરમની વાત સાંભળીને મારા ચહેરા પર પ્રશ્નાર્થભર્યું શૂન્ય છવાઈ ગયું. મનમાં અનેક પ્રશ્નો ઊભા થયા.

'એમાં આટલું શોક લગાડવા જેવું શું છે ? ખરેખર, તું બહુ સીધો છે યાર.'

'મારા ઘરમાં આવું બધું અલાઉડ નથી.' પરમની કમેન્ટથી મને ઈન્ફિરિઅર ફીલ થવા લાગ્યું એટલે મેં સ્વબચાવ કર્યો.

'આમાં કંઈ ખરાબ નથી. જેમ આપણે બીજા ફ્રેન્ડ્સ સાથે વાતો કરીએ છીએ, એમ આ પણ ફ્રેન્ડ્સ જ છે. ઊલટું આમાં નવા નવા લોકોને મળવાનો અને ઓળખવાનો સ્કોપ મળે. અને સાચું કહું તો અજાણ્યા હોય તો વાતો કરવાની પણ વધારે મજા આવે ! બધા અલગ અલગ જગ્યાએ રહેતા હોય, અલગ અલગ કલ્ચરના હોય... ક્યારેય એકબીજાને જોયા પણ ના હોય. પેલા તો રોજ મળતા હોય અને આપણી ગેરહાજરીમાં બીજા ફ્રેન્ડ પાસે આપણી બૂરાઈ પણ કરતા હોય. જ્યારે અહીંયા એવું કંઈ જ ના હોય.' પરમ નોન સ્ટોપ બોલતો રહ્યો.

'યૂ મીન... આમાં બધુ ગુડી ગુડી હોય ?' મેં તરત જ પૂછ્યું.

'નોટ એક્ઝેક્ટલી, બટ યસ યૂ કેન સે સો.'

'તો તારી ચેટ ફ્રેન્ડ દિલ્હીની છે ?'

'આમ તો ઈન્ડિયન જ છે પણ બોર્ન એન્ડ બ્રોટ અપ ઈન અમેરિકા.'

'ઓહ. એ કહે એ બધું સાચું જ હોય ?'

'મને તો લાગે છે કે સાચું જ બોલે છે. વી બોથ ટ્રસ્ટ ઈચ અધર.'

'આ બ્લાઈન્ડ ટ્રસ્ટ ના કહેવાય ?' મારા મનમાં અનેક પ્રશ્નો ઊઠી રહ્યા હતા.

'આઈ ડોન્ટ થિંક સો.'

હું પરમની વાત ગળે ઉતારવાની ટ્રાય કરી રહ્યો હતો.

'અને હમણાં આજે જ બીજી એક નવી ફ્રેન્ડ બની છે. એ બેંગ્લોરની છે.'

'એક જ દિવસમાં ફ્રેન્ડ બની ગઈ ?'

'હા. શી ઈઝ નાઈસ. આઈ લાઈક નોન ગુજરાતી પીપલ મોર ધેન દેશી ગુજરાતીઝ. આપણા બધા દેશી લોકો કરતા આ લોકોની થિંકિંગ અને લાઈફ સ્ટાઈલ જુદા હોય, એટલે એ લોકો સાથે વાતો કરવાની મજા આવે. ધે આર વેરી સ્માર્ટ એન્ડ ઓપન માઈન્ડેડ.'

મારી સાથે વાત કરતા કરતા પરમ ચેટ પણ કરતો હતો. સામેથી પણ ફટાફટ મેસેજ આવી રહ્યા હતા. મને પરમનું આવું રૂપ પહેલી નજરે ગમ્યું તો નહીં પણ મારી ઉત્સુકતા બહુ વધી ગઈ.

'ચાલો, આ મેડમને અત્યારે બાય કહી દીધું, પછી મનાવી લઈશ.'

'એમાં વળી મનાવવાનું શું ? ફ્રેન્ડ હોય તો થોડું તો સમજે જ ને.'

'અરે, અમે રોજ આ ટાઈમે ચેટ કરીએ છીએ કારણ કે અત્યારે જ એને ફ્રી ટાઈમ મળે છે. એટલે થોડી ગુસ્સે થઈ ગઈ છે. અને તને તો ખબર છે ને છોકરીઓને રિસાતા વાર ના લાગે.'

'ચેટ ફ્રેન્ડ રિસાય ? અને ગુસ્સે પણ થાય ??? લુક્સ વિઅર્ડ...'

'અરે, આ તો મારી જૂની ફ્રેન્ડ છે, એટલે અમારા બંનેમાં રિસાવા-મનાવવાનું ચાલુ જ હોય છે. તું નહીં સમજે.' પરમે માથા પર હાથ ફેરવતા કહ્યું.

'આ વળી શું બલા... ઈન્વિઝિબલ ફ્રેન્ડ્સને પણ મનાવવાના ?'

'તું કેમ આટલો નેગેટિવ છે ? રહેવા દે. ઈટ્સ નોટ યોર કપ ઓફ ટી. ચાલ, પ્રોજેક્ટનું કામ શરૂ કરીએ. પછી આ મેડમને પણ ટાઈમ આપવો પડશે.'

'ઈટ્સ નોટ યોર કપ ઓફ ટી.' પરમની આ કમેન્ટ મારા દિલમાં સોંસરવી ઊતરી ગઈ. હું આઉટ ડેટેડ નથી એવું સિદ્ધ કરવાનું મન થયું પણ પરમની સામે શું બોલવું એ સમજાયું નહીં. પોતાનું ખરાબ ના દેખાય, એટલે વાતને બદલવા માટે મેં મોબાઈલમાં ટાઈમ જોયો.

'હા, ચાલ જલદી કરીએ. મારે કલાકમાં ઘરે જવું પડશે. સાત તો વાગી ગયા.'

'પરમના ચેટિંગના ચક્કરમાં ટાઈમ ક્યાં જતો રહ્યો એની ખબર જ ન પડી. મને થોડો કંટાળો પણ આવ્યો હતો કારણ કે હું આવ્યો ત્યારથી બેસી જ રહ્યો હતો. ખરેખર કંટાળા કરતા વધારે દુઃખ અપમાનનું હતું. ભણવામાં મારાથી પાછળ રહેનારા પરમની સામે આ બાબતમાં હું નીચો પડી ગયો હોઉં એવું લાગવા લાગ્યું.

થોડીવાર અમે બંનેએ ભેગા થઈને બધું રિસર્ચ કર્યું. જરૂરી ડેટા સ્ટોર કરી લીધો. એટલામાં પાછા મોબાઈલમાં મેસેજ આવવા લાગ્યા. પરમ ફરી એમાં ખોવાઈ જાય એ પહેલા મેં કહ્યું, 'તું મને આ બધું મેઈલ કરી દેજે. હું પછી એમાંથી મારી રીતે પોઈન્ટ્સ બનાવી દઈશ.'

'હા, હમણાં જ મેઈલ મોકલી દઉં.' પરમે તરત જ મને ડોક્યુમેન્ટ મેઈલ કરી દીધો.

*પરમના મોબાઈલ પર ધડાધડ મેસેજ આવવાના શરૂ થઈ ગયા અને ફોન પર રિંગ વાગી.*

*'આને ધીરજ જ નથી.' એણે લેપટોપ પડતું મૂકીને મોબાઈલ હાથમાં લીધો.*

*'કોણ છે ?' મેં પૂછ્યું.*

*'એ જ નીકી.'*

*'તારો નંબર પણ છે એની પાસે ?'*

*'હા.' પરમે સહજતાથી કહ્યું.*

*'તારા ઘરમાં કોઈને આ બધાનો પ્રોબ્લેમ નથી ?' મારાથી પૂછ્યા વિના રહેવાયું નહીં.*

*'ના, એમાં શું પ્રોબ્લેમ ? મમ્મીને ખબર છે કે હું નીકી સાથે વાતો કરું છું. મારા ઘરમાં બધા બ્રોડ માઈન્ડેડ છે. એવા કોઈ રિસ્ટ્રિક્શન નથી.' પરમે ગર્વથી ખભા ઊંચા કરીને કહ્યું.*

*હું પરમને બાય કહીને, ત્યાંથી નીકળી ગયો.*

*મીત એકીટસે મિરાજને જોઈ રહ્યો અને હું મીતને. કોફી શોપમાં થયેલી અમારી વાતચીત વખતે પણ મીતે આ વાતને પોઈન્ટ આઉટ કરી હતી. શું પરમનું આ ચેટ ફ્રેન્ડનું ચક્કર મિરાજના જીવનમાં કોઈ રીતે કનેક્ટેડ હશે ? હું અને મીત એક જ પ્રશ્નાર્થ પર અટકી ગયા.*

*મિરાજની વાર્તા હજી શરૂ જ થઈ હતી. આગળ કયા નવા ચેપ્ટર અને પાત્રો ઉમેરાશે એ જોવાનું બાકી હતું.*

## (૯)

હું સમયસર ઘરે તો પહોંચી ગયો પણ આખા રસ્તે મારું મન સતત પોતાની લિમિટ કેટલી હોવી જોઈએ ? વધારે પડતા સીધા રહેવું એ આજના જમાના પ્રમાણે અનફિટ કહેવાય ? બધાના મમ્મી-પપ્પાના વિચારો કેમ જુદા જુદા હોય છે ? શું ખરેખર મારા પેરેન્ટ્સ ઓર્થોડોક્સ છે ? પરમની ફ્રીડમ એના પેરેન્ટ્સના બ્રોડ માઈન્ડેડ વલણ પર આધારિત છે, પણ મારી ફ્રીડમનું શું ? હું તો ખાલી મોબાઈલમાં ગેમ્સ રમું કે વ્હોટ્સએપ જોઉ તોય મમ્મી ઊકળી જાય છે અને પરમ તો એનાથી ઘણો આગળ વધી ગયો છે. તો પણ એના ઘરમાં છે કોઈ રોકટોક ??? અને મારી મમ્મી તો કાયમ ટોક્યા જ કરે કે તારા પપ્પાની હાજરીમાં તો મોબાઈલ હાથમાં લઈશ જ નહીં. એમને આ બધું નથી ગમતું. આવા અનેક સવાલો, ફરિયાદો અને ગેરસમજણોના વમળમાં ફસાયેલું મારું મન ચકરાવે ચઢી ગયું હતું.

બોલતા બોલતા મિરાજ થોડો ઢીલો પડ્યો. મેં એની આંખોમાં રહેલા ગૂંચવાડાના ભાવો જોયા.

'તને ખબર છે મિરાજ, આ ટીનેજ બહુ કોમ્પ્લિકેટેડ હોય છે. એમાં આવું બધું બધાને થાય જ. પણ આ સમયમાં થયેલા કાર્યો અને લીધેલા અનુભવો ક્યારેક આપણા જીવનની દિશા જ બદલી નાખે છે. એમાં જો ઊંધા રસ્તે ચઢી ગયા તો પાછા ફરતા ઘણીવાર લાગે છે. છતાંયે ડરવા જેવું પણ નથી. બસ કોઈક એવાના સંગની જરૂર છે, જે તમને ખોટા માર્ગે જતા અટકાવે. એટલે જ જીવનમાં બધા વખાણ કરવાવાળા માણસોને જ સાથે રાખવા ના જોઈએ.'

મિરાજની આંખોમાં પ્રશ્નચિહ્ન દેખાયું.

'પોતાના સ્વાર્થ માટે વખાણ કરનારા ફ્રેન્ડને ફેક ફ્રેન્ડ કહેવાય. અને આપણા હિત માટે ટીકા કરતા હોય તો પણ એને રીયલ ફ્રેન્ડ કહેવાય.' મીતના મોઢામાંથી તરત જ આ શબ્દો સરી પડ્યા.

*આ જ હતી મીતની ખાસિયત. સારા લેખકોની બુક્સ વાંચવી એ એની હોબી હતી. સ્કૂલમાં મને એની વાતોમાંથી ઘણું નવું જાણવા મળતું.*

**'ગુજરાતીમાં એક કહેવત છે મિરાજ, કે ઝેરના પારખા ના હોય. બધી જ વસ્તુના જાતે અનુભવ ન કરવાના હોય. બીજાના જીવનના અનુભવોમાંથી જોઈને તારણરૂપે શીખી શકાય.'** *શાંત બેસીને એક ભાઈની મૂંઝવણો સાંભળી રહેલા બીજા ભાઈથી લાંબો સમય મૌન ન સેવી શકાય એ સ્વાભાવિક જ છે ને.*

*'તને ખબર છે મિરાજ, ક્યારેક આપણી ટીકા કરવાવાળા લોકો આપણને અરીસો દેખાડતા હોય છે. જેમ અરીસા સામે જોઈએ તો આપણે જેવા હોઈએ એવા જ દેખાઈએને ?' મેં મિરાજને સવાલ કર્યો.*

*'હા.' એણે જવાબ આપ્યો.*

*'એમ જ જે ખરેખર હિતેચ્છુ હોયને, એ આપણને ખોટા રસ્તે જતા વાળવાનો એક પ્રયત્ન તો કરે જ. પણ બધા ટીકા કરવાવાળા હિતેચ્છુ જ હોય એવું પણ જરૂરી નથી. કોઈ જેલસી અને અદેખાઈથી પણ ટીકા કરતો હોય.'*

*'તો પછી એમને ઓળખવા કેવી રીતે ?'*

*'એટલે આનો સૌથી સરળ ઉપાય, જે મને સમજાયો છે, એ છે આપણું ફેમિલી. મોટા ભાગે આપણે ફેમિલી મેમ્બર્સની વાતોને ગણકારતા જ નથી. પણ સારા મિત્રોને બાદ કરતા આપણું હિત જોનાર આપણા પેરેન્ટ્સ સિવાય બીજું કોણ હોઈ શકે ?'*

*મિરાજ મૌન હતો. એને આ વાત ગળે નહોતી ઊતરતી.*

*'એની વે... પછી... ?'*

*'ધીમે ધીમે પરમ સાથે હું વધુ ક્લોઝ થતો ગયો કારણ કે એ જે કંઈ કરતો, એમાં મારી કુતૂહલતા વધતી જતી હતી. મારા ઘરમાં એ બધું કરવાનું શક્ય જ નહોતું. મારા ઘરમાં તો હતી માત્ર ભણવા માટેની ટોક ટોક. આમેય ક્રિકેટ કોચિંગ છોડાવ્યાનો રોષ તો મનમાં હતો જ. એના માટે હું મમ્મી-પપ્પાને માફ નહોતો કરી શકતો.*

*સ્કૂલ સિવાયના ટાઈમમાં જ્યારે પણ હું ફ્રી હોઉં, ત્યારે હું પરમના ઘરે પહોંચી જતો. એ શું શું કરે છે એ બધું જોતો, કદાચ અજાણપણે શીખતો હતો. આમ, હું અને પરમ એકબીજાની વધારે ક્લોઝ આવતા ગયા.'*

*મિરાજે પોતાની બાજુમાં પડેલી પાણીની બોટલમાંથી બે ઘૂંટડા પાણી પીધું અને થોડો સ્વસ્થ થયો.*

*'મારા દિવસો બધી જ રીતે ખરાબ ચાલતા હતા. જ્યાં અને ત્યાં મને નિરાશા*

જ મળતી હતી.' એક દિવસ…

'શું રિઝલ્ટ આવ્યું ?' ઘરમાં પગ મૂકતા જ મમ્મીએ પૂછ્યું.

હું સ્કૂલ બેગ લઈને સોફા પર બેઠો. ધીમેથી બેગની ચેઈન ખોલી અને મમ્મીના હાથમાં માર્ક્સશીટ પકડાવી.

'બાવન ટકા ?' મમ્મીને આંચકો લાગી ગયો.

'બરાબર ચેક કર. આટલા ઓછા થોડા હોય ?' અચાનક રૂમમાંથી પપ્પા બહાર આવ્યા.

આ સમયે પપ્પા ઘરે ક્યાંથી ? એમનો ચહેરો જોતા જ મારા ધબકારા એકદમ વધી ગયા.

'બાવન ટકા બહુ ઓછા કહેવાય. ગયા વખતે સડસઠ ટકા હતા. આટલા ઓછા માર્ક્સ ના ચાલે મિરાજ.' મમ્મીએ કડકાઈથી કહ્યું.

'પહેલા ક્યારેય આટલા ઓછા પરસેન્ટેજ નહોતા આવતા. પણ હમણાંથી તારું બધું બહુ બગડ્યું છે. હું તને આખો દિવસ મોબાઈલ અને ફ્રેન્ડ્સ પાછળ જ જોઉં છું.'

'મારી કેપેસિટી પ્રમાણે હું મહેનત કરું જ છું. અને મેં તો પહેલેથી કહ્યું હતું કે મને કોઈ સારા ટ્યૂશન ક્લાસીસમાં મોકલો.' મારો અવાજ મોટો થઈ ગયો.

'મિરાજ, શાંતિથી વાત કર.' મમ્મીનો અવાજ પણ મોટો થઈ ગયો.

'મમ્મી, તમને લોકોને તો એમ જ લાગે છે કે હું કંઈ મહેનત કરતો જ નથી. એક તો મારું ટ્યૂશન કેટલું દૂર છે. રોજ જવા-આવવામાં કેટલો ટાઈમ જાય છે. હું કેટલો થાકી જઉં છું. મારું કમ્પ્યૂટર પણ સડેલું છે. ઘડી ઘડી હેંગ થઈ જાય. એના કારણે મારા પ્રોજેક્ટના કામ પણ ટાઈમ પર પૂરા થતા નથી. તમે મને સાયબર કેફે જવા નથી દેતા. તમને તો ખબર છે કે આમાં પ્રોજેક્ટ્સના માર્ક્સ પણ ગણાય છે.' દરેક પ્રકારે આર્ગ્યૂમેન્ટ્સ કરીને પોતાની જાતને બચાવવાનો મેં પૂરો પ્રયત્ન કર્યો.

'તો તું એમ કહેવા માગે છે કે તને ટ્યૂશન ક્લાસીસ અને લેપટોપના લીધે પ્રોબ્લેમ છે ?' પપ્પાએ સીધું જ પૂછ્યું.

'હા.' મેં ચિડાઈને કહ્યું. હું પગ પછાડીને રૂમમાં જતો રહ્યો.

જ્યારે પોતાની ભૂલ સ્વીકારવાની તૈયારી ના હોય, ત્યારે આપણે વધારે જોરથી સામેવાળા પર તૂટી પડતા હોઈએ છીએ. એની સામે એવી દલીલો કરી દેતા હોઈએ છીએ કે જાણે બધો વાંક માત્ર અને માત્ર એમનો જ હોય. મિરાજે પણ એવું જ કર્યું, મિરાજની વાતો સાંભળતા સાંભળતા મને મારો ભૂતકાળ દેખાતો હતો અને

આવી જાતના કરેલા મારા કારનામાં ફ્લેશ બેકની જેમ ચમકારો મારીને જતા રહેતા હતા.

ઘરમાં એકદમ શાંતિ છવાઈ ગઈ.

'એને ટ્યૂશન દૂર પડતું હોય તો બદલાવી દઈએ.' પપ્પાએ તરત કહ્યું.

'દૂર છે એ પ્રોબ્લેમ નથી પણ એના બીજા બધા ફ્રેન્ડ્સ જ્યાં ટ્યૂશન ક્લાસીસ કરે છે, એને પણ ત્યાં જ જવું છે.'

'તો ભલેને જાય. જવા દે.જો આ જ તકલીફ હોય તો એ પણ સોલ્વ કરી આપીએ. પછી તો ભણશેને.' પપ્પાએ મને સંભળાય એમ મોટેથી કહ્યું.

'અરે પણ એ ક્લાસીસ બહુ કોસ્ટલી છે. આપણને ના પોષાય. એ તો બધા પૈસાવાળાનું કામ !'

'તું પૈસાની ચિંતા ના કર. એ જોઈ લઈશું. એના ભણવા માટે પૈસા ખર્ચાય તો મને કોઈ વાંધો નથી.'

આખરે એ દિવસના ઝઘડાએ મને મારી મરજી પ્રમાણે નજીકના ટ્યૂશન ક્લાસીસ સુધી પહોંચાડી જ દીધો. પરમ પણ ત્યાં જ જતો હતો, એટલે મારે પણ ત્યાં જ જવું હતું. ધીમે ધીમે બધું રૂટીન પ્રમાણે થવા લાગ્યું. મને મનમાં થોડો ભાર રહેતો હતો કે આ વખતે મારે સારા માર્ક્સ લાવવા જ પડશે કારણ કે મારી એક જિદ તો પપ્પાએ પૂરી કરી જ આપી છે.

એક દિવસ ઘરમાં લેપટોપના ભાવ લખેલું એક પેમ્ફલેટ પડેલું જોઈને મમ્મીને નવાઈ લાગી.

'આ પેમ્ફલેટ કોણ લાવ્યું છે ?'

'હું.' મેં તરત જ જવાબ આપ્યો.

'કેમ ?'

'મારા ક્લાસના એક ફ્રેન્ડે નવું લેપટોપ લીધું એટલે મેં એને પ્રાઈઝ લિસ્ટ આપવાનું કહ્યું હતું. તમને બતાવવા માટે લાવ્યો છું.'

'જો મિરાજ, પહેલા તું વ્યવસ્થિત ભણ. પછી તારી બધી ડિમાન્ડ પૂરી થશે. તે કીધું એટલે તને મોંઘા ટ્યૂશન ક્લાસીસમાં તો મૂકી દીધો. હવે રિઝલ્ટ સારું આવશે પછી જ લેપટોપ અપાવીશું.'

'તનયને કેટલું સારું છે. પ્રશાંતકાકા એને કેવો હાથમાં ને હાથમાં જ રાખે છે. મારા તો નસીબ જ ખરાબ છે.' મેં મારા કાકાના દીકરાનું ઉદાહરણ આપીને મારું ધાર્યું કરાવવાની કોશિશ કરી.

'પપ્પાથી શક્ય હોય એ બધું જ તારા માટે કરે છે. તને બ્રાન્ડેડ કપડાં જોઈતા હોય તો એ પણ અપાવે છે. તારી સ્કૂલ અને ટ્યૂશન ફી જ કેટલી બધી છે. પણ તારા સારા ભણતર માટે તેઓ ક્યારેય ના પાડતા નથી. બીજું કેટલું કરે એ તારા માટે !' દર વખતની જેમ મમ્મી પપ્પાના ગુણગાન ગાઈને મને સમજાવવા લાગી. પણ મને તો બંને માટે અસંતોષ જ હતો.

'એ બધું તો પ્રશાંતકાકા પણ તનય માટે કરે જ છે ને.' મેં તરત જ સંભળાવી દીધું.

'તારે તનયનું જ જોવું હોય તો પહેલા એ જો કે એ કેવા માર્ક્સ લાવે છે.'

'એ તો લાવે જ ને ? એને તો પહેલેથી જ પર્સનલ કોચિંગ રખાવ્યું છે કાકાએ.'

'તું ક્યારે વાતને સમજીશ ? દરેક વાતમાં આર્ગ્યૂમેન્ટ કરવા સિવાય તારી પાસે કોઈ વાત જ નથી.'

'તમે લોકો પણ દરેક વાતમાં મને ટોકો જ છો ને ?'

'તને ઘણી બધી છૂટ આપી જ છે. જ્યાં છૂટ આપવા જેવી નથી, ત્યાં જ નથી આપી.'

'મિરાજ બેટા, મમ્મી સામે આટલું બધું ના બોલાય.' દાદીએ મને શાંતિથી કહ્યું.

દાદી થોડા દિવસ માટે અમારા ઘરે રહેવા આવ્યા હતા. મને એમની ડખલ અંદાજી પણ ખટકતી હતી.

'દાદી, તમે વચ્ચે ના બોલશો. તમને નથી ખબર કે આ ઘરમાં કાયમ તનયના જ વખાણ થાય છે. બધાને તનય જ સારો લાગે છે. મારી તો કોઈ વેલ્યૂ જ નથી.' મારો મિજાજ છટક્યો હતો.

'ના બેટા એવું નથી. તું પણ હોશિયાર જ છે.' દાદીએ કહ્યું.

'ના, હું હોશિયાર નથી. મને ભણવા કરતા ક્રિકેટમાં વધારે રસ છે. પણ પપ્પાએ મને એમાં આગળ વધવા ન દીધો. મારા ક્રિકેટ કોચિંગ ક્લાસ અધવચ્ચે જ અટકાવી દીધા.' મારા પેટમાં દુખતી વાત આખરે મોઢામાંથી શબ્દો બનીને નીકળી જ ગઈ.

'એ એટલા માટે કે એનાથી તારું ભણવાનું બગડતું જતું હતું. તું આઠમાં ધોરણમાં છે. આવતા વર્ષે નવમામાં આવીશ. અત્યારે ભણવામાં કેટલો બધો લોડ હોય છે. બધી બાજુ ખેંચાઈ જાય તો તારી જ તબિયત બગડે.' મમ્મીએ ઘણા ખુલાસા આપ્યા પણ એની એક પણ વાત મને સ્વીકારાતી જ નહોતી.

'હકીકતમાં તો તમને બધાને એમ જ લાગે છે કે જે ભણે એ જ આગળ વધે. પણ એવું નથી હોતું. કેમ ક્રિકેટમાં કરિઅર ના બને ? આ બધા ક્રિકેટર્સને જુઓ, કરોડપતિ છે જ ને.'

'બેટા, એમાં પણ જે વધારે સારું પરફોર્મન્સ બતાવે એની જ કિંમત હોય છે. બાકી કેટલાય આમાં ગુમનામ થઈ ચૂક્યા છે.' મમ્મીએ પોતાની જાતને શાંત કરીને મને શાંત પાડવાની કોશિશ કરી.

'મીતે કોઈ દિવસ તારી મમ્મી સાથે આ રીતે ઊંચા અવાજે વાત નથી કરી. તારા મોટાભાઈ પાસેથી થોડું શીખ બેટા. આમ આટલા આકરા ના થવાય.' દાદીની આ વાતે મને વધારે અકળાવ્યો.

'હા, તમને તો કાયમ મીત જ દેખાય છે ને ? હોશિયાર, ડાહ્યો, સમજણો, હસમુખો... બધું મીતમાં જ છે. મારામાં તમને કોઈ સારી વાત દેખાઈ છે ક્યારેય ? બધા આખો દિવસ મને એ જ શીખામણ આપ આપ કરે છે કે મીત જેવો થા, મીત પાસેથી શીખ. હું ઘાંટા પાડીને મારો ઉકળાટ બહાર કાઢી રહ્યો હતો. પણ એનાથી પણ વધારે બેચેન કરે એવી વાત એ હતી કે એ દિવસે પહેલીવાર મીત માટેનો અભાવ મારા શબ્દોમાં ઊતરી આવ્યો. હું જે બોલી ગયો એ કેમ બોલી ગયો એનું મને પણ ભાન નહોતું.'

બે વર્ષ પહેલાનો મિરાજ કેવો હતો અને આજે કેવો થઈ ગયો છે. એ વિચારે મમ્મીની આંખોમાં ઝળઝળિયા આવી ગયા. દિવસે દિવસે મારામાં તોછડાઈ અને ક્રોધ વધી રહ્યા હતા. મીત આ ઘટનાનો સાક્ષી હતો. એ કોઈની પણ ફેવરમાં એક પણ શબ્દ બોલ્યો નહોતો.

'ઈટ્સ અ સાઈન ઓફ ટીનેજ. ટીનેજમાં આવે એટલે આવું બધું થાય. પોતાની અંદરની અને બહારની બંને દુનિયામાં બહુ બધા ઘર્ષણો ચાલતા હોય. સ્કૂલમાં બધાને જોઈ જોઈને પોતાની અંદર એક રેસ ઊભી થાય. આમ એવું લાગે કે આપણે બીજા સાથે રેસમાં પડ્યા છીએ. પણ ખરેખર પોતે પોતાને જ હરાવીને જીતવા માટેની એક વિચિત્ર રેસ મનની અંદર ચાલતી હોય. એનું નામ જ ટીનેજ. જ્યાં એક બાજુ કેટલાય તરંગો, સપનાઓ અને કલ્પનાઓના ઘોડા દોડતા હોય અને બીજી બાજુ વાસ્તવિકતા આપણને હંફાવતી હોય. એ બંને વચ્ચે બેલેન્સ કરતા ના આવડે એટલે સફોકેશન ઊભું થાય. ઘરની વ્યક્તિઓ આપણને સમજતી નથી, એવું લાગ્યા કરે. પોતાની વાત જ સાચી છે અને બીજા બધા ખોટા છે. એવી સ્ટ્રોંગ બિલીફ મનમાં ઘર કરી જાય. અને ત્યારે સંઘર્ષનો સામનો કરવો પડે. આવું લગભગ દરેકની સાથે ઓછા-વત્તા પ્રમાણમાં

થાય જ.' મીતે નિખાલસતાથી ગંભીર વાત કહી દીધી. આ બોલતી વખતે એ મિરાજને નહીં પણ મને જોઈ રહ્યો હતો. પણ મેસેજ ડાયરેક્ટ મિરાજને પહોંચાડી રહ્યો હતો. એના ચહેરા પર મોટાભાઈ જેવી મેચ્યોરિટી શોભી રહી હતી.

'મીત, તને આટલો બધો ખ્યાલ આવે છે, છતાં તે મિરાજને કેમ સમજાવ્યો નહીં ?' મને મીતની સમજણ માટે ફરીથી માન થઈ આવ્યું.

'એને ખ્યાલ આવે છે તો પણ એણે ક્યારેય મારી સાઈડ નહોતી લીધી. એટલે મને એના પર પણ ગુસ્સો આવતો હતો.' મિરાજે સહેજ અકળાઈને કહ્યું.

'આઈ કાન્ટ બિલીવ ધીસ મીત. તું આવા ટાઈમે ચૂપ રહી શકે ?' મને નવાઈ લાગી.

'કદાચ મારી વાતને મિરાજ સુધી પહોંચાડવા માટે એ સમય યોગ્ય નહોતો. અમુક વાતો સમજવા અને સમજાવવા માટે કહેનાર અને સાંભળનાર બંનેના મનની સ્થિરતા અને તૈયારી ના હોય તો પોતાની લાખ સાચી વાત પણ સામા સુધી પહોંચાડી ના શકાય. પણ રાઈટ ટાઈમની રાહ જોવામાં કદાચ મેં વધારે મોડું કરી દીધું.' મીતની નજર ઝૂકી ગઈ.

'અડધો-પોણો કલાક પછી મીત મારા રૂમમાં આવ્યો. પલંગ પર આવીને મારી બાજુમાં બેઠો. ખોળામાં તકિયો મૂકીને રિલેક્સ થઈને બેઠો. મને એમ હતું કે એ મને કંઈ સમજાવશે પણ એણે એવી કોઈ વાત જ ના કરી. શાંતિથી મારી બુક્સ લઈને એના પાના ફેરવવા લાગ્યો.' મિરાજે એની વાત આગળ વધારી.

'તારા હેન્ડ રાઈટિંગ પહેલા કરતા ઈમ્પ્રૂવ થયા છે. ગુડ.'

મેં એની સામે નજર કરી. અમારી નજર મળતા જ મેં નજર ફેરવી લીધી.

'અરે યાર મિરાજ, તું તો શેર બચ્ચો છે. તને ખબર છે ? સિંહ જ્યારે લાંબી છલાંગ મારવાનો હોય ત્યારે પહેલા બે ડગલા પાછળ જાય.' કહીને એ અટક્યો.

'તો ?'

'એટલે તને એવું નથી લાગતું કે તું પણ હવે કોઈ લાંબી છલાંગ મારવાનો છે ?'

મારો ગુસ્સો ઘટી રહ્યો હતો. છતાં હું ગુસ્સામાં જ હતો.

'એટલે મિરાજ, મને લાગે છે કે હવે પછી તારું રિઝલ્ટ સૂપર આવશે.'

હું કંઈ બોલ્યો નહીં.

'ચિલ યાર. આપણા જેવાના કારણે જ સ્કોલર લોકો સ્કોલર ગણાય છે. એટલે વી આર મોર વેલ્યુએબલ.'

મીત મને કૂલ કરવાનો પ્રયત્ન કરતો હતો પણ મને એની વાતમાં કંઈ રસ પડતો નહોતો. એ દિવસે પહેલીવાર મને એની વાતો ફાલતુ લાગતી હતી.

'મિરાજ, આપણે જે પરિસ્થિતિમાં હોઈએ એ પ્રમાણે જ આપણે જીવન જીવવાનું હોય. ફક્ત મનને મજબૂત રાખવું જેથી ઈચ્છા વિરુદ્ધની પરિસ્થિતિ આપણને ડગાવી ન શકે.' હવે એ પણ સીરિઅસ હતો.

હું ચૂપચાપ સાંભળી રહ્યો હતો.

'માટે જરાય નેગેટિવ વિચાર કર્યા વગર આગળ ચાલવાનું ચાલુ રાખ. લક્ષ સાથે કામ કર. ચોક્કસ રિઝલ્ટ આવશે.'

'પ્લીઝ મીત, મને અત્યારે તારું કંઈ સાંભળવામાં રસ નથી. મારા ટ્યૂશનનો ટાઈમ થઈ ગયો છે.'

એમ કહી હું બેગ લઈને ઘરમાંથી નીકળી ગયો. મીત મને જતા જોઈ રહ્યો.

પરમ હવે મને સ્કૂલ અને ટ્યૂશન ક્લાસીસ બંને જગ્યાએ મળવા લાગ્યો. જ્યાં બધા જ બ્રાન્ડેડ કપડાં પહેરીને આવતા હતા એવા ટ્યૂશન ક્લાસીસમાં જવાની મારી ઈચ્છા તો મેં જિદ કરીને પૂરી કરી લીધી. પણ વિચારો અને સંસ્કારોમાં જે લોકો નોન બ્રાન્ડેડ ક્લાસના ગણાય એમની મને ઓળખાણ નહોતી પડતી. એમની પાસે એવું ઘણું બધું હતું જે મને આકર્ષતું. પરમથી અંજાઈને હું એના જેવો બનવાનો પ્રયત્ન કરતો પણ પૂરેપૂરો સફળ થતો નહીં. છતાં પરમની સાથે ને સાથે રહેવાથી મારા સ્વભાવ અને વિચારોમાં ફેરફાર ચોક્કસ આવી ગયા હતા.

## (૧૦)

એટલામાં મારા ફોનની રિંગ વાગી. મિરાજ બોલતા અટકી ગયો.

'એક્સક્યુઝ મી.' કહીને મેં મિરાજની પરમિશન માંગી.

'નો પ્રોબ્લેમ.' એણે મને ફોન પર વાત કરી લેવા માટે મંજૂરી આપી. મારે એની લિંક અધવચ્ચેથી તોડવી નહોતી પણ આ ફોન ઉપાડવો પણ મારા માટે જરૂરી હતો. આખરે મિરાજ માટે જ તો આ ફોન હતો.

સામે છેડેથી વાત કરનાર વ્યક્તિ પાસેથી મારે મિરાજ માટે થોડું માર્ગદર્શન લેવાનું હતું. એ વિરલ વિભૂતિના માર્ગદર્શન વિના મિરાજને મદદરૂપ થવાનું મારું શું ગજું ! હું મિરાજથી થોડી દૂર ગઈ. વાત પૂરી થતા મેં મિરાજ સામે જોયું. એની હાલતમાં મારી હાલતનો પડઘો પડતો હતો. બંનેના જીવનમાં કારણો જુદા હતા પણ પરિણામમાં ઘણા અંશે એકસરખી હાલત હતી.

મિરાજ ગહેરાઈથી દરિયાને એ રીતે જોઈ રહ્યો હતો જાણે પોતાના જીવનની ગહેરાઈમાં એ ઊતરી ગયો હોય એમ લાગતું હતું. મારી તરફ પીઠ કરીને બેઠેલા મિરાજ પાસે જઈને હું બેઠી.

'સોરી. પણ હજી અંધારું નથી થયું. તો જો તારી પાસે ટાઈમ હોય તો આપણે હજી થોડીવાર અહીંયા બેસી શકીશું.'

'હા, દીદી. મારે પણ બેસવું છે. મને આજે થોડી શાંતિ લાગે છે. ખબર નહીં કેટલાય દિવસોનો અંદર દટાયેલો ભાર ઓછો થયો તો સારું લાગ્યું. પણ હજી તો મારી વાત અડધે રસ્તે પણ નથી પહોંચી. તમે સાંભળીને થાકી તો નહીં જાઓને ?' બોલતો બોલતા એણે એક નજરે મીત તરફ પણ જોઈ લીધું.

મીતના ચહેરા પર આછું સ્મિત અને આંખોમાં નરમાશ ઊપસી આવી. મિરાજની સાથે સાથે એ પણ હળવો થઈ રહ્યો હતો.

'ના રે. મને તો સાંભળવાનું ગમે.' મિરાજ તરફથી મને પોઝિટિવ રિસ્પોન્સ

*મળી રહ્યો હતો, એનો મને આનંદ હતો.*

*હું એની સામે જોઈ રહી. એની નજર દરિયામાં દૂર દેખાતી એક બોટ પર હતી.*

*એણે મારી સામે જોયું અને વાતની શરૂઆત કરી.*

*'મારા મનમાં નવો મોબાઈલ કે નવું લેપટોપ મેળવવાનો ઝંઝાવાત શાંત પડ્યો નહોતો. મારે પણ પરમ સામે મારું સ્ટેટ્સ ટકાવી રાખવું હતું. પોતાની જિદ મનાવવા માટે આ વખતે મેં વધારે મહેનત કરીને સારા માર્ક્સ લાવવા પરીક્ષાના છેલ્લા પંદર-વીસ દિવસ ખૂબ મહેનત કરી. નવા ટ્યૂશન ક્લાસીસમાં સારા માર્ક્સના આધારે પોતાનું સ્ટેટ્સ ટકાવી રાખવાની છૂપી ઈચ્છા પણ એમાં સમાયેલી હતી.'*

**પોતાના હિત માટે સારું ભણવું જોઈએ કે પોતાનું સ્ટેટ્સ ટકાવી રાખવા ? એક જ પરિણામ લાવનાર બંને પરિસ્થિતિના આશયોમાં આસમાન-જમીન જેવું અંતર હોય છે. આશયોના આધારે જીવનના લક્ષ્ય બદલાઈ જતા હોય છે.**

*નવા મોબાઈલ મેળવવાના દૃઢ સંકલ્પ પાછળ થયેલી મહેનતથી હું ચુમોતેર ટકા સુધી પહોંચી જ ગયો. ઘરમાં બધા મારા પર ખુશ હતા. મમ્મી-પપ્પાને લાગ્યું કે મોંઘા ટ્યૂશન ક્લાસીસમાં મૂકવાનો એમનો નિર્ણય યોગ્ય જ રહ્યો.*

*'મારું રિઝલ્ટ જોયા પછી મારું ભૂતકાળનું વર્તન અને એ વર્તન પાછળના મારા વિચારોની ગંભીરતાને એ લોકો સમજી ના શક્યા. ભૂતકાળની બધી છાપ એમના મનમાંથી ભૂંસાઈ ગઈ. અંતે મા-બાપનું દરિયા જેવું દિલ બાળકની ભૂલોને કંઈ તાજી થોડી રાખે છે !'*

*લેપટોપનું પ્રાઈઝ લિસ્ટવાળું સાચવી રાખેલું પેમ્ફલેટ પપ્પાએ ફરીથી એમના હાથમાં લીધું અને વિચારે ચઢી ગયા.*

*હવે ઘરમાં કોઈ કચકચ હતી નહીં કારણ કે મારું રિઝલ્ટ સુધર્યું હતું. અને એમ પણ સમર વેકેશન હતું એટલે મારે જે કરવું હોય, એ બધું જ કરવાની છૂટ હતી. ફ્રેન્ડ્સ, ફન, મસ્તી, પાર્ટી, ક્રિકેટ મેચ... બધું જ.*

*એમાં મને મારું બીજું એક મનગમતું મળી ગયું. નવું લેપટોપ. મારી બર્થ ડેના દિવસે મમ્મી-પપ્પાએ મને સરપ્રાઈઝ ગિફ્ટ આપી. મારા આનંદનો પાર ના રહ્યો. મમ્મી-પપ્પા માટે મારો સ્નેહ અનેકગણો વધી ગયો જે કેટલાય વખતથી જાણે સુકાઈ ગયો હતો ! મારો મોટા ભાગનો સમય લેપટોપ પર જ વીતવા લાગ્યો. હમણાં નવા મોબાઈલની વાતને મેં બાજુમાં રાખી દીધી.*

*'જો બેટા, તારા પપ્પાએ તને નવું લેપટોપ અપાવ્યું છે, તો હવે એનો*

સદુપયોગ કરજે.'

'હા મમ્મી, ડોન્ટ વરી. પણ અત્યારે તો વેકેશન છે એટલે હમણાં તો હું એન્જોય કરી શકુંને ?'

'હા, પણ એક લિમિટ રાખજે, બે કલાકથી વધારે નહીં.' મમ્મીએ ગંભીરતાથી કહ્યું.

'ઓ.કે. મમ્મી. થેન્ક યૂ.' કહીને મેં મમ્મીને મોટી સ્માઈલ આપી. આ વર્તન પ્રેમવાળું ઓછું અને મસ્કાવાળું વધારે હતું. એ સમજતા એક માને ક્યાં વાર લાગવાની હતી ? મમ્મી આછી સ્માઈલ આપીને જતી રહી.

આમ તો મીતને પણ નવો મોબાઈલ અપાવ્યો છે, તો પછી મને લેપટોપ અપાવે જ ને. મા-બાપ છે તો આટલું તો કરે જ ને પોતાના છોકરાંઓ માટે. એવી દલીલ મારા મનમાં ઊભી થઈ અને આથમી ગઈ.

હું નવા લેપટોપને જોતો રહ્યો. પરમના ઘરે જ્યારે એને ચેટ ફ્રેન્ડ્સ સાથે વાતો કરતા જોયેલો એ પ્રસંગ મારી નજર સમક્ષ તાજો થઈ ગયો. આખરે મેં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વીટર વગેરે પર મારા એકાઉન્ટ બનાવી દીધા. ચેટ મેસેન્જર ડાઉનલોડ કરી લીધા. એક ચેટ ફ્રેન્ડ બનાવવાની ઈચ્છા પૂરી કરવાનો દિવસ આજે આવી જ ગયો.

પહેલા જ દિવસે ફ્રેન્ડ લિસ્ટમાં છ નવા નામ ઉમેરાઈ ગયા. બધા સાથે દસ-પંદર મિનિટ હેલ્લો, હાય, બાયથી આગળ જે સૂઝે એ વાતચીત કરવામાં થોડી શંકાઓ થઈ તો થોડો આનંદ પણ થયો. હજી વધારે નવા વ્યક્તિઓ શોધવા માટે ફાંફાં મારવાની પ્રક્રિયા ચાલુ જ રહી. નશામાં બેભાન માણસની જેમ ભાન ભૂલીને ત્રણ કલાક સુધી અલગ-અલગ સોશિયલ મીડિયા પ્રોફાઈલ અને ચેટ મેસેન્જરને સમજવામાં અને લોકોની સાથે જનરલ વાતચીત કરવામાં હું મશગૂલ થઈ ગયો હતો.

ખરેખર તો ડૂબી રહ્યો હતો...

મને મજા આવવા લાગી. મારો ઈન્ફિરિયારિટીવાળો સ્વભાવ ચેટિંગની દુનિયામાં મને જરાય આડે ન આવ્યો કારણ કે અહીંયા તો કોઈ પ્રત્યક્ષ હતું જ નહીં. કોઈકે મને ઓનલાઈન ગેમ્સ રમવા માટે ઈન્વિટેશન આપ્યું. એ લિંક ખોલવા જ જતો હતો, ત્યાં મને પપ્પાની વાત યાદ આવી.

'મિરાજ, ઈન્ટરનેટમાં વાઈરસનો પ્રોબ્લેમ ખૂબ વધી ગયો છે. કોઈ પણ અજાણી વેબસાઈટ ખોલીશ નહીં. આજકાલ ઘણી બધી વેબસાઈટ ખોટા રસ્તે લઈ જાય એવી હોય છે. આપણા સંસ્કાર ખરાબ કરે, એવી કોઈ વસ્તુમાં પડીશ નહીં.'

પપ્પાની કહેલી વાત મને જરાક ગંભીરતાથી ચેતવી ગઈ.

એટલામાં મોબાઈલની રિંગ વાગી. પરમનો ફોન હતો.

'હેલ્લો.'

'હેલ્લો. શું બોસ ! તો તને સોશિયલ મીડિયા નામની ચિડિયા ગમી ગઈને ?

મને જવાબ સૂઝ્યો નહીં.

'ઓ.કે. સાંભળ, મેં તને અમુક લિંક મોકલી છે, એ જોજે !'

'સારું.'

'ચલ બાય, મારી ફ્રેન્ડ વેઈટ કરે છે. નહીં તો રિસાઈ જશે પાછી.' આટલું બોલીને પરમ લુચ્ચું હસ્યો અને ફોન કટ કર્યો.

ફોન મૂકીને લેપટોપ સામે જોયું તો એ જેની સાથે ચેટ કરતો હતો એ બધા ઈન્વિઝિબલ કે બીજે ક્યાંક બિઝી થઈ ગયા હતા. મેં લોગ આઉટ કરી દીધું. એટલામાં રવિનો ફોન આવ્યો.

'હાય મિરાજ, શું કરે છે ?'

'કંઈ ખાસ નહીં. બસ આમ જ ટાઈમ પાસ કરતો હતો.'

'મને તારી ફ્રેન્ડ રિકવેસ્ટ મળી એટલે નવાઈ લાગી.'

'એમાં નવાઈ લગાડવા જેવું શું છે ?'

'એમ જ કે તું પણ ફેસબુકમાં આવી ગયો ?'

'હા, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વીટર બધે જ છું ભાઈ.' આટલું બોલતા મારો અવાજ ગર્વથી મોટો થઈ ગયો.

'જોરદાર.'

'હવે તું મોર્ડન થયો એવું લાગે છે.'

ટોણા જેવા એના શબ્દોથી મને થોડો ગુસ્સો આવ્યો પણ હું ચૂપ રહ્યો.

'સાંભળ, મારી પાસે ઘણી બધી સરસ મૂવીઝનું કલેક્શન છે. તારે જોઈએ છે ?'

'મૂવીઝ ?'

'હા, વેકેશનમાં બીજું શું કરવાનું ? મમ્મી-પપ્પા બધી મૂવી જોવા તો જવા ના દે, એટલે હું ઘરે જ જોઈ લઉ છું.'

'ગુડ આઈડિયા.'

'તારી પેન ડ્રાઈવ લઈને કાલે ઘરે આવી જજે.'

'ઓ.કે.'

આમ રોજના કલાકો સુધી લેપટોપ સામે બેસી રહેવાનો સિલસિલો ચાલુ થઈ ગયો. રવિ પાસેથી મળેલી પંદરેક મૂવીઝ મેં એક અઠવાડિયામાં જ જોઈ લીધી. રોજના એક કે બે પિક્ચર જોવાની મને હેબિટ પડી ગઈ. ધીમે ધીમે હું પોતાના રૂમમાં જ ભરાઈને રહેવા લાગ્યો. મમ્મી-પપ્પા સાથે વાતચીત કરવામાં મને બહુ રસ પડતો નહોતો. હવે તો મીતની સાથે પણ વાતચીત ઓછી થઈ હતી. એ એનામાં અને હું મારામાં બિઝી. ગેમ્સ હોય, મૂવી હોય કે પછી ચેટિંગ હોય, જેની પાછળ પડું એમાંથી બહાર નીકળી ન શકું.

બોલતા બોલતા મિરાજે એકવાર મીત સામે નજર કરી. એ નીચું જોઈને બેઠો હતો. બહારથી એ શાંત છતાં ગંભીર દેખાતો હતો. મીતનું આવું રૂપ મેં પહેલીવાર જોયું. એવું લાગ્યું કે એની અંદર પણ કંઈક સુનામી જેવું તોફાન ચાલી રહ્યું છે. મારા કાન મિરાજની આપવીતી સાંભળવામાં વ્યસ્ત હતા પણ મારી આંખો મીત પર સ્થિર થઈ ગઈ હતી. એને મેં ફરીથી મિરાજ પર કેન્દ્રિત કરી. એ આટલી હિંમત કરીને બોલી રહ્યો છે, એટલે મારું ફોકસ પણ એના તરફ જ હોવું જોઈએ એ વાતે હું પાછી મિરાજની વીતેલી સફરમાં ખોવાઈ. એના ફક્ત હોઠ જ નહોતા બોલી રહ્યા. ચહેરો અને આંખો પણ બોલી રહ્યા હતા.

'મને રોકનારેય કોઈ નહોતું. દાદીની તબિયત થોડી ઢીલી થતા મમ્મી એમની દેખરેખમાં, પપ્પા એમનો બિઝનેસ વિકસાવવામાં અને મીત એના ન ગમતા કરિઅરને ગમતું કરવામાં વ્યસ્ત હતા. સોશિયલ મીડિયાના રંગમાં હું એવો રંગાયો કે રાત્રે મોડે સુધી જાગતો. પહેલા તો રજાના દિવસોમાં ક્રિકેટ રમવામાં પણ મને મજા આવતી. પણ પછી તો મને બહાર જઈને ફ્રેન્ડ્સ કે બીજા લોકો સાથે હસવા-બોલવા કરતા મારા રૂમની ચાર દિવાલોમાં રહીને સોશિયલ મીડિયા અને ઓનલાઈન ગેમ્સની રંગીન અને આકર્ષક દુનિયામાં રહેવાનું વધારે અનુકૂળ લાગવા લાગ્યું. મેચમાં કોઈની સાથે કંઈ બોલાચાલી થાય તો પણ મારાથી સહન નહોતું થતું. કોઈની સાથે મગજમારી કરવી પડે એના કરતા એકલા બેસીને ઓનલાઈન ટાઈમ પાસ કરવો સારું. અહીંયા કોઈ સાથે કંઈ માથાકૂટ જ ના થાયને !'

આટલું સાંભળતા જ મીતની નજર ઊઠી. એનું મૌન તૂટ્યું.

'ભઈલું, તું આટલો બધો એકલો પડી ગયો હતો અને મને ખબર પણ ન પડી. તું એકલો પડી ગયો હતો અને હું એકલા રહેવા માટે મથી રહ્યો હતો.'

મીતની વાતો રહસ્યને જન્માવી રહી હતી. પણ મારે અત્યારે મીતને નહીં મિરાજને સાંભળવાનો છે. એ લક્ષ ના ચૂકાય, એ માટે મેં પોતાને અને મિરાજને

ડાયવર્ટ થતા અટકાવ્યા.

'તારી વાત એકદમ સાચી છે, મિરાજ. આ એક એવી બનાવટી દુનિયા છે જે આપણને વાસ્તવિક દુનિયાથી દૂર ખેંચી જાય છે. જેના કારણે જ્યારે અસલ દુનિયામાં આપણા ધાર્યા કરતા કંઈક જુદું થાય કે કે કોઈ કડવી વાસ્તવિકતાનો સામનો કરવાનો આવે ત્યારે એમાં પોતાની જાતને ટકાવી રાખવાની શક્તિ આપણી પાસે હોય જ નહીં. ટી.વી., મૂવી, ગેમ્સ, સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટની વળગણ આપણી બધી શક્તિઓ ખલાસ કરી નાખે છે. મનને નબળું અને પાંગળું બનાવી દે છે.'

'મને હતું કે વિશ્રુતના ગયા પછી તું પરમ સાથે બહુ અટેચ થયેલો છે. પણ એની તારા પર આટલી ઊંડી અસર પડી છે એનો તો અંદાજો પણ નહોતો.' મીતના અવાજમાં જરાક નારાજગી વર્તાતી હતી.

'પરમ એક જ નહોતો મારા જીવનમાં...' મિરાજ અટકી ગયો. ચહેરા પર થોડી અકળામણ ઊપસી આવી. આ અકળામણ પોતાની ભૂલો માટે હતી કે મીત માટે એ મારાથી કળી ના શકાયું.

'મિરાજ, આજે તે જે સ્વસ્થતાથી તારા ભૂતકાળમાં ડોકિયું કરવાની હિંમત કરી છે એને અપ્રીશિએટ કરવા મારી પાસે શબ્દો નથી. પણ આજે આ ચેપ્ટરના જેટલા પાત્રોને અહીં જાહેર કરી દઈશ એટલો હળવો જરૂર થઈશ, એની મને ખાતરી છે.' મેં મિરાજને હિંમત બંધાવતા કહ્યું.

મીત તરફ આડકતરી નજર કરી મારી આંખોએ એને જરા શાંત રહેવા અરજ કરી.

મિરાજે સહમતિ આપતા માથું હલાવ્યું અને વાત આગળ વધારી.

એક દિવસ પરમે મને કોલ કરીને સોસાયટીની બહાર એક પાર્ક પાસે મળવા આવવાનું કહ્યું. જ્યારે હું ત્યાં પહોંચ્યો, ત્યારે એની સાથે ઉંમરમાં લગભગ વીસેક વર્ષનો એક છોકરો પણ બેઠો હતો.

'આ નિખિલ છે. માય ન્યૂ ફ્રેન્ડ.'

'હાય.' નિખિલે મારી તરફ પોતાનો હાથ લંબાવ્યો.

'હાય.' મેં એની સાથે હાથ મિલાવતા કહ્યું.

'તું કહેતો હતોને કે બહુ દિવસથી હું દેખાતો નથી એનું કારણ આ જ છે.' પરમે મને ખુલાસો આપતા કહ્યું.

'મીન્સ ?' મિરાજે આશ્ચર્ય સાથે પૂછ્યું.

'આ મારા પપ્પાના ફ્રેન્ડનો સન છે. થોડા દિવસ પહેલા અમારા બંનેનું

ફેમિલી મનાલી ફરવા ગયા હતા, એની તો તને ખબર છે ને ?'

'હા.'

'આ લોકો પહેલા બરોડા રહેતા હતા. પણ હવે એના પપ્પા અને મારા પપ્પા બિઝનેસ પાર્ટનર બની ગયા છે અને હવે એ લોકો અહીં શિફ્ટ થઈ ગયા છે.' પરમે ખુશીથી હાથ લંબાવતા કહ્યું. એના ચહેરા પરનો આનંદ કંઈક ઓર જ હતો.

'ઓહ, ધેટ્સ નાઈસ.'

'એ અહીંયા એકદમ નવો છે, એટલે હું રોજ એની સાથે બહાર જાઉં છું. એની પાસે કારનું લાઈસન્સ છે અને મારી પાસે આપણા શહેરનું નોલેજ. એટલે અમે બંને આખો દિવસ બસ રખડ્યા જ કરીએ છીએ.' પરમ, નિખિલથી ખૂબ પ્રભાવિત થયો હોય એવું એને જોતા જ લાગ્યું.

નિખિલ મને ઓવર સ્માર્ટ લાગ્યો. મને એને મળીને બહુ આનંદ ન થયો.

વેકેશનના દિવસો મોજમજામાં પસાર થઈ રહ્યા હતા. પરમ અને નિખિલ સાથે સમય ગાળવાના અવસરો પણ વધતા જતા હતા. એક દિવસ એ લોકોએ મૂવી જોવા જવાનો પ્લાન કર્યો.

'તું નિખિલને મળ્યો છે ક્યારેય ?' મેં મીતને પૂછ્યું.

'ના.'

'દીદી, એની પાસે સમય જ નહોતો. એ ઘરમાં ઓછું અને બહાર વધારે રહેતો હતો. અને જે ઘરમાં હતા એ બધા મારી નજીક હોવા છતાં પણ નજીક નહોતા.' મિરાજની આંખોમાં મીત માટે ફરિયાદ અને મમ્મી-પપ્પા માટે અસંતોષ ઝળકતા હતા.

'મિરાજ, જે વીતી ગયું એને યાદ કરીને દુઃખી થવાનો અર્થ નથી કારણ કે તું જેમનાથી દુઃખી થયો છે, એ બધા અત્યારે તારા માટે દુઃખી થઈ રહ્યા છે. તને સુખી જોઈને જ એમના વ્યથિત મનને ચેન મળશે.'

મિરાજનું મૌન મારી વાત એના સુધી પહોંચતી હોય એની નિશાની હતી. મારા તરફ સ્થિર થયેલી એ આંખો જૂના ચેપ્ટરના એક નવા પેજને રિવાઈન્ડ કરીને જોવાની તૈયારીમાં હતી.

## (૧૧)

'મિરાજ, આજે સાંજના શોમાં સીટ ખાલી છે. મેં ઓનલાઈન જોઈ લીધું છે. તું કહે તો ટિકિટ બુક કરાવી દઉં.' નિખિલે કહ્યું.

'મૂવી ??? પણ મારે પહેલા ઘરે પૂછવું પડે.'

'અત્યારે જ ફોન કરીને પૂછી લેને.' પરમે શોર્ટ કટ બતાવ્યો.

'ના, આવી બધી વાતો માટે એમ ફોન પર જવાબ ના મળે.'

આ સાંભળીને પરમ અને નિખિલ બંને એકબીજા સામે હસતા હસતા રહી ગયા. એ બંને માટે આ વાત મજાક જેવી હતી. પણ મારા માટે આ બધી બાબત બળતામાં ઘી હોમવા જેવી હતી.

ટીનેજમાં આવેગ અને ઉશ્કેરાટના વેગ એવા હોય છે કે બીજા પાસે હોય એ પોતાની પાસે પણ હોવું જ જોઈએ એ એમની જિદ બની જાય છે. પરમ અને નિખિલ પાસે એવું કંઈક હતું જે મને પણ જોઈતું હતું... ફ્રીડમ.

'મમ્મી, આજે મારા ફ્રેન્ડ્સ મૂવી જોવા જાય છે. હું પણ જાઉં ?' ઘરમાં પગ મૂકતાની સાથે જ મેં મમ્મીને સીધો પ્રશ્ન કર્યો.

'મૂવી જોવા ?' આમ અચાનક મારા દ્વારા પૂછાયેલા આવા પ્રશ્નથી મમ્મીને પણ નવાઈ લાગી.

'હા, પપ્પા તો એમ પણ આપણને બહુ મૂવી જોવા લઈ નથી જતા.'

'જે જોવાલાયક હોય છે, એ જોવા લઈ જ જાય છે ને ?'

'હા, અને એમના પ્રમાણે આખા વર્ષમાં માંડ એક કે બે પિક્ચર જ એવા આવે છે, જે જોવાલાયક હોય.'

'મિરાજ, તારા પપ્પાને અને મને બીજા લોકોની જેમ વલ્ગર પિક્ચર જોવા નથી ગમતા. તને તો ખબર છે ને ?'

'હા, મને ખબર છે. પણ બધા પિક્ચર કંઈ એવા નથી હોતા. મારા ફ્રેન્ડ્સ

પિક્ચરની જ્યારે વાતો કરે ત્યારે હું બાઘાની જેમ જ બેઠો હોઉં છું.'

'મિરાજ, આપણે આવી વાતોમાં બીજા સાથે કમ્પેરિઝન નહીં કરવાની. બેટા, તારામાં જે સદ્ગુણો છે એને જાળવી રાખવાની જવાબદારી તારી જ છે.'

'મમ્મી, પપ્પા તો મને ક્યારેય નહીં સમજી શકે. તું તો સમજ.' મમ્મીને ઈમોશનલી બ્લેક મેઈલ કરીને પોતાની જિદ મનાવવા માટે મેં વાતને બદલી.

મીત પણ હાજર હતો. મમ્મીએ એની સામે જોયું.

'હવે એ પોતાનું ધ્યાન રાખી શકે છે. વેકેશન છે તો ભલે જઈ આવે. પછીથી એને ભણવામાંથી ઊંચું જોવાનો વારો જ નથી આવવાનો.' મને કલ્પનામાં પણ નહોતું કે મીત મારી ફેવરમાં મમ્મીને સમજાવશે.

મીત મિરાજને લાગણીથી ભીંજાઈને જોઈ રહ્યો હતો, જેનાથી અજાણ મિરાજ વીતેલા ચેપ્ટરના પેજમાં ખોવાયેલો હતો.

'સારું. આ વખતે જઈ આવ પણ દર વખતે આવું નહીં ચાલે.' મમ્મીએ મક્કમતાથી કહ્યું.

'મારે દર વખતે જવું પણ નથી. હવે એમ પણ દસ દિવસમાં સ્કૂલ ખૂલી જશે પછી ક્યાં જવાનો છું ?' આ બોલતી વખતે મારા મનમાં તો એમ જ હતું કે બાદ કી બાદ મેં દેખ લેંગે.

'સારું. કેટલા વાગ્યાનો શો છે ?'

'સવા પાંચનો.'

'ટાઈમસર ઘરે આવી જજે. ત્યાંથી બીજે ક્યાંય બહાર જવાનું નથી, સમજ્યો ?'

'જો હુકમ, જનાબ.' મેં માથું ઝુકાવીને મમ્મીને સલામ કરતો હોય એવી સ્ટાઈલ કરી.

'બસ, હવે આ બધા નાટક કરવાની જરૂર નથી.'

પહેલીવાર આમ ફ્રેન્ડ્સ સાથે મૂવી જોવા જવાનો મોકો હતો. સાથે પરમ અને નિખિલ જેવા હાઈ-ફાઈ ફ્રેન્ડ્સની કંપની હતી. એટલે મેં મારા ફેવરિટ, બ્રાન્ડેડ કપડાંની પેર કબાટમાંથી કાઢી. નાઈકીના શૂઝ, ગોગલ્સ અને સ્ટ્રોંગ પરફ્યૂમ લગાવીને અપ ટૂ ડેટ તૈયાર થઈને હું, પરમ અને નિખિલ સાથે શહેરના સૌથી મોટા મોલમાં પહોંચી ગયો. શો શરૂ થવામાં દસ મિનિટની વાર હતી. ત્રણેય ફટાફટ ટિકિટ કાઉન્ટર પર પહોંચ્યા. જે મૂવી જોવા અમે પહોંચ્યા હતા એની બધી જ ટિકિટ વેચાઈ ગઈ હતી.

'ઓહ નો.' પરમે ઉદાસ ચહેરે કહ્યું.

'અરે, ઈટ્સ ઓ.કે. બીજી કોઈ મૂવી જોઈ લઈએ.' નિખિલે તરત જ પરમને આશ્વાસન આપ્યું.

'હા, ચાલશે.' મેં તરત જ હા પાડી. મમ્મી પાસે આજીજી કરીને આટલી બધી તૈયારીઓ કરીને આવ્યા પછી મૂવી જોયા વિના પાછા જવાની મારી કોઈ ઈચ્છા નહોતી.

'પણ મારે તો આ જ મૂવી જોવું હતું યાર. પહેલા જ ઓનલાઈન બુક કરી લીધું હોત તો સારું થાત !' પરમને હજી પણ અફસોસ હતો.

'અરે, કાલે ફરી આવીશું, અત્યારે બીજું જોઈ લઈએ.' નિખિલે એનો મૂડ સારો કરવા કહ્યું.

'કાલની કોને ખબર છે યાર. અત્યારે જે મળે એની ટિકિટ લઈ લઈએ.' મૂવી કઈ છે, કેવી છે એ જોયા વિના, ગમે તે રીતે કોઈક મૂવી તો જોવી જ છે એવો મારો આગ્રહ હતો.

નિખિલ ફરીથી ટિકિટ કાઉન્ટર પાસે ગયો. એ ત્રણ ટિકિટ લઈને પાછો આવ્યો. હું બહારની દુનિયાનો આનંદ લેવા કરતા પોતાને અનુભવાતી ફ્રીડમનો આનંદ લેવામાં વધારે મશગૂલ હતો. અમે ત્રણેય સ્ક્રીન ત્રણની બહાર ઊભા હતા. ત્યાં ઊભેલી પબ્લિકમાં ઘણું બધું ક્રાઉડ યંગસ્ટર્સનું જ હતું.

'મમ્મી-પપ્પા મને કેટલા રિસ્ટ્રિક્શનમાં રાખે છે. આ બધા કેવા એકલા એન્જોય કરે છે.' એ લોકોને જોઈને મેં મનોમન વિચાર્યું.

હું મૂવી કરતા વધારે ફ્રીડમ એન્જોય કરી રહ્યો હતો. મૂવી કંઈ સારી તો નહોતી જ. પણ થીયેટરના અંધારામાં હું મારી હાલત બીજા બધાથી આસાનીથી છુપાવી શક્યો. નિખિલ અને પરમ ક્યાંક વચ્ચે વચ્ચે કમેન્ટ કરતા. હું નકલી સ્માઈલ આપીને એમના જેવા જ હોવાનો ડોળ કરતો રહ્યો. અમુક સીન વખતે અમુક લોકો સીટી મારતા ત્યારે નિખિલ પણ એક્સાઈટ થઈને સીટી વગાડી દેતો. પરમ એની સામે જોઈને લુચ્ચું હસતો. મારા માટે આ બધું બહુ જ ઓક્વર્ડ હતું. આવું કરવાવાળા લોકોને હું કાયમ 'ચીપ' કે 'વલ્ગર' ગણતો હતો. એવા લોકોની સામે જોવાનું પણ મને નહોતું ગમતું. આજે મારી બાજુમાં બેઠેલા મારા પોતાના ફ્રેન્ડ્સ જ એવું વર્તન કરી રહ્યા હતા. છતાં હું કોઈ પણ રિએક્શન આપવા અસમર્થ હતો. મારા અંતરમનની સ્થિતિ સંપૂર્ણપણે ડામાડોળ થઈ રહી હતી. મારી અંદર બે પક્ષ ઊભા થઈ ગયા હતા. એક પક્ષ આ બધાનો વિરોધ કરી રહ્યો હતો અને બીજો પક્ષ આવું બધું તો નોર્મલ કહેવાય, આને જ લોકો એન્જોયમેન્ટ કહે છે, મેં મારી જાતને વધારે પડતા મર્યાદાના

બંધનમાં બાંધી રાખી છે... એમ અનેક દલીલ કરી રહ્યો હતો. હું જબરજસ્તી પોતાને એમના જેવો જ દેખાડવા માટે પ્રયત્ન કરી રહ્યો હતો.

'એવું કેમ ?' મેં મિરાજ તરફ એક ગહન પ્રશ્ન મૂક્યો.

'એટલા માટે કે મારું એબ્નોર્મલ વર્તન જોઈને બધા મને 'ઓડ મેન આઉટ' ના ગણે.'

'પછી ?'

મૂવીમાં આવતા અસભ્ય સીનથી મારું મન સજ્જડ અને શરીર અસહજ થઈ ગયું હતું. મૂવી પૂરી થયા બાદ જ્યારે બધા આરામથી ઊભા થઈને બહાર નીકળવા લાગ્યા ત્યારે મારાથી ઊભા પણ નહોતું થવાતું. જાણે કોઈની સાથે નજર મિલાવવા પણ અસમર્થ હોઉં, એમ નીચું જોઈને હું આગળ ચાલવા લાગ્યો. જાણે મેં કોઈ ગુનો કર્યો હોય, એમ મારું મન મને કોરી રહ્યું હતું.

પરમ અને નિખિલ એકદમ નોર્મલ દેખાય છે. તો મારી સાથે કેમ આવું થાય છે ? એ પ્રશ્ને મને ઝંઝોળી નાખ્યો. શું સાચે જ મારામાં કોઈ ખોટ છે ? એ પ્રશ્ન મને ખૂબ સતાવવા લાગ્યો. કદાચ અંદર ને અંદર હું મારી જાતને કોસવા લાગ્યો હતો. મારી અંદર એટલો બધો વિરોધાભાસ ચાલુ થયો હતો, જેને શાંત પાડવા મારી પાસે ન તો સાચી સમજણ હતી, ન આવડત. હું અજાણતા જ મારી જાતને સમય અને સંજોગોના પ્રવાહમાં ખેંચાઈ જવાની મંજૂરી આપી ચૂક્યો હતો.

'ચાલો, પિઝા હટ જઈએ.' ત્યાં તો પરમે કહ્યું.

'યસ, લેટ્સ ગો. બહુ ભૂખ લાગી છે.' નિખિલે પરમની વાતને વધાવી લીધી.

'શું કહે છે મિરાજ ?' પરમે પૂછ્યું.

'આમ તો જવામાં વાંધો નહીં. પણ ઘરે પહોંચતા લેટ થઈ જશે.' મારો ચહેરો ફિક્કો પડી ગયો હતો.

'નહીં થાય લેટ. બસ અડધો કલાક વધારે થશે.' પરમે મારા ખભા પર હાથ મૂકીને કહ્યું.

'કમ ઓન મિરાજ. ડોન્ટ બી મમ્મા'સ બેબી.'

'ઓ.કે.' બધા સામે પોતાનું ખરાબ ના દેખાય, એટલે મેં સ્વીકૃતિ આપી દીધી. આમેય પરમ મને કાયમ મનાવી જ લેતો.

'આજે મારા તરફથી બધાને પાર્ટી.' પરમે પોતાનું વોલેટ બહાર કાઢ્યું અને પિઝા ઓર્ડર કરવા આગળ ગયો.

એ ઓર્ડર કરીને પાછો આવે એટલામાં હું અને નિખિલ એક ખાલી ટેબલ પાસે જઈને બેઠા. કોઈએ નિખિલના નામની બૂમ પાડી.

'હાય...' અઢાર-ઓગણીસ વર્ષની એક છોકરીએ આવીને નિખિલને ધબ્બો માર્યો.

'શોર્ટ યેલો ડ્રેસ, હાય હિલ્સ, ખભા પર સ્લિંગ બેગ, માથા પર ગોગલ્સ, ગોલ્ડન હાઈલાઈટ કરેલા વાળ અને ડાર્ક કલરની લિપસ્ટિકવાળી આ છોકરીને નિખિલ સાથે શું સંબંધ હોઈ શકે ?' હું એને જોઈને વિચારતો જ રહી ગયો.

'હેય... શિવાંગી.' નિખિલે એની સાથે હાથ મિલાવ્યો.

'ગુડ ટૂ સી યૂ આફ્ટર અ લોંગ ટાઈમ.' શિવાંગીએ નિખિલને ભેટીને કહ્યું.

'તું અહીંયા ?'

'હા, જેમ તું બરોડા છોડીને આવ્યો એમ હું પણ...' શિવાંગીના ચહેરા પરના ભાવ સહેજ બદલાયા.

'છોડીને ?'

'જવા દેને... ઈટ્સ અ લોંગ સ્ટોરી.'

'યૂ મીન તું ઘર છોડીને...???'

'નોટ એક્ઝેક્ટલી બટ સમ થિંગ લાઈક ધેટ... આઈ એમ સ્ટેયિંગ વિથ માય ફ્રેન્ડ.' શિવાંગીએ પાછળના ટેબલ પર બેઠેલી બે-ત્રણ છોકરીઓમાંથી એક છોકરી તરફ ઈશારો કરતા કહ્યું.

'ઓહ... ધેટ્સ સેડ.'

'નો, ધેટ્સ એબ્સોલ્યૂટલી કૂલ.'

'એટલામાં પરમ પિઝા ઓર્ડર કરીને આવ્યો.'

'મીટ પરમ, માય બેસ્ટ ફ્રેન્ડ ઈન ધીસ ન્યૂ સીટી.'

'હાય ! શિવાંગીએ એની સાથે હાથ મિલાવ્યો.'

'આ મિરાજ છે.'' નિખિલે મારી તરફ જોઈને કહ્યું.

હું એકીટસે શિવાંગીને જોઈ જ રહ્યો કારણ કે એને જોઈને મારા મનમાં અનેક પ્રશ્નો ઊભા થયા હતા. પણ જેવું શિવાંગીએ મારી સામે જોયું કે મારી નજર એક પળ માટે ઝૂકી ગઈ. કોણ જાણે કેમ બ્લૂ કલરના લેન્સવાળી એની આંખોમાં રહેલી નખરાવાળી વૃત્તિ અને બેશરમીને મારી આંખો સહન ના કરી શકી.

'હાય, મિરાજ. નાઈસ નેમ.' શિવાંગીએ મારી સામે હાથ આગળ કર્યો.

'હાય.' મેં ફરી એની સામે જોયું અને મારો હાથ આગળ કર્યો.

અચાનક મિરાજ આગળ બોલતા અટક્યો. મારી સામે જોતા જોતા એની નજર મીત પર જઈને પછી ઝૂકી ગઈ.

'મિરાજ, મને તારા પર ગર્વ છે. હું ભલે મારી જાતને એક્સ્ટ્રોવર્ટ સમજતો હોઉં પણ તારા જેવી ઓપનનેસ તો મારામાં પણ નથી. તારી ટ્રાન્સપરન્સી પર આજે મને રિસ્પેક્ટ થાય છે. તે ખરું કર્યું કે ખોટું એના તરફ મારી દૃષ્ટિ નથી પણ તારી સાથે જે વીત્યું એ તું આમ વર્ણવી શકે છે, એ જોઈને મને આજે તું મારો મોટોભાઈ હોય એવું લાગે છે.' મીતની આંખો સહેજ ભીની થઈ.

'મિરાજ, આ મીત છે ને, એનું હૃદય અને એના વિચારો બંને જરાય સંકુચિત નથી, એ તારાથી બહેતર બીજું કોણ જાણે છે ? એટલે જે પણ થયું એ નિશ્ચિંત થઈને બોલ.' આટલું કહીને મિરાજ આગળ બોલે એના માટે હું અને મીત ચૂપ રહ્યા.

'આજ સુધી આટલી બધી મોર્ડન છોકરી સાથે મેં ક્યારેય વાત પણ કરી નહોતી. હેન્ડ શેક કરીને એક અલગ જ પ્રકારની ફીલિંગ આવી. નિખિલ મારા કરતા ઉંમરમાં છએક વર્ષ મોટો હતો, એ વાત હું ભૂલી જ ગયો. મને લાગવા લાગ્યું કે જે મોજમજા નિખિલ કરી શકે અને જે છૂટછાટ પરમ લઈ શકે છે, એ બધું આજના જમાના પ્રમાણે નોર્મલ કહેવાય અને મારે પણ હવે ચેન્જ થવું જ જોઈએ.

નકલી સ્માઈલવાળા માસ્કની પાછળ રહેલા મારા મનમાં સતત ઘમસાણ ચાલી રહ્યું હતું. ગમે તે ભોગે મારે હવે બદલાવું હતું. બધા જેવા થવું હતું. મારી દુનિયા જાણે પરમ અને નિખિલના વ્યક્તિત્વ સુધી સીમિત થઈ ગઈ હતી. મારે મારું વ્યક્તિત્વ જ બદલી નાખવું હતું.'

'આઈ મસ્ટ સે યોર ફ્રેન્ડ્સ આર વેરી ક્યૂટ... સ્કૂલ બોય્સ.' આટલું બોલીને શિવાંગી હસી પડી. આને કોમ્પ્લિમેન્ટ સમજવું કે મજાક એ વાત પરમને અને મને સમજાય એ પહેલા જ શિવાંગીની ફ્રેન્ડ ત્યાં આવી પહોંચી.

'કમ ઓન. શોનો ટાઈમ થઈ ગયો છે.'

'ઓહ, યસ...' શિવાંગીએ એના કાંડા પર ચમકતી મોટી રિસ્ટ વોચમાં જોયું.

'તમે લોકો મૂવી જોવા આવ્યા છો ?' નિખિલ પૂછે એ પહેલા પરમે જ પૂછી લીધું.

'યસ. બસ સોરી... વી આર ગેટિંગ લેટ.' શિવાંગીએ પરમ સામે સ્માઈલ કરીને એના ગાલ પર સહેજ ટપલી મારતા કહ્યું.

'પહેલી જ મુલાકાતમાં આવું વર્તન ?' મને મનોમન ખૂબ નવાઈ લાગી.

'ઈટ્સ ઓ.કે. નાઈસ મીટિંગ યૂ. વી વિલ મીટ અગેઈન. રાઈટ નિખિલ ?' પરમે નિખિલ સામે જોઈને કહ્યું.

પરમ એમ પણ કોઈ છોકરી સાથે વાત કરવાનો મોકો છોડે એવો નહોતો, એ તો મને ખબર જ હતી છતાં એ વખતે મને એના પ્રત્યે સહેજ અણગમો થયો.

'યસ ઓફ કોર્સ. હવે એમ પણ આને ખબર છે કે હું અહીંયા છું. એટલે આ મારું લોહી પીધા વિના નથી રહેવાની.' નિખિલે હસતા હસતા કહ્યું.

શિવાંગી પણ હસી પડી. મોડું થવાથી એની ફ્રેન્ડ એનો હાથ ખેંચવા લાગી.

'નિખિલ, ગિવ મી યોર કોન્ટેક્ટ નંબર. આઈ વિલ કેચ યૂ લેટર.'

'સ્યોર.' બંનેએ પોતાના કોન્ટેક્ટ નંબર એક્સચેન્જ કર્યા.

'બાય એવરીવન.' શિવાંગી અને એની ફ્રેન્ડ હાથ હલાવીને ત્યાંથી નીકળવા લાગ્યા.

'નાઈસ મીટિંગ યૂ.' પરમે છેલ્લે છેલ્લે ફરીથી કહ્યું.

શિવાંગીએ પાછા વળીને એને સ્માઈલ આપી.

'તું શિવાંગીને કેવી રીતે ઓળખે છે ?' પરમનો ડ્રાઈવર બધાને લેવા મોલના પાર્કિંગમાં આવી પહોંચ્યો હતો. ઘરે પાછા જતા રસ્તામાં પરમે નિખિલને પૂછ્યું.

'શી વોઝ ઈન માય કોલેજ.'

'ઓહ...'

'શી વોઝ બિહાઈન્ડ મી. બટ આઈ વોઝ નોટ મચ ઈન્ટરેસ્ટેડ ઈન હર.' નિખિલે એના માથામાં હાથ ફેરવતા કહ્યું.

'વ્હાય ? શી ઈઝ સો નાઈસ.'

'શી ઈઝ નોટ ઓફ માય ટાઈપ. શી ઈઝ જસ્ટ ફોર ટાઈમ પાસ.'

'ટાઈમ પાસ ? ધેન વ્હોટ ઈઝ યોર ટાઈપ ?'

નિખિલે માત્ર સ્માઈલ આપી અને પરમના સવાલનો કોઈ જવાબ ના આપ્યો.

'એનો એક બોય ફ્રેન્ડ હતો, જે ઘણા વખતથી અહીંયા જ શિફ્ટ થઈ ગયો છે. લાગે છે આ પણ એની પાછળ જ અહીંયા આવી ગઈ છે.'

'ઓહ... રિયલી ?' પરમે જરાક ઉદાસી બતાવી.

'તારે પણ ગર્લ ફ્રેન્ડ તો હશે જ ને ?' પરમે નિખિલને પૂછ્યું.

'એમાં કંઈ પૂછવા જેવી વાત છે ?' નિખિલે હસીને કહ્યું.

હું એ લોકોની વાતો કુતૂહલતાથી સાંભળી રહ્યો હતો.

*એટલામાં ડ્રાઈવરે બ્રેક મારીને કાર સાઈડમાં ઊભી રાખી. મારું ઘર આવી ગયું. એ દિવસે મેં નિખિલનું એક નવું રૂપ જોયું. નિખિલ અને પરમની માનિસકતાનું તારણ કાઢવામાં હું એવો ખોવાઈ ગયો હતો કે પોતાનું ઘર આવી ગયું છે એ વાતનું મને ધ્યાન જ ના રહ્યું.*

*'મિરાજ... તારું ઘર આવી ગયું.' પરમે મિરાજને હલાવ્યો.*

*'ઓહ... યસ.'*

*'ક્યાં ખોવાઈ ગયો ?' પરમે હસીને પૂછયું.*

*'ક્યાંય નહીં. ચલો બાય. એન્ડ થેન્ક્સ પરમ.'*

*'અરે... મેન્શન નોટ.'*

# (૧૨)

પરમ અને નિખિલ ત્યાંથી નીકળી ગયા પણ એમની વાતોની પ્રિન્ટ મારા મનમાં જ રહી ગઈ. નિખિલની ગર્લ ફ્રેન્ડ કોણ હશે ? એની ટાઈપની છોકરી કેવી હોઈ શકે ? શિવાંગી તો આટલી બધી મોર્ડન છે તો એનામાં નિખિલને કેમ ઈન્ટરેસ્ટ નહીં હોય ? પરમને પણ તો બે ચેટ ફ્રેન્ડ્સ છે. મારે આ બધું વિચારવાની શું જરૂર છે ? હશે, એમને જે કરવું હોય એ બધું એ લોકો જાણે ! મારે એનાથી શું લેવાદેવા ?... અંદર ઊભા થતા પ્રશ્નોના જાતે જ સમાધાન લાવવા મેં પ્રયત્ન કર્યો, છતાં વિચારો અટકતા નહોતા. મારે કોઈ લેવાદેવા નહોતી છતાં પણ કંઈક હતું જે મને વિચારતા અટકાવી નહોતું શકતું.

એ દિવસે મને શું સૂઝ્યું કે હું મીત પાસે ગયો.

'મીત, તારે કોઈ ગર્લ ફ્રેન્ડ નથી ?' સવાલ પૂછતી વખતે મેં મસ્તી કરવાનો ડોળ કર્યો પણ અંદર મને મારા કોઈ ગૂંચવાડાનું સમાધાન જોઈતું હતું.

અચાનક આવેલા મારા પ્રશ્નથી મીત જરા ભડક્યો. પણ બીજી જ સેકન્ડે એણે હસીને મારા ખભા પર હાથ મૂક્યો.

'ગર્લ ફ્રેન્ડ એટલે શું એ તો મને કહે ?'

'ગર્લ ફ્રેન્ડ એટલે ગર્લ ફ્રેન્ડ... ડોન્ટ ટ્રાય ટૂ બી સો ઈનોસન્ટ.'

'નો, આઈ એમ સીરિઅસ. મારે તારી પાસેથી સમજવું છે કે ગર્લ ફ્રેન્ડનો અર્થ તું કેવો કરે છે ? લોકભાષાવાળી મોજમજા કરવા કે પોતાને બીજા જેવા પ્રૂવ કરવા માટેની ગર્લ ફ્રેન્ડ કે ફાલતુ ટી.વી. સિરિઅલ્સ અને મૂવી જોઈને અનુકરણ કરવા બનાવેલી ગર્લ ફ્રેન્ડ કે પછી કોઈ ફ્રેન્ડ જ હોય પણ એ ગર્લ હોય એવી ગર્લ ફ્રેન્ડ ?'

'હું તને એક સિમ્પલ સવાલ પૂછું છું, એની સામે તું મને આટલા બધા સવાલો કેમ પૂછે છે ? તારે ન કહેવું હોય તો કંઈ નહીં. રહેવા દે.' હું ભડક્યો.

'જો મિરાજ, ગર્લમાં ફ્રેન્ડ શોધે અને પોતાની મર્યાદા ના ચૂકે, એવું હોય તો

ચાલે પણ ફ્રેન્ડમાં ગર્લને શોધે તો પરિણામ બદલાઈ જાય.'

'અટપટો જવાબ નહીં આપ મીત. મને કંઈ સમજાયું નહીં.'

'શાંતિથી વિચારીશ તો સમજાશે.'

હું આ બાબતે એની સાથે વધારે આર્ગ્યૂમેન્ટ્સ કરી શકું એમ ન હતો એટલે હું ચાલવા લાગ્યો.

'મિરાજ, મને એક સરસ વાત યાદ આવી ગઈ. કહું ?' મેં મિરાજને અહીં અટકાવ્યો.

'પ્લીઝ દીદી, કહોને.'

'રાવણે સીતાજીનું હરણ કર્યું પછી જ્યારે ભગવાન રામ અને લક્ષ્મણ એમને જંગલમાં શોધવા નીકળ્યા હતા, ત્યારે એમને રસ્તામાં ઘરેણા પડેલા મળ્યા. શ્રીરામે એક-એક ઘરેણાને ઉપાડીને લક્ષ્મણને પૂછ્યું, 'લક્ષ્મણ, આ તારા ભાભીની બંગડીઓ છે ?'

'મને ખબર નથી' લક્ષ્મણે જવાબ આપ્યો.

આ જો તો, આ તારા ભાભીના ગળાનો હાર છે ?

'હું નથી જાણતો ભાઈ.'

'આટલા વર્ષોથી આપણે એકસાથે આ જંગલમાં વનવાસ કરીએ છીએ તો પણ શું તું તારી ભાભીના ઘરેણા નથી ઓળખતો !' શ્રીરામે આશ્ચર્યથી પૂછ્યું.

લક્ષ્મણે કંઈ જવાબ ન આપ્યો.

'આ જો, આ ઝાંઝર તારા ભાભીના છે ?'

'હા, આ તો ભાભીના જ છે.' લક્ષ્મણે પહેલી વખત હા પાડી.

આ સાંભળી શ્રીરામને નવાઈ લાગી. એમણે લક્ષ્મણને પૂછ્યું, 'લક્ષ્મણ, તને સીતાના એક પણ ઘરેણાની ઓળખાણ નથી, તો તું આ ઝાંઝરને કેવી રીતે ઓળખી ગયો ?'

'ભાઈ, મેં ક્યારેય ભાભી તરફ નજર નથી કરી. પણ રોજ હું મા સમાન ભાભીના ચરણ સ્પર્શ કરું છું. તેથી એમના ઝાંઝર જોયા છે. માટે મને ભાભીના બીજા કોઈ આભૂષણોની ઓળખ નથી.'

'કેવી અદ્‌ભુત હતી લક્ષ્મણની મર્યાદા અને ભાભી પ્રત્યેનો વિનય. આપણે એ જ આર્ય પ્રજાના વંશજ છીએ. સંયમ, મર્યાદા, પવિત્રતા, ખાનદાની... આ બધું તો આપણી ગળથૂથીમાં જ હોય. પણ અત્યારે આપણી શું દશા થઈ ગઈ છે. સંસ્કાર ચણા-મમરાના ભાવે વેચાઈ રહ્યા છે. અને જે એને સાચવીને બેઠા છે એને એનો

*અફસોસ છે.' મેં કહ્યું.*

*મિરાજ નીચું જોઈ ગયો.*

*'મિરાજ, તે પણ આ જ ભૂલ કરી. તારા સંસ્કારોને તું જાતે ધૂળમાં રગદોળવા તૈયાર થયો.' મારી આ સ્પષ્ટ વાત સાંભળીને મિરાજનો ચહેરો ગંભીર થઈ ગયો.*

*'એ હવે મને સમજાય છે દીદી કે મેં કેવી ભૂલ કરી.'*

*'તને ખબર છે સંયુક્તા, મિરાજમાં એક ક્વોલિટી એવી છે કે જે મારા કરતા પણ વધારે સારી છે.' મીતે મિરાજ આગળ બોલે એ પહેલા કહ્યું.*

*'કઈ ?'*

*'પોતાની ભૂલોને સ્વીકારવાની શક્તિ. ભલે સંજોગો અને વ્યક્તિઓનો સામનો કરવામાં એ પાછો પડ્યો પણ* **જે માણસ પોતાની ભૂલો સ્વીકારી એને સુધારવાનો પ્રયત્ન કરે છે, એ એક દિવસ પોતાના જીવનમાંથી ભૂલોને કાઢીને જ રહે છે.**' *મીત મિરાજને સેલ્ફ નેગેટિવિટીમાંથી કાઢીને એના પોઝિટિવ બતાવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.*

*'આપણી નૌકાની પતવાર આપણા હાથમાં હોવી જોઈએ, બીજાના હાથમાં નહીં.' મેં મિરાજને લાગણીસહ સ્ટ્રોંગ ભાવ સાથે કહ્યું.*

*'તમે સાચું કહો છો દીદી. મારી નૌકાની પતવાર મારા ફ્રેન્ડ્સના હાથમાં હતી. એ દિવસનો અનુભવ મારા માટે જરૂર કરતા વધારે હાઈ ડોઝ સાબિત થશે એ વાતની મને ખબર નહોતી.' કહી મિરાજે વાત આગળ વધારી.*

*હું ઘરે પહોંચ્યો, ત્યારે મમ્મીએ ડિનર તૈયાર રાખ્યું હતું.*

*'ચાલો જમવા.' મમ્મીએ બૂમ પાડી.*

*હું અને પપ્પા જમવા બેઠા. મને અંદર થોડો ફફડાટ હતો કે પપ્પાની હાજરીમાં મમ્મી પિક્ચર બાબતે કંઈ પૂછશે તો... ! મેં જેમ તેમ કરીને થોડું ખાધું અને પછી ઊભો થઈ ગયો.*

*'કેમ સરખું ખાધું નહીં, મિરાજ ?'*

*'બસ મમ્મી, આજે બહુ ભૂખ નથી.'*

*'બહાર કંઈ ખાધું છે ?' જે ટોપિક વિશે વાત કરવાનું હું ટાળવા માંગતો હતો, એ જ પ્રશ્ન મમ્મીએ પૂછી લીધો.*

*'ના, કંઈ ખાસ નહીં. એ તો પરમ અને નિખિલને ભૂખ લાગી હતી એટલે એ લોકોએ પિઝા ઓર્ડર કર્યા હતા.' અંદરથી તો નક્કી જ હતું કે હું સાચું નહીં કહું તો પણ ખબર નહીં કેમ મારાથી જૂઠું બોલાયું જ નહીં.*

'હું જલદી જૂઠું નથી બોલી શકતો, દીદી. એ મારી વીકનેસ છે. અને સાચું બોલ્યા પછી મમ્મીનો ઠપકો સાંભળવો પડે તો એની તૈયારી હું પહેલેથી જ રાખતો. હું અને મીત નાના હતા, ત્યારથી અમને ઘરમાં સાચું બોલતા જ શિખવાડ્યું છે. એ જ સંસ્કાર ત્યારે આડે આવ્યા.'

મીત શાંત રહીને મિરાજને જોઈ રહ્યો પણ એની આંખો અને સહેજ ખેંચાયેલી આઈબ્રો આ વાતનો વિરોધ દર્શાવતી હતી.

'અરે, આ તો વીકનેસ નહીં પણ સ્ટ્રેન્થ છે. ભલે અત્યારે લોકોને એની વેલ્યૂ ના હોય પણ જે રિયલ ડાયમંડ હોય એ એક દિવસ કોલસાથી અલગ તરી જ આવે.' મેં મિરાજને એનામાં રહેલા પોઝિટિવ બતાવ્યા.

'મને તો મારામાં કોઈ વાત સારી દેખાતી જ નથી.' પણ એ નેગેટિવ જ હતો.

'ઘણી સારી વાતો છે તારા અને તારા ફેમિલીમાં. તને અને મીતને નાનપણમાં જે સંસ્કાર મળ્યા છે એ નડતા નથી. એ જ સંસ્કાર લાઈફના રનવે પર દોડવામાં કામ આવશે.'

'લાઈફનો રન વે ?'

તે પ્લેનને ટેક ઑફ કરતાં જોયું છે ને ? શરૂઆતમાં સ્પીડ ઓછી હોય પણ પછી એ સ્પીડ પકડે અને જમીનથી ટેક ઑફ લઈ લે. સંસ્કાર પકડીને આગળ વધવાનું ભલે સહેલું નથી પણ એ સાથે હશેને તો ટેક ઑફ કરીને ઊપર ઊઠવા મળશે. એ સંસ્કાર જ છે જે સુસંગના વાતાવરણમાં સ્પીડ બ્રેકરનું કામ કરે છે.'

મીતની વાતો પણ મિરાજ એટલા જ ધ્યાનથી સાંભળી રહ્યો હતો, જેટલી મારી.

'તે ઘરમાં સાચું કહ્યું પછી શું થયું ?'

'...પછી ?' મિરાજે અમુક સેકન્ડનો પોઝ લીધા પછી વાત શરૂ કરી.

'આ નિખિલ કોણ છે ?' પપ્પાએ તરત જ પૂછ્યું.

'એ પરમનો ફ્રેન્ડ છે.' મેં જવાબ આપ્યો.

'પરમના પપ્પાના નવા બિઝનેસ પાર્ટનરનો છોકરો છે. બરોડાથી એનું ફેમિલી અહીંયા શિફ્ટ થયું છે.' મમ્મીએ વિગતવાર જવાબ આપ્યો.

'તને કેવી રીતે ખબર પડી ?' મમ્મીની વાત સાંભળીને મારી આંખો પહોળી થઈ ગઈ.

'બાજુવાળા કેતકી આન્ટી સારી રીતે ઓળખે છે પરમની મમ્મીને. એ વાત કરતા હતા.'

‘ઓહ.’

બે મિનિટ પછી હું ઊભો થયો.

‘મિરાજ...’ રૂમ તરફ જવા આગળ જ વધતો હતો કે પપ્પાએ મને બોલાવ્યો.

‘હં.’

‘સ્કૂલ ખૂલવામાં હવે એક અઠવાડિયું પણ બાકી નથી રહ્યું, ખબર છે ને ?’

‘હા.’ ચહેરા પર થોડા કંટાળા સાથે મેં જવાબ આપ્યો.

તારે નોટ બુક્સ, ટેક્સ્ટ બુક લેવા સ્કૂલ ક્યારે જવાનું છે ?’’ મમ્મીએ પૂછ્યું.

‘ખબર નથી. પરમને પૂછી લઈશ.’

આજકાલ તારું કોઈ વાતમાં ધ્યાન કેમ નથી હોતું ? ક્યાં ખોવાયેલો રહે છે ? પરમને તો તું આજે જ મળ્યો હતો. તો પૂછી ના લેવાય ?’’ મમ્મીની વાતો મને કચકચ જેવી લાગી.

‘યાદ ના રહ્યું.’ મેં લાપરવાહીથી કહી દીધું.

મારા બદલાયેલા વર્તનથી પપ્પાના હાવભાવ પણ કડક થયા.

‘હવે કાલે ભૂલતો નહીં પૂછવાનું.’

‘હા.’ હું ચૂપચાપ રૂમમાં જતો રહ્યો.

હું રૂમમાં જઈને થોડીવાર એમ ને એમ જ બેસી રહ્યો. આખા દિવસના પ્રસંગો રિવાઈન્ડ થઈને આંખ સામે તરવરી રહ્યા હતા. નિખિલ પ્રત્યે મને અભાવ થઈ ગયો હતો. આવી થર્ડ ગ્રેડ મૂવીની ટિકિટ લેવી, ચાલુ મૂવીમાં અસભ્ય સીન માટે સીટીઓ મારવી, પિઝા હટમાં શિવાંગી જેવી છોકરી સાથે સારું વર્તન કરનાર અને કારમાં એના જ માટે ‘ટાઈમ પાસ ગર્લ’નું ટાઈટલ આપનાર નિખિલની ઓરિજિનલ પર્સનાલિટી શું છે ? એ સમજવું કોમ્પ્લિકેટેડ લાગ્યું. અત્યાર સુધી દેખાવે હેન્ડસમ અને બ્રાન્ડેડ કપડાં પહેરીને સરસ ઈંગ્લિશ બોલવાવાળા નિખિલની પર્સનાલિટીની બીજી સાઈડ જોયા પછી નિખિલથી થોડું દૂર રહેવું જોઈએ એવું મને પહેલીવાર લાગ્યું. મનમાં ચાલતા ઘમસાણે મને થકવી દીધો હતો. હું વહેલો સૂઈ ગયો. પણ ઊંઘ આવે ક્યાંથી ? કેટલાય પ્રયત્નો કર્યા છતાં મન શાંત નહોતું પડતું. વિચારોને બ્રેક વાગતી જ નહોતી. ‘ખરા’ અને ‘ખોટા’ એ બે વકીલોની દલીલો સતત ચાલતી રહી. ત્યારે મને ક્યાં ખબર હતી કે મારો કેસ ઘણો લંબાવાનો છે. કારણ કે ચુકાદો આવવાને હજી ઘણીવાર હતી.’

બીજા દિવસે મેં પરમને મળવા જવાનું ટાળ્યું કારણ કે એ અને નિખિલ લગભગ સાથે જ હોય. આગલા દિવસના અનુભવોથી હું ડિસ્ટર્બ હતો. હું લેપટોપ પર ક્રિકેટની ગેમ રમવા બેસી ગયો. એનાથી બોર થતા વ્હોટ્સએપ ચાલુ કર્યું. એમાં

પણ કંટાળો આવતા ઈન્સ્ટાગ્રામ ખોલ્યું.

આજકાલ બધાને સેલિબ્રિટીઓને ઈન્સ્ટાગ્રામ પર ફોલો કરવાનો બહુ ક્રેઝ હોય છે. હું પણ મારા ફેવરિટ ક્રિકેટર્સ, ફૂટબોલ પ્લેયર્સ, બોક્સર્સ અને એક્ટર્સને ફોલો કરતો હતો. બોલીવુડ અને હોલીવુડ એક્ટર્સ પ્રોફાઈલ જોવામાં મને આશ્ચર્ય અને અજંપાની મનોદશા વચ્ચે ક્યાંક મજા પણ આવી રહી હતી. એમની ઝાકઝમાળ દુનિયાના ફોટાઓ વચ્ચે અમુક ના જોવાલાયક ફોટાઓ પણ સામે આવ્યા. પહેલા તો મેં સ્ક્રીન પરથી નજર ફેરવી લીધી અને એ પેજ બંધ કરી દીધું. પણ જેમ એકવાર ચીકણી માટીમાં લપસ્યા પછી એમાંથી બહાર નીકળવાનો જેટલો પ્રયત્ન કરીએ એટલું એમાં વધારે ખૂપી જવાય, એમ જ થોડીવાર પછી ફરીથી એવો ને એવો કચરો જોવામાં હું ખોવાઈ ગયો.

મૂવીમાં જોયેલા સીન ફરીથી મારા માનસપટ પર ફરી વળ્યા. એ મૂવીની એક્ટ્રેસને પણ મેં ઈન્સ્ટાગ્રામ પર ફોલો કર્યું. આવું બધું કરવા પાછળનું કારણ માત્ર એ જ હતું કે આ લોકોની રિયલ લાઈફ અને પ્રોફેશનલ લાઈફ કેવી હોય છે, એ જાણી લેવાની ઉત્સુકતા ! પણ આ બધું જાણીને મારે કરવું શું છે એની મને ખબર જ નહોતી.

'તારી પાસે આટલી બધી સમજણ છે, છતાં પણ તું એ રસ્તે ખેંચાઈ ગયો ?' મેં મિરાજને પૂછ્યું.

'સમજણ તો હવે આવી. ત્યારે તો ભાન જ ક્યાં હતું ? બસ દેખાદેખીનું ભૂત સવાર હતું. કયા ક્રિકેટર અને એક્ટર પાસે કઈ સ્પોર્ટ્સ કાર, બાઈક છે. કેટલા બંગલા છે એ બધું જાણવું હતું. એ પણ, લોકો જ્યારે આ બધી વાતો કરતા હોય, ત્યારે હું બાઘો ન દેખાઉ એટલા માટે જ. આ નોલેજનો અભાવ દિલના કોઈક ખૂણે મને બીજાથી ઈન્ફિરિઅર ગણાવતું. જેના ઉપાય સ્વરૂપ ગુગલ, ઈન્સ્ટાગ્રામ, યૂટ્યૂબ જેવા સોર્સમાંથી મેળવેલું નોલેજ મને પણ ગ્રુપ ગોસિપિંગમાં આગળ રાખતું. મિરાજ એકીશ્વાસે બધું બોલી ગયો.

હવે હું પણ બીજાની જેમ જ ઘણા ખરા અંશે અપડેટેડ છું. એવા સંતોષ સાથે પલંગમાં લાંબો થયો. હું મનોમન વિચારવા લાગ્યો, આ બધા સેલિબ્રિટી પાસે આટલી બધી જાહોજલાલી છે. એમનામાંથી ઘણાએ તો કોલેજ જોઈ પણ નથી. દસમાં કે બારમામાં ફેઈલ થયા પછી ફરી સ્કૂલ પણ નથી ગયા. તો પણ આજે સૌથી વધારે સુખી છે. અને મારી દશા કેવી છે ? સ્કૂલમાં, ઘરમાં, ટ્યૂશનમાં આખો દિવસ ભણવા માટેના સ્ટ્રેસ અને ટોર્ચર સાથે જીવવાનું. ભણવાથી કોનો ઉદ્ધાર થયો છે તો મારો થવાનો છે ? એક ઊંડા નિસાસા સાથે માથે ચાદર ઓઢીને વિચારોની દુનિયામાં

ખોવાઈને હું ક્યારે સૂઈ ગયો એની ખબર જ ના પડી. એમ પણ ઘણા દિવસોથી ઊંઘ પૂરી જ ક્યાં થતી હતી !

અડધો કલાક પછી ફોન પર રિંગ વાગી. મેં પરાણે આંખો ખોલી. મેં વિચાર્યું કે ચોક્કસ પરમનો ફોન હશે. આજે મળવા નથી ગયો એટલે. પણ ના ! એવું નહોતું. મેં એક આંખ અધખુલ્લી કરીને મોબાઈલમાં નામ વાંચ્યું. આ વખતે વિશ્રુતનો ફોન હતો. વિશ્રુત ?? ઘણા દિવસો પછી !

'હેલ્લો.' મેં આંખો ચોળતા કહ્યું.

'હેલ્લોવાળા. ક્યાં ખોવાઈ ગયો છે ? એક્ઝામ હતી ત્યાં સુધી બરાબર પણ વેકેશન પૂરું થવા આવ્યું ત્યાં સુધી કોઈ ફોન નહીં, કઈ દુનિયામાં જીવે છે ?' વિશ્રુતે મને ઝંઝોળ્યો.

મને મન તો થતું હતું કે વિશ્રુત સાથે બે ઘડી વાત કરી પોતાનું દિલ હળવું કરું પણ કંઈક આડે આવી રહ્યું હતું. વાત કરવી હતી પણ શબ્દો બહાર નીકળી શકતા નહોતા.

'અહીં જ છું. તું કેમ છે ?' મારા શબ્દો ગોઠવાઈને બોલાઈ રહ્યા હતા.

'આઈ એમ ઓલરાઈટ. બસ, આજે તારી યાદ આવી એટલે ફોન કર્યો.'

'હં' આગળ કંઈ ન સૂઝતા હું મૌન થઈ ગયો. મારા બોલવામાં કોઈ ઉમળકો નહોતો. ફ્રેન્ડને તો એ સમજતા ક્યાં વાગ લાગે !

"આઈ હોપ ધેટ એવરી થિંગ ઈઝ ઓલરાઈટ વિથ યૂ." વિશ્રુતે થોડા ચિંતિત સ્વરે કહ્યું.

'હા... હા... એ તો ઊંઘમાં છું એટલે જરા...' હું પાછો અટકી ગયો.

'ઓહ સોરી, આઈ ડિસ્ટર્બ યૂ. સૂઈ જા. ફરી નિરાંતે ફોન કરીશ. બાય, ગુડ નાઈટ.'

'ગુડ નાઈટ.'

મેં આંખો બંધ કરી.

'આઈ હોપ ધેટ એવરી થિંગ ઈઝ ઓલરાઈટ વિથ યૂ.' વિશ્રુતના શબ્દો મારા કાનમાં ગુંજવા લાગ્યા. મારી સાથે બધું ઓલરાઈટ તો નહોતું જ પણ શું રોંગ હતું એ ખબર નહોતી પડતી. વિશ્રુત સાથે વાત ના થઈ શકી, એનો મનમાં ભાર અને વસવસો રહ્યો. ધીમે ધીમે બધું ડલ લાગવા લાગ્યું. કોઈની સાથે ગમતું નહોતું. પરમ અને નિખિલ પ્રત્યે પણ મનમાં છૂપો રોષ હજુ હતો.

મિરાજ એના અતીતમાં એક સફર કરી આવ્યો. એની વાણી નોન સ્ટોપ

નીકળી ગઈ. એની વાતને સાંભળતા અનેકવાર મારું હૃદય દ્રવી ઊઠતું. એક તરફ એના અનુભવોની ધારા વહી રહી હતી અને બીજી તરફ એની વાતો સાંભળતા મારા વિચારોની ધારા પણ અખંડપણે ચાલુ જ રહી. એના જીવનના ઘણા બધા પાસાઓ મને સમજાતા હતા. પણ એ બધા પાસાઓની આપણા માનસ પર કેવી અને કેટલી ગહેરાઈથી અસર થઈ શકે છે. એ એને જોઈને સમજાઈ રહ્યું હતું.

મીત ચૂપ હતો. અનેક ભાવ દર્શાવતી એની લાગણીશીલ આંખોથી એ મને અને મિરાજને જોઈ રહ્યો હતો. અમને બંનેને એણે ખૂબ નજીકથી જોયા હતા. મિરાજના જીવનની ડાયરીના અજાણ્યા પાના વાંચતા એનું હૃદય પણ દ્રવી ઊઠ્યું હશે. મારી ડાયરીના ઘણા ચેપ્ટર તો એણે જોયેલા જ હતા. પણ આજે જે સંયુક્તાને એ જોઈ રહ્યો હતો, એને જોઈને થોડા શોક અને સરપ્રાઈઝ સાથે એ ખુશીની અનુભૂતિ કરી રહ્યો હતો. આજે એની સામેની બંને વ્યક્તિઓની દશા રિવર્સ થઈ ગયેલી હતી. એ રોલ રિવર્સલને પચાવવા અને શમાવવા માટેની ધીરજ અને સમજણ એનામાં છે એની મને ખાતરી હતી.

પણ એણે એના ભાવોને ચહેરા પર આવવાની જાણે મનાઈ ફરમાવી હોય, એમ એ નોર્મલ દેખાવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. પણ આંખો તો ખુલ્લી કિતાબ છે. એ ઘણું બધું કહી દે છે. મોટાભાઈ તરીકે એ બરાબર હતો. અત્યારે મિરાજને સપોર્ટ આપવાની જરૂર હતી, સેટબેક નહીં.

'તને એક વાત પૂછું મિરાજ ?'

'હા દીદી.'

'તને તારી લાઈફમાં સ્પેશિઅલ, હેપી અને સેફ કોની સાથે ફીલ થાય ?'

'હું સમજ્યો નહીં દીદી.'

'ઓ.કે. ચલ, હું તને ત્રણ ઓપ્શન આપું છું. પરમ, નિખિલ અને વિશ્રુત આ ત્રણમાંથી તને કોની જોડે સ્પેશિઅલ, હેપી અને સેફ ફીલ થાય ?'

'અચાનક કેમ આવું પૂછો છો દીદી ?'

'આ તું તારા અંદરવાળા મિરાજને પૂછજે. બહારવાળા મિરાજને નહીં.'

'અંદરવાળો મિરાજ... બહારવાળો મિરાજ ?'

'હા. અંદરવાળો મિરાજ અલગ છે અને બહાર દેખાદેખીનું માસ્ક પહેરીને ફરે છે, એ મિરાજ અલગ છે. અંદરવાળો ઓરિજિનલ છે. એ દિલની વાત સમજે છે. બહારવાળો બુદ્ધિની વાત સાંભળે છે. આંખો બંધ કરીશ તો જવાબ જરૂર મળશે.'

મારો સવાલ સાંભળીને મિરાજે આંખો બંધ કરી. એ જવાબ શોધી રહ્યો હતો.

'મિરાજ, સોરી ટૂ ઈન્ટરપ્ટ યૂ. થોડી જ ક્ષણોમાં મારે બોલવું પડ્યું.

'હં...' એણે આંખો ખોલી અને વર્તમાનમાં પાછો આવ્યો.

મેં મારી રિસ્ટ વોચ તરફ નજર કરી.

અંધારું થઈ ગયું હતું. સમયને માન આપીને અને પોતાની મર્યાદામાં રહીને આગળ વધવું એ વધારે મહત્વનું હતું. આમ તો અમારા બંને વચ્ચે ફ્રેન્ડશિપનો સંબંધ પણ ના કહેવાય. એ મારા માટે નાનાભાઈ જેવો હતો અને હું એના માટે મોટીબહેન જેવી. મીત સાથેની ફ્રેન્ડશિપમાં પણ ક્યાંય કોઈ ડાઘ નહોતો પડ્યો. છતાંય દરેક સંબંધમાં પોતાની મર્યાદાને સ્થાન રહે છે. મર્યાદાની બે મિનિટની ગેરહાજરી અજુગતું પરિણામ લાવી શકે છે.

'ઓહ, ઈટ્સ લેટ. આપણે હવે જવું જોઈએ.' એને આગળ કહેવા મારા હોઠ કંઈ બોલે એ પહેલા જ મીત બોલી ઊઠ્યો.

'હા.' હવે મારે કંઈ કહેવાની જરૂર જ નહોતી.

'લેટ્સ ગો.'

અમે ત્રણે ચાલતા ચાલતા બીચની બહાર નીકળ્યા. મિરાજ નીચી નજરે ચાલી રહ્યો હતો. મીત એકીટસે મિરાજ સામે જોઈ રહ્યો હતો. પોતાના ભાઈની ચાલ અને હાવભાવમાં આવેલા બદલાવથી એ ખુશ હોય એમ લાગ્યું. એની આંખોમાં મારા પ્રત્યે આભારની લાગણી ઊભરાઈ આવી.

'આજે લેટ થઈ ગયું. પણ જલદી મળીશું. આજે મને મિરાજ સાથે વાતો કરવાની બહુ મજા આવી.' મેં મીતની સામે જોઈને કહ્યું.

મિરાજના ચહેરા પર મારા પ્રત્યે વિશ્વાસની લાગણી હતી, જેને મારે અકબંધ રાખવાની હતી. કેટલોય વિશ્વાસ હોય ત્યારે કોઈની પાસે પોતાની વાતો ખુલ્લી કરાય. નહીં તો આજના સમયમાં પોતાના બનીને વિશ્વાસનો ગેરલાભ ઉઠાવીને બરબાદ કરી નાખનારા લોકોની કોઈ કમી નથી.

'તારી સાથે આવીએ ઘર સુધી ?' મીતે પૂછ્યું.

'ના ભાઈ ના, હું પહોંચી જઈશ. ડોન્ટ વરી. ઘર નજીક જ છે.'

'તમારા સવાલનો જવાબ નેક્સ્ટ મીટિંગમાં આપીશ, દીદી.'

'હા. આમ તો મને ખબર જ છે કે તને જવાબ મળી જ ગયો છે.'

મિરાજ કંઈ બોલ્યો નહીં. ફક્ત સ્માઈલ આપી.

અમે છૂટા પડ્યા. મારા મનમાં મિરાજ માટે આનંદ હતો. એની હાલત ચોક્કસ સુધારા પર છે કારણ કે હવે એ મારી સાથે ખૂબ ઓપન થઈ ગયો હતો. એનો

ભાર હળવો થવા લાગ્યો હતો.

જ્યારે આપણે આપણી પીડા કોઈ વિશ્વાસપાત્ર વ્યક્તિ સામે વ્યક્ત કરીએ ત્યારથી જ આપણે મુક્તતા અનુભવવા લાગીએ છીએ.

## (૧૩)

હવેની મીટિંગ કોઈ એવી જગ્યાએ હોય જ્યાં એ સંપૂર્ણપણે પોતાનું મન ખાલી કરી શકે. ત્યાર બાદ એ ભૂતકાળ એની પાસે પીડારૂપે નહીં પણ ફક્ત એક તારણરૂપે રહે, જે એને આગળની જિંદગીમાં ફરી એવી ભૂલો કરતા અટકાવે. હવે એ એના જીવનની એક નવી શરૂઆત કરે એવી મારી આશા હતી. આખરે એવી કઈ જગ્યા હોઈ શકે ?

હું ઘરે પહોંચી. બા ઘરમાં આરતી કરી રહ્યા હતા. ઘરમાં પહોંચતા જ એકદમ શાંતિનો અનુભવ થયો. હું પણ આરતીમાં જોડાઈ.

'બેટા, બે દિવસથી નવરાત્રી ચાલુ થયા છે, ખબર છે ને તને ?' આરતી પૂરી થયા બાદ આરતીની થાળી મારી સામે ધરતા, બા બોલ્યા.

'હા, બા.' મેં આરતી લીધી. દીવા ઉપરથી હાથ ફેરવીને પોતાના માથે લગાડતા જાણે ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત થઈ ગયા હોય એવો આભાસ થયો. મને મિરાજને મળવા માટેની નવી જગ્યા ક્લિક થઈ.

જમી-કરીને ફ્રેશ થઈને હું રૂમમાં ગઈ. નાઈટ ડ્રેસ પહેર્યો અને પલંગમાં આડી પડી. મોબાઈલ બાજુમાં હતો પણ મને એની જરૂર નહોતી. મારે મુક્ત મને મારી અંતર દશાને માણવી હતી. મિરાજની દશામાં મને મારું પ્રતિબિંબ દેખાતું હતું. ફોનની રિંગ વાગતા મારે ઈચ્છા ના હોવા છતાં મોબાઈલ હાથમાં લેવો જ પડ્યો.

'મીત ? અત્યારે શું કામ પડ્યું હશે ?'

'હલ્લો...'

'યાર સંયુક્તા.'

'શું થયું ?'

'શું કહું તને કે શું થયું ?'

'જે કહેવા માટે તે ફોન કર્યો છે એ.'

'મિરાજે આજે મને કહ્યું કે આપણે સાથે બેસીને ટોમ એન્ડ જેરી જોવું છે ?'

'રિયલી ?'

'યસ, આઈ કાન્ટ બિલીવ. અમે નાનપણમાં આમ સાથે કાર્ટૂન જોતા હતા. આજે વર્ષો પછી એની સાથે બેસીને કાર્ટૂન જોવામાં અમે બંને રિલેક્સ થઈ ગયા.

'વાઉ, મને પણ આ સાંભળીને બહુ ખુશી થઈ.'

'અમારા બંને વચ્ચે કેટલાય મહિનાઓથી જે દૂરી હતી એ જાણે ઘટી.'

'એ તો મેં બીચ પર જ જોઈ લીધું હતું.'

'એણે મમ્મીને પણ સામેથી કહ્યું કે કેટલા દિવસ થઈ ગયા, તે પાંઉભાજી નથી બનાવી.'

'ઓહ, તો તો આન્ટી પણ બહુ ખુશ થઈ ગયા હશેને !

'હા, મમ્મી તો એકદમ આસમાનમાં ઊડવા લાગી. મને કહેતી હતી કે સંયુક્તાને મળવું છે.'

'જરૂર મળીશ. મિરાજની હાલતમાં ઘણો ખરો સુધારો થયો છે. પણ મને લાગે છે કે હજી કંઈક છે જે એણે અંદર રાખ્યું છે. કોઈક એવું બેરિઅર છે જે એને રોકે છે. મેં આજે ભગવાનને એને માટે સ્પેશિઅલ પ્રાર્થના કરી કે એ એકદમ પહેલા જેવો નિખાલસ થઈ જાય. રહ્યોસહ્યો ભાર પણ ખાલી કરી નાખે. તું પણ એના માટે સાચા દિલથી પ્રાર્થના કરજેને.'

'શ્યોર કરીશ. તારા મોઢેથી આવા શબ્દો પહેલીવાર સાંભળ્યા.'

'એ તો એક સૂપરપાવર છે, જેના માર્ગદર્શનથી આ રિઝલ્ટ આવી રહ્યું છે. સાથે આપણા પોઝિટિવ ભાવ અને સાચા દિલની પ્રાર્થના પોઝિટિવ રિઝલ્ટ લાવીને જ રહેશે. મને પૂરો વિશ્વાસ છે.'

મિરાજ માટે પ્રાર્થનાઓ તો ખૂબ કરી છે. પણ આજે એક અલગ વિશ્વાસ અને પોઝિટિવિટીના ભાવ સાથે પ્રાર્થના કરીશ.

'હું એને નેક્સ્ટ વીકમાં મળીશ.'

'ઓ.કે. બાય. તને અત્યારે થેન્ક યૂ નહીં કહું. તારો આખો પ્રોજેક્ટ પૂરો થાય પછી જ કહીશ.'

'હા, ખાલી થેન્ક યૂ નહીં. પાર્ટી પણ આપવી પડશે.'

'સ્યોર.'

'સારું, ચલ બાય.'

'બાય.'

*બીજા દિવસે જ મીતના મમ્મીનો ફોન આવ્યો.*

*'સંયુક્તા, બેટા તને મળવું છે.' કોઈ પણ જાતની ઔપચારિકતા વગર એમણે કહ્યું.'*

*કારણ તો મને ખબર જ હતી. આખરે તેઓ પણ એક 'મા' છે. એ એના દુઃખ કોને કહે ? ક્યાં ખાલી કરે ? મને મારી મમ્મી યાદ આવી ગઈ.*

*મેં આન્ટીને તરત હા પાડી. અમે બીચ પર મળ્યા. આન્ટી મારી સામે જોઈ રહ્યા હતા. એમણે વાતની શરૂઆત કરી.*

*'મિરાજ તારા બહુ વખાણ કરતો હતો. લગભગ રોજ ઘરમાં તારી વાતો થાય છે. કાલે મિરાજના સૂઈ ગયા પછી મીત મારી પાસે આવ્યો હતો.'*

*હું શાંતિથી સાંભળતી હતી.*

*'એણે કહ્યું કે મમ્મી, સંયુક્તા આખી બદલાઈ ગઈ છે. કાયમ પરવશ અને લાચાર દેખાતી, નીચું જોઈને બેસી રહેનારી છોકરી આજે આંખોમાં આંખ મિલાવીને બોલી શકે છે. પોતાના દેખાવ પર અફસોસ કરવાને બદલે જાતે જ પોતાની ખામીઓને સ્વીકારીને મુક્ત મને એના પર હસી શકે છે. મિરાજને સમજાવવાની તો આપણે બધાએ ટ્રાય કરી હતી. પણ એની રીત જ કંઈ જુદી છે. મિરાજને ડિપ્રેશનમાંથી બહાર કાઢવામાં આપણે જ્યાંથી થાક્યા, ત્યાંથી જ એણે ફ્રેશ શરૂઆત કરી. મિરાજના મૂરઝાયેલા મનની બંધ કળીઓ ફૂલની જેમ એક પછી એક ખૂલવા લાગી છે. એની મહેક અને ચહેક તો આપણે બધાએ ઘરમાં અનુભવીએ જ છીએ ને ?'*

*'મેં એવું કંઈ નથી કર્યું આન્ટી. મિરાજમાં મને મારો ભૂતકાળ દેખાયો. અને એ પીડાને હું અનુભવી ચૂકેલી છું. એક વિરલ વિભૂતિના આશીર્વાદથી હું નવજીવન પામી છું. એમના માટે કંઈ કરવાનું મારું ગજું નથી. એટલે મારા જેવા બીજા કોઈને મદદરૂપ થઈ શકું તો લાગશે કે હું કંઈક અંશે એમનું ઋણ ચૂકવી શકી છું.' મારું દિલ 'દાદા'ની કરુણા માટે ઝૂકી ગયું. આંખોમાં અને દિલમાં ભીનાશ આવી ગઈ.*

*'સાવ ભાંગી પડી હોય, એ વ્યક્તિ આજે બીજાનો સહારો બની શકે એ વાત મીતના માન્યામાં જ નથી આવતી.'*

*'માન્યામાં તો મારા પણ નથી આવતી.' મેં મનોમન દાદાનો આભાર માન્યો આ નવું જીવન આપવા માટે.*

*થોડી ક્ષણો માટે આન્ટીની નજર મારા પરથી હટી. પોતાની સાડીનો છેડો આંગળીઓમાં ફેરવીને મનમાં થોડી ગડમથલ સાથે એમણે વાત કરવાની શરૂઆત કરી.*

'જ્યારથી મિરાજના વર્તનમાં બદલાવ આવવા લાગ્યો ત્યારથી ઘરમાં મારી હાલત સેન્ડવિચ જેવી થઈ ગઈ હતી. શરૂઆતમાં એ બહુ અગ્રેસિવ થઈ ગયો હતો. ત્યારે એના પપ્પા એના પર વધારે ના અકળાય એના માટે મારે પૂર આવતા પહેલા પાળ બાંધવી પડે એવા એલર્ટ રહેવું પડતું હતું. એક છૂપો ભય રહ્યા કરે કે મિરાજ એના પપ્પા સામે કંઈ આડુંઅવળું બોલી ના દે. કારણ કે ડિસિપ્લિનની બાબતમાં એના પપ્પા બહુ સ્ટ્રિક્ટ છે. મિરાજમાં આવતા બદલાવને ટીનેજની નિશાની તરીકે લેવાનું મીત મને સમજાવતો. એ કહેતો કે આપણે મિરાજ સાથે ગુસ્સા કે અકળામણથી નહીં પણ પ્રેમથી ડીલિંગ કરવાનું છે. છતાંય ક્યારેક મિરાજ એટલો બધો ગુસ્સો કરતો કે મારો પોતાનો પણ કંટ્રોલ જતો રહેતો. મારાથી પણ એને ઘણા આકરા શબ્દો કહેવાઈ ગયા છે. એક બાજુ એનું ભણવાનું બગડતું હતું અને બીજી બાજુ એ પોતે.

અચાનક થોડા સમય પછી એના વર્તનમાં મોટો પલટો આવ્યો. એ ઘરમાં સાવ સૂનમૂન રહેવા લાગ્યો. જે મિરાજ પર મને પહેલા ગુસ્સો આવતો એ જ મિરાજ પર ખૂબ દયા આવવા લાગી. એની હાલત જોઈને દિલ બળી જતું હતું. મારા છોકરાને જાણે કોઈની નજર લાગી ગઈ. એના પપ્પા પણ પછી ખૂબ ઢીલા પડી ગયા હતા. એનો પ્રોબ્લેમ શું છે એ જાણવાના અમે અનેક પ્રયત્નો કર્યા પણ અમારા બધા પ્રયત્નો નકામા ગયા. મીતે પણ એને સમજાવવાની ઘણી ટ્રાય કરી, પણ મિરાજ મીતથી પણ અળગો જ રહેવા લાગ્યો. એની નજીક જવાના દરેક પ્રયાસ સામે એ વધારે સંકોચાવા લાગ્યો. સ્ત્રી બધું સહન કરી શકે પણ પોતાના બાળકનું દુ:ખ સહન ના કરી શકે.

'તમારી વાત સાચી છે આન્ટી. પણ નિયમ એવો છે કે સહનશક્તિની પરાકાષ્ઠા આવે ત્યારે વ્યક્તિ ધર્મ તરફ વળે. નહીં તો ભગવાનનેય ભુલાવે એવો આ સંસાર છે.'

'તારી વાતો તો મોટા માણસો જેવી છે.'

'હું તો નાની બનીને જ રહેવા માંગતી હતી. પણ આસપાસના લોકોએ મને જલદી મોટી કરી દીધી.'

'આપણો સમાજ પણ વિચિત્ર છે.'

'અલ્કા આન્ટી મારી મમ્મીની ઉંમરના જ હોવાથી મારી સાથે ખૂલીને વાત ના કરી શકે, એનો મને ખ્યાલ હતો. વળી, નાની ઉંમરની વ્યક્તિ પાસેથી મોટી વ્યક્તિ કોઈ સલાહ લે એ કંઈ સહજ ના કહેવાય.

'મેં મારા પેરેન્ટ્સને ઘણા દુ:ખ આપ્યા છે. ખાસ કરીને મમ્મીને. શું કરું ? મારો બળાપો ઠાલવવા માટેનું સૌથી સહેલું સાધન મમ્મી જ હતી.' અલ્કા આન્ટીને

મારામાં વિશ્વાસ આવે તો જ એ મારી સાથે ઓપનલી વાત કરી શકે. એટલે મેં એમની સામે મારી ભૂલો ખુલ્લી કરવાની શરૂઆત કરી. એક દિવસ...

'સંયુક્તા, ચલ બેટા તૈયાર થઈ જા. લેટ થાય છે.' મમ્મીના નજીકના રિલેટિવના મેરેજ હતા.

'મારે નથી આવવું.'

'કેમ ? આના માટે તો સ્પેશિઅલી તને પપ્પાએ આટલો મોંઘો ડ્રેસ અપાવ્યો છે.' પલંગ પર ચૂંથાઈને પડેલા ડ્રેસ સામે જોઈને બાએ કહ્યું.

'નથી પહેરવો મારે આ ડ્રેસ.'

'શું થયું બેટા ? તે જાતે જ આ ડ્રેસ પસંદ કર્યો હતોને ?'

'એ મારી ભૂલ હતી. મને હતું કે સારા કપડાં પહેરીશ તો હું સારી લાગીશ. પણ હવે મને ખબર પડી ગઈ છે કે હું ગમે તે પહેરીશ તો પણ આ દુનિયામાં મારા જેટલું કદરૂપું બીજું કોઈ નહીં લાગે.'

'એવું ના બોલીએ બેટા.' બાએ મારા ખભા પર હાથ મૂકીને શાંતિથી કહ્યું.

મેં બાનો હાથ દૂર હડસેલી દીધો.

ડ્રેસ લઈને પગ પછાડતા હું બીજા રૂમમાં ગઈ. બધાને લાગ્યું કે હું તૈયાર થવા જઉં છું. પંદર મિનિટ પછી હું રૂમમાંથી બહાર આવી.

'બેટા, આટલી બધી ડાર્ક લિપસ્ટિક ? અને આ...' મને જોતા જ મમ્મી એકદમ ડઘાઈ ગઈ.

મેં જાણીજોઈને એકદમ ડાર્ક અને બ્રાઈટ કલર્સના મેકઅપ કર્યા હતા. અત્યારની મોડેલ્સ કરે છે ને એવા જ.

'કેમ આમાં શું ખરાબી છે ? બીજો લોકો કરે તો તમે એના વખાણ કરો છો અને હું કરું તો નથી સારું લાગતું. હેં ને ?' મેં ઘાંટા પાડવાના ચાલુ કરી દીધા.

'ના, મારા કહેવાનો અર્થ એવો નથી.'

'તારી બહેનની છોકરીઓ કે બીજી છોકરીઓ સારી તૈયાર થાય તો તું એમને કહે છે કે સરસ લાગે છે.' મારી અંદરની ઈર્ષા બહાર ફૂટી રહી હતી. મેં પોતાની જાત પ્રત્યેની નફરત ઠાલવવા મમ્મીને હથિયાર બનાવી હતી.

'અચાનક તને શું થઈ ગયું છે, સંયુક્તા.'

'બા, તમે તો વચ્ચે બોલશો જ નહીં.' મેં બાને ત્યાં ને ત્યાં જ બોલતા અટકાવી દીધા.

'તમે થોડીવાર બહાર જઈને બેસો.' હું બાનું વધારે અપમાન ના કરી બેસું કે

એ માટે મમ્મીએ બાને વિનંતી કરી.

'ના, અહીંયા જ ઊભા રહો. બહાર નથી જવાનું.' મેં બાનો હાથ પકડી રાખ્યો.

'તમે જ કાયમ કહો છો ને કે છોકરીઓએ તો સરસ તૈયાર થવું જોઈએ. તું તો દેખાવડી જ છે. બસ, એક જ વાંધો છે. અને એ પણ પેલી બધી દવાઓથી સારું થઈ જશે.'

'હા બેટા, પણ ધીરજ તો રાખવી પડેને.'

'બે વર્ષ થયા તોય કોઈ રિઝલ્ટ દેખાતું નથી. હજી કેટલી ધીરજ રાખું.' મારી તોછડાઈ વધતી જતી હતી.

'સંયુક્તા...' મમ્મીએ મને અટકાવવાની કોશિશ કરી.

'બસ મમ્મી, મને બોલવા દે. તમે લોકો કહો છો ને કે હું દેખાવડી જ છું. તો જો મેં આ રેડ લિપસ્ટિક અને ગોલ્ડન આઈ શેડો કર્યા છે. તો પણ મારું રૂપ કેમ ખીલતું નથી ?'

મેં હાથની આંગળીઓ જોશથી હોઠ પર ઘસી અને બધી લિપસ્ટિક ચહેરા પર ફેલાવી દીધી. આઈ શેડો અને કાજલ પણ ઘસી નાખ્યા. અને એ હાથ નવા ડ્રેસ પર ઘસી નાખ્યા.

મમ્મી અને બા બંને મૌન થઈને મારું ગાંડપણ જોઈ રહ્યા. મમ્મી મારી નજીક આવવા ગઈ પણ મેં હાથ લાંબો કરીને ત્યાં જ ઊભી રાખી દીધી.

'તમે બધા જતા રહો અહીંથી. મને એકલી છોડી દો.'

એ લોકો ચૂપચાપ રૂમની બહાર ચાલ્યા ગયા. મેં ધડામ કરીને રૂમનો દરવાજો બંધ કરી દીધો.

અરીસા સામે જઈને ઊભી રહી. પોતાનો ચહેરો જોઈને મારા મોઢામાંથી ચીસ નીકળી ગઈ. હું ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડી.

મમ્મી અને બા બહારથી દરવાજો ખોલવા વિનંતી કરતા રહ્યા. હું અંદર અને તેઓ બહાર. બંને રડી રહ્યા હતા.

અલ્કા આન્ટી એકીટસે મને જોઈ રહ્યા હતા. કદાચ એમને નવાઈ લાગી રહી હતી કે હું કેવી રીતે મારી આવી પાગલપન જેવી વાતો એમની સાથે મુક્તતાથી કરી શકું છું ?

'તમને ખબર છે આન્ટી. મારી દવાઓ એટલી ભારે હતી કે એની આડઅસરરૂપે મારો સ્વભાવ ચીડિયો થઈ ગયો હતો. મારા હોર્મોન્સમાં ભારે બદલાવ

આવી ગયો હતો. શરીરની ગરમી આખરે મગજ અને વાણીમાંથી બહાર નીકળીને, બીજાને દઝાડીને જ શાંતિ પામતી. મને ગમે ત્યારે ગુસ્સો અને રડવાનું આવી જતું. વગર કારણે ચીસો પાડીને રડવાનું તો કોમન થઈ ગયું હતું. એટલે ઘરમાં કોઈ મને છંછેડતું નહીં. નાની વાતનું મોટું સ્વરૂપ આપવાની મારી ઈચ્છા ના હોય, પણ મારાથી એવું થઈ જતું હતું. ક્યારેક તો હું સાવ પાગલ જેવું જ વર્તન કરતી. આજે પણ મને મારો લાલ, કાળા અને ગોલ્ડન રંગોથી ખરડાયેલો એ ભયાનક ચહેરો યાદ આવે તો હૃદયના ધબકારા વધી જાય છે.' મેં ઊંડો શ્વાસ લઈને મારી વાતને ત્યાં જ અટકાવી.

મેં અલ્કા આન્ટી સામે નજર કરી. એ સાડીના છેડાથી પોતાની આંખો લૂછી રહ્યા હતા. મેં મારી પાણીની બોટલ એમને આપી. એમણે બે ઘૂંટડા પાણી પીધા અને થોડા સ્વસ્થ થયા. થોડીવાર સુધી અમારા બંને વચ્ચે ચુપકીદી હતી. માત્ર સમુદ્રના મોજાનો અવાજ હતો.અમે બંને દરિયાના મોજાને જોઈ રહ્યા હતા. કોઈ નાના તો કોઈ મોટા મોજા કિનારે આવીને અથડાઈને પાછા વળી રહ્યા હતા.

જીવન પણ દરિયાના મોજા જેવું જ છે ને. જેમ દરિયામાં મોજા આવે ને જાય પણ કિનારો ત્યાંનો ત્યાં જ રહે. એમ આપણા જીવનમાં પણ દુઃખો, તકલીફો, મૂંઝવણોરૂપી મોજા આવે ને જાય. આપણે કિનારાની જેમ સ્થિર રહેવાની જરૂર છે.

'સંયુક્તા, તું તો રડી લેતી હતી. મિરાજ તો રડતો પણ નહોતો. બસ અંદર ને અંદર ઘૂંટાયા કરતો હતો. અને એના કારણે એ વધારે ને વધારે ડિપ્રેશનમાં જતો ગયો.' અલ્કા આન્ટી બોલતા બોલતા નીચું જોઈ ગયા.

'એ જ તો પ્રોબ્લેમ છે આન્ટી. આપણા સમાજના છોકરાને નાનપણથી જ એવું શિખવાડ્યું હોય છે કે તું છોકરો છે. તને રડવાનું ન શોભે. ત્યારથી એ પુરુષ અહંકાર પોતાની ભાવનાઓને અને લાગણીઓને વ્યક્ત કરતા અચકાય છે. છોકરાંઓ રડે નહીં... છોકરાંઓ ઢીલા ના હોય... જેવા ગળથૂથીમાં પિવડાવેલા શબ્દો આખી જિંદગી એમને પોતાની લાગણીઓને વ્યક્ત કરવા જ નથી દેતા. ગૂંગળાઈને, મૂંઝાઈને છોકરો અહંકારરૂપી શસ્ત્ર વડે જ્યારે પોતાના ઈમોશન્સને કચડે છે, ત્યારે તેનું વિકૃત પરિણામ આવીને ઊભું રહે છે. અને એ છે ડિપ્રેશન.

'આમાં અમારી ક્યાં ભૂલ થઈ ગઈ એ જ સમજાતું નથી. અમે જે કંઈ એને કહેતા હતા એ એના સારા માટે જ કહેતા હતા. પણ મીત નાનપણથી જ સમજુ છે. જીવનમાં એ હંમેશાં પોતાના સિદ્ધાંતો મુજબ જીવ્યો છે. જ્યારે મિરાજ પાસે જીવનમૂલ્યો જેવી કોઈ વસ્તુ જ નથી. એ તો સંજોગો જે દિશામાં લઈ જાય એને મૂલ્યવાન ગણી એ પ્રમાણે ચાલ્યો છે. પરિણામે પછડાયો છે.

કુટુંબના સંસ્કારોએ એને અમુક મર્યાદામાં બાંધી રાખ્યો હતો. કદાચ આ સંસ્કારો જ એને મોર્ડન રહેવામાં અને જમાના સાથે દોડવામાં આડે આવતા હતા. એની આજુબાજુનું વર્તુળ મોજ, મજા, મસ્તી, મિત્રો, મૂવીઝ, મ્યૂઝિક, મીડિયા અને માન-ઈમ્પ્રેશન... આ બધા 'મ'થી હંમેશાં ઘેરાયેલું રહેતું. મિરાજને એ આકર્ષતું હતું. પણ આ બધા 'મ'માં એના લિસ્ટમાં એક વધારાનો 'મ' હતો અને એ હતો 'મર્યાદા'. એના કારણે એ અમુક હદની બહાર ખુલ્લેઆમ નહોતો જઈ શકતો પણ ધીમે ધીમે બધાથી નજર છુપાવીને એ લક્ષ્મણરેખા ઓળંગવાના એના ફાંફાં શરૂ થયા. પરમ અને નિખિલની કંપનીએ એમાં મોટો ભાગ ભજવ્યો હશે એવું અમને લાગે છે.'

'એવું કેમ હશે એ તો તમને સમજાઈ ગયું હશેને ?'

'હા, મારી રોકટોક અને કચકચના કારણે એ મારાથી બધું છુપાવતો થઈ ગયો હતો.'

'જે એને પ્રેશર લાગતું હતું. આન્ટી, આપણે એટલું સમજવાની જરૂર છે કે આ પશ્ચિમના સંસ્કારોની અસરના કારણે હવેના બાળકો એમની ઉંમર કરતા વહેલા મોટા થઈ ગયા છે. એમને દંડ, શિક્ષા કે દબાણથી પાછા નહીં વાળી શકાય. પ્રેમ જ એક એવી વસ્તુ છે જેનાથી એ બંધાશે.'

'શું મા-બાપ બાળકોને પ્રેમ નથી કરતા ?'

'કરે છે. પણ એમાં અપેક્ષા પણ હોય છે. સરખામણી પણ હોય છે. અંતે સમાજ કે સોસાયટીમાં પોતાનો મોભો જળવાઈ રહે એ તો હોય જ છે. અને એના કારણે મા-બાપ છોકરાંઓ પર અજાણતા જે દબાણ કરે છે એ એને ટોર્ચિંરંગ લાગે છે.'

'એટલે...'

'એટલે એમ કે મીતને તમે એની ઈચ્છા વિરુદ્ધ એલ.એલ.બી. ભણાવો જ છો ને. અંકલ એલ.એલ.બી. બનીને સક્સેસફુલ થયા એટલે એમના દીકરાએ પણ ફરિજયાત એ જ લાઈન લેવી એવો આગ્રહ યોગ્ય છે ?'

આ સાંભળી આન્ટી એકદમ ચૂપ થઈ ગયા.

'મીત માનસિક રીતે સક્ષમ છે એટલે વાંધો ન આવ્યો. પણ મિરાજને ક્રિકેટમાં કરિઅર બનાવવું હતું અને એ ન કરવા દીધું, ત્યારથી એની પડી ભાંગવાથી શરૂઆત થઈ ગઈ. બસ, પછી તમે કહો છો એમ દેખાદેખી, નબળું મનોબળ, સ્ટ્રેસ, પિઅર પ્રેશર, સેલ્ફ નેગેટિવિટી, સ્પર્ધા... આ બધાએ વાયરસની જેમ એના મનને કોરી ખાધું. અને અત્યારે એની આ હાલત છે.'

આન્ટીથી એક ડૂસકું ભરાઈ ગયું.

'આન્ટી, હતાશા એ એક અસ્થાયી મનોદશા છે. એ કંઈ ગાંડપણ નથી.

ફેમિલીના સપોર્ટથી એમાંથી બહાર નીકળી શકાય એમ છે. ફેમિલીનો સપોર્ટ એટલે એના પર વિશ્વાસ. પ્રેમ અને વિશ્વાસનો ગુણાકાર શું ન કરી શકે ?' મેં હળવેથી મારો હાથ એમના હાથ પર મૂક્યો.

'પેરેન્ટ્સને એવી ખબર પડે છે કે મારા છોકરાને એક્સ્ટ્રા ટ્યૂશનની જરૂર છે પણ એને એક્સ્ટ્રા કાઉન્સિલિંગની જરૂર છે, એનો એમને ખ્યાલ નથી આવતો.'

'મીતે એકવાર કહ્યું હતું કે મિરાજને માનસિક રોગોના ડોક્ટર પાસે લઈ જઈએ. પણ આ વાત સાંભળતા જ મને ધ્રાસકો પડ્યો હતો. મારું મન આ વાત કબૂલવા તૈયાર જ નહોતું.'

જરૂર પડે સાઈકાયટ્રિસ્ટ પાસે જવામાં જરાય શરમ કે સંકોચ રાખવા જેવા નથી. લોકો શું વિચારશે એ વિચારમાં ને વિચારમાં આપણી વ્યક્તિને સાચવવામાં ક્યારેક બહુ મોટું થઈ જાય છે. ડિપ્રેશનના ઘણા સ્ટેજ હોય છે. શરૂઆતના સ્ટેજમાં તો માત્ર કાઉન્સિલિંગથી જ પેશન્ટ ઓલરાઈટ થઈ જાય છે. કોઈ દવાની પણ જરૂર નથી હોતી. મિરાજ પણ અત્યારે એવા જ સ્ટેજમાં છે. જેમ શરીરને તાવ આવે એમ મગજને પણ ક્યારેક તાવ ના આવી શકે ?'

એમણે એમનો બીજો હાથ મારા હાથ પર મૂકતા, એમને એમની ભૂલ સમજાઈ હોય એમ માથું હલાવ્યું.

'અમુક ઉંમરે જો ઘરમાંથી પ્રેમ ના મળે તો માણસ બહાર ફાંફાં મારે. અમારા ઘરમાં પણ ઘણા પ્રોબ્લેમ્સ હતા. મેઈન તો મારા કારણે બધા સંબંધો ગૂંચવાયેલા હતા. પણ એ ગૂંચો એક દિવસ ઊકલી ગઈ. મારા પરિવારને જેના થકી જીવતા આવડ્યું છે, એ વિરલ વ્યક્તિના કારણે જ આજે હું તમારી સામે ઊભી છું. મારા બાહ્ય દેખાવમાં ભલે કોઈ ફેરફાર ના હોય પણ મારી સમજણમાં જે ફેરફાર થયો છે એના પડઘારૂપે મારા વાણી-વર્તન અને વ્યવહારમાં અકલ્પ્ય સુધારો થયો છે.'

'સંયુક્તા, મારે પણ એમને મળવું છે. એમના વિશે વધુ જાણવું છે.'

'ચોક્કસ આન્ટી. અત્યારે હું એમના માર્ગદર્શન પ્રમાણે જ મિરાજ સાથે વ્યવહાર કરું છું. મને વિશ્વાસ છે, મિરાજ એકદમ નોર્મલ થઈ જશે. પહેલા જેવો જ.'

આ સાંભળી આન્ટીના મોઢા પર ખુશી છવાઈ ગઈ.

'અંધારું થઈ ગયું છે. આપણે નીકળીએ આન્ટી...'

'હા. તને મળીને ઘણું સારું લાગ્યું સંયુક્તા. તે ફક્ત મિરાજને જ નહીં, મને પણ સાજી કરી દીધી.

અને અમે બંને છૂટા પડ્યા.

## (૧૪)

*અઠવાડિયાને જતા ક્યાં વાર લાગે ? મેં મિરાજ અને મીતને બીજા દિવસે સવારના સાત વાગે મારા ઘર પાસે બોલાવ્યા. સાઈકલિંગ કરવા જઈશું એવું નક્કી કર્યું હતું. થોડા ટાઈમમાં મિરાજનો ફોન આવ્યો.*

*'હાય મિરાજ.'*

*'હેલ્લો દીદી.'*

*'કેમ છે ? બધું ઓલરાઈટ ?'*

*'હા. બસ તમારી સાથે વાત કરવી હતી.'*

*'એમ ? એટલી જલદી હતી ? કાલે તો મળીએ જ છીએ ને ?'*

*'મેં અત્યાર સુધી તમને જેટલી વાતો શેર કરી છે, એટલી હજી કોઈ સાથે નથી કરી. મીત સાથે પણ નહીં.'*

*'મને ખ્યાલ છે એનો.'*

*'તમે કહ્યું એટલે અત્યાર સુધી મેં મીતની સામે બધી વાત કરી પણ હવે નહીં કહી શકું.'*

*'તને મારા પર કેટલો વિશ્વાસ છે મિરાજ ?' મીતની સામે કેમ નહીં કહી શકે એ પ્રશ્ન મેં એને ડાયરેક્ટ પૂછવાનો ટાળ્યો.*

*'આવું કેમ પૂછો છો ? મારી અત્યાર સુધીની આપવીતી સાંભળ્યા પછી પણ તમને કોઈ શંકા છે ?'*

*'જો તને મારા પર વિશ્વાસ છે તો મને મીત પર વિશ્વાસ છે.'*

*'પણ દીદી...'*

*'અત્યાર સુધી મીત સાથે તારું જે સ્ટ્રોંગ બોન્ડવાળું રિલેશન હતું, એ માત્ર થોડા મહિનાની ગેરસમજણના કારણે વીક ન થઈ શકે. પોતાના જીવનની તકલીફો સામે ઝઝૂમવામાં એ બધાથી થોડા ટાઈમ માટે અલૂફ થઈ ગયો, એનો અર્થ એવો નથી*

કે એ કાયમ માટે એવો જ રહે. મીતને તારા માટે સાચી લાગણી છે.'

'પણ એ મને સમજી નહીં શકે. મારી સાથે આગળ જે કંઈ પણ થયું એ બધી વાત એના ગળે નહીં ઊતરે. એ ક્યારેય મારા જેવી પરિસ્થિતિમાં નથી મૂકાયો. એ મને નહીં સમજી શકે દીદી, પ્લીઝ.'

'મિરાજ, તારી સાથે જે પણ થયું હશે એ હું અત્યારે નથી જાણતી પણ એટલું ખબર છે કે આપણે જેમાંથી પસાર થઈએ છીએ એ બધા લાઈફના ફેઝીઝ છે. અને **આ જ લાઈફનો પ્રોસેસ છે. ભૂલોમાંથી અનુભવ વધે અને અનુભવથી ભૂલો ઓછી થાય.**'

'જરૂરી નથી કે બધાને બધા અનુભવો થયેલા જ હોય !'

'તારી સાથે જે થયું હોય એ કેટલાય લોકો સાથે થયું હોય પણ બધા કહેવા થોડા આવે છે ? તારી સાથે જે પણ થયું હોય, ભલે એ મીતની કે મારી સાથે ના થયું હોય પણ અમે તારી સાથે જ છીએ. હું તો આજે છું અને કાલે નહીં હોઉ. પણ મીત તો કાયમ એના ભાઈ મિરાજની સાથે જ રહેવાનો છે. મને મીતની મેચ્યોરિટી પર વિશ્વાસ છે. મારા પર ભરોસો રાખ. તારો વિશ્વાસ તૂટવા નહીં દઉ. અત્યારે કંઈ પણ વિચાર કર્યા વિના શાંતિથી સૂઈ જા. કાલે સવારે મળીશું. તને કોઈ ફોર્સ નથી, તારું દિલ જેમ કહે એમ કરજે.'

'તમને એવું લાગે છે તો ઠીક છે. હું ટ્રાય કરીશ.'

બીજા દિવસે સવારે મિરાજે ઘરની બહાર આવીને મને કોલ કર્યો.

'હું તમારા ઘરની બહાર છું.'

'ઓ.કે. હું રેડી જ છું. આવું છું.'

'કેમ છે બેટા ? અંદર આવને.' મમ્મી મારી સાથે મીત અને મિરાજને મળવા બહાર આવી.

'ના, આન્ટી. ફરી ક્યારેક આવીશ.' મિરાજે સહેજ સંકોચાતા કહ્યું.

'મીત ક્યાં રહી ગયો ?' મીત ના દેખાતા, મેં પૂછ્યું.

'એની સાઈકલમાં પંચર જેવું લાગ્યું એટલે એ પંચર રિપેર કરાવીને આવે છે થોડીવારમાં.'

'ઓ.કે. એને અત્યારે સવારમાં જ ચેક કરવાનું સૂઝ્યું ?'

'એ આવે ત્યાં સુધી ચાલ અંદર, થોડો ચા-નાસ્તો કરી લે.'

'ના દીદી. આજે તો મમ્મીએ મારો ફેવરિટ નાસ્તો કરાવીને મોકલ્યો છે. હવે પેટમાં જગ્યા નથી.'

'સારું. નેક્સ્ટ ટાઈમ આવવું પડશે. રોનક પણ બહાર ગયો છે. એને આનંદ

થશે તને મળીને.' મમ્મીને હવે મારા જેવા કેસ સાથે આગ્રહ વિનાનું ડીલિંગ આવડી ગયું હતું.

'ચોક્કસ.'

એટલામાં ફોન આવ્યો.

'હેલ્લો. સંયુક્તા, તને એક વાત કહેવી હતી.' મીતને અચાનક શું કહેવું હશે એ ના સમજાયું.

'શું ?'

'આ વાત તું મિરાજને ના કહેતી.'

'ઓ.કે.' હું ચાલીને થોડી આગળ ગઈ જેથી મિરાજથી દૂર જઈને વાત થઈ શકે.

'મિરાજ તારી સામે સારું એવું ખૂલી રહ્યો છે. હું નથી ઈચ્છતો કે હવે એની ક્યાંય બ્રેક વાગે. એ એકવાર પૂરેપૂરો ખાલી થઈ જશે તો હળવો થઈ જશે અને હળવો થશે તો એ ફરીથી પહેલા જેવો જ થઈ જશે એનો મને વિશ્વાસ છે.'

'હા, પણ આમાં તું કહેવા શું માગે છે ?'

'એ જ કે જો એને મારા કારણે ક્યાંય સંકોચ ઊભો થતો હોય તો હું ના આવું. તમે બંને એકલા જ મળી લો તો સારું.' બંને ભાઈઓ એકબીજા માટે વિચારતા હતા.

'ના. તારી જરૂર છે. તું આવી જા. પણ એ પહેલા મારે પણ તને એક વાત કહેવી છે.' મારું કામ હતું એ બંનેને ઉત્તર અને દક્ષિણથી વચ્ચે લાવીને બેલેન્સ કરવાનું, એમને ભેગા કરવાનું.

'શું ?'

'એ જ કે મિરાજ સાથે આગળ શું થયું એ આપણે જાણતા નથી. તું મને એક પ્રોમિસ આપ કે જો એ આજે ખૂલીને બધી વાત કહી દે તો તું કોઈ પણ પ્રકારના ઈમોશન કે અગ્રેશનમાં નહીં આવે. ટીનેજ છે તો ભૂલો તો થઈ જાય. એની કોઈ વાત તારા સિદ્ધાંતથી વિરુદ્ધ હોય તો પણ તારે રિએક્ટ નથી કરવાનું. તું જ કહે છે ને કે એકવાર ખાલી થશે તો હળવો થશે. અને એ હળવો ત્યારે જ થશે જ્યારે એને આપણો પૂરો સપોર્ટ હશે. ભલે એનાથી ગમે તેવી ભૂલ થઈ ગઈ હોય, પણ એને ખાતરી થવી જોઈએ કે એ ભૂલ ખુલ્લી થયા પછી એના માટે તારા પ્રેમમાં કોઈ ફરક નહીં પડે.'

'હા, સંયુક્તા. પ્રોમિસ. હું સમજુ છું. પણ સારું કર્યું કે તે પહેલાથી ચેતવી દીધો. આ જ વાત જો મેં પહેલા સમજી લીધી હોત તો કદાચ અમારી વચ્ચે આ ડિસ્ટન્સ ના આવ્યું હોત. ચેટિંગની દુનિયાની એની કુતૂહલતાને મેં સાંભળી લીધી હોત તો...'

'બસ. મને તારી પાસેથી આ જ ખાતરી જોઈતી હતી. તું આવી જા. અમે રાહ જોઈએ છીએ.'

મિરાજ વિચારોમાં ખોવાયેલો ઊભો હતો. મેં એની પાસે જઈને ગળું ખંખેર્યું અને એ સહેજ ચમક્યો.

'આપણે ક્યાં જવાનું છે ?'

'અહીંથી પાછળ એક રસ્તો છે. આશરે ચાર-સાડા ચાર કિલોમીટર દૂર એક જગ્યા છે, ત્યાં જવાનું વિચાર્યું છે. પણ તને અત્યારે નહીં કહું. ત્યાં જઈને જ જોઈ લેજેને.'

'ઓ.કે.'

'બહુ દિવસ પછી આજે સાઈકલિંગ કરવાની મજા આવી.'

'અમુક નાનપણની યાદોને ફરીથી જીવવાની મજા હોય છે. હું સાઈકલિંગ લગભગ રેગ્યુલર કરી લઉ છું. અને ક્યારેક મન થાય તો કેયોન્સ લઈને બચ્ચાઓની કલર બુકમાં કલરિંગ કરીને પણ નિર્દોષ આનંદ મેળવી લઉ છું. ક્યારેક રસ્તામાં રમતા ગલૂડિયાઓની સાથે રમીને પણ આનંદ મળી જાય છે.'

'જે આનંદ આપણે માત્ર મોબાઈલ, ટી.વી. અને ઈન્ટરનેટની દુનિયામાંથી જ મેળવીએ છીએ એ આનંદ લેવાની આ બધી રીતો તો જાણે ભુલાઈ જ ગઈ છે. નિર્દોષ આનંદ... શબ્દ પણ કેટલો સુંદર છે.'

'હા, મેં પણ કોઈની પાસેથી શીખેલો છે. નિર્દોષ આનંદ... એવો આનંદ જેમાં કોઈને આપણાથી દુઃખ ના થાય.'

એટલામાં સાઈકલની ઘંટડી વગાડતા મીત આવી પહોંચ્યો.

ત્રણેય જણા લગભગ મૌન હતા. અમે શબ્દોને વિરામ આપ્યો હતો અને મનને છૂટ... આ સવારના વાતાવરણની તાજગીને દિલ ભરીને મહેસૂસ કરી લેવાની છૂટ. રસ્તામાં સુંદર ઝાડ અને છોડને જોતા જોતા અને પંખીઓના કલરવને સાંભળતા સાંભળતા, વીસ-પચ્ચીસ મિનિટ પછી અમે એક જગ્યાએ પહોંચ્યા.

'આ તો મંદિર છે.' મિરાજ બોલી ઊઠ્યો.

'અહીંયા તો હું પહેલા ક્યારેય આવ્યો નથી.' મીતે આજુબાજુ નજર કરતા કહ્યું.

એ રામ ભગવાનનું મંદિર હતું. જેમાં સાથે લક્ષ્મણજી, સીતાજી અને હનુમાનજી પણ હતા. એ જગ્યા ગજબની પાવર હાઉસ હતી. શક્તિ, ભક્તિ અને શ્રદ્ધાનું પાવર હાઉસ એટલે મંદિર.

'હા, ચાલો દર્શન કરવા જઈએ.'

શાંતિથી દર્શન કર્યા પછી બહાર એક વિશાળ જગ્યા હતી, ત્યાં જઈને અમે બેઠા અને પ્રસાદ વહેંચીને ખાધો.

'દીદી, તમારા લાસ્ટ ટાઈમના સવાલનો જવાબ...'

'અંહ... મેં માથું ધુણાવતા એને બોલતા અટકાવ્યો. મને ખબર છે તારો જવાબ શું છે.'

મિરાજના ચહેરા પર પ્રશ્નાર્થ ઊતરી આવ્યો.

'લાઈફ ઈઝ લાઈક અ જિગ્સો પઝલ. લોકો બહુ બહુ તો તને એમાં પીસીસ શોધવામાં મદદ કરી શકે. પણ એ પીસ મારી લાઈફની પઝલમાં ફીટ થાય છે કે નહીં, અને થાય છે તો ક્યાં થાય છે એ તો તારે જ નક્કી કરવું પડશે.'

'દીદી, વન્સ અગેઈન તમારી વાતો...'

'બહુ ડીપ છે એમ જ ને ?'

'હા.'

'પણ મને એ વાતની ખુશી છે કે તને એ ડીપ વાતોનો અર્થ સમજાય છે. સી... યૂ આર એ જીનિઅસ.'

મિરાજના ચહેરા પર હળવું સ્મિત ફરી ગયું.

'તને ખબર છે, મેં તને એ પ્રશ્ન કેમ પૂછ્યો હતો ?'

'ના.'

'તું તારી નજીકના ઈનર સર્કલમાં રાઈટ વ્યક્તિઓને ફિટ કરી શકે એ માટે. ત્યારે તો મેં તને પરમ, નિખિલ અને વિશ્રુત એ ત્રણ જ ઓપ્શન આપ્યા હતા. પણ બની શકે કે આ ઓપ્શનમાં વધારે લોકો પણ હોય અને તારે એમાંથી પણ સિલેક્શન અને કેન્સલેશન કરવાનું હોય.'

મારી વાત સાંભળીને મિરાજની નજર સહેજ ઝૂકી ગઈ. એ આજુબાજુ જોવા લાગ્યો. કંઈક હતું જે હજી એને ખટકતું હતું.

'મંદિર બહુ સરસ છે ને દીદી.' એણે કહ્યું.

'હા, હું પણ આજે ઘણા વખતે આવી.'

'મનને ખૂબ શાંતિ લાગે છે.'

'હા, કારણ કે ભગવાન પર આપણને શ્રદ્ધા હોય છે. જ્યાં શ્રદ્ધા હોય ત્યાં શાંતિ લાગે જ.'

'હં.'

'શ્રદ્ધા હોય ત્યાં નવી શક્તિનો સંચાર થાય. એ શક્તિથી તો મોટા મોટા ડુંગરા ઓળંગી જવાય. ત્યાં જીવનના આ નાના-મોટા પ્રસંગોમાં ડિપ્રેસ થવા જેવું છે જ ક્યાં ? બધા દિવસો એકસરખા નથી હોતા. કાળા વાદળો હોય ત્યારે સૂરજ દેખાય નહીં એનો અર્થ એવો નથી કે સૂરજની હાજરી નથી. એ તો વાદળો હટતા પાછો એવા જ ઝગારા મારશે. એમ આપણી સમજણ આડે પણ જે વાદળું આવી ગયું હોય એ ખસી જાય એટલે જ્ઞાનરૂપી પ્રકાશ ઝગમગ થશે જ. વાદળું ખસેડનાર કોઈક જોઈએ બસ.'

યૂ આર રાઈટ. દીદી, તમારા કારણે મને ઘણી સમજણ મળી છે.'

'અને મને બીજાના કારણે.' ફરી દાદા મારી આંખ સામે તાદશ થઈ ગયા, 'ગઈકાલે રાત્રે જ મેં ગાંધીજીનું એક સુંદર સુવાક્ય વાંચ્યું હતું.'

'કયું ?'

***'I WILL NOT LET OTHER TO WALK THROUGH MY MIND WITH THEIR DIRTY FEET'***

***- Mahatma Gandhi***

'હં, સરસ છે.' મિરાજે સાંભળ્યા, સમજ્યા અને વિચાર કર્યા પછી જવાબ આપ્યો.'

'કેટલું સ્ટ્રોંગ અને આત્મવિશ્વાસ ભરેલું છે ને ?'

મીતની નજર નીચી હતી અને પગ પર ગોઠવેલા બે હાથ જોડેલા હતા. મનોમન કોઈ પ્રાર્થના કરી રહ્યો હોય એવું લાગતું હતું. એ પ્રાર્થનાની અરજી કાં તો પોતાની ધીરજ વધે અને સમજણ ઠરે એ માટે હશે અથના તો મિરાજને ખુલ્લા થવાની શક્તિ મળે એના માટે હશે.

'સોરી, પણ ક્યારેક મને અંદર એક ખચકાટ થાય છે કે આ જે બધું હું તમને કહું છું, એ તમારા પૂરતું જ રહેશે ને ?'

'ઈટ્સ ઓ.કે. યૂ ડોન્ટ હેવ ટૂ બી સોરી. એ તો સ્વાભાવિક જ છે ને. હું કોઈ એવી મહાન વ્યક્તિ તો છું નહીં કે તું આમ મને તારી પર્સનલ વાતો કહે. અને અત્યાર સુધી તે જેટલું કહ્યું એ બધું કહેવું પણ કંઈ સહેલું છે ? મેં પણ મારા જીવનની ડાર્ક સાઈડ મારી લાઈફના એક સ્પેશિઅલ વ્યક્તિને એકલામાં જ કહી હતી.'

'બીજી બાજુ મને એવો પણ વિચાર આવે કે તમને મારી પાસેથી શું જોઈએ છે ? કંઈ જ નહીં. છતાં તમે મને તમારો ખૂબ ટાઈમ આપ્યો છે. મારી બધી વાતોને શાંતિથી સમજી છે. એમાં તમારો ક્યાં કોઈ સ્વાર્થ છે ?'

'સ્વાર્થ છે ને !'

'હું નથી માનતો.'

'એક ટાઈમ એવો હતો જ્યારે હું પણ તારા જેવી સ્થિતિમાં હતી. અને કોઈકે મને એમાંથી મુક્ત કરાવી છે. એ દિવસથી સતત દિલમાં રહે છે કે બધાને આવી જ મુક્તતા મળવી જોઈએ. કોઈનું પણ દુ:ખ જોઉં તો મને બહુ દુ:ખ થાય છે. મારું પોતાનું દુ:ખ મટાડવા માટે જ હું આ બધું કરું છું. અને આ જ મારો સ્વાર્થ છે. તું આ ડાઉન ફેઝમાંથી બહાર આવશે તો મને ખૂબ આનંદ અને સંતોષ મળશે.

કોઈએ મારા જીવવાના આખા ધ્યેયને બદલ્યો છે. એમણે મારા માટે એટલું બધું કર્યું છે, જે હું શબ્દોમાં વર્ણવી નથી શકતી. તો સામે એમના માટે હું શું કરી શકું ? એમને કંઈ આપી શકવા હું અસમર્થ છું. હા, એટલું ચોક્કસ કરી શકું કે આપણી જેમ પીડાતા બીજા મિરાજ અને સંયુક્તાને જીવનમાં સુખ, શાંતિ અને સાચી સમજણ મળે એમાં કંઈક અંશે હું મદદરૂપ થઈ શકું તો મારું અહોભાગ્ય. અને એ જ મારી એમને રિટર્ન ગિફ્ટ હશે !'

'તમારી વાત અને વિચારો બહુ ઊંચા છે. એ સમજતા મને ઘણીવાર લાગશે. એ વ્યક્તિ કોણ છે એ મારે જાણવું છે. પણ પહેલા મારે મારા મનમાં રહેલો રહ્યોસહ્યો ભાર આજે અહીં આ પવિત્ર જગ્યાએ ખાલી કરી દેવો છે.' હું મિરાજની આંખોમાં રહેલી સચ્ચાઈ જોઈ રહી.

'વિશ્વાસ રાખજે, તારી કોઈ પણ વાત બહાર નહીં જાય કે તારા માટે મને કોઈ જ નેગેટિવિટી પણ નહીં થાય. કારણ કે તારા જે પ્રોબ્લેમ્સ છે, એ પ્રોબ્લેમ્સ આજના જમાનામાં કોને નથી ? ફરક માત્ર એટલો જ છે કે જેના મૂળમાં સંસ્કારો ઊંચા છે, એ આમાંથી પાછા ફરવા માટે જરૂર ફાંફાં મારતા હશે. પણ એ લોકોને રસ્તો નથી મળતો. આ ખાઈમાંથી બહાર નીકળવા માટે બધા રસ્તો શોધે છે. પણ વિશ્વાસ કોના પર કરવો એ બહુ મોટો પ્રશ્ન છે.'

'સાચી વાત છે. મારી પાસે અત્યારે શબ્દો નથી કે હું તને કંઈ કહું. પણ તારા એક-એક શબ્દને આજે હું સમજવા માંગું છું. તને સાંભળ્યા પછી હું એક ભાઈ તરીકેની મારી ફરજમાં પાછો ન પડું એ વાતનો મનમાં થોડો ડર પણ છે. પહેલા જે કંઈ પણ થયું એના માટે માફ કરી દેજે મિરાજ. ફરી એવું નહીં થવા દઉં.

મીતના શબ્દોએ મંદિરના વાતાવરણની પવિત્રતામાં સચ્ચાઈ અને પસ્તાવાની લાગણીઓ ઉમેરી દીધી. હૃદયમાં દબાવીને રાખેલા અમુક શબ્દો યોગ્ય સમયે જો કહી દેવામાં આવે તો એ સંબંધોની વચ્ચે ઊભી થયેલી ગેરસમજણની દીવાલને તોડી નાખે છે.

મિરાજે મીત સામે જોયું. મીતની આંખના ખૂણા ભરાઈ ગયા હતા. મિરાજ નરમ પડી ગયો એની ખાતરી કરવાની જરૂર નહોતી. એની આંખો જ કહી આપતી હતી. મારું એક કામ પૂરું થયું એવી હાશ સાથે મેં મંદિર તરફ જોઈને ભગવાનનો આભાર માન્યો.

અમુક મિનિટો માટે અમારી વચ્ચે શબ્દોની ગેરહાજરી રહી અને બે ભાઈઓ વચ્ચે લાગણીની અદૃશ્ય આપ-લે થઈ. હું એ ક્ષણોની સાક્ષી બની, જેમાં મેં સંબંધને ફરીથી જીવંત થતા જોયા.

'હું તને જે મહાન વ્યક્તિની ઘણીવાર વાત કરું છું એમનું જ કહેવું છે કે 'આજનું યુથ બહુ પ્યોર છે. પણ સાચી સમજણ ન મળવાથી મૂંઝાયું છે. એમને રસ્તો દેખાડનાર જોઈએ. એ લોકોમાં ફક્ત મોહ પેસી ગયો છે.' હવે મિરાજે લાગણીઓના વહેણમાંથી બહાર આવીને દબાયેલી ભાવનાઓ અને મૂંઝવણોને ખાલી કરવાનું હતું. એ વિચારે મેં એની વિચારધારાનું વહેણ બદલ્યું.

'મોહ... હા... મોહ... એમાં જ ફસાયા.'

આટલું કહીને મિરાજ ચૂપ થઈ ગયો. એક નવું જ અને અંતિમ ચેપ્ટર આજે એ કહી દેવાનો હોય એવું સ્પષ્ટ જણાતું હતું. એના ચહેરા પર દૃઢતા અને પસ્તાવો બંને દેખાઈ રહ્યા હતા. કદાચ પેલા ત્રણ ઓપ્શનમાં નવા નામ ઉમેરવાના હતા, જે કહેવા એણે પોતાની જાતને સ્ટ્રોંગ કરી...

# (૧૫)

'મૂવી, ગેમ્સ, ચેટિંગ... મારું એ જ રૂટીન ચાલુ રહ્યું. એ જ અરસામાં મારા જીવનમાં કંઈક નવું બન્યું જેના માટે મારી અંદર સ્ટ્રોંગ ઈચ્છા તો પહેલા જ ઊભી થઈ ગઈ હતી. અને એ ઈચ્છા હતી એક ચેટ ફ્રેન્ડ બનાવવાની.

જ્યારે બધેથી નિરાશા જ મળતી હતી, ત્યારે એક આશારૂપી કિરણના રૂપમાં મને એક નવી ફ્રેન્ડ મળી, પ્રિયંકા. પહેલા દિવસથી જ એની સાથે મને બીજા બધા ચેટ ફ્રેન્ડ્સ કરતા વધારે ફાવવા લાગ્યું. અમારા બંનેની લાઈકિંગ અને થિંકિંગ અમુક હદ સુધી મેચ થતા હતા.'

'મારા અત્યાર સુધીના જેટલા ચેટ ફ્રેન્ડ્સ બન્યા છે એ બધામાં તું બેસ્ટ છે.' પ્રિયંકાની આ વાત મારા માટે સૌથી મોટી ખુશીનું કારણ બની ગયું. કંઈક જીતવાની ખુશી હતી એ.

'રિયલી ?'

'યેસ. યૂ આર સિમ્પલ એન્ડ ઓનેસ્ટ. બીજા છોકરાંઓની જેમ તું ફ્લર્ટ નથી કરતો, એ મને ગમે છે.'

'યૂ આર ઓલ્સો વેરી નાઈસ. આજ સુધી કોઈ છોકરી સાથે મેં આટલી ફ્રીલી વાતો નહોતી કરી એ વાત પ્રિયંકાને કહેવાનું મન તો થઈ ગયું પણ હું બોલી ના શક્યો.

મને પ્રિયંકાની નિખાલસતા ગમવા લાગી. સ્કૂલમાં હું છોકરીઓ સાથે માત્ર કામ પૂરતી જ વાતો કરતો. પણ જ્યારે પરમ અને નિખિલને છોકરીઓ સાથે ઓપનલી વાતો કરતા જોયા, ત્યારથી મગજમાં એક પ્રકારની ઈન્ફિરિયારિટીનું ભૂત પેઠું હતું. તે દિવસના પરમના શબ્દો 'ઈટ્સ નોટ યોર કપ ઓફ ટી' એ મારા અહંકારને વાગી ગયા હતા. હું ખરેખર સંસ્કારી હોવા છતાં, આ બાબતે એની સાથે કમ્પેરિઝનમાં પડી ગયો. પોતાની જાતને પુરવાર કરવા માટે બહાર કોઈ યોગ્ય પાત્ર ન મળતા, ઈન્ટરનેટ પર એક ફ્રેન્ડની શોધ ચાલુ થઈ, જેમાં પ્રિયંકા ફિટ થવા લાગી.

દરરોજ પોતાનો દિવસ કેવો ગયો અને પોતે શું નવું કર્યું એ બધું પ્રિયંકાને કહેવાની મને આદત પડી ગઈ. સામે પ્રિયંકા પણ પોતાના ફેમિલી અને ફ્રેન્ડ્સની વાતો મને શેર કરતી. થોડા જ દિવસોમાં અમારા બંને વચ્ચે એવી ફ્રેન્ડશિપ જામી કે રોજ અમે ઓછામાં ઓછી એકવાર તો વાત કરતા જ. એમ કહી શકાય કે એડિક્શન જેવું જ થઈ ગયું હતું.

આટલું બોલતા જ મિરાજ ઢીલો પડવા લાગ્યો.

'ઈટ્સ ઓ.કે. મિરાજ. સંકોચ કરવાની જરૂર નથી. બધા દેખાદેખીથી જ બોય ફ્રેન્ડ-ગર્લ ફ્રેન્ડ બનાવે છે. બધા પાસે કોઈ છે અને મારી પાસે કોઈ નથી એવું પ્રેશર આવે છે. ભણવાની વાત હોય, પૈસાની વાત હોય, સ્ટેટ્સની વાત હોય કે પછી આવા સો કોલ્ડ રિલેશનની વાતો હોય, આપણા બધાની લાઈફમાં પિઅર પ્રેશર જ તો મેઈન રોલ ભજવે છે.' મેં મિરાજને એની ગિલ્ટી ફીલિંગમાંથી બહાર લાવવા કહ્યું.

એણે આગળ બોલવાનું શરૂ કર્યું.

'પ્રિયંકા મારી બધી વાતોનો રિસ્પોન્સ આપતી, મારી કેર કરતી. મને તો એમ જ લાગતું કે આટલી સારી છોકરી કોઈ હોઈ શકે ખરી ?

હું ઘણીવાર પ્રિયંકાના વિચારોમાં ખોવાયેલો રહેતો. જે સંતોષ મને પહેલા વિશ્રુત અને મીત પાસેથી મળતો હતો, એવો સંતોષ હવે મને પ્રિયંકા પાસેથી મળવા લાગ્યો. મને એમ જ રહેતું કે હવે મને કોઈની જરૂર નથી. એક તરફ પ્રિયંકા સાથે મનમેળ થઈ રહ્યો હતો અને બીજી તરફ ઘરમાં બધા સાથે મતભેદ થઈ રહ્યો હતો.

મીતની પાંપણો ઝૂકી ગઈ. ચહેરા પર ગંભીરતાનું સામ્રાજ્ય છવાવા લાગ્યું.

'મિરાજ, તારા ટ્યૂશન સરનો ફોન હતો. કાલથી ટ્યૂશન જવાનું છે.' મમ્મીએ મારી વેકેશનની ખુશીઓ પર પાણી ફેરવતા કહ્યું.

'ઓહ નો... કાલથી જ ? સ્કૂલ અને ટ્યૂશન બંને ?' મેં જોરથી પગ પટક્યો.

'હા. આટલું વેકેશન તો મળ્યું. હવે કાલથી ભણવામાં લાગી જાઓ.' મમ્મીએ કડક શબ્દોમાં કહ્યું.

'હા... હા... ખબર છે હવે... ફરીથી એ જ પાછું લેક્ચર નહીં આપ.' મમ્મીની કડકાઈનો મેં ઉદ્ધતાઈથી જવાબ આપ્યો.

મમ્મી મારા તોછડા વર્તનથી અકળાવા લાગી હતી. પણ વધારે બોલવાથી હું હજી સામે દલીલો કરીને આડું બોલીશ એમ માનીને એ ત્યાંથી જતી રહી. મમ્મી-પપ્પાને મારા બદલાયેલા વર્તનનું કારણ સમજાતું નહોતું. એ લોકો મારી સાથે થોડો ટાઈમ પસાર કરવા લાગ્યા.

‘બેટા મિરાજ, શું ચાલે છે આજકાલ ? સ્કૂલ ચાલુ થતા તું તો બહુ બિઝી થઈ ગયો છે.’ એક રાતે પપ્પા અચાનક મારી પાસે આવીને બેઠા.

‘હા.’ મેં શોર્ટમાં પતાવ્યું.

‘તારા પપ્પા અને હું વિચારતા હતા કે હવે આપણે રોજ રાત્રે વોક લેવા જઈશું.’ મમ્મીએ આવીને કહ્યું. એવું લાગતું હતું કે મારી સાથે વાત કરતા પહેલા બંને શું વાત કરવી એ નક્કી કરીને જ આવ્યા હતા.

‘જોઈશું. મને વોક કરવામાં એવો કોઈ ખાસ રસ નથી.’

‘કેમ ? પરમ ક્યારેક રાત્રે ફોન કરતો હતો, ત્યારે તો તું જિદ કરતો હતો જવા માટે ?’ મમ્મીએ તરત જ કહ્યું.

‘હા, પણ એની સાથે જવાનું હોય ત્યારે તો તું ના જ પાડી દે છે ને.’

‘એ તો કાયમ રાત્રે મોડા જ બોલાવે તો ના જ પાડવી પડેને ?’

‘રાત સિવાય અમારી પાસે ટાઈમ જ ક્યાં છે ?’

‘અત્યારે તારી ઉંમર એવી છે કે તને કદાચ અમારી વાતો પર વિશ્વાસ નહીં આવે. પણ અનુભવ થયે ચોક્કસ સમજાશે.’

‘મેઈન વાત એ હતી કે આપણે આજથી થોડો ટાઈમ સાથે સ્પેન્ડ કરીશું.’ પપ્પાએ વાતને વાળવાની કોશિશ કરી.

‘હા, મિરાજ. આજકાલ તો મીત પણ એટલો બિઝી થઈ ગયો છે. કેટલા વખતથી આપણે બધા સાથે બેઠા પણ નથી.’

‘હવે હું મોટો થઈ ગયો છું. મને ફ્રેન્ડ્સ સાથે વધારે મજા આવે છે, તમારી સાથે નહીં.’ મારું વર્તન હજી પણ ઉદ્ધતાઈવાળું જ હતું. પહેલા પપ્પા સામે મારી બોલવાની હિંમત નહોતી પણ હવે તો મને એમનીયે પરવાહ નહોતી.

‘ફ્રેન્ડ્સ સાથે જવાની ક્યાં ના છે. પણ એની એક લિમિટ હોય અને સમય સંજોગ પણ જોવાના હોયને ?’ મમ્મીએ કહ્યું.

‘મિરાજ,મમ્મી ના પાડતી હોય તો એનું કોઈક કારણ તો હોયને ?’ પપ્પાનો અવાજ થોડો ગંભીર થયો.

‘કોઈ કારણ નથી. મમ્મીને બસ એમ જ છે કે એકવાર આમ રાત્રે જવા દેશે તો મને આદત પડી જશે અને પછી હું બગડી જઈશ.’

‘ના બેટા, અમને તારા પર વિશ્વાસ છે. પણ સમય બરાબર નથી.’

‘પરમના મમ્મી-પપ્પા એને બધી જ ફ્રીડમ આપે છે. પણ મારા માટે આ ઘરમાં બધા જ રિસ્ટ્રિક્શન છે.’ આખરે મારા મનમાં દબાયેલી વાત આજે બહાર

નીકળવાની તૈયારીમાં હતી. એ લોકોની એક પણ વાત મારા ગળે ઊતરતી નહોતી. અંદર એક અલગ પ્રકારનો આક્રોશ ઊભો થઈ રહ્યો હતો. ખબર નહીં એ બધું શું હતું ?

'તને કેમ એવું લાગે છે ? તારી બધી ડિમાન્ડ પપ્પા પૂરી કરે છે. તોય તને સંતોષ નથી ? મમ્મીએ પૂછ્યું.

'બેટા, પરમનું ફેમિલી બહુ હાઈ સોસાયટીની થિંકિંગ પ્રમાણે જીવવાવાળું છે. આપણાથી એ પ્રમાણે ન જીવાય. એમાં આપણા સંસ્કાર ટકી ન શકે ?' પહેલીવાર મારા ખરાબ વર્તન સામે પણ પપ્પાના શબ્દોમાં કડકાઈ નહોતી. મારા દિલના કોઈક ખૂણે એમની લાગણીની અસર તો થઈ પણ અંદરની નેગેટિવિટીના ફોર્સ સામે એ ટકી ના શકી.

'તમને ફક્ત બહારનું દેખાય છે. એ લોકો વિચારોથી પણ મોર્ડન છે. જ્યારે તમે અને મમ્મી જૂનવાણી જ રહી ગયા. ના તો તમારા વિચારો બદલાયા, ના રહેણીકરણી. તમે બંને દરેક વાતમાં બસ સલાહસૂચન જ આપ આપ કરો છો...' મેં એમના તરફ જોયા વિના જ કહી દીધું. કારણ કે ખરેખર તો મારામાં એમની આંખોમાં જોવાની હિંમત નહોતી થતી. છતાંયે આટલા વખતનો અંદર રહેલો બળાપો ઠલવાઈ ગયો. બોલતા બોલતા મારો અવાજ ખેંચાવા લાગ્યો.

આ બધું સાંભળીને મમ્મીને ખૂબ આઘાત લાગ્યો. એ આગળ કંઈ બોલી નહીં અને રસોડામાં જતી રહી. એક જ ઘરમાં રહીને પણ હું બધાથી અળગો થઈ ગયો હતો. ગુસ્સામાં શું બોલાઈ ગયું એના પર હું કંઈ વિચારી ના શક્યો. મગજની નસો ખેંચાવા લાગી, ગળું સુકાવા લાગ્યું. મન તો થયું ઊઠીને રૂમમાં જતો રહું પણ પપ્પા હજી સામે જ બેઠા હતા. એમની લાગણી મારાથી જીરવાતી નહોતી.

મેં એક સેકન્ડ માટે એમની સામે જોયું અને આંખો ઢાળી દીધી. એક બાજુ અંદરનો રોષ ચાલુ હતો અને બીજી બાજુ મમ્મીને ખૂબ દુઃખ થયું એનો પસ્તાવો. અંદર અજીબ મૂંઝારો હતો. મારે શું કરવું છે એ મને પોતાને જ ક્લિયર નહોતું. અનેક પ્રશ્નો અને મૂંઝવણો વચ્ચે હું ઝોલા ખાતો હતો. હું મારી પોતાની સાથે જ લડી રહ્યો હતો.

એટલામાં મીત ઘરમાં આવ્યો. ઘરનું વાતાવરણ તંગ હતું. એના આવતા બધી વાત ત્યાં જ અટકી ગઈ. પાછળથી એને શું બન્યું એ બધી વાતની ખબર પડી. રાત્રે એ મારા રૂમમાં આવ્યો.

'કેમ છે ભઈલા. આજકાલ બહુ શાંત રહે છે ?' પલંગ પર મારી બાજુમાં

પડેલો સામાન મીત હટાવવા લાગ્યો.

હું પ્રિયંકાને મેસેજ કરી રહ્યો હતો.

'હેલ્લો... હાઉ આર યૂ ?'

'વ્હેર આર યૂ ???'

'કાલથી મારી સ્કૂલ ચાલુ થાય છે. આજે કેમ તારા કોઈ મેસેજ નથી ?'

મેં ફટાફટ ફોન બંધ કર્યો અને મીતની સામે જોયું.

'ના એવું કંઈ નથી. તને પણ ક્યાં ટાઈમ છે જોવાનો કે હું શું કરું છું ને શું નહીં ?' હું જાણે બગાવત પર ઊતરી આવ્યો હતો.

'યેસ. આઈ એમ સોરી ફોર ધેટ. પણ હવે મેં નક્કી કર્યું છે કે હું ઘરમાં ભલે ઓછો પણ ક્વોલિટી ટાઈમ આપીશ.'

'વાહ.' મેં આઈબ્રો ઊંચી કરીને કટાક્ષમાં કહ્યું.

'તને એક વાત કહું ?' એણે નમ્રતાથી પૂછ્યું.

મેં માથું હલાવીને હા કહી.

'પહેલા તો તું નાનો હતો ત્યારે બધી વાતમાં મને પૂછતો હતો. પણ હવે તું મોટો થઈ ગયો છે. તને પણ સારા-ખોટાની સમજ છે. મારા અનુભવ પરથી તને ખાલી એટલું જ કહીશ કે જે વાતમાં પોતાનું દિલ ના માને એવા કામ કરતા પહેલા ત્યાં ચેતી જવાની જરૂર છે. ભલે ગમે એવી ફ્રેન્ડશિપ હોય પણ જ્યાં પોતાનું દિલ ના પાડે ત્યાં ખેંચાઈ ના જતો.'

મેં મીતની સામે જોયું. એની વેધક નજર જાણે મિરાજના મનની આરપાર જવા મથતી હોય એવું લાગ્યું.

'મિરાજ, તું ભલે બહારથી મીતથી નારાજ હતો, તેમ છતાં એની કહેલી વાતોને તે ત્યારે ધ્યાનથી સાંભળી હતી એ વાતનું પ્રૂફ તું અત્યારે જાતે જ આપી રહ્યો છે.' મેં કહ્યું.

'હં... હા, એ દિવસે એની વાત સાંભળતા જ મારા મગજમાં મૂવીવાળો દિવસ યાદ આવી ગયો. એ વખતે જે ગિલ્ટી ફીલ થયું હતું એ યાદ આવી ગયું.

'કાલથી એની સ્કૂલ શરૂ થાય છે. હવે સૂઈ જાવ તમે બંને.' મમ્મીએ બહારથી જ બૂમ પાડીને કહ્યું.

'સારું, સૂઈ જા શાંતિથી.' મારા ખભા પર હાથ મૂકીને મીત ઊઠ્યો. મેં મોબાઈલમાં ટાઈમ જોયો પોણા અગિયાર થયા હતા. પ્રિયંકાના મેસેજીસ પણ આવ્યા હતા.

'આજે સવારથી મારું નેટ બંધ હતું એટલે મેસેજ ના કરી શકી. હમણાં જ તારા મેસેજ વાંચ્યા. વિલ ટોક ટુમોરો. મિસ યૂ.'

પહેલીવાર પ્રિયંકાએ 'મિસ યૂ' કહ્યું હતું. સામાન્યભાવે કહેવાયેલા આ શબ્દોની મારા પર બહુ અસર થઈ ગઈ.

'મિસ યૂ', 'વિથ લવ' આ બધા શબ્દો મગજ કેવું ગાંડું કરી નાખે છે એ ખબર જ નથી રહેતી. આવા શબ્દોના કારણે લખનાર વ્યક્તિ તરફ અજાણતાથી જ ઢળતા જવાય છે.

'મને કોઈ સમજતું જ નથી. એક પ્રિયંકા જ છે જે મને સમજે છે. આજે તો મારાથી એની સાથે વાત જ ના થઈ. કાલથી તો સ્કૂલ, ટ્યૂશન અને હોમવર્કમાં જ બધો ટાઈમ પૂરો થઈ જશે...' એ વિચારે મેં નિસાસો નાખ્યો.

પ્રિયંકા સાથે વાત કરવા નહીં મળે તો મારું શું થશે, એ દુઃખ મારી અંદર ચાલુ થઈ ગયું હતું.

મમ્મી-પપ્પા સાથે ઉદ્ધતાઈથી વાત કરવાના કારણે સવારથી માથું ભારે હતું. ક્યાંય ચેન નહોતું પડતું. પ્રિયંકા પાસે દિલ ઠાલવવું હતું પણ એની સાથે પણ વાત ના થઈ. કંટાળા, ભોગવટા અને અકળામણ સાથે આખો દિવસ પસાર થયો. મોબાઈલમાં ગેમ રમવાની ટ્રાય કરી પણ એમાંય દિલ ન લાગ્યું. કોઈ અલગ પ્રકારની બેચેની મારા મગજમાં હતી. આખરે લાઈટ બંધ કરીને હું સૂઈ ગયો.

આગલા દિવસે ઘરમાં જે થયું એના પછી સવારે મમ્મી-પપ્પાને 'સોરી' કહેવાનું મન તો થયું પણ કહી ન શક્યો. સવારે સ્કૂલ જઉં ત્યારે રોજ મમ્મી બારી પાસે બાય કહેવા ઊભી રહેતી. ત્યારે હું જ ના પાડતો કે હવે હું નાનો નથી, તું આમ બારી પાસે ઊભી ના રહે. પણ આજે ખરેખર મમ્મી બારી પાસે ઊભી નહોતી રહી, ત્યારે મારી નજર મમ્મીને શોધી રહી હતી.

સ્કૂલનો પહેલો દિવસ ઉદાસી સાથે શરૂ થયો. અનેક વિચારોની શ્રુંખલામાં વચ્ચે વચ્ચે પ્રિયંકાનો ચહેરો આવી જતો હતો. બહુ દિવસો પછી સ્કૂલના બધા ફ્રેન્ડ્સ મળ્યા એટલે થોડીવાર બધાએ સાથે હળવી પળો વિતાવી. પરમ પણ એના જૂના ફ્રેન્ડ સર્કલમાં ખોવાયેલો હતો. અમે દૂરથી જ નજર મિલાવી, હાથ ઊંચો કરીને એકબીજાને હાય કહ્યું. મને કોઈ સાથે વધારે વાત કરવામાં રસ નહોતો. બસ, એ લોકોની વાતો અને વિચારો શાંતિથી સાંભળતો રહ્યો.

સ્કૂલમાં કોઈ ટીચરે ખાસ ભણાવ્યું નહીં. બધાએ હવે ભણવાને સીરિઅસલી લેવા પર ભાર મૂક્યો. નવમું ધોરણ એ દસમાં ધોરણનો પાયો ગણાય. એટલે ગોલ સેટ

કરવાની વાતો કરી. મારે પણ ભણવાને સીરિઅસલી લઈને આગળ વધવું હતું. લાસ્ટ એક્ઝામમાં સારા માર્ક્સ આવ્યા પછી બધા સામે મારી જે ઈમેજ બની હતી, એને મારે જાળવી રાખવી હતી. સારા માર્ક્સ આવવાથી પોતાને પણ એક પ્રકારનો સંતોષ મળ્યો હતો.

પણ ભણવાના વિચારો વધારે લાંબો સમય ટકી શકતા નહોતા. વચ્ચે વચ્ચે મને પરમ, નિખિલ, પ્રિયંકા યાદ આવી જતા. જેથી હું કોઈ સર કે ટીચરની વાતો પર ફોકસ નહોતો કરી શકતો. રિસેસમાં લંચ બોક્સ હાથમાં લેતા જ ફરીથી મમ્મીની યાદ આવી ગઈ.

'પણ શું બધી ભૂલ મારી જ છે ? ના, એ લોકોની પણ ભૂલ છે જ. એ લોકો ક્યાં મને સમજે છે. મારે જે જોઈતું હોય, મારે જે કરવું હોય એ બધું મને ઈઝીલી ક્યારેય મળતું નથી. કાયમ રાહ જોવાની. બધું મારે જ સમજવાનું ને મારે જ કોમ્પ્રોમાઈઝ કરવાનું !' ફરીથી મારી અંદર આર્ગ્યૂમેન્ટ્સ ચાલુ થઈ ગઈ. મારા દિલમાં જે થોડો ઘણો પસ્તાવો હતો એ પણ જતો રહ્યો. ફરીથી વાત ત્યાં જ અટકી ગઈ જ્યાં અટકેલી હતી.

આમ સ્કૂલનો દિવસ ઉત્તર-દક્ષિણ દિશાની જેમ આ પાર ને પેલે પાર વચ્ચે ઝોલા ખાતી મનોદશા સાથે પૂરો થયો.

'હેય મિરાજ, આજનો દિવસ કેટલો હેવી હતોને ?' આખરે છૂટ્યા પછી પરમે સ્કૂલના ગેટ પાસે બૂમ પાડીને મને ઊભો રાખ્યો.

'હા યાર, મને પણ બહુ હેવી લાગ્યો.' અમારા બંને માટે દિવસ હેવી હોવાના કારણો જુદા હતા.

'ચલ તો આજે સાંજે મળીએ ટ્યૂશન પછી.' એ કોઈ પ્લાન કરવાના મૂડમાં લાગતો હતો.

'અરે હા, આજે તો ટ્યૂશન પણ જવાનું છે ને ?' મને વધારે કંટાળો આવવા લાગ્યો.

'હા યાર, જવું તો પડશે. પણ મારી પાસે એક આઈડિયા છે.'

'શું ?'

'આજે ટ્યૂશન પછી ક્યાંક બહાર જઈએ ?'

'બહાર ? ક્યાં ?'

'એ પછી વિચારીશું. જો હવે ભણવામાં બહુ લોડ વધશે એટલે જે કરવું હોય તે અત્યારે કરી લઈએ. પછી તો ઊંચુંય નહીં જોવા દે આ લોકો.'

'જોઈશ. મને અત્યારે ઈચ્છા નથી ક્યાંય બહાર જવાની.'

'એ તો થઈ જશે. ટ્યૂશન ક્લાસમાં મળીએ ત્યારે નક્કી કરીએ. ઓ.કે. બાય.' પરમને આજે એનો ડ્રાઈવર લેવા આવ્યો હતો. કારણ નિખિલ પણ બેઠો હતો. એણે દૂરથી મારી સામે હાથ હલાવ્યો.

મેં પણ હાથ ઊંચો કર્યો અને સ્કૂલ બસમાં બેસીને બારીની બહાર જોવા લાગ્યો. ફરીથી હું વિચારોમાં ખોવાઈ ગયો.

મીતની સામે બોલવાનો સંકોચ છોડીને મિરાજ એની વાતોમાં ખોવાઈ ગયો. જ્યારે હું ને મીત મિરાજની જિંદગીના એ પાનામાં ખોવાઈ ગયા જ્યાંથી હતાશા અને નિરાશાએ એના શાંત માનસને ડહોળવાનું ચાલુ કર્યું.

ઘરે પહોંચતા જ હાશ અનુભવાઈ. છતાં ગઈકાલના પડઘા મારા મનમાં અને ઘરમાં ગૂંજતા હતા. મમ્મી સામેથી વાત કરે એવી આશા મનમાં રાખીને હું ચૂપચાપ ઘરમાં પ્રવેશ્યો. મમ્મી સામે હું આંખ મિલાવી શકતો નહોતો. બંને વચ્ચે મૌન કામ કરી રહ્યું હતું. રોજની જેમ જમવાનું થાળીમાં પીરસાઈ ગયું પણ એમાં કોઈ સ્વાદ અનુભવાતો નહોતો. મમ્મીની નજરો પણ મારી સામે કંઈ સાંભળવાની આશાથી જોઈ રહી હતી પણ હું મૌન જ રહ્યો. જમીને રૂમમાં ગયો અને મોબાઈલ લઈને પલંગ પર લાંબો થયો. પ્રિયંકાનો કોઈ મેસેજ નહોતો. ટ્યૂશનમાં જવાનો ટાઈમ થયો ત્યાં સુધી અનેકવાર મોબાઈલ ચેક કર્યો પણ કોઈ મેસેજ નહોતા. પ્રિયંકાને ફટાફટ મેસેજ કર્યા અને એનો કોઈ રિપ્લાય આવે એની હું રાહ જોતો રહ્યો.

ટ્યૂશનમાં પણ એ જ ભણવાની વાતો ! કંઈ મજા નહોતી આવતી. ઘરના કકળાટના લીધે અને પ્રિયંકા સાથે કોન્ટેક્ટ ના થવાથી ક્યાંય ચેન નહોતું પડતું.

'મિરાજ, વ્હેર આર યૂ ?' અચાનક સરે મને પૂછ્યું.

'હિયર... આઈ એમ હિયર ઓન્લી સર.' સરનો અવાજ મારા મગજમાં ટકોરાની જેમ વાગ્યો. હું થોડો સંકોચાયો. મારી આંખોના હાવભાવ અને મારા શબ્દો બંને એકબીજા સાથે મેચ નહોતા થતા એટલે સરે ફરીથી પૂછ્યું.

'હું તને ક્યારનો નોટીસ કરું છું. તારું ધ્યાન ક્યાંક બીજે જ છે. આજે પહેલા દિવસે જ જો આ દશા હોય તો આખું વર્ષ શું કરીશ ?' સરે અચાનક બધાની સામે આમ પહેલા જ દિવસે મારી ફજેતી કરી.

'નો સર. નથિંગ લાઈક ધેટ.'

'તમારી ઉંમરના છોકરાંઓના આ જ પ્રોબ્લેમ છે. ગર્લ ફ્રેન્ડ કે બોય ફ્રેન્ડ સાથે ઝઘડો થયો હોય, એટલે ભણવામાંથી રસ ઊડી જાય. સરે તો હવામાં જ બોલ

ફેંક્યો પણ મને એ વાગી ગયો. એની પાછળનું કારણ મારે સમજવું જ નહોતું. ક્યાંક હું મારી જાતને જ છેતરી રહ્યો હતો. મને મારી રીતે જીવવું હતું એમાં કોઈની ડખલ મને જોઈતી નહોતી.

સરની કમેન્ટથી આખો ક્લાસ મારા પર હસવા લાગ્યો, જે મારા માટે અપમાનજનક હતું.

'અરે, સેમ ટૂ સેમ. મારી પણ એલ.એલ.બી.ના ક્લાસમાં આવી જ હાલત હતી.' મીતે કાયમ મુજબ મજાકિયા ટોનમાં કહ્યું.

મેં એની સામે સહેજ આંખો કાઢીને એને સીરિઅસ થવા ઈશારો કર્યો. મારી ઈચ્છા હતી કે આજે માત્ર મિરાજ નહીં પણ મીત પણ ખાલી થઈ જાય. એ ખાલી થશે તો જ મિરાજ એને વધારે સમજી શકશે.

'મિરાજ, તારી અને મારી દશામાં ખાસ ફરક નહોતો પણ બંનેના કારણો જુદા હતા. આપણે બંને 'પ' માં જ અટવાયા હતા. અને એના કારણે આપણે જ્યાં અટક્યા ત્યાંથી જ આપણા વચ્ચેની દૂરી વધી રહી હતી.' મિરાજની વાત અધવચ્ચે જ અટકાવી મીત બોલ્યો. વાતને વધારે સમય અંદર રાખવાની એની ધીરજ જાણે ખૂટી ગઈ હતી.

'કયા 'પ'ની વાત કરે છે ?' મિરાજે પૂછ્યું.

'તને પિઅર પ્રેશર અને પ્રિયંકા નામના 'પ' એ અને મને પપ્પા નામના 'પ'એ ગૂંચવ્યો હતો.'

મીત, મિરાજ તરફ એકીટસે જોઈ રહ્યો.

'તારા જેવા હાલ હતા એવા જ હાલ મારા એલ.એલ.બી.માં હતા. મેં એને અપનાવી તો લીધું હતું પણ એને સ્વીકારવામાં મારે મારી જાતને વારંવાર ધક્કો મારવો પડતો હતો. હું બહારથી નોર્મલ દેખાવાનો ડોળ કરી રહ્યો હતો પણ અંદર પરિસ્થિતિ સામે ઝઝૂમી રહ્યો હતો. એના માટે મારી શક્તિઓ ઓછી પડતી હતી. એટલે એ વખતે તારી સાથે તારા દુઃખને શેર કરી શકું એટલી શક્તિ મારામાં રહી નહોતી. ગુમસૂમ દેખાતા એ મીતની પાછળ અંદર ને અંદર જ 'પ'ની સામે દલીલો ચાલુ હતી.'

'જે શક્તિની શોધમાં તું હતો, એ શક્તિ તો તમારા બંને પાસે હતી જ. ઘણીવાર પોતાનું મન ખુલ્લું કરી દેવાથી જ આવી પડેલા સંજોગો સામે ટકવાનું બળ મળી રહે છે. ઘણીવાર સોલ્યુશનની નહીં પણ સાંભળનારની જ જરૂર હોય છે.' મેં મીત અને મિરાજ તરફ જોતા કહ્યું.

'દીદી સાચું કહે છે. જો ત્યારે આપણે બંનેએ એકબીજા સાથે વાત કરી લીધી

હોત તો...'

'ભલે તને મારા માટે ફરિયાદ હોય કે મીત પાસે મારા માટે સમય નથી. પણ હકીકતમાં તું એટલે ચૂપ રહ્યો કે તારે પોતાના પ્રોબ્લેમ્સ દેખાડીને તારા ભાઈના દુ:ખમાં વધારો નહોતો કરવો.' મીતે મિરાજની અંદરની અવસ્થાનું વર્ણન કરતા કહ્યું. એની વાતોમાં એક અલગ જ મેચ્યોરિટી તો કાયમ હતી જ.

'અને તું કેમ ચૂપ રહ્યો હતો ?'

આ સવાલ સાંભળતા જ મીત સ્થિર થઈ ગયો અને પછી હસી પડ્યો.

'કારણ કે મારે કાયમ તારા મોટાભાઈ બનીને રહેવું હતું. મને પહેલેથી જ તારો સહારો બનવાની આદત હતી. એટલે મને ખબર ન પડી કે ક્યારેક મારે સહારો લેવો પણ જોઈએ.' આંખોમાં ભીનાશ અને ચહેરા પર સ્મિત સાથે એણે પોતાની વાત કહી દીધી. નીચું જોઈને એણે માથું હલાવ્યું અને ફરી એ પોતે પોતાના પર જ હસી પડ્યો.

આને મીતની સ્ટ્રેન્થ ગણવી કે વીકનેસ એ પણ એક પ્રશ્ન હતો.

મિરાજ, એની અને મીતની વચ્ચે શું બની ગયું એ સમજી રહ્યો હોય એમ ગંભીર હતો.

'ઘણી બધી મૂંઝવણો એકસાથે આવી પડતા તને એમ લાગવા લાગ્યું કે ઘરમાં કોઈને તારી પડી જ નથી. અમુક હદે એ સાચું પણ હોઈ શકે. છતાં શું સામે ચાલીને આપણે આપણું મન ખાલી ના કરી શકીએ ? આજના આ ફાસ્ટ યુગમાં, જ્યાં બધા જ લક્ષ વિનાના જીવન પાછળ દોડી રહ્યા છે, ત્યાં બધા આપણું મન વગર કીધે વાંચી લે, એવી અપેક્ષા રાખવી યોગ્ય છે ?' મારો પ્રશ્ન એ જ મિરાજને મારો જવાબ હતો.

## (૧૬)

'ચાલ, આવે છે ને બહાર.' ટ્યૂશનમાંથી છૂટ્યા પછી પરમે પૂછ્યું.

'ના.'

'કેમ ?'

'બસ એમ જ. આજે મૂડ નથી.' મેં નક્કી કર્યું હતું કે પરમ સાથે બહાર જવાનું ઓછું કરી નાખવું છે.

'અરે એટલે જ તો આવવાનું કહું છું. આખિર દોસ્ત કબ કામ આયેંગે.'

'ના પ્લીઝ, નોટ ટુડે.'

'ઘણીવાર આપણે બીજાથી એટલા બધા અંજાઈ જઈએ છીએ કે આપણું હિતાહિત ભૂલીને એમની પાછળ ખેંચાઈ જઈએ છીએ.' મિરાજની વાતને અટકાવીને ફરીથી એની જિગ્સો પઝલને કમ્પ્લીટ કરવા માટે એક પીસ શોધી આપ્યો.

'એવું કેમ થાય, દીદી ?'

'એકલા પડી જવાના ડરથી.' મારો જવાબ મિરાજને સીધો એની વીકનેસ સુધી દોરી જશે એ મને ખબર હતી. પણ વાસ્તવિકતાને ઓળખ્યા વિના એમાંથી બહાર આવવાના પ્રયત્નો કરવા વ્યર્થ હોય છે. મારી ઈચ્છા હતી કે મિરાજ એની વીકનેસને ફક્ત જાણે જ નહીં પણ એને એક્સેપ્ટ કરતા પણ શીખે. તો એ એક દિવસ જરૂર એમાંથી બહાર આવી શકશે.

મિરાજ ચૂપ હતો પણ એની આંખો મારી વાતને સ્વીકારી રહી હતી.

'એટલે જ તો તું ગયો ?'

'તમને કેવી રીતે ખબર પડી ગઈ, દીદી ? મેં તો હજુ કહ્યું નથી.'

'તારી અત્યારની હાલત જોઈને. તું ત્યારે ન ગયો હોત તો આજે તારી આ દશા ન હોત.'

મારી વાત સાંભળીને મિરાજની આંખો સહેજ પહોળી થઈ ગઈ.

'બટ ઈટ્સ ઓ.કે. ધેટ વોઝ યોર પાસ્ટ વિચ ઈઝ ગોન. નાઉ યૂ નો કે તારી પઝલમાં કોણ ફીટ છે અને કોણ અનફીટ. મે બી યૂ ગેટ ન્યૂ પીપલ, હૂ રિયલી કેર ફોર યૂ એન્ડ હૂ ડીઝર્વ ટૂ બી પાર્ટ ઓફ યોર લાઈફ પઝલ.'

'યેસ દીદી. આઈ વોન્ટ ટૂ ગિવ અ ન્યૂ સ્ટાર્ટ ટૂ માય લાઈફ. હું તમારી સાથે વાત કરું છું તો મારા જીવનને એક નવી દિશા મળતી હોય એવું લાગે છે.'

'પછી આગળ શું થયું ?'

પરમનો ફોર્સ ચાલુ જ હતો કે હું એની સાથે જઉં. મારું ધ્યાન મોબાઈલમાં હતું પણ પ્રિયંકાના કોઈ મેસેજ નહોતા કારણ કે એણે મારા કોઈ મેસેજ જોયા જ નહોતા તો પછી રિપ્લાય તો ક્યાંથી આવે ?

'બોલ શું કહે છે ? આવે છે ને ?' પરમે ફરીથી પૂછ્યું.

મેં કોઈ જવાબ ના આપ્યો. મને ખબર નહોતી પડતી કે શું કરું ?

'નિખિલ પણ આવે છે. કહેતો હતો કે કોઈ સારી જગ્યાએ જઈશું. બસ એક કલાકમાં પાછા આવી જઈશું. એટલે તને ઘરે મોડું પણ નહીં થાય. હવે ના કહીશ નહીં.'

બહાર જવા માટે ઘરે કેવી રીતે કહીશ એમ વિચારી હું મૌન રહ્યો. બે મિનિટ પછી થયું કે ઘરે વહેલા જઈને પણ શું કરવું છે ? એમ પણ મૂડ સારો નથી તો આ લોકો સાથે ક્યાંક બહાર જઈ આવીશ તો સારું લાગશે. એ વિચારે મેં પરમ સાથે ટાઈમ પાસ કરવાનું નક્કી કર્યું. પરમ અને નિખિલ સાથે રહીને હું મારી જાતથી જ દૂર ભાગી રહ્યો હતો.

હિંમત કરીને મેં મમ્મીને ફોન કર્યો. મારા આશ્ચર્ય વચ્ચે કંઈ પણ પૂછપરછ કે સલાહસૂચન વગર મમ્મીએ જવાની હા પાડી દીધી.

'થેન્ક યૂ.' મેં મમ્મીને સોરી તો નહોતું જ કહ્યું પણ 'થેન્ક યૂ' કહેવામાં પોતાને રોકી ના શક્યો.

મમ્મીના પ્રેમે મારા અંતરને પલાળ્યું.

'ક્યાં જવાનું છે ?' મેં પરમને પૂછ્યું.

'કેફેમાં.'

'ઓહ. એના માટે તું આટલો ફોર્સ કરતો હતો ?'

'ના ભાઈ ના. નવું કેફે ખૂલ્યું છે. નિખિલ જઈ આવ્યો છે. કહેતો હતો કે મસ્ત છે.'

એટલામાં પાછળથી આવીને એક કારે જોરથી હોર્ન માર્યો. અમે પાછળ ફરીને

જોયું. નિખિલ કાર લઈને આવ્યો હતો.

'તારા બાપાએ તને ગાડી આપી દીધી ?' પરમે હસીને કહ્યું.

'હા. ક્યારેક તો આપે જ ને.'

હું અને પરમ નિખિલની કારમાં બેઠા. વીસ મિનિટ પછી કાર એક પાર્કિંગમાં જઈને અટકી.

'ઓહ ! અહીંયા જવાનું છે ? પરમે તરત જ કહ્યું.

'લે, તને કેવી રીતે ખબર પડી ?'

'અરે બહારથી જ દેખાય છે નવું ઈનોગ્રેશન થયું છે.'

'યસ.'

'આ તો...' મારું વાક્ય અધૂરું રહ્યું.

'પ્લીઝ યાર, કંઈ નેગેટિવ ના બોલતો. આપણે ખાલી કોફી જ પીવાના છીએ.' પરમે મને આગળ બોલવાનો સ્કોપ જ ના આપ્યો.

એક જ જગ્યામાં અંદર પ્રવેશવા જતા અમારા ત્રણેયની મનોદશા અલગ અલગ હતી. પોતાની મનગમતી જગ્યામાં જતી વખતે જેવો આનંદ હોય એવો આનંદ અને મસ્તી નિખિલના ચહેરા અને ચાલમાં ઝળકતા હતા. પરમ કંઈક નવું જાણવા અને જોવાની ઉત્સુકતા સાથે આજુબાજુ નજર ફેરવતા આગળ વધી રહ્યો હતો. અને હું ફરી એકવાર યોગ્ય-અયોગ્યના વિચારોમાં અટવાયેલો ધીમા પગલે આગળ વધી રહ્યો હતો. હવે આવી જ પહોંચ્યા પછી અંદર પ્રવેશવા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો. આમ પણ મારું મન અનેક વિચારો કરી કરીને થોડું થાકેલું હતું. એટલે વધારે કોઈ વિચાર કર્યા વિના હું નિરાશા, ઉદાસી અને અનિચ્છાના ભાવ સાથે અંદર પ્રવેશ્યો.

મારા ચહેરા પર અંદરની બ્લૂ અને રેડ લાઈટની આભા પડી. હળવું પણ માદક મ્યૂઝિક, ચારે બાજુ ફેલાયેલા હળવા ધુમાડાના ગોટા, અંદર બેઠેલા યુવાનોને ભાન ભુલાવતા હોય, એમ એમના મન પર પોતાનું સ્થાન જમાવી ચૂક્યું હતું.

નિખિલે એક ટેબલ પાસે જઈને પરમ સામે જોયું. પરમે માથું હલાવીને સંમતિ આપી. બંને જણા ત્યાં ગોઠવાયા. મેં પાછળ ઊભા રહીને આજુબાજુ નજર ફેરવી. ત્યાંના મ્યૂઝિકમાં મસ્ત થયેલ યુવાનોના ચહેરા પર સ્માઈલ, સ્ટાઈલ અને સ્ટેટ્સ ઝળકતા હતા. હું પણ એમની સાથે જઈને બેઠો. નિખિલ સોફા પર એક હાથ ફેલાવીને બીજા હાથથી બધાની સેલ્ફી લેવા લાગ્યો. એટલામાં સામેથી શિવાંગી આવતી દેખાઈ. મને શોક લાગ્યો. પરમને પણ નવાઈ લાગી.

'હેલ્લો એવરીવન.' મોટી સ્માઈલ સાથે હાથ હલાવીને શિવાંગીએ બધાને

ગ્રીટ કર્યું.

'હાય ડિયર' નિખિલ ઊભો થયો અને એને ભેટ્યો.

પરમ મારી સામે જોઈને ધીમું હસ્યો.

એટલામાં વેઈટર ત્યાં આવીને ઊભો રહ્યો. મેં આઈસ ટી મંગાવી. પરમે કોલ્ડ કોફી સાથે સેન્ડવિચ અને શિવાંગીએ કોલ્ડ કોફી મંગાવી. નિખિલે આઈસ ટી અને ડબલ એપલ ફ્લેવર શીશા(હુક્કા) ઓર્ડર કર્યા.

મેં મીત સામે જોયું. એણે મિરાજની વાત સાંભળવા માટે પોતાના ચહેરાના હાવભાવ અને દિલના આવેગને સંભાળીને રાખ્યા હતા. મિરાજ મારી સામે જોઈને આગળની વાતો ખુલ્લી કરી રહ્યો હતો. મેં મીત પર એક નજર કરીને તરત જ મિરાજ સામે મારી આંખો અને કાનની સાથે મનને સ્થિર કર્યું.

'વ્હોટ અ સરપ્રાઈઝ ! અમને ખબર નહોતી કે તમે પણ આવવાના છો.' પરમે નિખિલ સામે નજર કરીને શિવાંગીને કહ્યું.

'તમે ? આઈ એમ નોટ એન આન્ટી.'

'ઓહ... સોરી. શિવાંગી.' પરમે સ્માઈલ આપીને કહ્યું.

પરમ જેવા છોકરાંઓ હોય, ત્યાં શિવાંગીને વધારે કહેવું ના પડે કે 'યૂ કેન કોલ મી શિવાંગી.'

'વાય આર યૂ સો સાઈલન્ટ ? સોરી બટ આઈ ફરગોટ યોર નેમ.' શિવાંગીએ મારી તરફ જોઈને કહ્યું.

'મિરાજ.'

'મિરાજ. નાઈસ નેમ.'

'બિચારો, આજે ટ્યૂશન ક્લાસીસમાં સરે કરેલી ગર્લ ફ્રેન્ડવાળી કમેન્ટથી અપસેટ છે.' પરમ તરત જ બોલી ઊઠ્યો.

'ઓહ રિયલી ? એમાં અપસેટ થવા જેવું શું છે ભાઈ ? આઈ હોપ યૂ આર નોર્મલ.' નિખિલ હસવા લાગ્યો.

'હા યાર, પણ આપણા મિરાજભાઈ એકદમ સીધા છે.' પરમે કહ્યું.

'જલેબી જેવા સીધા ?' શિવાંગીએ હસીને કહ્યું.

મને આ બધી વાતો ના ગમતી હોવા છતાં પરાણે હસીને રિસ્પોન્સ આપવો પડી રહ્યો હતો.

'જો મિરાજ, મને જો. તું મને અત્યારે અહીંયા બધાની વચ્ચે કહેને કે આ શિવાંગી ને મારું ચક્કર છે તો હું જેટલો ખુશ થાઉં, એનાથી વધારે તો આ ખુશ થઈ

જાય.' નિખિલે શિવાંગી તરફ હાથ કરીને મને કહ્યું.

'શટ અપ. એ તો આ નિખિલ જ મારી પાછળ પડેલો હતો. એ અને એના બધા ફ્રેન્ડ્સ મારી પાછળ દુમ હલાવતા ફરતા હતા.' શિવાંગીએ નિખિલને ધબ્બો મારતા કહ્યું.

મારી અંદરની અકળામણ વધી રહી હતી. ફરીથી મારી સાથે એવું જ અજુગતું થઈ રહ્યું હતું છતાં કોણ જાણે કેમ હું પોતાને આ ટ્રેન્ડ સાથે ભેળવવાની કોશિશ કરી રહ્યો હતો. બોડી લેંગ્વેજ અને માઈન્ડ લેંગ્વેજનું બેલેન્સ જાળવવામાં આંતિરક ઘર્ષણ અનુભવાતું હતું.

એટલામાં વેઈટર હુક્કો લઈને આવ્યો અને જમીન પર મૂક્યો. હુક્કાની ઉપર રાખેલા કોલસા એક નાના ચીપિયા વડે વ્યવસ્થિત ગોઠવ્યા અને હસતા ચહેરે હુક્કામાં ફિક્સ કરેલી નળી નિખિલના હાથમાં પકડાવીને ચાલ્યો ગયો. નિખિલે એ શિવાંગીને ઓફર કર્યું.

'તારા માટે જ તો સ્પેશિઅલી આ જગ્યાએ આવ્યા છે.'

શિવાંગીએ ધારદાર આંખોથી મીઠી સ્માઈલ સાથે નિખિલ સામે જોયું અને એક સુટ્ટો માર્યો પછી હવામાં ધુમાડો છોડ્યો.

પરમ આ બધું જોઈને એક મિનિટ માટે શ્વાસ લેવાનું ચૂકી ગયો. મારા ધબકારા તો જ્યારથી આ જગ્યામાં પગ મૂક્યો ત્યારથી જ વધેલા હતા. જો તે, શિવાંગીની પર્સનાલિટીને જોતા એ હુક્કા પીવે એમાં ખરેખર કોઈ આશ્ચર્ય પામવા જેવી વાત હતી જ નહીં.

પછી શિવાંગીએ એ નિખિલને પાસ કર્યું.

'તમે લોકોએ નિખિલનું આ રૂપ પહેલા નહીં જોયું હોયને ? લોકો તો મોઢામાંથી ધુમાડો કાઢે પણ આ તો નાકમાંથી પણ કાઢી શકે.' શિવાંગીએ વાંદરાને સીડી આપતી હોય એમ નિખિલને એનું કરતબ બતાવવા પ્રોત્સાહિત કર્યો.

નિખિલે કોલર ઊંચો કર્યો અને તરત જ એ કરતબ કરી બતાવ્યું.

'ગ્રેટ મેન.' પરમે કોફીનું સિપ લેતા લેતા તરત જ નિખિલના વખાણ કર્યા.

'સોરી સ્કૂલ બોય્સ, તમારે હજી વાર છે.' શિવાંગીએ પરમ અને મારો મજાક ઉડાવતા કહ્યું. એની કમેન્ટ પરમ માટે દીવાસળીને આગ ચાંપવા જેવી હતી.

'નો ઈટ્સ સેફ. આમાં ક્યાં નિકોટીન હોય છે ? આમાં ખાલી એપલ ફ્લેવર છે. નો ટોબેકો.' નિખિલે કહ્યું.

'હા, મેં પણ એવું જ સાંભળ્યું છે. પણ મારા ડેડ કહે છે કે તારે અત્યારે આ

બધામાં પડવાની જરૂર નથી.' પરમે જવાબ આપ્યો.

'એ બધી કહેવાની વાતો છે, ટોબેકો હોય જ છે.' મીતથી બોલાઈ ગયું.

'હં.' મિરાજે હામી ભરી.

'પછી ?' મેં વાતને પાછી ટ્રેક પર લાવવા કહ્યું.

'આમ તો તમને કદાચ અહીંયા એન્ટ્રી પણ ના મળે પણ આ જગ્યાનો ઓનર મને સારી રીતે ઓળખે છે એટલે વાંધો નથી.' નિખિલે ગર્વથી કહ્યું.

આ શહેરમાં નવો હોવા છતાં આની બધે સારી ઓળખાણ થઈ ગઈ લાગે છે. થાય જ ને, આખો દિવસ બધે રખડતો જ ફરે છે તો. મારા મનમાં રહેલો નિખિલ માટેનો અભાવ બોલી ઊઠ્યો.

શિવાંગીએ મને સેન્ડવિચ ઓફર કરી પણ અત્યારે મારા ગળેથી કંઈ ખાવાનું ઊતરે એમ નહોતું. મન તો થતું હતું કે અહીંથી ચાલ્યો જઉં. પણ એવું કરવાનું પણ અઘરું લાગતું હતું.

પરમ, નિખિલ અને શિવાંગી હસીમજાક કરી રહ્યા હતા અને હું શોકમાં હતો.

'પ્રિયંકા ?' એટલામાં પાછળના ટેબલ પરથી કોઈએ બૂમ પાડી.

અને આગળ જઈ રહેલી એક છોકરીએ પાછળ વળીને જોયું.

'વાઉ.' પરમના મોઢામાંથી નીકળી ગયું.

શોક, આઘાત અને અસમંજસના ધુમાડા જેવા માહોલમાં મારા સ્વમાન અને સંસ્કારની કિંમત પણ ધુમાડાની જેમ ઊડી રહી હતી. મને પ્રિયંકાની ફરીથી યાદ આવી ગઈ. મન પાછું પ્રિયંકાની ચિંતામાં પડ્યું. મારો હાથ મોબાઈલ તરફ આગળ વધ્યો પણ બેટરી ડાઉન હતી. જેવો મોબાઈલ ચાલુ કર્યો એવો જ શટ ડાઉન થઈ ગયો. સામે દીવાલ પર લટકતી ઘડિયાળમાં ટાઈમ જોયો.

'લેટ થઈ ગયું.' એટલું બોલતા જ મેં પરમ સામે જોયું અને આંખો પહોળી થઈ ગઈ.

## (૧૭)

પરમના હાથમાં હુક્કો હતો. થોડી ક્ષણો પહેલા જે પરમ મારી સામે હતો, એ અચાનક જ નવા રંગમાં રંગાઈ ગયો. મારા આશ્ચર્યનો પાર ના રહ્યો.

'પરમ...' મારાથી મોટા અવાજે બોલાઈ ગયું.

'ચિલ... આમાં નિકોટીન ના હોય !' પરમે મારી સામે હાથ કરીને આરામથી કહ્યું.

મેં નિખિલ સામે જોયું. એ અને શિવાંગી આજુબાજુમાં બેઠા હતા અને મોબાઈલમાં કંઈક જોઈને હરખાતા હતા. પછી એ લોકો સેલ્ફી લેવામાં પડી ગયા. એ લોકો એમની જ દુનિયામાં બિઝી થઈ ગતા હતા અને પરમ પણ પોતાના હાથમાંથી સરકી રહ્યો હતો. મારું મન કચવાવા લાગ્યું.

'બાય.' બાજુના ટેબલ પર બેઠેલું ગ્રુપ પ્રિયંકા નામની પેલી છોકરીને બાય કહી રહ્યું હતું.

ઘણી બધી અસમંજસ વચ્ચે ફરીથી મને પ્રિયંકાની યાદ આવી ગઈ.

પ્રિયંકાના રિપ્લાય જાણવા માટેની મારી ધીરજ ખૂટી પડી. એક ફ્રેન્ડ તરીકેની પોતાની અપેક્ષાઓ પરમ પૂરી ના કરી શક્યો, એ કદાચ પ્રિયંકા પૂરી કરશે એમ માનીને હું પ્રિયંકા તરફ ખેંચાઈ રહ્યો હતો ? કે પછી ગર્લ ફ્રેન્ડ હોવું એ બહુ કોમન અને લાઈફનો ઈમ્પોર્ટન્ટ પાર્ટ છે. એ વિચારે મેં મારા જીવનમાં પ્રિયંકાનું મહત્વ વધાર્યું હતું ? જે હોય તે... કારણ સામે જોવાની મને પડી જ ક્યાં હતી ? મારી નજર તો બંધ થઈ ગયેલા મોબાઈલ પર સ્થિર હતી. ત્યાં બેસવામાં મને રસ નહોતો. મારે ઘરે જવું હતું.

મીતે નિસાસાભર્યો ઊંડો શ્વાસ લીધો.

'તારો મોબાઈલ બંધ થઈ ગયોને. જો બાજુમાં જ ચાર્જિંગ પોઈન્ટ છે.' એટલું બોલતા જ પરમે એક સુટ્ટો લીધો અને એને ખાંસી આવવા લાગી.

‘ક્રેઝી, ધુમાડો બહાર કાઢવાનો હોય !’ નિખિલે મોબાઈલમાંથી ઊંચું જોયું અને પરમને સલાહ આપી.

‘મારે હવે જવું પડશે. મને લેટ થાય છે.’ બધા પોતાની મસ્તીમાં મસ્ત છે તો મારું અહીંયા શું કામ છે ?

‘ગાય્ઝ, આઈ ઓલ્સો હેવ ટૂ લીવ.’ શિવાંગીએ પણ કહ્યું.

‘ઓ.કે. ધેન લેટ્સ ગો.’ નિખિલે પરમને કહ્યું.

પરમે હુક્કા સામે જોયું.

‘ચાલ હવે, નેક્સ્ટ ટાઈમ.’ નિખિલે પરમના માથા પર ટપલી મારીને કહ્યું.

બધા આગળ ચાલવા લાગ્યા. નિખિલે કેશ કાઉન્ટર પાસે જઈને બિલ પે કર્યું. હું ફટાફટ બહાર નીકળી ગયો. બહાર જઈને કેફે પર લાગેલા બોર્ડ તરફ જોયું.

‘સાલ્વેશન કેફે એન્ડ શીશાબાર.’

સાલ્વેશન એટલે મુક્તિ. પણ કઈ ? જીવનમાંથી મુક્તિ કે જીવનમાં મુક્તિ ???

મિરાજની વાત સાંભળીને મને સહેજ આંચકો તો લાગ્યો. પણ એણે પોતાની આપવીતી ખુલ્લી કરી દીધી પછી એના પર ગુસ્સો કરવાનો કોઈ પ્રશ્ન જ નહોતો. હું મિરાજને જોઈ રહી. એ પોતાની વાતને વગર અટક્યે કહી રહ્યો હતો.

હજી માંડ ચાર-પાંચ ડગલા જ આગળ ચાલ્યો હતો કે પાછળથી બૂમ પડી.

‘મિ...રાજ.’

જાણીતો અવાજ હતો. મેં પાછું વાળીને જોયું ત્યાં વિશ્રુત ઊભો હતો.

‘હાય.’ વિશ્રુતે ઉત્સાહથી કહ્યું.

‘હાય.’ હું ભોઠો પડી ગયો. હું જે જગ્યાએથી બહાર નીકળ્યો હતો, એ વિશ્રુતને ખબર પડશે તો પોતાના માટે કેવું વિચારશે. એ વિચારે મને થોડું ટેન્શન થવા લાગ્યું.

‘તું અહીંયા શું કરે છે ?’

‘હું... કંઈ નહીં એ તો બસ એમ જ...’ શું જવાબ આપવો એ મને સમજાયું નહીં.

‘હું અહીંયા ઉપર ગિફ્ટ શોપ છે ત્યાં ગયો હતો. મમ્મી-પપ્પાની મેરેજ એનિવર્સરી આવે છે તો થયું કે કંઈક નાનકડી ગિફ્ટ લઈને આપું.’ વિશ્રુતના ચહેરા પર ખુશી તરવરતી હતી.

ત્યાં પાછળ પરમ હસતો હસતો આવ્યો. એની પાછળ જ નિખિલ અને શિવાંગી આવ્યા. નિખિલ શિવાંગીના ખભા પર હાથ મૂકીને આવતો હતો.

'હાય.' પરમે આવીને સીધો જ વિશ્રુતના ખભા પર જોશથી ધબ્બો માર્યો.

'તું ઓળખે છે આને ?' મેં પૂછ્યું.

'હા, બહુ સારી રીતે. આપણી સોસાયટીના ક્રિકેટ ટીમના કેપ્ટનને કોણ ના ઓળખે !'

'તું મિરાજને કેવી રીતે ઓળખે છે ?' પરમે વિશ્રુતને પૂછયું.

'ઓળખે છે ? હું તો મિરાજને બહુ સારી રીતે જાણું છું. આ તો મારો લંગોટિયો ફ્રેન્ડ છે.'

'ઓહ રિયલી, તમને બંનેને ક્યારેય સાથે જોયા નથી.' પરમને નવાઈ લાગી.

'કારણ કે હું હજી બે દિવસ પહેલા જ અહીંયા પાછો રહેવા આવ્યો છું. વચ્ચે થોડો ટાઈમ પપ્પાની ટ્રાન્સફર થવાથી અમે પુના શિફ્ટ થઈ ગયા હતા.'

પરમ અને વિશ્રુતની ઓળખાણ છે એ જાણીને મને જરાય ખુશી ના થઈ કારણ કે વિશ્રુત મારો બહુ સારો ફ્રેન્ડ હતો. એ સ્ટ્રેટ ફોરવર્ડ હતો. ક્યારેય કોઈ આડાઅવળા લોકાની સંગતમાં પડેલો નહીં. એના ફ્રેન્ડ સર્કલમાં બહુ સિલેક્ટેડ લોકો હોય, જેમાં મારો પણ સમાવેશ થતો હતો.

'ચલો, બાય એવરીવન. આઈ હેવ ટૂ લીવ નાઉ.' શિવાંગી ટોળામાં વચ્ચે આવી.

વિશ્રુતનું ધ્યાન શિવાંગી પર હતું અને મારું ધ્યાન વિશ્રુત પર. એણે એક નજર શિવાંગીના કપડાં તરફ કરી અને તરત જ નજર ફેરવી લીધી. વિશ્રુતને જોઈને પોતે કંઈ ખોટું કર્યું છે એવો ભાર વધી ગયો. વિશ્રુતની હાજરીએ ગિલ્ટી ફીલિંગ અનેકગણી વધારી દીધી.

શિવાંગીએ પરમ સાથે હાથ મિલાવ્યો અને પછી મારા તરફ હાથ વધાર્યો. એક મિનિટ માટે મને ખચકાટ થયો પણ પછી શિવાંગી અને બીજા બધા સામે પોતાનું કેવું લાગશે એ વિચારે મેં હળવેકથી હાથ મિલાવી લીધો. શિવાંગીએ વિશ્રુત સામે ઊડતી નજર કરી અને છેલ્લે નિખિલ તરફ જોયું. નિખિલે હસીને એને બાય કહ્યું.

બધા શિવાંગીને જતી જોઈ રહ્યા.

'ચાલો જઈએ હવે ?' નિખિલ બોલ્યો.

'હા, લેટ્સ ગો. તું આવે છે અમારી સાથે ?' પરમે મને પૂછ્યું.

હું વિશ્રુત સામે જોઈ રહ્યો.

'હું પણ નીકળીશ.' વિશ્રુતે મને કહ્યું.

આમ તો હું વિશ્રુતની સાથે જ ઘરે પાછો જાત પણ એના સવાલોના જવાબ આપવાની મારી તૈયારી નહોતી.

બધા છૂટા પડ્યા. હું અને પરમ નિખિલની ગાડીમાં બેઠા અને વિશ્રુત પોતાની સાઈકલ પાસે પહોંચ્યો.

આખા રસ્તે હું અપસેટ અને ડિસ્ટર્બ રહ્યો. મારા મનમાં સતત માન, અપમાન, ઈમ્પ્રેશનના પડઘા પડી રહ્યા હતા.

મેં કંઈ ખોટું નથી કર્યું, આ બધું તો નોર્મલ જ કહેવાય ને ! વિશ્રુતને આમાં કંઈ ખરાબ લાગતું હોય તો પછી એ એની જ ભૂલ કહેવાય... એવી બુદ્ધિની દલીલો આખા રસ્તે ચાલુ જ રહી.

આ બધું સાંભળીને મીતે નીચું જોઈને કંઈક ગુમાવ્યું હોય એમ માથું ધુણાવ્યું. એમ પણ મિરાજની મોટા ભાગની વાતો એણે ક્યારેક નીચી નજરે તો ક્યારેક બંધ આંખે જ સાંભળી હતી.

'પોતે આરોપી, પોતે વકીલ અને પોતે જ જજ, પછી પોતાની ભૂલ ક્યાંથી જડે ?' મેં મિરાજને આના પર વિચારવાનો મોકો આપ્યો.

'હા, મને કહેવાવાળું કોઈ હતું જ ક્યાં ? અને ઘરમાં કોઈ કંઈ કહે તો પણ હું આંખ આડા કાન કરવામાં માહિર થઈ ગયો હતો.'

'ઘરે પહોંચીને મેં પહેલા મોબાઈલ ચાર્જ કરવા મૂક્યો. ટ્યૂશનની બેગ પલંગ પર મૂકી.' મિરાજે પોતાની વાત ચાલુ રાખી.

'મિરાજ, જમાવનું રેડી છે. તારે જમવું છે ?' મમ્મીએ પૂછ્યું. એના અવાજમાં ફરી પહેલા જેવો જ રણકો હતો. બધું પાછું નોર્મલ થઈ ગયું, એટલે મને થોડી હળવાશ અનુભવાઈ.

'હં, હા, હમણાં નહીં. થોડીવાર પછી.' મેં શાંતિથી જવાબ આપ્યો.

મારું ધ્યાન મોબાઈલમાં હતું એટલે જ્યાં સુધી પ્રિયંકાના મેસેજ ના જોવા મળે, ત્યાં સુધી જમવામાં ચેન ક્યાં પડવાનું હતું.

'ભૂખ નથી લાગી ? ગરમ ગરમ જમી લેને.' મમ્મીએ ફરીથી કહ્યું.

કેટલાય દિવસો પછી ફરીથી મમ્મીના અવાજમાં આગ્રહ હતો. જે મને આમ તો નહોતો ગમતો પણ એ વખતે ગમ્યો. ભૂખ લાગી હોવા છતાં પણ ખાવાનું મન નહોતું થતું.

'પપ્પા આવી જાય એ પહેલા જમી લઉં તો સારું એટલે હું પ્રિયંકા સાથે ચેટ કરી શકું. એમની સાથે જો જમવા બેસીશ તો પાછી સ્કૂલ અને ટ્યૂશનની જ વાતો કરશે

અને અત્યારે એ બધું સાંભળવાનો મારો કોઈ મૂડ નથી.' મેં મનોમન વિચાર્યું.

'સારું. આપી દે.' હું ડાઈનિંગ ટેબલ પર જઈને બેસી ગયો.

મમ્મીએ પાંઉભાજી અને પુલાવ પીરસેલી થાળી ટેબલ પર મૂકી. મારું ફેવરિટ જમવાનું હતું. મમ્મીએ આજે ખાસ મારો વિચાર કરીને જ બનાવ્યું હોય એવું લાગ્યું. કેવુ અજીબ છે ને આપણે ગમે તેવું વર્તન કરીએ તો પણ મા-બાપ આપણને એવો જ પ્રેમ દેખાડે. પણ જમવામાં મને રસ જ ક્યાં હતો. જેમ તેમ ડૂચા મારીને, વચ્ચે વચ્ચે પાણી પીને ખાવાનું ગળા નીચે ઉતાર્યું અને એકદમ ઊભો થઈને મોબાઈલ જોવા ગયો. ચાર્જિંગ થયું જ નહોતું. જોયું તો સ્વિચ ચાલુ કરવાની જ રહી ગઈ હતી. મેં ગુસ્સામાં પગ પછાડ્યો જે ખુરશીને અથડાયો અને ખુરશી ટેબલ સાથે અથડાઈ.

'શું થયું ? આમ, ખાવાનું છોડીને ક્યાં ગયો ?'

'આ મમ્મી પણ પીછો નથી છોડતી.' હું મનમાં બબડ્યો.

મમ્મી માટે આવેલો પ્રેમ તરત જ ઊતરી ગયો.

સ્વિચ ચાલુ કરી અને પાછો આવીને જમવા બેઠો. મમ્મી મારી સામે આવીને બેઠી.

'તું બરાબર તો છે ને ? કેમ આટલો ચિંતામાં લાગે છે ?'

'ના. ના. એવું કંઈ નથી. બસ થાકી ગયો છું.'

'કેમ, બહાર ફરવામાં મજા ના આવી ?'

'ના.' મમ્મી પૂછશે કે ક્યાં ગયો હતો તો શું જવાબ આપીશ એ વિચારે મારા ગળામાં ખાવાનું અટકી ગયું અને ખાંસી ચાલુ થઈ ગઈ. મમ્મી તરત જ પાણીનો ગ્લાસ ભરી આવી અને મારી પીઠ પર હાથ ફેરવવા લાગી.

મમ્મીના મમતાભર્યા સ્પર્શથી ખબર નહીં કેમ પણ મારી આંખો ભરાઈ ગઈ. મારું હૃદય ભરાઈ ગયું હતું. મગજ થાકી ગયું હતું. પરાણે મેં આંસુઓને મમ્મી સામે આંખોની સીમા પાર કરીને બહાર આવતા અટકાવ્યા. પણ માની નજરથી કંઈ છૂપું ના રહે !

'તબિયત તો બરાબર છે ને બેટા ? મમ્મીએ ગળા અને કપાળ પર હાથ મૂકીને ચેક કર્યું.

મમ્મીએ માથા પર પ્રેમથી હાથ ફેરવ્યો.

તને કંઈ પ્રોબ્લેમ હોય તો અમને કહેજે. બસ આટલું બોલીને મમ્મી રસોડામાં જતી રહી. એનું હૃદય પણ ભરાઈ આવ્યું હતું. મારામાં આવી રહેલા બદલાવને એ જોઈ-જાણી શકતી હતી પણ એની પાછળનું કારણ સમજી ન શકવાથી મમ્મીને

માનિસક ભોગવટો રહેવા લાગ્યો હતો.

સ્ટેચ્યૂની જેમ બેસીને મિરાજની વાત સાંભળી રહેલા મીતની આંખના ઝળઝળિયા બહાર આવી જાય એ પહેલા એણે આંગળીના ટેરવાથી આંસુની બૂંદોને બહાર વહેતી અટકાવી દીધી. પોતાની ભાવનાઓને પાછી પોતાનામાં જ અંદર સમાવી લીધી. નજીકના ભૂતકાળની વેદના એણે ફરી પાછી નજીકથી અનુભવી. મીતને બે શબ્દો કહેવાનું મન તો બહુ થયું પણ મિરાજને વચ્ચે અટકાવીને ડિસ્ટર્બ કરવું યોગ્ય નહોતું. મેં પણ મારી ભાવનાઓને પોતાનામાં સમેટી લીધી.

મારાથી જમવાનું પૂરું ના થયું. મન ભરાઈ ગયું હતું. મમ્મી સાથે વાત કરવી હતી. પણ શું કહું, કેવી રીતે કહું, એ સમજાતું નહોતું. હું ઊભો થઈને મારા રૂમમાં ચાલ્યો ગયો. દસ મિનિટ પછી થોડો સ્વસ્થ થઈને પાછો બહાર આવ્યો.

'મમ્મી, માથું બહુ દુખે છે. દવા આપી દેને. મારે આજે વહેલા સૂઈ જવું છે.' ખરેખર કોઈ પોતાને ડિસ્ટર્બ ના કરે એ માટે પણ મેં વહેલા સૂવાની વાત કરી હતી. પણ એમ ક્યાં મને એટલી જલદી ઊંઘ આવવાની હતી ?

રૂમમાં પાછા જઈને મેં ફરીથી પ્રિયંકાને ધડાધડ મેસેજ કર્યા. પહેલાના મેસેજ જોયા નહોતા ત્યાં નવા મેસેજ કરવાનો કોઈ અર્થ જ નહોતો. પણ મેં મારો આવેગ અને આવેશ બંને મેસેજમાં ઠાલવી દીધા.

'કોણ જાણે આજનો દિવસ કેવો ઊગ્યો છે. આજે કંઈ જ સારું નથી થઈ રહ્યું. સ્કૂલમાં અને ટ્યૂશનમાં જે ઉપાધિ લાગતી હતી, એનાથી અનેકગણી ઉપાધિ સાલ્વેશન કેફે અને હુક્કાબારમાં હતી. પેલો નિખિલ તો છે જ બગડેલો એમાં એ પરમને પણ પોતાના રવાડે ચઢાવી રહ્યો છે. શિવાંગી સાથે એને શું રિલેશન છે એ જ સમજાતું નથી. પહેલા તો કહેતો હતો કે 'શી ઈઝ નોટ ઓફ માય ટાઈપ' અને હવે કંઈક અલગ જ રંગઢંગ દેખાડે છે. સેલ્ફી તો એવી રીતે લેતો હતો જાણે એની ગર્લ ફ્રેન્ડ જ હોય !

શું ખરેખર સ્ટેટ્સ અને વટ પાડવા માટે ગર્લ ફ્રેન્ડની જરૂર હોય છે ? આજે ક્લાસમાં સરે પણ મને ગર્લ ફ્રેન્ડની જ વાત કરી. શિવાંગી ખરેખર કેવી ટાઈપની છોકરી છે એ સમજવું પણ અઘરું છે. નિખિલ જેવા છોકરા સાથે એને ફાવે છે તો શું એ પણ એવી જ હશે ? શિવાંગી નિખિલને ફસાવે છે કે નિખિલ શિવાંગીને ? આજે હદ તો એ થઈ ગઈ કે પરમે હુક્કા પીવાની ટ્રાય કરી !

શું હું કોઈ ખોટી કંપનીમાં ફસાઈ ગયો છું ? ના... ના... કદાચ એ લોકો જમાના પ્રમાણે બરાબર છે. હું કેમ એમની સાથે ભળી શકતો નથી ? હું ટ્રાય તો કરું છું એમના જેવો થઈને રહેવાની. પણ ક્યાં ભૂલ થાય છે ? મારાથી કેમ નોર્મલ નથી

રહેવાતું ? હું કેમ એબ્નોર્મલ દેખાઉ છું ?

મારા ઘરમાં પહેલેથી જ રિઝર્વ્ડ ઓર્થોડોક્સ વાતાવરણ રહ્યું છે, એટલે મને આ બધી વાતમાં શોક અને અજંપો લાગે છે. મેં નાનપણથી અત્યાર સુધી આ બધું જોયું જ નથી એટલે મારી આવી દશા થાય છે. બાકી બીજા બધા કેવા એમની મસ્તીમાં મસ્ત રહે છે અને હું ?? આમાં વાંક કોનો છે ? મારા પેરેન્ટ્સે મને પહેલેથી જ ઓવર પ્રોટેક્ટ કરીને રાખ્યો છે. જમાના પ્રમાણે મને કશું કરવા જ નથી દીધું... આવા અનેક વિચારોનું ઘમસાણ મારા મનને સતત સતાવી રહ્યું હતું. એટલામાં મોબાઈલમાં દસથી બાર એક પછી એક સળંગ મેસેજ આવ્યા.

મીત અને હું મિરાજની સામે જોઈ રહ્યા. એની ગૂંગળામણને અનુભવી રહ્યા.

'પ્રિયંકા હશે...' એ આતુરતા સાથે મેં મોબાઈલની સ્ક્રીન ઓન કરી.

## (૧૮)

પરમના મેસેજ હતા. એણે બધાના ફોટા મોકલ્યા હતા, જે જોવામાં મને કોઈ જ રસ નહોતો. થાક, કંટાળો, હતાશા અને માથાના દુખાવાથી ત્રસ્ત મેં મોબાઈલને પોતાનાથી દૂર હડસેલ્યો. જેની હું રાહ જોઉં છું એના જ મેસેજ નથી આવતા.

એટલામાં મમ્મી રૂમમાં આવી.

'જોવા જ આવી હતી કે તું સૂઈ ગયો કે નહીં. તને માથું દુખે છે ને તો સૂઈ જા શાંતિથી.' આટલું કહીને ચાદર ઓઢાડીને મમ્મી જતી રહી.

ફરીથી મોબાઈલમાં મેસેજ આવવાના સ્ટાર્ટ થયા પણ મેં ના જોયા.

પોણા કલાક પછી આંખ ખૂલી ત્યારે મોબાઈલ હાથમાં લીધો. મેસેજ વાંચ્યા.

'હાય, સોરી.'

'આઈ એમ નોટ એબલ ટૂ ગિવ રિપ્લાય ઓફ સો મેની મેસેજીસ એટ ધીસ ટાઈમ. આઈ એમ આઉટ ઓફ સ્ટેશન એન્ડ ધેર ઈઝ નેટવર્ક પ્રોબ્લેમ.'

આખરે પ્રિયંકાનો રિપ્લાય આવ્યો તો પણ આવો !

'ધેટ્સ ઈટ ?'

હું આટલા ટાઈમથી રાહ જોઈ જોઈને થાકી ગયો પણ એને મારી કોઈ વેલ્યૂ જ નથી. મારા મેસેજના રિપ્લાય કરવાનો એની પાસે ટાઈમ નથી. એના ક્યારેય પણ મેસેજ આવે તો હું બધું છોડીને પહેલા એને જવાબ આપું છું. આ કંઈ રીત છે ? પહેલીવાર મારું મગજ પ્રિયંકા માટે તપી ગયું.

નિખિલ અને ખાસ કરીને પરમથી આજે મારી લાગણીઓને ભયંકર ઠેશ પહોંચી હતી. એમાં પણ જે પ્રિયંકા સાથે વાત કર્યા વગર મને ચેન નહોતું પડતું, એની સાથે પણ વાત થઈ શકે એમ નહોતી. મારે મારી વ્યથા કોઈ સામે ખાલી કરવી હતી. પણ કોને જઈને કહું ? મમ્મી-પપ્પાને આ બધું કહેવાનો તો કોઈ સવાલ જ નહોતો. હું અંદર ને અંદર ગૂંગળાવા લાગ્યો. પાસા ફેરવી ફેરવીને માંડ માંડ રાત પસાર કરી.

બીજા દિવસે સવારથી પાછી એની એ જ ઘટમાળ. ઘરથી સ્કૂલ, સ્કૂલથી ટ્યૂશન અને ટ્યૂશનથી ઘર. કોઈ જગ્યાએ મારું મન લાગતું નહોતું. ખાસ કોઈની જોડે વાત કરવાની ઈચ્છા નહોતી થતી. અંદર ખાલીપો લાગતો હતો. ગમે તેમ કરીને ધક્કા મારીને પોતાની જાતને પરાણે સ્કૂલ અને ટ્યૂશન લઈ જતો.

આ અરસામાં મીત પણ મારી પાસે થોડીવાર બેસતો. આસપાસની વાતો કરતો, મારો મૂડ સારો કરવાના પ્રયત્નો કરતો. પણ મને એની વાતોમાં કોઈ રસ નહોતો પડતો. મને જીવન બોજ લાગવા લાગ્યું હતું. સ્કૂલમાં અને ટ્યૂશનમાં ધીમે ધીમે ભણવાનું પ્રેશર વધવા લાગ્યું. નવમાં ધોરણમાં પહેલેથી જ સ્કૂલ અને ટ્યૂશનમાં વીકલી ક્લાસ ટેસ્ટ લેવાનું શરૂ થઈ ગયું હતું. મારા સર્કલના બધા પહેલેથી જ ભણવામાં ઓતપ્રોત થવા લાગ્યા હતા. ટેન આઉટ ઓફ ટેન અને ટ્વેન્ટી આઉટ ઓફ ટ્વેન્ટી લાવવાની રેસ શરૂ થઈ ગઈ. આઠમાં ધોરણમાં સારું રિઝલ્ટ લાવ્યા પછી મારી અંદર પણ એક અલગ ઉત્સાહ જન્મ્યો હતો. મારી ઈચ્છા પણ ક્લાસમાં આગળ રહેવાની હતી. પણ એ જોશ, એ ઉત્સાહ ક્યાંક ખોવાઈ ગયો હતો. મારી શક્તિઓ તૂટી ગઈ હતી. હું કોઈ એક જગ્યાએ વધારે સમય ફોકસ નહોતો કરી શકતો. ક્લાસમાં પણ હું બેધ્યાન થઈ જતો. મન ઘણીવાર અનેક વિચારોથી થાકી જતું. ક્યારેક વિચારશૂન્ય થઈ જતું. આવી હાલતમાં ભણવાનું મને બોજારૂપ લાગવા લાગ્યું. બધી જગ્યાએ પહોંચી ન વળવાથી ખૂબ જ પ્રેશર અને સ્ટ્રેસ ફીલ થવા લાગ્યું. કલાકોના કલાકો હું મારી રૂમમાં ચૂપચાપ બેસી રહેતો.

બે-ત્રણ દિવસ ગયા. પ્રિયંકાના કોઈ મેસેજ ન આવ્યા.

'એમ પણ એ મેસેજ જોતી જ નથી તો એને કંઈ પણ કહીને શું ફાયદો છે ? જ્યાં સુધી પ્રિયંકાના મેસેજ ના આવે, ત્યાં સુધી એને કોઈ મેસેજ નહીં કરવાનું મેં નક્કી કર્યું. આખા દિવસમાં જ્યારે પણ કંટાળો આવે ત્યારે હું લેપટોપ લઈને બેસી જતો. ફેસબુક, ટ્વીટર પર પણ ખૂબ ટાઈમ પાસ થવા લાગ્યો. ના જરૂરની અને નકામી વાતો અને વસ્તુઓ પર ફોકસ વધવા લાગ્યું. કારણ માત્ર એટલું જ હતું કે એમાં કોઈ દુઃખ આપનાર નથી. પ્રિયંકાની ગેરહાજરીમાં ફરીથી ચેટિંગનો સિલસિલો ચાલુ થયો. કોઈની સાથે ફાવે તો ચેટિંગ લાંબી ચાલે નહીં તો વાત ત્યાં જ પૂરી થઈ જતી. લગભગ મને કોઈ સાથે મેળ નહોતો પડતો. પણ એક જણ સાથે વ્યવસ્થિત વાત થઈ. એનું નામ હતું રિયા.

'હાય.' એક દિવસ અચાનક પ્રિયંકાનો મેસેજ આવ્યો. ફક્ત 'હાય' બીજું કંઈ જ નહીં. એટલે મને એવું સમજાયું કે પહેલાની જેમ નક્કી કરેલા ટાઈમે પ્રિયંકા ચેટ

માટે તૈયાર હશે જ. સાંજે ટ્યૂશનથી પાછા આવીને સીધો મેં મોબાઈલ હાથમાં લીધો.

'મિરાજ, આ શું ? ઘરમાં પગ મૂક્યો નથી ને મોબાઈલ કે લેપટોપ હાથમાં લીધા નથી.' મમ્મીએ ફરી એની અકળામણ કાઢી.

'એ તો ફ્રેશ થવા માટે ફ્રેન્ડ સાથે વાત કરી લઉં કે ગેમ રમી લઉં.' કાયમ સાચું બોલનારો હું, ધીમે ધીમે સ્વબચાવ માટે ખોટું બોલવા લાગ્યો.

'સ્કૂલ અને ટ્યૂશનમાં તો બધા મળે જ છે ને ? તો પછી ઘરે આવ્યા પછી આટલી બધી શું વાતો કરવાની હોય છે ?'

'મમ્મી, તું નહીં સમજે. ક્યારેક અમારે હોમવર્કની કે કોઈ પ્રોજક્ટની વાત પણ કરવી પડે.'

મિરાજે પસ્તાવાભરી નજરે મીત સામે જોયું. જે વાતનો એને પસ્તાવો હોય એ વાત પર કંઈ બોલવાનું મીતને યોગ્ય ના લાગ્યું.

મમ્મીને લાગતું હતું કે સ્કૂલ કે ટ્યૂશનના ફ્રેન્ડ સાથે વાતો કરું છું. આમ ક્યારેય મમ્મીથી કંઈ નહીં છુપાવનાર મેં ચેટિંગવાળી વાતને મમ્મીથી છુપાવી રાખી હતી. એમ પણ મમ્મી ચેટિંગની દુનિયાને ક્યાં સ્વીકારત.' મિરાજે મીત સામે જોતા કહ્યું.

એટલામાં મારી નજર મોબાઈલ પર પડી. પ્રિયંકા ઓનલાઈન દેખાઈ. પણ એણે કોઈ મેસેજ ના કર્યો. મમ્મી સામે જ ઊભી હતી એટલે એની સામે વાત કરવાનું શક્ય નહોતું. મમ્મી જલદી રૂમની બહાર જાય તો સારું એવું મને થવા લાગ્યું.

'પણ તું તો રોજ આમાં જ બિઝી હોય છે. હવે તો ડિનર પણ અમારી સાથે નથી કરતો. વહેલો જમીને બસ રૂમમાં જ ભરાઈ રહે છે.' મમ્મી આજે મારો વારો કાઢવાના મૂડમાં હતી. એ જલદી બહાર જાય એવો કોઈ અણસાર દેખાતો નહોતો.

'અરે, એ તો આજકાલ મને સાંજે જ ભૂખ લાગી જાય છે, એટલે વહેલો જમી લઉં છું.' એક જૂઠને સાચવવા માટે એની પાછળ વધારે જૂઠ બોલવા જ પડે એવો કુદરતી નિયમ છે.

'તારા પપ્પા પણ પૂછતા હતા કે આજકાલ તું ઘરમાં કેમ અતડો અતડો રહે છે ? કંઈ વાતચીત પણ કરતો નથી.'

'પપ્પા પોતે જ આખો દિવસ ઘરે નથી હોતા તો પછી એમને શું ખબર પડે ?' મેં તરત જ તોછડાઈથી જવાબ આપ્યો.

'પપ્પા જેટલો ટાઈમ ઘરમાં હોય એટલો ટાઈમ તો જુએ છે ને કે તું રૂમમાં જ ભરાઈ રહે છે. પહેલા તો અમારી સાથે થોડીવાર બેસતો પણ હતો અને આજકાલ...'

'પ્લીઝ મમ્મી. હવે બસ કર. દરેક વાતમાં તને મારી જ ભૂલ દેખાય છે. મને સમજવાને બદલે બસ મારી ખોડ કાઢવામાં જ તને મજા આવે છે. હું તમારી સાથે બેસું તો તમે મારી સાથે એક ભણવાની વાતો કરો અથવા આવા ફ્રેન્ડ્સ રખાય ને આવા ન રખાય એવી શીખામણો આપો. એ સિવાય કોઈ વાતો હોય છે તમારી પાસે ? એટલે મને તમારી સાથે કંટાળો આવે છે.' મેં એકીશ્વાસે બધું કહી નાખ્યું. મારું ધ્યાન પ્રિયંકામાં હતું, એટલે મમ્મી મારો પીછો છોડે તો પ્રિયંકા સાથે કંઈક વાત થાય. એ વિચારે હું વધારે અકળાઈ રહ્યો હતો.

મમ્મીનું દિલ દુભાયું છે, એ વિચાર કરવાનો મારી પાસે ટાઈમ જ નહોતો. મારી દુનિયા મારા સ્વાર્થ પૂરતી સીમિત થઈ ગઈ હતી. મારી આંગળીઓ અને આંખો મોબાઈલ પર ફરવા લાગ્યા.

'હાય.' પ્રિયંકાનો મેસેજ ના આવતા મેં જ મેસેજ કર્યો.

'હેલ્લો.'

'શું કરે છે ?'

'કંઈ નહીં. તું મેસેજ કરે એની રાહ જોઉ છું.'

'ઓહ. કેમ તું પહેલા મેસેજ ન કરી શકે ?'

'કરી તો શકું પણ હું તો એ જોઉ છું કે તું કેમ મને મેસેજ નથી કરતો.' ઊલટા ચોર કોટવાલ કો ડાંટે એમ પ્રિયંકાએ મારો વાંક કાઢ્યો.

'વ્હોટ ?' મને આંચકો લાગ્યો પણ અત્યારે પ્રિયંકાને નારાજ કરવાનું મને પોષાય એમ નહોતું. ચલ જવા દે એ બધું. એમ કહે કે એવી કઈ જગ્યાએ ગઈ હતી જ્યાં નેટવર્ક ન મળે.'

'વી વેન્ટ ફોર અ ટ્રીપ.'

'વી ?'

'યેસ. હું, મારા કઝીન્ઝ અને એના ફ્રેન્ડ્સ, અમે બધા એક હિલ સ્ટેશન પર ગયા હતા. ત્યાં ઘડી ઘડી ઈલેક્ટ્રિસિટી જતી રહેતી હતી એટલે ફોન પણ ચાર્જ નહોતો થતો અને બાકીનો ટાઈમ ફરવામાં નીકળી જતો.'

'ઓહ. મને લાગ્યું કે તું તારા પેરેન્ટ્સ સાથે ગઈ હશે.'

'ના ભાઈ ના, એમની જોડે થોડી મજા આવે ફરવાની.'

શું કહેવું, એ ના સૂઝ્યું એટલે મેં જવાબમાં ફક્ત સ્માઈલી મોકલ્યું.

'વી રિયલી એન્જોય્ડ અ લોટ.'

'તું તારા ફ્રેન્ડ્સ સાથે એકલી આમ બે દિવસ ફરવા જાય ? આઈ મીન તને

ઘરેથી પરમિશન મળે ખરી ?'

'વેલ... ઈટ્સ નોટ ઈઝી. પણ મારાથી પાંચ-છ વર્ષ મોટા કઝીન્સ એમના ફ્રેન્ડ્સ સાથે જતા હતા એટલે સેફટી માટે એ લોકો હતા જ ને. મારી ફ્રેન્ડ રિયા પણ સાથે આવી હતી. આમ તો મારા પપ્પા હા પાડે એવા નથી પણ આ વખતે ફર્સ્ટ ટાઈમ જવાની પરમિશન આપી.'

'વ્હોટ અ કો-ઈન્સિડન્ટ ! મારી પણ હમણાં એક નવી ફ્રેન્ડ બની. એનું નામ પણ રિયા જ છે.'

'ઓહ, તો મારી એબસન્સમાં તે નવી ફ્રેન્ડ પણ બનાવી લીધી ?' પ્રિયંકાએ પંચ મારતું હોય એવું સ્માઈલી મોકલ્યું.

'કમ ઓન.'

'સો વ્હોટ્સ ન્યૂ ?' પ્રિયંકાએ પૂછ્યું.

'કંઈ ખાસ નહીં. બે દિવસથી બહુ કંટાળી ગયો છું.'

'કેમ ?'

'તને પછી આરામથી કહીશ.'

'ઓ.કે.'

'તો તારા કઝીન્સના ફ્રેન્ડ્સ બધા બોય્સ હતા કે ગર્લ્સ પણ હતી ?' મારાથી પૂછ્યા વિના ના રહેવાયું.

'હા. એ લોકો ત્રણ બોય્સ અને બે ગર્લ્સનું ગ્રુપ હતું અને હું અને મારી ફ્રેન્ડ.'

'આઈ હોપ ધ બોય્સ વર ડીસન્ટ લાઈક મી.' મેં હસતા હસતા આડકતરી લીધે ઈન્કવાયરી કરી લીધી.

'બોય્સ આર નેવર ડીસન્ટ. પ્રિયંકાએ મજાકમાં જવાબ આપ્યો અને આંખ મારતી એક સ્માઈલી મોકલી.

એનો આશય શું હતો, એ તો મને ન સમજાયું પણ એની મજાક મને ભારે પડી. મને અંદર અંદર ગુસ્સો આવવા લાગ્યો કે પ્રિયંકા ગમે તેવા છોકરાંઓ સાથે બહાર કેમ ફરે છે ?

પ્રિયંકાએ એના બે-ત્રણ ફોટા પણ મોકલ્યા.

'તો તારે ના જવું જોઈએને એ લોકો સાથે.' મેં વાતને સીરિઅસલી લઈ લીધી.

પ્રિયંકાને ખબર ના પડી કે મેં સીરિઅસલી કહ્યું કે મજાકમાં.

એટલામાં ફોટા ડાઉનલોડ થતા જ મેં જોયા અને તરત જ બીજો મેસેજ કર્યો.

*'સોરી ટૂ સે પ્રિયંકા, ડોન્ટ ફીલ બેડ. પણ તું આવા કપડાં પહેરીને આમ બધાની સાથે ફરે એ મને જરાય ગમ્યું નહીં.'*

*'મારા કપડાંમાં શું બૂરાઈ છે ? આવું તો મને મારા મમ્મી-પપ્પા પણ નથી કહેતા.'*

*'પ્લીઝ ટ્રાય ટૂ અન્ડરસ્ટેન્ડ. તું માને છે એવા છોકરાંઓ સીધા નથી હોતા.' આ મેસેજ કરતી વખતે મારી આંખો સામે નિખિલ અને શિવાંગીના ચહેરા હતા.*

*'મને મારું સારું-ખરાબ ખબર પડે છે. હૂ આર યૂ ટૂ ટેલ મી. યૂ હેવ નો રાઈટ.'*

*હું ચૂપ થઈ ગયો. અત્યાર સુધી જે પ્રિયંકા મને માન આપતી હતી, મારા વખાણ કરતી હતી અને જેને હું મારી સૌથી સારી ફ્રેન્ડ સમજતો હતો, એણે આમ અચાનક મારું આવું ઈન્સલ્ટ કરી નાખ્યું.*

*'તે મારો આખો મૂડ ખરાબ ખરી નાખ્યો. હું થાકેલી હતી તો પણ તારી સાથે વાત કરવા જ જાગતી હતી.'*

*પ્રિયંકા ગુસ્સામાં ધડાધડ જે મનમાં આવે એ ટાઈપ કરી રહી હતી. મારી પાસે એની વાતનો કોઈ જવાબ નહોતો. મને તો એ જ સમજાતું નહોતું કે મારી આટલી નાની વાત માટે એ આટલી બધી ચિડાઈ કેમ રહી છે ? શું એને કંઈ પણ કહેવાનો મને હક્ક નથી ? હું તો એના સારા માટે જ કહું છું ને ?*

*'આઈ વોઝ સો એક્સાઈટેડ ટૂ શેર ઓલ ધીઝ વિથ યૂ. તને છોડીને મારા બધા જ ફ્રેન્ડ્સે મને કહ્યું કે હું બહુ સરસ લાગું છું. મારા ડ્રેસીસ બહુ સ્ટાઈલીશ છે. યૂ આર વેરી નેરો માઈન્ડેડ.'*

*'યૂ આર ટેકિંગ મી રોંગ. આઈ એમ જસ્ટ થિંકિંગ અબાઉટ યોર સેફ્ટી.'*

*'આઈ ડોન્ટ નીડ યોર એડવાઈઝ. આઈ એમ મેચ્યોર ઈનફ ટૂ ટેક કેર ઓફ માયસેલ્ફ !'*

*'તને ખરાબ લાગ્યું હોય તો સોરી.' પહેલીવાર અમારા બંનેમાં ઝઘડો થયો પણ મારે પ્રિયંકાને ગુમાવવી નહોતી. વાતને આગળ વધતી અટકાવવા મેં સામેથી જ એને 'સોરી' કહી દીધું. વાસ્તવમાં મને પ્રિયંકાના વર્તનથી ઠેશ પહોંચી હતી પણ એની મેં પ્રિયંકાને ખબર પડવા ના દીધી.*

*થોડા દિવસ સુધી અમારા બંને વચ્ચે સામાન્ય વાતચીત થતી. એક દિવસ પ્રિયંકા અને રિયા બંને એક જ ટાઈમે ઓનલાઈન હતા. પ્રિયંકા સાથે વાત ચાલુ હતી ત્યાં જ રિયાનો મેસેજ આવ્યો.*

'હાય મિરાજ. હાઉ આર યૂ.' રિયાએ સેડ સ્માઈલી સાથે મેસેજ મોકલ્યો.

'હાય. આઈ એમ ફાઈન.'

'ઈટ્સ બીન અ વાઈલ યૂ ડિડ નોટ ટોક ટૂ મી.'

'હમમ. આઈ વોઝ લિટલ બિઝી.'

'અબ મેં તીન-ચાર દિનો તક બાત નહીં કર પાઉંગી.' રિયાએ રડતું સ્માઈલી મોકલીને કહ્યું.

'ઓહ ? ક્યું ?'

'મેરે ભાઈ કા ફોન ખરાબ હો ગયા હે તો મેરા ફોન ઉસકે પાસ હી રહેગા.'

મેં સેડ ફેસવાળું સ્માઈલી મોકલ્યું.

એક બાજુ પ્રિયંકાના મેસેજ પર મેસેજ આવી રહ્યા હતા અને બીજી બાજુ રિયાના ! હું રિયાને રિપ્લાય કરું, ત્યાં સુધીમાં પ્રિયંકાને દસથી બાર મેસેજ મોકલી દીધા.

'હેલ્લો... વેર આર યૂ ?'

'આઈ એમ હિયર ઓન્લી.'

'વાય આર યૂ નોટ આન્સરિંગ ?'

'અરે, આઈ એમ ટોકિંગ ટૂ રિયા ઓલ્સો.'

'રિયા ? કોણ રિયા ?'

'મેં તને કહ્યું હતુંને ?'

'હા, યાદ આવ્યું.'

બે મિનિટ પછી પ્રિયંકાનો મેસેજ આવ્યો.

'તું રિયા સાથે જ વાત કરી લે. બાય.'

'ના, એવું નથી. હું એને એ જ સમજાવતો હતો કે પછી વાત કરીએ પણ...'

'પણ શું ? એ વધારે ઈમ્પોર્ટન્ટ હોય તો એની સાથે જ વાત કરને.'

'અરે યાર, તું કેમ દરેક વાતમાં ચિડાઈ જાય છે ?'

'હું ક્યાં ચિડાઉ છું. હું તો તને મારાથી ફ્રી કરું છું.'

બીજી બાજુ રિયાના મેસેજ ચાલુ જ હતા.

'હેલ્લો...'

'ડૂ યૂ નો આજ મેરા એક્સિડન્ટ હુઆ ઔર પૈર મેં પ્લાસ્ટર લગ ગયા.'

એણે પોતાના પાટાના ફોટા પણ પાડીને મોકલી દીધા.

'ઓ.કે.' મેં મેસેજ વાંચ્યા વિના જ ઓ.કે. લખ્યું.

'ઓ.કે. ??? મેરા ફ્રેક્ચર હો ગયા ઔર તુમ્હે કોઈ ફર્ક નહીં પડતા ????'

'સોરી. મૈને અભી મેસેજ દેખા.' મેં રિયાને જવાબ આપ્યો.

'જોયું, થઈ ગયોને રિયા સાથે બિઝી... ચલ બાય.' મને રિપ્લાય કરતા વાર લાગી, એટલે પ્રિયંકા ભડકી ગઈ.

'યાર, તમે છોકરીઓ વાતનું વતેસર બનાવી દો છો.'

'એને ફ્રેક્ચર થયું છે એટલે જસ્ટ એની તબિયત કેમ છે એ પૂછતો હતો.'

'તું તો કહેતો હતો કે તારા સિવાય મારી બીજી કોઈ સારી ફ્રેન્ડ નથી. તો પછી રિયા માટે આટલી સહાનુભૂતિ કેમ દેખાડે છે?'

'અરે બાબા, તું જ મારી બેસ્ટ ફ્રેન્ડ છે. એની સાથે મારે એટલી વાતચીત થતી જ નથી. એ તો બસ તું ટ્રિપ પર ગઈ હતી ત્યારે એની સાથે ટાઈમ પાસ ખાતર વાત કરી હતી.'

'કોને ખબર મારી સાથે પણ ટાઈમ પાસ જ કરતો હોઈશ !'

'પ્લીઝ પ્રિયંકા, તારે આ રીતે જ વાત કરવી હોય તો પછી મારે વાત નથી કરવી. મેં ક્યારેય તને ટાઈમ પાસ ફ્રેન્ડ નથી સમજી. મારી દરેક વાતનો તું ઊંધો જ અર્થ કાઢે છે.'

'ચલ બાય, હમણાં મારો મૂડ નથી તારી સાથે વાત કરવાનો.' આટલું કહીને પ્રિયંકા ઓફલાઈન થઈ ગઈ.

'અરે યાર...' મેં ટેબલ પર હાથ પછાડ્યો.

પ્રિયંકાના મનમાં પણ જેલસી અને નેગેટિવિટી શરૂ થઈ ગઈ હતી. એને પણ એવું જ લાગવા લાગ્યું હતું કે એનો એકલીનો જ મારા પર હક્ક રહે અને એ કહે એમ જ મારે કરવાનું.

રિયાના મેસેજ ચાલુ જ હતા.

'સોરી રિયા, આઈ કાન્ટ ટોક ટૂ યૂ રાઈટ નાઉ.' મેં એને કહ્યું.

'નો પ્રોબ્લેમ.'

'ઈઝ એનિથિંગ રોંગ વિથ યૂ ?'

'નો. ઓલ વેલ.'

'આઈ ફીલ ધેટ યૂ આર હાઈડિંગ સમ થિંગ ફ્રોમ મી.'

'નો. નથિંગ.'

'હાઉઝ પ્રિયંકા ?' રિયાએ અચાનક એવું પૂછી લીધું જેનો શું જવાબ આપવો ?

'ઉસસે ઝઘડા તો નહીં હુઆ ન ?' રિયાએ સ્માઈલી મોકલ્યું.

*‘તુમ્હે કૈસે પતા ચલા ?’*

*‘મૈને તો ઐસે હી પૂછ લિયા.’*

*મારો મૂડ તો ખરાબ જ હતો પણ રિયાને દુઃખ ન થાય એ માટે એની સાથે જેમ તેમ થોડી ઘણી વાતચીત કરી અને પછી એને ‘બાય’ કહ્યું. પ્રિયંકા પાછી ઓનલાઈન થશે એવી આશામાં થોડીવાર બેસી રહ્યો, પણ પ્રિયંકા ઓનલાઈન ના થઈ.*

## (૧૯)

*વારંવાર પ્રિયંકા સાથે થતા આવા બનાવોથી હું વધારે ડિસ્ટર્બ રહેવા લાગ્યો. પણ કરવું શું ? ના તો હું પ્રિયંકાને છોડી શક્યો, ના તો એની સાથે થતા કકળાટમાંથી બહાર આવવાનો કોઈ રસ્તો કાઢી શક્યો. પ્રિયંકા પાછળ હું આટલો બધો પરવશ થઈ ગયો છું એ મને સમજાયું જ નહોતું.*

*પ્રિયંકાએ કેટલાય દિવસો સુધી મારી સાથે સરખી રીતે વાત ન કરી. પણ એ વાત તો કરે છે ને, એ આશ્વાસન સાથે અમારો ચેટિંગનો સિલસિલો ચાલુ રહ્યો. બીજી બાજુ રિયા સાથે મારી વેવલેન્થ મેચ થવા લાગી હતી. પણ હું પ્રિયંકા સામે એનું નામ નહોતો લેતો. પ્રિયંકા સાથે વાતો કરીને મને જે 'હાશ' નહોતી થતી એ રિયા સાથે વાતો કરીને થવા લાગી. છતાં પ્રિયંકા મારા માટે બીજા બધા કરતા પહેલા જ હતી. એની સાથે હું ગમે તે ટાઈમે, ગમે તે કામ છોડીને ચેટ કરવા બેસી જતો.*

*પ્રિયંકાને મારી ઓનેસ્ટી બહુ ગમતી હતી. પણ રિયા વિશે ઓનેસ્ટલી જાણ કરવામાં પ્રિયંકા મારાથી નારાજ થઈ ગઈ, જે મારાથી સહન ન થયું. પછી જૂઠું બોલીને જ એની સાથે રિલેશન ટકાવી રાખવાનું મને યોગ્ય લાગ્યું. કાયમ સાચું બોલવાવાળો હું, હવે ઘરમાં અને ફ્રેન્ડ્સમાં જૂઠું બોલતો થઈ ગયો.*

*ચેટિંગના ચક્કરમાં પરમ અને નિખિલને મળવાનું થોડું ઓછું થતું ગયું. પણ ટ્યૂશનમાં અને સ્કૂલમાં પરમ સાથે જ હોવાથી એની વાતો અને વર્તનનો પ્રભાવ મારા પર પડ્યા વગર રહેતો નહીં. જૂઠું બોલવાનું, રોફથી રહેવાનું, પોતાની નાની-મોટી જરૂરિયાતો પૂરી કરાવવા માટે પેરેન્ટ્સ પાસે જિદ કરીને ધાર્યું કામ કઢાવવાનું ચાલુ જ રહ્યું. ઘરનું વાતાવરણ બગડવા લાગ્યું. મમ્મીની તબિયત પર પણ થોડી અસર થવા લાગી. એનું બી.પી. હાઈ રહેવા લાગ્યું. એથી એણે પણ મારી સાથે વધારે માથાકૂટ કરવાનું ઓછું કરી દીધું. પપ્પા ક્યારેક ભણવા માટે ટોકતા. મીત એના પોતાના રૂટીનમાં જ વ્યસ્ત રહેતો. ઘરમાં એ મહેમાનની જેમ આવતો અને જમીને પોતાનું કામ*

પતાવીને સૂઈ જતો. મારા સતત બગડતા જતા વર્તન અને વ્યવહારથી ઘરમાં બધાએ કદાચ મારાથી હાથ ધોઈ નાખ્યા હતા.

આટલું કહીને મિરાજે મીતની સામે જોયું અને ધીમેથી બોલ્યો, 'હું તારા માટે કોઈ ફરિયાદ નથી કરવા માંગતો, માત્ર મારી હાલતનું વર્ણન કરી રહ્યો છું. હવે મને તારી સિચ્યૂએશન સમજાઈ ગઈ છે.'

મિરાજ વાત કરતો હતો, ત્યારે અચાનક એક બાળકના રડવાનો અવાજ આવતા અમારું ધ્યાન ત્યાં ગયું.

'અલેલેલે... બેટા પડી ગયો ?' મમ્મી એને કહી રહી હતી.

'કેવું છે ને મિરાજ, ઉપર ચઢતા કેટલીવાર લાગે અને નીચે પડવાનું હોય તો ? સડસડાટ લપસી પડાય. પછી એ બાળક હોય કે આપણે.'

'હા. જીવનમાં પણ નીચે પડતા વાર નથી લાગતી. ખરાબ સંગતમાં પડ્યા કે લપસ્યા. પછી પોતાની નજરમાં જ નીચે પડી જવાય છે.'

'બસ આ જ અનુભવ અને સમજણ તને ફરી ભૂલ કરતા અટકાવશે. હવે મિરાજ ક્યારેય ફેઈલ નહીં થાય.' મેં ખુશીથી કહ્યું.

'ફેઈલ ? એ તો હું ઓલરેડી છું. જીવનમાં પણ અને એક્ઝામમાં પણ'

મિરાજ એક્ઝામમાં ફેઈલ થયો છે, એ હું જાણતી હતી. પણ ફેઈલ થવા પાછળ કેવા સંજોગો કામ કરી ગયા એ જાણવાનું મારે બાકી હતું.

'આમ ને આમ દિવસો અને મહિનાઓ વીતતા ગયા. એક્ઝામ આવીને ઊભી રહી ગઈ. બધેથી નિરાશા જ મળતી હતી. એ દિવસોમાં ભણવા પરથી મન ઊઠી ગયું હતું. ધારવા છતાં પણ મારાથી ભણી શકાતું નહોતું. મારી હાલત એક હારેલા ખેલાડી જેવી હતી.'

મિરાજના ચહેરા પર અને શબ્દોમાં પણ સ્ટ્રેસ વર્તાતો હતો.

આખરે એક્ઝામનો દિવસ આવી ગયો. કોર્સ પૂરો થયો નહોતો, એટલે રાત્રે ઉજાગરા ચાલુ થઈ ગયા. પહેલા બે પેપરમાં તો વાંધો ના આવ્યો પણ ત્રીજા પેપર વખતે તબિયત થોડી બગડી. એમ પણ પેપર સારા નહોતા જતા એટલે ટેન્શનમાં જ દિવસો વીતી રહ્યા હતા. માનસિક થાક, ઊંઘ અને ખાવાનું રૂટીન ન સચવાતા તબિયત વધારે બગડી. વીકનેસ લાગતી હતી. અચાનક શરીર તપવા લાગ્યું. તાવ આવી ગયો.

દવા લઈને બીજે દિવસે એક્ઝામ આપવા ગયો. મેથ્સનું પેપર હતું. જેમ તેમ પેપર લખ્યું. બધા ફ્રેન્ડ્સ ટોળે વળીને પેપર સોલ્વ કરવામાં પડ્યા હતા, ત્યારે હું નીચું

જોઈને ચૂપચાપ સ્કૂલની બહાર નીકળી ગયો. હું અંદરથી ભાંગી પડ્યો હતો. શરીર પણ સાથ નહોતું આપતું, સૂનમૂન થઈને હું ઘરે પહોંચ્યો.

આના પછી સાયન્સનું પેપર હતું. મેથ્સના પેપરમાં ફેઈલ થઈ જઈશ તો ? એક બાજુ ટેન્શન અને બીજી બાજુ અશક્તિ. મને કોઈના આશ્વાસનની જરૂર હતી. મેં મોબાઈલ હાથમાં લીધો. રિયા ઓનલાઈન હતી પણ મારી નજર પ્રિયંકાને શોધી રહી હતી.

પ્રિયંકાને મેસેજ કર્યો.

'હાય.'

'હાઉ આર યૂ.'

'નોટ ગુડ.'

'વ્હોટ હેપન્ડ ?'

'તને યાદ પણ છે કે મારી એક્ઝામ ચાલે છે ?' મેં એને પૂછ્યું.

'અરે હા, હું તો ભૂલી જ ગઈ હતી.'

'કેવા ગયા પેપર્સ ?'

'આજકાલ તને મારી કંઈ પડી જ નથી.' મને મોકો મળી ગયો પ્રિયંકાનો વાંક કાઢવાનો. અત્યાર સુધી એ મારામાં વાંક શોધતી હતી, આજે મારો વારો.

ખરેખર હું એનો વાંક કાઢવા માગતો હતો કે પછી મારું દુઃખ એની સાથે શેર કરવા માંગતો હતો ? મારે કરવું શું હતું ? એ મને પણ ખબર નહોતી પડતી. અચાનક જ મારાથી એને કહેવાઈ ગયું. પહેલાના પડેલા ઘા કદાચ બોલી રહ્યા હતા.

'???'

'તને હવે મારી કોઈ વાત યાદ જ ક્યાં રહે છે ? તું તો તારી મસ્તીમાં જ મસ્ત છે.'

'એ તો મને પણ તારા માટે એવું જ લાગે છે. જ્યારથી રિયા મળી છે, ત્યારથી તને મારા માટે ઓછો ટાઈમ મળે છે.'

'પ્લીઝ, ડોન્ટ સે લાઈક ધેટ. તને પણ ખબર છે કે એક્ઝામની તૈયારીના ચક્કરમાં હું તારી સાથે વાત નહોતો કરી શકતો. આમાં રિયા ક્યાંથી વચ્ચે આવી. એણે તારું શું બગાડ્યું છે ?'

'યસ. યૂ આર રાઈટ. એણે મારું કંઈ નથી બગાડ્યું. મેં પોતે જ મારું બગાડ્યું છે. તારા જેવા માણસ પાછળ મારો ટાઈમ બગાડ્યો.'

'તું મને કંઈ પણ કહે તો વાંધો નહીં અને મેં એકવાર કંઈ કીધું તો આટલું બધું

ખોટું લાગી ગયું ?'

'હા, લાગી ગયું.'

'પ્રિયંકા, વ્હોટ્સ રોંગ વિથ યૂ ? તું પહેલા તો આવી નહોતી. કેમ આટલી બદલાઈ ગઈ છે ?'

'મારે પણ તને એ જ પૂછવું છે.'

'કેન વી બી ધ સેમ ફ્રેન્ડ્સ એઝ વી વર અર્લીયર.'

'આઈ થિંક નાઉ ઈટ્સ નોટ પોસિબલ. બેટર વી સ્ટોપ ટોકિંગ ટૂ ઈચ અધર.'

'પ્રિયંકા, શું થયું છે તને ? મારે તો તને મારી વાત શેર કરવી હતી પણ તું તો...' હું ફરીથી એની સામે લાચાર થવા લાગ્યો.

'જો મિરાજ, તારી લાઈફમાં કંઈ ને કંઈ પ્રોબ્લેમ આવ્યા જ કરે છે, એનો અર્થ એ નથી કે હું કાયમ તારા માટે હાજર હોઉ. આઈ હેવ માય ઓન પ્રોબ્લેમ્સ.'

'હાય મિરાજ' બીજી બાજુ રિયાનો મેસેજ આવ્યો.

'પ્લીઝ ડોન્ટ ડિસ્ટર્બ.' મારાથી રિયાને કહેવાઈ ગયું.

'ઓહ, ઓ.કે. સોરી.' રિયાનો લાસ્ટ મેસેજ હતો.

'બાય ફોરેવર. ડોન્ટ ટ્રાય ટૂ કોન્ટેક્ટ મી અગેઈન. આઈ એમ ફેડ અપ વિથ યૂ.' આ પ્રિયંકાનો લાસ્ટ મેસેજ હતો.

એ પછી એણે મને એક પણ મેસેજ નહોતો મોકલ્યો.

'અમુક લોકો પડછાયા જેવા હોય છે. જે સારા સમયમાં સાથે જ દેખાય પણ કસોટીના દિવસોમાં એમને સાથ છોડી દેતા જરાય વાર નથી લાગતી.' મીતે ગંભીર અવાજમાં કહ્યું.

'ફ્રેન્ડશિપ ઓનલાઈન હોય કે ઓફલાઈન, આવા અનુભવો તો ઘણાને થયા જ હશે.' મેં કહ્યું.

મિરાજે આગળ વધાર્યું, 'મારા તરફથી રિપ્લાય ન મળવાથી રિયા પણ ઓફલાઈન થઈ ગઈ. એણે મને સપોર્ટ કર્યો હતો પણ હું જ એને બરાબર રિસ્પોન્સ નહોતો આપી શક્યો. વાંક મારો જ હતો. પ્રિયંકાની હાજરીમાં રિયા મારા માટે સેકન્ડ પ્રાયોરિટીમાં જ આવી હતી.

મેં મોબાઈલ બાજુ પર મૂકી દીધો. હું સાવ તૂટી ગયો. હું પલંગ પરથી ઊભો થયો અને સાયન્સની બુક હાથમાં લીધી પણ...'

'બાય ફોરેવર. ડોન્ટ ટ્રાય ટૂ કોન્ટેક્ટ મી અગેઈન. આઈ એમ ફેડ અપ વિથ યૂ.'

પ્રિયંકાના શબ્દો એકધારા મારી અંદર છરાની જેમ ભોંકાતા હતા.

મારું ગળું સુકાવા લાગ્યું. શરીરમાં કળતર થવા લાગી. મેં બાજુમાં પડેલી બોટલમાંથી બે ઘૂંટડા પાણી પીધું. આરામ કરવાની જરૂર લાગતા બુક બાજુ પર મૂકીને હું પલંગ પર લાંબો થયો. આરામ ના કરવાના કારણે લાલઘૂમ થયેલી આંખમાંથી પાણી નીકળવા લાગ્યા. એ પાણી તાવની ગરમીના હતા કે પછી હતાશા અને ગૂંગળામણથી હારેલા વ્યક્તિના, એ સમજવું મારા માટે અઘરું હતું ! મેં આંખો લૂછી અને સ્વસ્થ થવાનો પ્રયત્ન કર્યો. પણ તરત જ આંખો ફરી ભીંજાઈ ગઈ. આંસુની ધાર વહેવા લાગી. હું ભૂકેભૂકા થઈ ગયો.

ગળામાં ડૂમો ભરાઈ ગયો. મમ્મી રૂમમાં આવી જશે તો ? એ ચિંતાએ મેં મારા પર કંટ્રોલ કરવાનો જેટલો પ્રયત્ન કર્યો એટલી જ નબળાઈ વધવા લાગી. હવે હું આંસુ રોકવા અસમર્થ હતો. ફક્ત આંખો મીંચીને પડ્યો રહ્યો.

એકાદ કલાક પછી જેવી આંખ ખૂલી કે મને અજીબ ગભરામણ થવા લાગી. તાવની ગરમી શરીરમાં અનુભવાતી હતી. મને એકલા રૂમમાં રહેવાની હિંમત નહોતી. હું રૂમની બહાર નીકળ્યો. મમ્મી ફોન પર વાત કરી રહી હતી.

'મને મિરાજનું બહુ ટેન્શન થાય છે. તમે આજે રાત્રે એની સાથે બેસીને વાત કરજોને ?' બહાર રૂમમાં મમ્મી વાત કરી રહી હતી. સ્પીકર ફોન પર જ વાત કરવાની મમ્મીને આદત હતી.

'અત્યારે એની તબિયત કેવી છે ?' પપ્પાનો અવાજ હતો.

'તાવ તો છે થોડો. એણે કંઈ ખાધું નથી.'

'સારું હું આજે વહેલો ઘરે આવી જઈશ. તું ચિંતા ના કર.'

'મને લાગે છે કે એ કોઈ ટેન્શનમાં છે. પહેલા તો એ આપણા પર અકળાયેલો રહેતો હતો પણ હવે તો સૂનમૂન થઈ ગયો છે. રાત્રે પણ મોડે સુધી જાગે છે. એ મેં ઘણા ટાઈમથી નોટીસ કર્યું છે.'

'અરે એ તો એક્ઝામ છે એટલે...'

'ના, એક્ઝામ નહોતી તો પણ ઘણીવાર એના રૂમની લાઈટ ચાલુ હોય. હું જોઉં તો કંઈ જ કરતો ના હોય. ચૂપચાપ સીલિંગ તરફ જોઈ રહ્યો હોય.'

'મને લાગે છે કે આપણાથી આપણી ફરજ નિભાવવામાં ક્યાંક કચાશ રહી ગઈ છે, એના કારણે એ આપણાથી નારાજ રહે છે.' પપ્પા ઢીલા હતા. મમ્મીથી એક ડૂસકું ભરાઈ ગયું.

આ સાંભળી મારું હૃદય ભરાઈ આવ્યું. બધા મારા જ તો છે. છતાં કેમ કોઈ

મને મારું નથી લાગતું ?

મમ્મી-પપ્પા સાથે એટલું અંતર થઈ ગયું હતું કે હું મારું હૃદય ત્યાં ઠાલવી નહોતો શકતો. બહારથી સતત હૂંફ શોધવા મથતો હું, સાવ એકલો પડી ગયો હતો. જાણે બધું ખાલીખમ થઈ ગયું હતું. રૂમમાં પાછા જઈને હું પલંગ પર બેસી ગયો. પાણી પીવા હાથ આગળ કર્યો પણ બોટલ હાથમાંથી છટકી ગઈ.

બોટલ પડવાનો અવાજ સાંભળીને મમ્મી ચાલુ ફોન પડતો મૂકીને દોડીને મારા રૂમમાં આવી ગઈ.

'શું થયું બેટા ?' મમ્મીએ બોટલ હાથમાં લેતા મને પૂછ્યું.

'માત્ર રડી લેવા સિવાય હવે મારી પાસે કંઈ બચ્યું નહોતું. મમ્મીનો હાથ પકડીને હું ફૂટી ફૂટીને રડવા લાગ્યો. મમ્મીએ મને વળગાડી દીધો.'

'મારી લાઈફ બરબાદ થઈ ગઈ છે. હું કોઈ કામનો નથી રહ્યો. હું કોઈને ગમતો નથી, કોઈને મારી જરૂર નથી, હવે મારે જીવવા જેવું કંઈ રહ્યું જ નથી. આવી રીતે હું નહીં જીવી શકું. મમ્મી, મારે મરી જવું છે... મમ્મી, મારે મરી જવું છે.' મમ્મીને વળગીને હું જોર જોરથી રડવા લાગ્યો.

મારો ચિત્કાર મમ્મીના હૃદયને પણ ચીરી રહ્યો હતો. એની આંખમાંથી પણ આંસુની ધારા અનરાધાર વહી રહી હતી. એનો મૃદુ સ્પર્શ મૌનપણે મારા માથા અને પીઠ પર ફરી રહ્યો હતો.

રાત્રે પપ્પા પણ મારી હાલત જોઈને ચોંકી જ ગયા. હું ખરેખર મરવા પડ્યો હોઉં એવી હાલતમાં હતો. એ લોકોએ તરત ડોક્ટરને ઘરે બોલાવ્યા. દવા શરૂ કરી અને પરીક્ષા બંધ.

હું મારી જ નજરમાં ઊતરી રહ્યો હતો. કહોને કે હું મારું અસ્તિત્વ ખોઈ બેઠો હતો. ક્યાંય બહાર નહોતો જતો. બસ, રૂમના કોઈ એક ખૂણે ભરાઈને બેસી રહેતો હતો. ધીમે ધીમે તો આંસુઓ પણ સુકાઈ ગયા. મોઢા પર કોઈ જાતના હાવભાવ નહીં, કોઈ લાગણી કે સંવેદના નહીં, જાણે પૂતળું બની ગયો હોઉં એમ. આજુબાજુવાળા ઘણા લોકો મમ્મીને પૂછતા કે મને માનિસક બિમારી તો નથીને ? મમ્મી-પપ્પાને પણ લાગતું કે અમારો દીકરો પાગલ થઈ ગયો છે કે શું ? મને પણ એવો ડાઉટ થવા લાગ્યો કે સાચે જ હું...

આ બધું ચાલતું હતું ત્યારે મીતને તમે મળ્યા.

મિરાજની વેદના અને મીતની અશ્રુધારા એકસાથે વહી રહ્યા હતા. પહેલા કોને સાંત્વના આપવી ?

## (૨૦)

આટલું બોલતા જ મિરાજ ભાંગી પડ્યો. એના ગળે ડૂમો ભરાઈ ગયો હતો. હું ઊભી થઈને એની પાસે ગઈ. એના ખભા પર હાથ મૂક્યો. એ રડી પડ્યો. આંસુ સાથે વેદના ખાલી થઈ રહી હતી. કેટલાય વખતના પડેલા ઉઝરડા હશે એ. ધીમે ધીમે રુઝાઈ રહ્યા હતા એ. આ બધું થવું જરૂરી હતું. એ ઘણું રડ્યો પણ આજે એણે એની અંદર રહેલી બધી જ ગૂંગળામણ ઠાલવી દીધી. એ ભલે એમ સમજતો હોય કે એ હારી ગયો છે પણ ખરેખર હવે એના જીતવાની શરૂઆત હતી.

મીત પોતાના આંસુ લૂછીને સ્વસ્થ થયો. આંખો લાલ થઈ ગઈ હતી.

મેં મિરાજને રડવા દીધો. અત્યાર સુધી એ પૂરેપૂરો ખાલી નહોતો થયો. અણધાર્યા ભાર નીચે દબાયેલો હતો, દટાયેલો હતો. ખાલી તો એ હવે થયો. નવી ખુશીઓ, આશાઓ અને આકાંક્ષાઓ સાથે જીવવા માટે એના દિલમાં હવે જગ્યા થઈ હતી.

‘દિલ ખોલીને જેમ હસવાનું હોય, એમ દિલ ભરાઈ આવતા રડી લેવાથી નવી ખુશીઓને પ્રવેશવાની જગ્યા મળે છે.’ મીતે પોતાની જગ્યાએથી ઊભા થતા કહ્યું.

મીત મિરાજ પાસે ગયો અને પ્રેમથી એને ભેટી પડ્યો. મીતે ત્રણ-ચારવાર એની પીઠ થપથપાવી. બંને છૂટા પડે એ પહેલા એણે મિરાજના માથા પર હાથ ફેરવ્યો અને પોતાની જગ્યા પર બેસી ગયો.

મિરાજનું રડવાનું બંધ થતા મેં એને મારી પાસે રહેલી પાણીની બોટલ ખોલીને આપી. એ મારી આંખોમાં આંખ મિલાવી નહોતો શકતો.

‘હેય, ઈટ્સ ઓ.કે. છોકરાંઓ તો ફાલતુમાં દિલ પર વધારે બોજો લઈને ફરતા હોય છે કે અમે છોકરાંઓ છીએ. અમે કેવી રીતે રડી શકીએ ? અરે, રડી લેને ભાઈ. અંદર જે છે તે જ બહાર આવવાનું છે. કંઈ જાતે થોડું રડવાનું ઊભું કરવાનું છે?’

*મેં મીત અને મિરાજ સામે જોતા કહ્યું.*

*મીત હસી પડ્યો.*

*મિરાજે ખિસ્સામાંથી રૂમાલ કાઢીને આંખો લૂછી.*

*'હાઉ ડૂ યૂ ફીલ નાઉ ?'*

*'ફ્રી એન્ડ લાઈટ.'*

*'યસ, આઈ કેન સી ધેટ ઓન યોર ફેસ. તારા ચહેરા પર અત્યાર સુધી જે ભાર હતો એ અત્યારે બીજે જતો રહ્યો છે. ખબર છે ક્યાં ?*

*'ક્યાં ?'*

*'તારી આંખોમાં.'*

*'આંખોમાં ?'*

*'આઈ મીન રડવાથી તારી આંખો સૂજી ગઈ છે. બટ નો વરીઝ. એ તો થોડીવારમાં પાછી પહેલા જેવી થઈ જશે.'*

*'દીદી, સમ ટાઈમ્સ યૂ ક્રેક વેરી બેડ જોક્સ લાઈક મીત ?' મિરાજના મોઢા પર સ્માઈલ આવી.*

*'રિયલી ? તો તો મારી સેન્સ ઓફ હ્યુમર ઈમ્પ્રૂવ થઈ કહેવાય.' હું પણ હસી.*

*'હા. ક્યારેક આવા ક્રેઝી સેન્સ ઓફ હ્યુમરની પણ જરૂર પડે છે.' મીત બોલ્યો.*

*'અને એવા ક્રેઝી લોકોની પણ જરૂર પડે છે જે તમને પાગલો જેવી વાતો કરીને હસાવી શકે.' મેં મીત સામે ઈશારો કરતા કહ્યું.*

*અને મિરાજ હસી પડ્યો.*

*મિરાજની લાલ આંખોમાં એના ચહેરા પર ઝળકી રહેલા સ્મિતનું નૂર હતું. એની જીતમાં મને મારી જીતના દર્શન થઈ રહ્યા હતા. પોતે એક નવી શરૂઆત કરવા જઈ રહ્યો છે, એનાથી એ ખુશ હતો.*

*થોડીવાર સુધી અમે ત્રણે ચૂપચાપ બેસી રહ્યા. હવે એને કોઈના સહારાની જરૂર નહોતી. અમે બધા મંદિરની નિરવતામાં મનની શાંતિનો આનંદ માણી રહ્યા હતા. ખાસ કરીને મિરાજ.*

*એ દરમિયાન મને અનેક વિચારો ફરી વળ્યા. મિરાજના જીવનમાંથી મને પણ ઘણું શીખવા અને સમજવા મળ્યું.*

**કોઈ માણસ ચહેરા પર માસ્ક પહેરીને કેટલો વખત રહી શકે. પોતાની જાતને કેટલી હદ સુધી બદલવાની કોશિશ કરી શકે ? જે વસ્તુ કરવામાં પોતાને ભાર લાગતો**

**હોય, એ ભાર સાથે કેટલું ખેંચે ? પોતાની જિંદગીમાં જે ખુશી સચવાઈને રહેલી હોય એ પણ જતી રહે. એ રસ્તે આગળ વધીને શું ફાયદો ? પોતાની જાતને દેખાદેખીથી પ્રેરાઈને જબરજસ્તી લોકો જેવી બનાવવા જવી, એનાથી મોટું સેલ્ફ ટોર્ચર બીજું શું હોઈ શકે ?**

**સરળ થવું અને સરળ રહેવું એટલું અઘરું નથી પણ સરખામણી કરીને નકલી પર્સનાલિટી કે ઈમ્પ્રેશન બનાવવા માટે સતત મથતા રહેવું બહુ અઘરું છે. અમુક લિમિટ સુધીનો બદલાવ સ્વીકાર્ય છે અને જરૂરી પણ છે. પણ એની લિમિટ પહેલા સમજી લેવી જોઈએ. જીવન જીવવું સહેલું છે. પણ આપણે જાતે એને કોમ્પ્લિકેટેડ બનાવી દઈએ છીએ.** *આખરે પોતાની જાતને બદલવાના બધા પ્રયત્નો કર્યા પછી પણ મિરાજના હાથમાં કંઈ ના આવ્યું.*

*'ક્યાં ખોવાઈ ગયા તમે બંને ?' મિરાજ થોડું જોરથી બોલ્યો.*

*મેં એની સામે નજર કરી. હવે એ એકદમ સ્વસ્થ લાગતો હતો.*

*'હું વિચારતો હતો કે* **સરસને બદલે સરળ બનવામાં મજા છે.** *'*

*'ટેલિપથી... મારા મનમાં પણ આવા જ વિચારો હતા. પણ તે એને શોર્ટ એન્ડ સ્વીટ કરીને કહી દીધા.' મેં ઉત્સાહમાં આવીને કહ્યું.*

*'તું ફ્રેન્ડ કોની છે ? તો વિચારો તો મળતા આવે જ ને... મારો પ્રભાવ જ એવો છે.' મીતે કોલર ચઢાવતા કહ્યું.*

*'તું નહીં સુધરે ક્યારેય.'*

*મીતની એ જ જૂની હરકતોએ વાતાવરણને હળવું કર્યું. મિરાજ ઘણો રિલેક્સ દેખાતો હતો પણ મારે હજી કંઈ કહેવાનું બાકી હતું.*

*'મને હજી એક વિચાર સતાવે છે.' મેં ગંભીરતાથી મિરાજ સામે જોઈને કહ્યું.*

*'કયો વિચાર ?'*

*'હું એ વિચારતી હતી કે તું હવે એકદમ બરાબર થઈ ગયો હોય એવું લાગે છે. પણ ફરી તારી સાથે આવું નહીં બને, એની કોઈ ગેરેન્ટી નથી.' આ વાતથી મીત અને મિરાજના ચહેરા પર આવેલું સ્મિત એ જ ક્ષણે ઊડી ગયું.*

*મિરાજને આંચકો લાગ્યો. એના ચહેરા પર અચાનક થોડું ટેન્શન ઊપસી આવ્યું.*

*મીત પણ આશ્ચર્યથી મારી સામે જોઈ રહ્યો.*

*'આવું કેમ બોલો છો, દીદી ?' ફરીથી આવું બધું સહન કરવાની મારી કોઈ તાકાત નથી. અને હવે હું એ દિશામાં જવા પણ નથી માગતો, જેનાથી મારી આ દશા*

થઈ છે.'

'હું જાણું છું કે તું પરમ, નિખિલ અને પ્રિયંકાના અનુસંધાનમાં આવું કહે છે ?'

'હું એ લોકોને ક્યારેય નહીં ભૂલી શકું. એમણે મારી સિમ્પલ એન્ડ સેફ લાઈફને કોમપ્લીકેટેડ અને અન્‌સેફ બનાવી. હું ક્યાંથી ક્યાં પહોંચી ગયો ?'

'ના. એમાં એમનો કોઈ વાંક નથી. એ લોકો તો ફક્ત નિમિત્ત છે. વાંક આપણો પોતાનો છે. તું કાયમ ડર સાથે જ જીવ્યો છે. અને એ ડરનો બોજો તારા બધા રિલેશનશિપ પર પડે છે.'

'ડર ? કેવો ડર, દીદી ?'

'એકલા પડી જવાનો ડર, લોકોની પાછળ રહી જવાનો ડર, જૂનવાણી દેખાવાનો ડર અને લોકોની મશ્કરીનું કારણ બનવાનો ડર.'

મિરાજ મારી સામે જોઈ રહ્યો.

'તો આજે આપણે આ ડરને કાયમ માટે 'બાય બાય' કહી દઈએ અને જિંદગીને 'વેલકમ' કહી દઈએ ?'

મિરાજે ઊંડો શ્વાસ લીધો અને સ્માઈલ કરી. એક પણ દલીલ વગર એણે મારી વાતને સ્વીકારી.

'તમને આવું બધું કેવી રીતે ખબર પડે છે, દીદી ?'

'કારણ કે તું જે અત્યારે અનુભવે છે એ હું ઓલરેડી અનુભવી ચૂકી છું.'

મિરાજે હળવાશ અનુભવી.

'લેટ્સ ગો.'

મેં મનોમન ભગવાનનો આભાર માન્યો, આ જગ્યાને અમારી જિંદગીનો યાદગાર દિવસ બનાવવા માટે.

'દીદી, અમુક રિલેશનના કોઈ નામ નથી હોતા. એને આપણે વેલ વિશર કહી શકીએ.' મિરાજે સાઈકલ પર બેસતા કહ્યું.

'યૂ આર એબ્સોલ્યૂટલી રાઈટ.' વાતના સમર્થનમાં મીતે સાઈકલની રિંગ વગાડી.

એની આંખોમાં મારા માટે આભારની સ્પષ્ટ લાગણીએ ઊભરાઈ રહી હતી. જે એને શબ્દોથી કહેવાની કોઈ જરૂર નહોતી.

'હા, પણ એ સિવાય બીજું પણ કંઈક છે જે આપણને સારા-નરસાનું ડિમાર્કેશન બતાવે છે.' મેં વાતને બીજી દિશા આપતા કહ્યું.

'શું ?'

'ધર્મ અને અધ્યાત્મ.'

'કોઈ વ્યક્તિ આપણને કાયમનું સુખ આપી શકતી નથી અને ત્યાં અધ્યાત્મ આવે છે.' સાઈકલિંગ સાથે વાતો કરતા કરતા ક્યારે ઘર આવી ગયું ખબર ન પડી.

થોડા દિવસો એમ ને એમ જતા રહ્યા. ક્યારેય ન અનુભવી હોય એવી હળવાશ સાથે. મિરાજ એની રૂટીનમાં આવવા લાગ્યો હતો. એવું મીત પાસેથી જાણવા મળ્યું. પહેલા કરતા ઘણો ફેરફાર હતો પણ હજી સો ટકા પહેલાનો મિરાજ થયો નહોતો. હજી કોઈ કચાશ હતી, જે જલદી પૂરી થઈ જશે. એવો મને વિશ્વાસ હતો. પણ હું યોગ્ય સમયની રાહ જોઈ રહી હતી.

'એક દિવસ મિરાજનો ફોન આવ્યો, 'કેમ છો, દીદી ?'

'ફાઈન. તું કેમ છે ?'

'ડૂઈંગ વેલ.'

'દીદી, તમને આજે ડિનર પર ઈન્વાઈટ કરવા ફોન કર્યો છે. મમ્મી-પપ્પાને બહુ ઈચ્છા છે તમને મળવાની.'

'અને તને નહીં ?'

'તમારા થકી તો મને નવજીવન મળ્યું છે, દીદી. તમે સાચી સમજણરૂપે મારી સામે હાજર જ રહ્યા કરો છો. એટલે હું તો તમને રોજ મળું જ છું.'

અને અમે બંને હસી પડ્યા.

'આવીશ. ચોક્કસ આવીશ.'

'સારું. તો મળીએ રાત્રે સાત વાગે. દીદી, મીત તમને લેવા આવે ?'

'નો થેન્ક્સ. આઈ વિલ મેનેજ.'

'ઓ.કે. બાય ધેન.'

બરાબર સાતના ટકોરે હું મિરાજના ઘરે પહોંચી.

'આવ, આવ દીકરા.' અલ્કાબેને ઉષ્માભર્યો આવકાર આપ્યો.

મને જોઈને મીતના પપ્પા ઊભા થઈ ગયા, 'આવ બેટા.'

તેઓ આગળ કંઈ બોલી ન શક્યા. પણ એમની આંખો ઘણું બધું કહી ગઈ. જે રીતે તેઓ ઊભા રહ્યા હતા, એમાં ભારોભાર આભાર છલકતો હતો.

'વેલકમ દીદી.' ત્યાં તો મિરાજ અંદરથી આવ્યો. એ ખુશ દેખાતો હતો. મને જોઈને એની આંખોમાં ચમક આવી ગઈ.

'હાય મિરાજ, લુકિંગ કૂલ.' કહેતા હું સોફા પર બેઠી.

'મીત નથી ?' મેં ઘરમાં નજર ફેરવતા કહ્યું.

'બસ, આવતો જ હશે.' મિરાજ બોલ્યો. અને ત્યાં જ બેલ વાગી. મિરાજ દરવાજો ખોલવા દોડ્યો. 'શેતાન કા નામ લિયા ઔર શેતાન હાજીર.' મિરાજ બોલ્યો.

ખરેખર મારે એ વાક્ય બોલવું હતું પણ એના પપ્પાની હાજરીએ મને બોલવામાં મર્યાદામાં રાખી.

'હલ્લો સંયુક્તા' મીત શર્ટનું ઉપરનું બટન ખોલતા બોલ્યો. બેઉ હાથની બાંયો વાળતા એ પંખા નીચે ચેર પર બેઠો.

'ચાલો, જમી લઈએ ?' અલ્કાબેને પૂછ્યું.

'યેસ. ટુડે ફેમિલી ડિનર વિથ ફેમિલી ફ્રેન્ડ.' અને બધા ખડખડાટ હસી પડ્યા.

ઘરના બધા ફ્રેશ દેખાતા હતા, જે મારી ખુશીમાં વધારો કરતો હતો. અલકમલકની વાતો કરતા, હસતા હસાવતા અમે ડિનર પૂરું કર્યું.

મુખવાસ ખાતા ખાતા અમે સોફા પર ગોઠવાયા. અલ્કાબેન રસોડામાં થોડું આટોપવામાં રહ્યા.

'સંયુક્તા, મીત પાસેથી તારી વાતો ઘણીવાર સાંભળી હતી. આજે તને મળીને આનંદ થયો.' મીતના પપ્પાને વાતો તો કરવી હતી પણ બોલવાનું સૂઝતું ન હતું.

'આઈ થિંક, સંયુક્તાને મળીને આપણને ચારેયને આનંદ થયો છે રાઈટ ? અને એની ક્રેડિટ મને મળે છે.' મીતે આઈબ્રો ઊંચી કરી ઘરના દરેક જણ સામે સ્માઈલ સાથે જોયું.

'હા ભાઈ હા, તું લે બધી ક્રેડિટ બસ ?' અલ્કાબેન પરવારીને આવ્યા. સાડીના છેડાની હાથ લૂછતા લૂછતા તેઓ સોફા પર ધબ દઈને બેઠા.

'અરે મમ્મી, આ એંસી કિલોનું વજન કોઈના પર મૂકતા વિચાર તો કર. બિચારાની શું હાલત થાય.'

'ચૂપ રે બદમાશ.' અલ્કાબેનને હસવું આવી ગયું.

'દીદી, એક વાત પૂછું ?'

મને નવાઈ લાગી. 'એવી કઈ વાત છે મિરાજ, જેમાં તારે મને આવું પૂછવું પડે ?'

'કારણ કે વાત પર્સનલ છે, દીદી.'

હું થોડી અચકાઈ. 'હા પૂછ.'

હવે મિરાજ થોડો અચકાયો. મને સમજાતું નહોતું કે થઈ શું રહ્યું છે. મેં એના

મમ્મી-પપ્પા તરફ જોયું. એ લોકો પણ શાંત છતાં આતુર હતા. આખરે મેં મીત સામે જોયું.

'અરે યાર, હું કહું. સંયુક્તા, બધાને તારી જર્ની સાંભળવી છે. તું કેવા કેવા ફેઝીઝમાંથી પસાર થઈ ? કેવી રીતે એમાંથી બહાર નીકળી ? એ બધું.'

'દર વખતે તમે એક વિરલ વિભૂતિની વાત કરો છો. પણ એના વિશે ક્યારેય કંઈ કહ્યું નથી. મારે તો ખાસ એ સાંભળવું છે.' મિરાજ અધવચ્ચે જ બોલી ઊઠ્યો.

મારા મોઢા પર આછી સ્માઈલ આવી. હું સોફા પર બરાબર બેઠી. બધાએ પણ પોતાપોતાની જગ્યા લીધી. મેં મારા ભૂતકાળના પાના ફેરવવાનું શરૂ કર્યું...

## (૨૧)

સ્કૂલમાં મારા દેખાવના લીધે સતત અપમાન, હીનપણું ભોગવીને વર્ષો માંડ માંડ પસાર થયા હતા. કોલેજના સપના તો બધા જોતા હોય. મને પણ બીજી છોકરીઓ જેવી લાગણીઓ કુદરતી રીતે જ થતી. પણ વાળ વધારવા માટે પાર વગરના ઉપાયો કરીને, દરેક નવા ઉપાય વખતે અસંખ્ય આશાઓ સેવીને અને અંતે નિરાશ થઈને હું સખત થાકી ચૂકી હતી.

અંતે બધા પ્રયત્નો ફેઈલ થતા કોઈએ હેર ટ્રાન્સપ્લાન્ટની વાત કરી. હેર ટ્રાન્સપ્લાન્ટ માટે પણ ખૂબ પ્રયત્નો કર્યા પછી મારા કેસમાં એ પણ ફેઈલ રહ્યું.

હવે છેલ્લો ઉપાય હતો વિગ. સ્કૂલમાં તો બધા મને પહેલેથી જ જાણતા હતા એટલે વિગ પહેરવાથી લોકોની નજર સામે હું હજુ વધારે મજાક બની જઈશ. એ ડરથી સ્કૂલમાં વિગ પહેરવાની કોણ જાણે કેમ મારી હિંમત જ ના થઈ. મહામુશ્કેલી સાથે સ્કૂલના વર્ષો વિતાવ્યા. વિગ પહેરીને આત્મવિશ્વાસ સાથે કોલેજ જવાની આશા હવે સફળ થતી દેખાઈ. આખરે એ ઉપાય મને કામ લાગી ગયો.

'સંયુક્તા, તને જોઈને કોઈને ખબર પણ નહીં પડે કે તે વિગ પહેરી છે, એવું તને સરસ સેટિંગ કરી આપીશ.' મારા વર્ષોના જાણીતા ડોક્ટરને કુદરતી રીતે જ મારા માટે ખૂબ સહાનુભૂતિ હતી.

'સાચે ?' એ દિવસે એ ડોક્ટર મને ભગવાન જેવા લાગ્યા.

થોડી જ મિનિટોની મહેનત પછી સુંદર વાળવાળો એક નવો ચહેરો, નવો દેખાવ, નવો આત્મવિશ્વાસ, નવી આશાઓ અને અનેકગણી ખુશી મારા જીવનમાં પ્રવેશી. ખરેખર વિગ પહેર્યા પછી બધું જ બદલાઈ ગયું. મને જાણે નવું જીવન જ મળી ગયું.

મારી આંખોમાં ખુશીના આંસુ આવી ગયા. હસતા ચહેરે અમે ઘરે પાછા ફર્યા. મમ્મી, પપ્પા, રોનક, બા બધાએ મારા પેટ ભરીને વખાણ કર્યા. મમ્મીની નજર

મારા પર ચોંટી જ ગઈ હતી.

એ દિવસથી ઘરનું વાતાવરણ આખું બદલાઈ ગયું. મારા જીવનમાં આવેલા પરિવર્તને બધાને ઠંડક આપી. કોલેજમાં પણ મેં ઉમળકાભેર પગલા માંડ્યા. વિગના કારણે મળેલા નવા અરમાનો અને આત્મવિશ્વાસ સાથે મેં કોલેજ જીવનની શરૂઆત કરી.

કોલેજ એટલે નવી જ દુનિયા. અમુક લોકો માટે એ પોતાના કરિઅર અને સ્થાનને મજબૂત બનાવવા માટેનો પાયો ચણી આપનારી જગ્યા બની રહે છે. તો અમુક લોકો માટે એ ફેશન, સ્ટાઈલ, સ્પીચ, એટિકેટ,એટિટ્યુડ, કોમ્પિટિશન, જેલસી, લવ બર્ડ્સ અને શો બાજી માટેનું એક મોટું પ્લેટફોર્મ બની રહે છે.

હું પણ બીજા બધાની જેમ કોઈ પણ જાતના શરમ, સંકોચ કે લઘુતાગ્રંથિથી પીડાયા વિના આગળ વધવાની આશાઓ સાથે ધીમે ધીમે કોલેજના રૂટીનમાં સેટ થવા લાગી. મારી અમુક સારી ફ્રેન્ડ્સ પણ બની. બે-ત્રણ છોકરાંઓ પણ અમારા ગ્રુપમાં જોડાયા. વિગના કોન્ફિડન્સે મને એ લોકો સાથે હળવા ભળવામાં વધારે ટાઈમ ન લાગવા દીધો.

વિગ નેચરલ વાળ જેવું સો ટકા લુક ના આપી શકે. પણ ઘણા ખરા અંશે એ સાચા વાળ જેવી જ લાગતી હોવાથી કોઈને મારા પર શંકા જાય, એવું આટલા દિવસોમાં જણાયું નહોતું.

પોની જેવી સાદી હેર સ્ટાઈલ કરીને હું કોલેજ જવા લાગી. લોકો તરફથી મને નોર્મલ એક્સેપ્ટન્સ મળવા લાગ્યું. હું કોન્ફિડન્ટ બનતી ગઈ. એક સમય એવો આવ્યો કે હું લગભગ વિગને જ મારું સાચું અસ્તિત્વ માની બેઠી. માત્ર વિગ પહેરવા અને કાઢવાના સમય સિવાયનો બાકીનો બધો જ સમય હું એ વાસ્તવિકતા ભૂલી જ જતી કે આ જે કંઈ પણ છે આ માત્ર વિગના કારણે છે. સાચા વાળ તો છે જ નહીં. વાળમાં હાથ ફેરવતા કે નવી હેર સ્ટાઈલ બનાવતા મને આનંદ થવા લાગ્યો. મેં વિગને જ મારું સાચું સ્વરૂપ માની લીધું.

ધીમે ધીમે મારો કોન્ફિડન્સ હવે સાતમાં આસમાને પહોંચી ગયો. હવે મને મારામાં અને બીજી છોકરીઓમાં કોઈ જ ફરક નહોતો લાગતો. પહેલેથી ભણવામાં મારું બ્રેઈન શાર્પ તો હતું જ, તેથી કોલેજમાં મારી નામના વધવા લાગી. અત્યાર સુધી હું વાળના કારણે બધેથી અપમાન, અવગણના અને તિરસ્કારનો જ ભોગ બની હતી. મારી ટેલેન્ટની કોઈને વેલ્યૂ નહોતી થતી. બધાને મારા દેખાવમાં જ રસ હતો, હોશિયારીમાં નહીં. આના પરિણામે હું બહુ મોટી લઘુતાગ્રંથિથી પીડાવા લાગી હતી.

પણ આ બધી વાતો હવે મારા માટે જૂની થઈ. મારો ગ્રાસ્પિંગ પાવર પાછો વધ્યો. ભણી-કરીને હું લોકોને દેખાડી દેવા માંગતી હતી કે આ સંયુક્તા પણ કંઈક છે. તેની અવગણના હવે બહુ થઈ ગઈ.

ધીમે ધીમે બધા લોકો મારી પાછળ ફરવા લાગ્યા. મારી નોટ્સ, મારા રાઈટિંગ, મારું રીડિંગ, બધું પરફેક્ટ હોય એટલે હવે મને કોઈ જાતનો જાણે ડર જ નહોતો. ક્યારેક સારી તૈયાર થઈ હોઉ તો કોલેજમાં મને ચાર-પાંચ કોમ્પ્લિમેન્ટ્સ પણ મળી જતા.

'સંયુક્તા, યૂ રોક બેબ્સ.' ઝંખનાએ મને આવીને કહ્યું.

'કેમ શું થયું ? અચાનક મળેલા કોમ્પ્લિમેન્ટ્સથી મને શોક લાગ્યો.

'આજે મહેતા સર અમારા ક્લાસમાં તારા વખાણ કરતા હતા.'

'રિયલી ?? શું કહેતા હતા સર ?' મને જાણવાની તલપ લાગી.

'તેઓ કહેતા હતા કે તું એક બ્રિલિયન્ટ સ્ટૂડન્ટ છે. તારા હેન્ડ રાઈટિંગના, તારી નોટ્સના વખાણ કરતા હતા.'

'સાચે ?' મને ખૂબ ખુશી થઈ. વર્ષોના ભૂખ્યા માણસને સારું ખાવાનું મળ્યું હોય તો કેવો આનંદ થાય ? એવો આનંદ અને ગર્વ મેં અનુભવ્યો. સ્કૂલમાં ટીચર્સ સામે સારા દેખાવા મેં ખૂબ પ્રયત્નો કર્યા હતા. મારા દેખાવના લીધે મારી ટેલેન્ટ ડિવેલ્યૂ ના થઈ જાય, તેના માટે મેં અનેક રીતે મારા ફ્રેન્ડ્સ અને ટીચર્સને ખુશ રાખવા પ્રયત્ન કર્યા હતા. પણ મારા દેખાવ સામે એ બધું બહુ ટક્યું નહોતું.

લોકો મારી અવગણના કરતા. મારા કરતા ઓછા હોશિયાર અને ઓછી સ્કિલવાળાને ખૂબ વધારે માન મળતું. આટલા બધા બોજામાં મેં મારી જાતને સાવ ઈન્ફિરિયર બનાવી દીધી હતી. હવે એ જ બધું મને જિંદગીમાં પાછું મળી રહ્યું હતું. મારા આનંદનો પાર નહોતો.

'તારાથી ઘણી છોકરીઓ જલે છે.'

'હું નથી માનતી.' મને આ વાત હજમ ના થઈ.

'બ્યૂટી વિથ બ્રેઈન હોય તો લોકોને થોડી જલન તો થાય જ ને.'

'ચલ હવે, સવારથી મજાક કરવા માટે તને કોઈ મળ્યું નથી લાગતું.' ઝંખનાના આ વાક્યે મને હચમચાવી મૂકી. હું સપનામાં પણ નહોતી વિચારી શકતી એવી વાત એણે મને કરી હતી.

હવે મને પોતાની જાત પર જરૂર કરતા વધારે ગર્વ થવા લાગ્યો. 'આઈ એમ નથિંગમાંથી, આઈ એમ સમ થિંગ' સુધી ક્યારે પહોંચી ગઈ એની મને ખબર જ ના

પડી. મારી ભૂખ સંતોષાવાને બદલે વધવા લાગી.

મારું મન મસ્તીમાં આવતું ગયું. ધીમે ધીમે હું પણ બીજી છોકરીઓની જેમ તૈયાર થવા માટે, સારા દેખાવા માટે જાગૃત બનતી ગઈ. 'બ્યૂટી વિથ બ્રેઈન' આ વાક્ય તો મારા મન પર જોરદાર રીતે કોતરાઈ ગયું હતું. એના પ્રભાવમાં મારામાં પરિવર્તન આવતું ગયું. ક્યારેક નવી નવી હેર સ્ટાઈલ પણ કરી લેતી. ક્યારેક વાળ ખુલ્લા પણ રાખતી. શરૂઆતમાં થોડો સંકોચ હતો પણ એય ધીમે ધીમે જતો રહ્યો. હા, એક વાત ચોક્કસ છે કે હું મારી મર્યાદા ચૂકી નહોતી.

વર્ષો સુધી જે અપમાન સહન કર્યું હતું. તેની સામે મને ભરપૂર માન મળવા લાગ્યું, કારણ કે બધા મારી વાસ્તવિકતાથી અજાણ હતા. 'બ્યૂટીફૂલ એન્ડ બ્રિલિયન્ટ'ના ગુણાકારને સાર્થક કરવામાં હું બિલો નોર્મલથી અબોવ નોર્મલ તરફ આગળ વધી ચૂકી હતી.

અને અચાનક એક દિવસ...

'સંયુક્તા... સંયુક્તા...' મીતવા મને બૂમો પાડીને બોલાવી રહી હતી.

'શું થયું ?'

'આજે ઝંખનાની બર્થ ડે છે, યાદ નથી ?'

'અરે, હું તો સાવ ભૂલી જ ગઈ હતી.'

'ચાલ, બધા ગ્રુપ ફોટો પડાવે છે.'

'હેપી બર્થ ડે ઝંખના' મેં ઝંખનાને ભેટીને વિશ કર્યું.

'થેન્ક યૂ ડિયર.'

'સોરી યાર. હું તો સાવ ભૂલી જ ગઈ હતી.'

'ઈટ્સ ઓ.કે.'

'પબ્લિક, ચાલો બધા લાઈનમાં ગોઠવાઈ જાવ તો.' કેમેરો પકડીને થાકી ગયેલી નિરાલીએ જોરથી બૂમ પાડી. નિરાલી ઝંખનાની કઝીન હતી. એ પણ અમારી કોલેજમાં જ ભણતી હતી.

'હા, કમ ઓન ગર્લ્સ એન્ડ બોય્સ.' મીતવાએ બધાને કેમ ઊભા રહેવું એની ડિરેક્શન આપી.

એ વખતે અમારા લોકોની ચીસાચીસ અને મસ્તીના કારણે ઘણા બધાનું ધ્યાન અમારા તરફ જ હતું.

'ગર્લ્સ પાછળ ઊભી રહે અને બોય્સ પેલી પાળી પર બેસી જાય.' મીતવા ફરીથી ગાજી ઊઠી.

'રેડી... સે ચીઝ...' નિરાલીએ ત્રણ-ચાર ફોટો ક્લિક કરી લીધા.

'નાઉ ઓન્લી ગર્લ્સ. બોય્સ ડોન્ટ માઈન્ડ પ્લીઝ.' મીતવા બોલી.

'નૌટંકી છો તમે લોકો પણ.' પ્રણવ હસતા હસતા બોલ્યો.

'તને જે લાગે તે. અમને ગર્લ્સને તો આવું બધું બહુ ગમે.' મીતવાએ પ્રણવને હાજર જવાબ આપ્યો.

'ત્રણ છોકરીઓ કેન્ટીનની ચેર પાસે ગોઠવાઈ જાઓ. અને ત્રણ પાછળ આવી જાઓ.'

'હા, ભાઈ જો મેં બધાને પાર્ટી આપી છે એનું પ્રૂફ રહેવું જોઈએ. નિરાલી, ફોટામાં ટેબલ પરનું ખાવાનું પણ દેખાવું જોઈએ હોં કે.'

'હા બાબા, પહેલા બધા સરખા ઊભા તો રહો.'

'એક કામ કરો. શોલ્ડર પર આમ હાથ મૂકીને થોડા નીચા વળીને ઊભા રહો.' ઝંખનાએ મીતવાની પાછળ ઊભા રહીને પોઝ આપીને બતાવ્યું.

'ઓ.કે. હું અને ઝંખના સાથે રહીશું.' હું મીતવાને ખસેડીને એની જગ્યાએ બેસી ગઈ.

બધા પોતપોતાની પેર સાથે ગોઠવાઈ ગયા. નિરાલીએ કેમેરો પ્રણવને આપ્યો અને મીતવાની પાછળ જઈને ઊભી રહી ગઈ.

'ઓ.કે. રેડી ??' પ્રણવે કેમેરા તરફ જોવા બધાને કહ્યું.

'યસ...' બધાએ સ્માઈલ કરી.

પ્રણવે બે-ત્રણ ફોટા લઈ લીધા. ફોટા પડી ગયા. વાંકા વળવાને કારણે ઝંખનાએ પહેરેલા હેવી ડ્રેસનું બ્રોચ મારા વાળમાં ફસાયું હતું. એની ન તો મને ખબર પડી ન ઝંખનાને. મીતવા એના ઉતાવળા સ્વભાવ પ્રમાણે તરત જ ઝંખનાને આવીને ખેંચવા લાગી.

'સરરરરરરર...' મારી વિગ જોરદાર ખેંચાઈ.

'આઉચ.' મારાથી મોટેથી ચીસ નીકળી ગઈ.

બધા મારી સામે જોવા લાગ્યા. માથાના આગળના ભાગમાં એક બાજુમાંથી વિગ ઊંચી થઈ ગઈ. ઝંખનાનું ધ્યાન મારા માથા પર ગયું. મીતવાને લાગ્યું કે કોઈ મજાક ચાલી રહ્યો છે. એટલે એણે જોયા વિના જ પાછળથી ઝંખનાનો હાથ ફરી એકવાર ખેંચ્યો. બ્રોચ ફરીથી ખેંચાતા ઉપરના ભાગમાંથી વિગ લગભગ ઊખડી ગઈ. બધાની આંખો પહોળી થઈ ગઈ. ઝંખનાએ મીતવાને જોરથી ઘાંટો પાડ્યો ત્યારે એને શું બન્યું છે એનું ભાન થયું.

'આઆઆ.....' મારા તરફ ધ્યાન જતા મીતવાના મોઢામાંથી મોટી ચીસ નીકળી ગઈ.

એની ચીસ સાંભળી બધાનું ધ્યાન મારા તરફ ગયું. બધાના મોઢામાંથી એક હાયકારો નીકળી ગયો. અને હું...

હું તો કાપો તોય લોહી ન નીકળે એવી નિરાધાર અને લાચાર બની ગઈ. મારી હાલત એટલી ખરાબ થઈ ગઈ કે મારાથી ઊંચું પણ જોવાય એમ નહોતું. આંખોમાંથી આંસુ નીકળી ગયા. મારો શ્વાસ જાણે કોઈએ રૂંધી નાખ્યો હોય એમ હું ગૂંગળાવા લાગી.

'ઓહ નો... શીટ... વોટ્સ ધીસ.' જેવા જુદા જુદા અવાજની વચ્ચે ઘણા લોકોના હસવાના અવાજ પણ મારા કાનમાં ભોંકાવા લાગ્યા. મારું માથું ફાટવા લાગ્યું.

ક્યાં જઉ ? શું કરું ?

હાથથી વિગને સરખી કરવા ટ્રાય કરી પણ ડરના માર્યા મારા હાથ પણ ધ્રૂજતા હતા.

પાછળથી ઝંખનાએ ધીમેથી તેનું ફસાયેલું બ્રોચ ખેંચી લીધું અને મને વાળ સરખા કરવા ડરતા ડરતા મદદ કરવા લાગી. હું ત્યાંથી ઊઠી જ ન શકી. પરાણે ઊભી તો થઈ પણ શરમ અને ભયથી પાછી ફસડાઈને બેસી ગઈ. નીચી નજરે પણ મને ખ્યાલ હતો કે લોકોની નજરો મારા તરફ જ હતી. હું એક તમાશો બની ગઈ હતી.

મીતવા અને ઝંખના મારી બાજુમાં ઊભા હતા. એ લોકોને મારા માટે સહાનુભૂતિ હતી. પણ સાથે સાથે કોઈએ છેતર્યા હોય એવા ભાવ પણ થયા જ હશે. નિરાલી થોડીવાર હસીને પછી હસવાનું રોકવાનો વ્યર્થ પ્રયત્ન કરી રહી હતી. તે ઝંખનાની કડક આંખો જોઈને શાંત થઈ ગઈ.

મારું આખું શરીર ઠંડું પડી ગયું હતું.

'ઈટ્સ ઓ.કે. સંયુક્તા, ડોન્ટ વરી.' મીતવાએ ધીમેથી કહ્યું.

ઝંખનાએ જેમ તેમ કરીને વિગ પાછી ઠીક કરી અને બધાને ત્યાંથી ખસી જવા ઈશારો કર્યો. છોકરાંઓ તો જતા રહ્યા પણ અમુક છોકરીઓ હજી પણ મારી સામે તાકી તાકીને જોઈ રહી હતી.

અમુક લોકોની મારા માટેની જલનને શાંતિ જરૂર મળી હશે. હું નીચું જોઈને ચાલવા લાગી. ઝંખનાએ મારો હાથ જોરથી પકડી રાખ્યો હતો. જાણે મને આશ્વાસન આપતી હોય એમ.

મીતવાએ પાર્કિંગમાંથી એની કાર કાઢી. અમે બંને તેમાં બેસીને કોલેજની બહાર નીકળી ગયા.

શું બોલવું તેના માટે મારી પાસે કોઈ શબ્દો નહોતા. આંખોમાંથી નીકળતા આંસુ લૂછતા લૂછતા હું ચૂપચાપ બેસી રહી.

'તારું ઘર આવી ગયું.' ઝંખનાએ મારા ખભા પર હાથ મૂકતા કહ્યું.

મીતવાએ નીચે ઊતરીને ગાડીનો દરવાજો ખોલ્યો અને મારા ઘરની બેલ દબાવી. મમ્મી બહાર આવી.

'શું થયું ?' બધાના ઊતરેલા ચહેરા જોઈને મમ્મીને ધ્રાસકો પડ્યો.

'કંઈ નહીં આન્ટી. ચિંતા ના કરો.' ઝંખનાએ મમ્મીને તરત શાંત પાડવા પ્રયત્ન કર્યો.

'એ તો સંયુક્તાની વિગ...' ઝંખનાએ મીતવાને આગળ બોલતા અટકાવી.

મને સોફા સુધી મૂકી બંને ચૂપચાપ નીકળી ગયા. મમ્મીને શું બન્યું હશે, તેનો અંદાજો આવી જ ગયો હતો. એ લોકોના ગયા પછી હું જોર જોરથી પોક મૂકીને રડી પડી. મમ્મી મને પોતાના તરફ ખેંચીને ભેટી પડી. મમ્મી મારા માથા પર અને પીઠ પર જોર જોરથી હાથ ફેરવવા લાગી. એણે મને રડી લેવા દીધી.

લગભગ વીસ મિનિટ સુધી આમ જ ચાલ્યું. હું થાકીને ત્યાં જ આડી પડી. આંખો બંધ કરી મમ્મીનો હાથ પકડીને ચૂપચાપ સોફામાં પડી રહી. ન તો મમ્મીએ મને કોઈ સવાલ પૂછ્યો ન મેં મમ્મીને કંઈ કહ્યું.

## (૨૨)

એ દિવસે મને જેટલો આઘાત લાગ્યો હતો, એટલો આઘાત મારી અત્યાર સુધીની જિંદગીના બધા આઘાતોને ભેગા કરે તોય ઓછો પડે.

પહેલા તો મારી વાસ્તવિકતાથી બધા વાકેફ હતા અને આ તો લોકોને છેતરીને મેળવેલું સુખ હતું. એટલે આમાં ડબલ માર પડ્યો. એક તો હકીકત બધાની સામે આવી ગઈ અને બીજું હું કોઈનો સોમનો કરવાને લાયક ના રહી.

વિગના સહારે મેં જે કલ્પનાઓ કરેલી, પોતાનામાં જે ફેરફાર જોયેલા અને અનુભવેલા, એને જ મેં મારી નવી દુનિયા માની લીધી હતી. હું વિગને જ મારા જીવનનો સહારો માની બેઠી હતી. એના આધારે મળતા સુખ, માન, કીર્તિ જાણે ક્યારેય મારી પાસેથી ખસવાના જ નથી, એવી મને દૃઢ ખાતરી થઈ ગઈ હતી. વિગના આધારે મળેલા 'બ્યૂટીફૂલ', 'બ્રિલિયન્ટ' જેવા ટાઈટલને મેં કાયમી માની લીધા હતા. કેટલી મોટી મૂર્ખાઈ હતી એ મારી !

મારું મન ભાંગી પડ્યું હતું. જ્યારે માન જ નહોતું મળતું, ત્યારે અપમાનની ટેવ પડી ગઈ હતી. પણ માનના ડુંગર પર ચઢ્યા પછી હું એવી પટકાઈ કે ફરી પાછી ઊભી જ ના થઈ શકી.

કોલેજમાં બનેલો એ પ્રસંગ મારા માનસપટ પર કોઈ હોરર મૂવીની જેમ છવાઈ ગયો. મને કેટલાય દિવસો સુધી વિશ્વાસ જ ના આવ્યો કે આ મારી સાથે શું થઈ ગયું ? માંડ માંડ વર્ષો પછી જોશભેર ભણવાનું શરૂ થયું હતું, ત્યાં જ આવો ઝાટકો આવ્યો. હું ફરીથી સાવ એકલી પડી ગઈ.

ઘરમાં મમ્મી સિવાય બીજા બધા સાથે મારી વાતચીત બંધ થઈ ગઈ. વિગથી મને નફરત થવા લાગી. ત્યાર પછી મેં ફરીથી ક્યારેય વિગને હાથ પણ લગાડ્યો નહોતો. હવે બાકી જ શું રહ્યું હતું ! કોને દેખાડું મારો બનાવટી ચહેરો !

દાદી ક્યારેક રૂમમાં આવીને મારી સાથે બેસતા, થોડી વાતચીત કરવાનો પ્રયત્ન કરતા પણ મારા તરફથી કોઈ રિસ્પોન્સ ના મળતા તેઓ થાકીને ચાલ્યા જતા.

પપ્પા રોજ સવારે ઓફિસ જતા પહેલા અને ઓફિસથી ઘરે આવ્યા પછી મને એકવાર રૂમમાં આવીને જોઈ જતા. ક્યારેક 'કેમ છે બેટા ?' એટલું કહેવાની હિંમત કરી લેતા અને રોનક બિચારો મારી પાસે બેસીને એનું હોમવર્ક કરતો. બધાને લાગતું કે હું કંઈક વાત કરીશ પણ એમને કાયમ નિરાશ જ થવું પડતું. રોનક ક્યારેક મારા માટે સારી સારી ચોકલેટ્સ લઈ આવતો અને મારી બાજુમાં મૂકી જતો. હું મારા રૂમમાં દિવસો સુધી એમ ને એમ જ પડી રહેતી.

બાકી રહી મારી મમ્મી. મમ્મી તો બિચારી કેટલીયેવાર રૂમમાં આંટા મારી જતી. ક્યારેક મારી આંખના ખૂણા પોતાની સાડીના છેડાથી લૂછી જતી અને મને હૈયે વળગાડીને બેસી રહેતી. મહામુશ્કેલીએ એના આંસુને મારી સામે રોકી રાખતી તો ક્યારેક મારી સામે રડી પણ પડતી. આમ કરતા કરતા એક અઠવાડિયું વીતી ગયું.

'સંયુક્તા, બેટા કોલેજ ક્યારથી જવું છે તારે ?' મમ્મીએ એકવાર પૂછવાની હિંમત કરી.

મેં માથું હલાવીને જ 'ના'માં જવાબ આપી દીધો.

એક-બેવાર ઝંખના અને મીતવાના મોબાઈલ પર ફોન આવ્યા હતા પણ મેં ઉપાડ્યા નહીં. એ બંનેએ મેસેજ પણ કર્યા પણ મેં કોઈ રિપ્લાય ના કર્યો. હું એ દિવસ ભૂલી જ નહોતી શકતી. હું ઈચ્છતી હતી કે મારી યાદશક્તિ જ જતી રહે તો કેટલું સારું.

મને અસહ્ય ગૂંગળામણ થતી, ત્યારે હું બાથરૂમમાં જઈને પાણીનો નળ ચાલુ કરીને જોર જોરથી રડતી. આઈનામાં પોતાનો ચહેરો અને લાલ આંખો જોઈને પોતાની જ દયા ખાતી. કયારેક લાગતું કે હું ગાંડી થઈ રહી છું.

લગભગ આઠ-દસ દિવસ પછી એક દિવસ...

'સંયુક્તા ક્યાં છે ?' બહારથી કોઈએ પૂછ્યું.

'અંદર જ છે એના રૂમમાં.' મમ્મીએ કહ્યું.

'અમે એને મળી શકીએ ?'

મારા રૂમ તરફ કોઈના પગલા આગળ વધી રહ્યા હતા. જરાક ખચકાટ સાથે કોઈએ અધખુલ્લા દરવાજાને ખસેડ્યો. સામે મમ્મી હતી. કદાચ મમ્મીએ કોઈને બહાર બેસાડી રાખ્યા હતા.

'કોણ છે ?' મને ડર લાગ્યો કે કોણ આવ્યું હશે ? મને આમ જોઈ જશે તો ?

મારા પરિવાર સિવાય બહારની કોઈ પણ વ્યક્તિને મને મળવા ના દેવાની પપ્પાની સ્ટ્રિક્ટ ઈન્સ્ટ્રક્શન હતી. એમને ભય હતો કે કોઈ મને ના ગમતી કે મને

વધારે ડાઉન ફીલ કરાવે એવી વાત કરશે તો મારી હાલત વધારે કફોડી થઈ જશે.

'બેટા, તારી ફ્રેન્ડ્સ આવી છે.'

'કોણ ફ્રેન્ડ્સ ?'

'જે પેલા દિવસે તને ઘરે મૂકવા આવ્યા હતા એ બે.'

'ના.' મેં મારા માથા પર હાથ મૂક્યો. મારે કોઈને મળવું નથી એ ભાવ સાથે મેં કપાળે હાથ મૂક્યો. એ સાથે જ મને અહેસાસ થયો કે મેં વિગ નથી પહેરી. મને આવી હાલતમાં એ લોકોએ પહેલા ક્યારેય જોઈ નહોતી. મને ખૂબ શરમ આવતી હતી. પોતાની જાત માટે ઘૃણા ફરીથી ચાલુ થઈ. બીજી જ સેકન્ડે મને વિગ પહેરવાનો વિચાર આવ્યો. મમ્મીએ કબાટમાંથી વિગ કાઢીને મને આપી.

'નથી જોઈતી મારે.' મેં મમ્મીના હાથને હડસેલી દીધો.

'બેટા, એ લોકો કેટલા દિવસથી તને મળવાનું કહેતા હતા. પહેલા આવ્યા ત્યારે મેં એમને ના પાડી હતી કે થોડા દિવસ પછી આવજો.'

'હું કેવી રીતે મળું એમને ?' મારી આંખોમાં પાછા આંસુ આવી ગયા.

'સારું હું એમને ના પાડી દઉં છું. તું રડીશ નહીં.'

હું તકિયામાં માથું મૂકી રડવા લાગી. એટલામાં કોઈએ રૂમનો અધખુલ્લો દરવાજો ખોલ્યો હોય એવો અવાજ આવ્યો.મેં મમ્મીનો દુપટ્ટો મારા માથા પર વીંટી લીધો.

'હાય સંયુક્તા.'

મેં ઊંચું જોયું. સામે ઝંખના હતી અને એની પાછળ મીતવા. કદાચ આજે પણ મને મળવા નહીં મળે એમ વિચારીને તે લોકો સામેથી જ રૂમમાં આવી ગયા હતા. એ લોકોનો સામનો કરવાની મારામાં જરાય હિંમત નહોતી. ઝંખના મારા પલંગમાં આવીને મારી નજીક બેઠી. મીતવા થોડું ખચકાતી હતી. તે સામે દીવાલે અડીને ઊભી રહી. મમ્મી ટેન્શનમાં હતી.

'કેમ છે તું ?' ઝંખનાએ વાત કરી.

મેં કોઈ જવાબ ના આપ્યો. એની સામે જોઈને મેં પાછું નીચું જોઈ લીધું. મમ્મી, ઝંખના અને મીતવા ત્રણેય એકબીજાની સામે જોઈ રહ્યા હતા.

'આન્ટી, સંયુક્તા ક્યારે કોલેજ આવશે ?' મીતવાને શું બોલવું એની સૂઝ નહોતી પડતી.

'એ તો ખબર નથી હમણાં.' મમ્મીએ કહ્યું.

'સંયુક્તા, તારા જેવી હોશિયાર સ્ટૂડન્ટ આમ ઘરે બેસી રહે એ યોગ્ય ના

કહેવાય. જે થયું એ ભૂલી જા.'

'એટલું સહેલું નથી.' મારાથી બોલાઈ ગયું.

'હું સમજી શકું છું પણ એમાં તારો કોઈ ગુનો નથી.'

'પોતાની જાતને આમ આટલી દુ:ખી ના કર.' મીતવા માંડ માંડ બોલી.

મેં એની સામે જોયું, પછી મેં ઝંખનાની સામે જોયું. ઝંખનાએ મારા હાથ પર તેનો હાથ મૂક્યો.

'મારી એકવાર પણ વાત નહીં માને સંયુક્તા ?'

'બેટા, એ લોકો તને ખાસ મળવા આવ્યા છે. એમને તારા માટે લાગણી છે.' ત્યાં તો મમ્મી બોલી ઊઠી.

મારી આંખોમાં ફરીથી પાણી ભરાઈ આવ્યા. ઝંખનાએ એ દિવસે આપેલા સપોર્ટ હું ક્યારેય ભૂલી નહીં શકું. આજે પણ એની આંખોમાં મારા માટે દયા અને સહાનુભૂતિ દેખાતા હતા. પણ આજ દયા મને મારા હીનપણાનો વધારે અહેસાસ કરાવતી હતી.

'બોલ સંયુક્તા, મારી એક વાત માનીશ ?'

મેં પ્રશ્નાર્થ સાથે તેની સામે જોયું.

'કોલેજ આવવાનું પાછું ચાલુ કરી દે. અમે બધા છીએને તારી સાથે.'

'હા, ઝંખના સાચું કહે છે. કોઈની હિંમત નહીં થાય કે તારી સામે ખોટી રીતે જુએ.' મીતવા થોડી આગળ આવીને બોલી.

'તું તારા મગજમાંથી બધો ભાર કાઢી નાખ.' ઝંખનાએ મારા ખભા પર હાથ મૂક્યો અને હું તેની સાથે નજર મિલાવું એની રાહ જોવા લાગી.

'સોરી, આઈ કાન્ટ.' મેં નીચે જોઈને જ કહ્યું

'કંઈ વાંધો નહીં. અમે તને ફોર્સ નહીં કરીએ પણ એક પ્રોમિસ આપ.'

'તને મન થાય ત્યારે મને સામેથી ફોન કરજે. તું કહેશે ત્યારે હું તને ફરીથી જરૂર મળવા આવીશ.'

'ઓ.કે.' મેં શોર્ટમાં પતાવ્યું. મને એ લોકોને અપસેટ કરવા નહોતા પણ મારી હાલત અત્યારે બીજાનો વિચાર કરી શકું એવી પણ નહોતી.

'અમે નીકળીએ હવે.' ઝંખનાએ મીતવા સામે જોઈને કહ્યું.

'સારું બેટા, થેન્ક યૂ. તમે લોકો આમ ક્યારેક આવતા રહેજો મળવા.' મમ્મી ગદ્‌ગદ થઈ ગઈ.

'બાય, ધ્યાન રાખજે.' મીતવાએ કહ્યું.

'બાય.'

'ટેક કેર સંયુક્તા.' આટલું કહી ઝંખના મમ્મીની સામે એક નજર કરીને રૂમમાંથી બહાર ગઈ.

'ક્યારેય કંઈ પણ કામ હોય તો વિના સંકોચ જરૂરથી કહેજો, આન્ટી.'

બધાના ગયા પછી, હૃદયનો ભાર હળવો થયો ત્યાં સુધી હું રડી. પછી શાંત થઈ. રડી રડીને હું થાકી ગઈ હતી. ફરી મેં રૂમમાં ચારે બાજુ નજર ફેરવી. મારી નજર સ્ટડી ટેબલ પર સ્થિર થઈ. છેલ્લા દસ દિવસથી મારી એક પણ બુક બહાર નહોતી નીકળી. કેટલી ધગશ અને હોંશ સાથે આ જ જગ્યાએ મેં મારા ભાંગેલા અંહકારને ફરીથી જીવાડ્યો હતો.

સતત નેગેટિવિટી ફરી એકવાર મારા પર ચઢી બેઠી હતી. ક્યારેક હું શૂન્યમનસ્ક થઈ જતી તો ક્યારેક વિચારોના ફોર્સમાં માનસિક રીતે ખૂબ જ થાકી જતી. પાગલ તો ના કહેવાય પણ ભાન ખોઈ બેઠેલા માણસની જેમ હું રહેવા લાગી. મને કોઈ પણ વસ્તુમાં રસ જ નહોતો આવતો.

રાતના નવ વાગ્યા હતા. પપ્પા મારી રૂમમાં આવ્યા. કંઈક કહેવા માંગતા હતા.

'સંયુક્તા, કેમ છે દીકરા ?'

'ચાલ, બહાર બેસ અમારી સાથે.' મમ્મીએ કહ્યું.

'ના, મને અહીંયા જ સારું લાગે છે.'

'આખો દિવસ રૂમમાં જ બેસી રહીશ, તો કેમ ચાલશે ? થોડી બહાર નીકળ. તને ગમતા હોય એવા લોકોને મળ.' પપ્પાએ કહ્યું.

'હું કોઈને નથી ગમતી.' મેં અકળાઈને કહ્યું.

'એવું નથી. અમને બધાને તું એટલી જ ગમે છે જેટલો રોનક.' મમ્મી તરત બોલી ઊઠી.

'તમારી વાત નથી કરતી. હું બહારના લોકોની વાત કરું છું.'

'બેટો, તું દુનિયાને જે નજરે જોઈશ એવી જ તને દેખાશે. જિંદગીમાં શું નથી એના કરતા શું છે એના પર પણ વિચાર કર.'

'મને આ બધી વાતોમાં કોઈ રસ નથી પડતો. મને કંઈ જ ગમતું નથી.'

'સારું. ચાલ એ વાત બંધ રાખીએ, બસ.' પપ્પા મારો મૂડ વધારે બગડે એ પહેલા જ અટક્યા.

'તને હમણાં કોલેજ જવાનું મન ન થાય તો કંઈ નહીં, પણ કંઈક એવું કર

જેનાથી તું ફ્રેશ થાય. તારો ટાઈમ નીકળે.' મમ્મીએ મારી પાસે આવીને કહ્યું.

'મને કોઈ વસ્તુમાં રસ જ નથી આવતો, હું શું કરું ?' હું ઉદ્ધત થતી જતી હતી.

'સારું, કંઈ વાંધો નહીં. તું એને ફોર્સ ના કરીશ.' પપ્પાએ મમ્મી સામે જોતા કહ્યું.

'કાલે મારી સાથે સવારે વોક કરવા આવીશ ?'

'જોઈશ.' હું કોઈ રીતે બંધાવા નહોતી માંગતી.

થોડીવાર બધા ચૂપ બેસી રહ્યા. મારી પાસે કોઈ વાત નહોતી અને એ લોકો પણ મને મનાવવાનો પ્રયત્ન કરીને થાકી ગયા હતા.

'મને થાક લાગ્યો છે. મારે સૂઈ જવું છે.' આમ કહીને મેં એ લોકોને આડકતરી રીતે રૂમની બહાર જવા કહ્યું.

'સારું, સૂઈ જા શાંતિથી. મમ્મી તારી પાસે જ સૂઈ જશે.' પપ્પા મારા માથે હાથ મૂકીને ગયા.

મમ્મી મારી સાથે જ રહી આખી રાત. મને સરખી ઊંઘ પણ નહોતી આવતી. હું એક બાજુ પડખું ફેરવીને પડી રહી હતી. મમ્મી મારી પીઠ પર પંપાળતા પંપાળતા આખા દિવસના શારીરિક અને માનસિક થાકના કારણે થોડીવાર પછી સૂઈ ગઈ. નફરત, નિરાશા અને નિસાસાના ભાર હેઠળ મારી પણ આંખ મીંચાઈ ગઈ.

સવારે મમ્મી રોજ મુજબ પોતાના કામમાં પરોવાઈ ગઈ હતી. બા મારી રૂમમાં જ ખુરશી પર બેઠા હતા. મને સાચવવામાં કોઈએ કમી નહોતી રાખી.

'ઊઠી ગઈ બેટા.'

હું સૂનમૂન બેસી રહી હતી.

'શું થાય છે સંયુક્તા ?'

'બા, હું પાગલ તો નહીં થઈ જઉને ?'

અચાનક આવો સવાલ સાંભળીને બા ખુરશીમાંથી ઊઠીને મારી પાસે આવીને બેઠા. પ્રેમથી મારા માથા પર હાથ મૂક્યો અને મને દીવાલ તરફ ઈશારો કરીને એના પર લગાવેલા ભગવાનના ફોટા સામે આંગળી ચીંધી.

'જો બેટા, એ છે ને. એ આખું જગત ચલાવે છે. એને સોંપી દે તારા દુ:ખો.'

બાની વાત સાંભળીને ભગવાન સામે જોઈને બે મિનિટ શાંતિ તો જરૂર મળી પણ દુ:ખો કઈ રીતે સોંપવા મારે એમને ? એ ના સમજાયું.

'ભગવાન બધું સારું કરશે.' બા બોલ્યા.

'એ તો બેઠા બેઠા વાંસળી વગાડે છે. એ ક્યાંથી મારા દુઃખ લેશે ?' મારાથી ના રહેવાયું.

'બેટા, આમ ભગવાનનો અનાદર ના કરાય.'

'મને તમારી વાતો સમજાતી નથી . એ ફોટામાં છે અને હું અહીંયા છું.'

'ભગવાન દુઃખ આપે છે તો એને સહન કરવાની શક્તિ પણ આપે છે.'

'તમે તો બે બાજુ બોલો છો. એક બાજુ કહો છો કે એને દુઃખો સોંપી દો અને બીજી બાજુ કહો છો કે એ દુઃખો સહન કરવાની શક્તિ આપશે.'

બા મારી સામે એ રીતે જોઈ રહ્યા જાણે કોઈ નાસમજ પર તરસ ખાઈને જોતા ના હોય !

આમ તો મારું ફેમિલી મારા કારણે થોડું મૂરઝાયેલું જ હતું. પણ આ વખતે જે થયું એ પહેલા કરતા ઘણું અલગ હતું. થોડા વખત માટે આવેલા ખુશીના દિવસોને એકાએક ગ્રહણ લાગી ગયું હતું.

આમ ને આમ દિવસો વીતતા ગયા. બધાના મને ખુશ કરવાના પ્રયત્નો ફેઈલ થતા ગયા. ધીમે ધીમે મારું ખાવા-પીવાનું પણ ઓછું થઈ જતા મારી તબિયત લથડવા લાગી. મને જીવવામાં કોઈ રસ જ નહોતો રહ્યો.

'હું તો છોકરી છું , યંગ છું, એટલે મને તો આ સ્વરૂપમાં કોઈ સ્વીકારી જ ના શકે.' ગમે તે રસ્તે પણ હું પોતાની જાતને નીચી પાડવાનું જ શીખી ગઈ હતી. એમ કહોને કે મને દુઃખી થવાની અને દુઃખી રહેવાની આદત જ પડી ગઈ હતી.

વિગના કારણે મારામાં જે આત્મવિશ્વાસ આવ્યો હતો, તેનો અચાનક ભુક્કો બોલાઈ ગયો. આમાં કોની ભૂલ હતી ? મારી જ ને. કારણ કે મેં એ સ્થિતિને કાયમની ગણી લીધી હતી. બધા મને ખુશ જોવા માગતા હતા. અને હું પણ ખુશ રહેવા માટે દુનિયાભરના ફાંફાં મારીને, કંટોળીને, એકમાત્ર વિગના સહારે પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા પાછળ અસલ સત્યને ભૂલી ગઈ. એવો આટલો મોટો દંડ ?? હવે મારાથી સહન નહોતું થતું.

ઝંખના અને મીતવાએ થોડા દિવસો પછી મને ફોન કરવાના પ્રયત્નો કર્યા. મેસેજ પણ કર્યા પણ મારા તરફથી કોઈ રિસ્પોન્સ ના મળતા, ધીમે ધીમે તેઓ પણ મારી જિંદગીમાંથી દૂર થઈ ગયા. એ બંને માટે મારા દિલમાં ઉપકારી ભાવ હતો પણ એમની સાથે છેતરપિંડી કરી છે, એવો બોજો મને એમનો સામનો કરવા નહોતો દેતો. હવે હું એવી કોઈ વ્યક્તિને મળવા માંગતી નહોતી જે મને મારા ભૂતકાળની યાદ અપાવે. આમ મેં સારા મિત્રો ગુમાવ્યા.

(૨૩)

આમ કરતા કરતા ચાર મહિના વીતી ગયા. હું બીમાર રહેવા લાગી. માનસિક દશા વધારે બગડતા શારીરિક અશક્તિ, થાક અને નબળાઈથી પીડાવા લાગી.

'સંયુક્તાને કેમ કરીને નોર્મલ કરી શકાય એ વિચાર કરી કરીને હું થાકી ગઈ છું.' મમ્મીએ પપ્પાને પોતાની ચિંતા વ્યક્ત કરી.

'મને તો ડર છે કે હજી આમ ને આમ જ જીવશે તો કંઈ અજુગતું ના થઈ જાય.પપ્પા ખૂબ મૂંઝાયા હતા.

'પપ્પા, મારા એક ફ્રેન્ડના કોઈ રિલેટિવ જાણીતા સાઈકાયટ્રિસ્ટ છે. આપણે સંયુક્તાની વાત એમને કરીએ તો ? ઉંમર સાથે રોનક પણ સમજદાર બન્યો હતો.

'હા, તારી વાત બરાબર છે.' પપ્પાએ રોનકને કહ્યું.

'ગમે તે કરો પણ મારી સંયુક્તાને ઠીક કરી દો.' મમ્મી, પપ્પા અને રોનક સામે જોઈને કહેવા લાગી.

'હા મમ્મી, હું કાલે જ વાત કરીને એપોઈન્ટમેન્ટ લઈ લઉ છું.'

'હા, જલદી કરજે. હવે મારી પણ સહનશક્તિની લિમિટ તૂટી રહી છે.' પપ્પાની આંખોમાં પાણી હતા.

બીજા દિવસની ડોક્ટરની એપોઈન્ટમેન્ટ ફિક્સ થઈ હતી.

'દીદી, કાલે આપણે એક ડોક્ટર પાસે જઈશું.' રોનકે મને આવીને કહ્યું.

'કેમ ?'

'તારી હાલત જો. કંઈ સરખું ખાતી-પીતી નથી. કેટલી દૂબળી લાગે છે.'

'પણ મારે કોઈ ડોક્ટરની જરૂર નથી.' હું ડોક્ટરથી હવે ખરેખર કંટોળી હતી.

'દીદી, આપણે વાળ માટે નથી જવાના. બસ તારી હેલ્થ સરખી થાય એના માટે જવાનું છે. પ્લીઝ દીદી.'

'કહ્યુંને મારે કોઈ ડોક્ટર પાસે નથી જવું.'

'ડોક્ટર શાહ ખૂબ સારા માણસ છે. તને ગમશે એમને મળીને.'

'ના, મારે કોઈની પાસે નથી જવું.'

રોનક મને સમજાવીને થાકી ગયો. પપ્પા અને મમ્મીએ પણ પ્રયત્નો કર્યા પણ હું ટસથી મસ ન થઈ.

'કંઈ વાંધો નહીં મમ્મી. આપણે ડોક્ટર શાહને વાત કરીશું. એ એમ ને એમ પણ કોઈ સામાન્ય દવા આપશે. સંયુક્તાને રાહત થશે.' મમ્મીની હતાશા જોઈ રોનકે એને સાંત્વન આપ્યું.

'સંયુક્તા, ડોક્ટર શાહે તારી માટે વિટામિનની દવા લખી આપી છે. આનાથી તારી વીકનેસ ઓછી થશે. લઈશને ?' મમ્મીએ પૂછ્યું.

'હા.' હું પણ વીકનેસથી થાકી ગઈ હતી તેથી હું તરત માની ગઈ.

મારો જવાબ સાંભળીને ઘરનાને બધાને રાહત થઈ.

મેં દવા લેવાનું શરૂ કર્યું. એમની દવાથી મને થોડું સારું લાગવા લાગ્યું.

મારા કારણે મમ્મી પણ વધારે સમય મારી દેખરેખ માટે ઘરમાં જ રહેવા લાગી. બહારના બધા કામ પપ્પા અને રોનક જ સંભાળી લેતા.

અમારા જ બિલ્ડિંગમાં રહેતા પારૂલ આન્ટી સાથે મમ્મી ક્યારેક ફ્રી ટાઈમમાં બેસતી. પારૂલ આન્ટી સ્વભાવે ખૂબ મળતાવડા હતા. મમ્મી સાથે એમને સારું બનતું. ધીમે ધીમે મમ્મી બધાથી વિમુખ થવા લાગી. જેને પણ મળે તે મારી જ વાત કરે, જે મમ્મીને હવે પોષાય તેમ નહોતું.

ડોક્ટર શાહની દવાથી શરૂઆતમાં મારું મન શાંત રહેવા લાગ્યું. રાતે ઊંઘ પણ આવવા લાગી, વિચારોનો ફોર્સ ઓછો થયો. ત્રણ-ચાર મહિના ઘણું સારું રહ્યું. ઘરમાં બધાને હાશ થઈ. હું ક્યારેક સવારે પપ્પા સાથે મોર્નિંગ વોક પર જવા લાગી.

બિલ્ડિંગના અમુક લોકો પણ વોક માટે આવતા. પણ અમે બધાથી દૂર ચાલતા. લોકો મારી સામે જોતા એ મને ધ્યાનમાં રહેતું પણ હું ખાસ કોઈની સામે જોતી નહીં.

એક દિવસ રોનકના ફ્રેન્ડ્સ ઘરે આવ્યા હતા. રોનકના ગ્રુપના બધા ફ્રેન્ડ્સ મને ઓળખતા જ હતા. પણ હું ક્યારેય કોઈની સાથે વાત નહોતી કરતી. બધા રોનકના રૂમમાં બેસીને ગપ્પાં મારતા હતા એટલામાં બેલ વાગી. રોનક દરવાજો ખોલવા ગયો.

'તે સંયુક્તાને જોઈ ?' પ્રણવે ધીમા અવાજે મિહિરને પૂછ્યું.

'ના, કેમ ?'

'લાસ્ટ ટાઈમ હું ઘરે આવ્યો હતો ત્યારે એણે વિગ પહેરી હતી અને હવે પાછી પહેલાની જેમ જ રહે છે.'

'અચ્છા ?'

'હા, ત્યારે તો સારી લાગતી હતી. ખબર નહીં કેમ પાછી આવી થઈ ગઈ ?'

'હં. ટકલી...' કહી પ્રણવ આછું હસ્યો.

મિહિર પણ હસ્યો.

એ વખતે હું રોનકના રૂમની બહારના ભાગમાં મૂકેલા કૂંડામાં પાણી નાખતી હતી. એ વાતથી એ લોકો અજાણ હતા. ફરીથી એ લોકોની વાત સાંભળીને મારું મન ઢીલું પડવા લાગ્યું.

'શું મારા માટે વાત કરવા માટે કોઈની પાસે બીજો કોઈ ટોપિક જ નથી ? આ એક વસ્તુ મારી જિંદગીની એટલી મહત્વની વાત બની ગઈ છે કે મારા આખા વ્યક્તિત્વમાં અને અસ્તિત્વમાં લોકોને આના સિવાય બીજું કંઈ દેખાતું જ નથી ? મને જોવાની દુનિયા પાસે એક જ દૃષ્ટિ છે ? એ વિચારે મને ફરી અંદરથી તોડી નાખી.

જો આમ ને આમ જ ચાલવાનું હોય તો પછી શું કામ છે દવા કરીને ને સાજા થઈને ?

અને મેં દવા નિયમિત લેવાનું ઓછું કરી નાખ્યું. મને સાજા થવામાં પણ રસ ન રહ્યો.

મેં ઘરની બહાર નીકળવાનું તદ્દન છોડી દીધું. મારી હિંમત સાવ તૂટી ગઈ હતી. હવે મારી હાલત એવી થઈ ગઈ હતી કે કોઈની સામાન્ય એવી કમેન્ટ પણ મને બહુ ભારે લાગતી. મારાથી એ બધું દિવસોના દિવસો સુધી ભુલાતું નહીં.

એક દિવસ હું રૂમમાં મારો કબાટ ખોલીને બેઠી હતી. કબાટમાં ફાંફાં મારતા મારતા અચાનક મારું ધ્યાન મારી ડ્રોઈંગ બુક પર ગયું. હું બુક ખોલીને જોવા લાગી. એમાં મારા બનાવેલા જૂના સ્કેચ હતા. હું પાના ફેરવવા લાગી. એક પાના પર મારી નજર સ્થિર થઈ.

વિગ મળ્યા પછીના જે ખુશીના દિવસો મારી જિંદગીમાં આવ્યા હતા તે સમય દરમિયાન મેં મારું પોતાનું જ એક સ્કેચ બનાવ્યું હતું. ખુલ્લા વાળ સાથે કોલેજમાં ફ્રેન્ડ્સ સાથે પડાવેલા એક ફોટા પરથી મેં એક સ્કેચ બનાવ્યું હતું. પોતાની જાતને લાંબા વાળ સાથે જોવાનું સપનું સાકાર થયું, ત્યારના ઉત્સાહનું પ્રતિક હતું એ સ્કેચ.

પણ ખેર...

કલ્પિત દુનિયામાં બનાવેલો સપનાનો મહેલ પત્તાના મહેલની જેમ તૂટી ગયો.

ફરી એકવાર કોલેજનો એ આખો પ્રસંગ નજર સામે તાજો થઈ ગયો. ઝંખના,

મીતવા, ફોટો પાડતી નિરાલી, ગ્રુપના બીજા છોકરાંઓ બધા સડસડાટ નજર સામે આવવા લાગ્યા. માત્ર ચાર-પાંચ સેકન્ડમાં તો આખો પ્રસંગ હમણાં જ બન્યો હોય એમ તાજો લાગવા લાગ્યો. અમુક લોકોના હસવાનો અવાજ કાનમાં ખીલાની જેમ ખૂંચવા લાગ્યો. વિગ સરખી કરતા ધ્રૂજતા મારા હાથ આંખો સમક્ષ આવી ગયા. મેં મારા હાથ સામે જોયું. અત્યારે પણ એવી જ ધ્રુજારી હતી એમાં. હું જોરથી રડી પડી.

'સંયુક્તા, શું થયું ?' મમ્મી દોડીને રૂમમાં આવી.

મેં ડ્રોઈંગ બુક હાથમાંથી ફેંકી દીધી. મમ્મીના પગ પકડીને રડવા લાગી.

'મમ્મી, મને આ બધું ભૂલી જવું છે. પ્લીઝ કંઈક કર.' મેં મમ્મીના પગ પકડીને કહ્યું.

મમ્મી મારી પાસે નીચે બેસી ગઈ.

એ સમયે અમારા પાડોશી પારૂલ આન્ટી, મમ્મી પાસે કંઈ કામ અંગે આવ્યા હતા. એ મારી હાલત જાણે.

'મારી એક વાત માનશો ?' પારૂલ આન્ટીએ મમ્મીને કહ્યું.

'શું ?'

'તમે અત્યાર સુધી આટલા બધા પ્રયત્ન કર્યા પણ કશામાં તમને સંતોષ ના મળ્યો.'

મમ્મી નીચું જોઈને બેઠી હતી.

'એકવાર મારી વાત માની લો. તમને કોઈ નુકસાન નહીં થાય એની ખાતરી આપું છું. આ દીકરી માટે એક છેલ્લો પ્રયત્ન કરી જુઓ.'

'કયો પ્રયત્ન ?'

'બસ, એકવાર મારી સાથે દાદા પાસે આવો. સંયુક્તાને એકવાર દાદાના દર્શન માટે લઈ જઈએ. મારી તમને વિનંતી છે.'

થોડી મિનિટ ચૂપ રહ્યા પછી મમ્મી મારી સામે જોયું અને હા પાડી.

'આ વખતે તમને નિરાશા નહીં થાય.' પારૂલ આન્ટીએ મારા માથા પર હાથ ફેરવતા મમ્મી સામે જોઈને કહ્યું.

'જોઈએ, ભગવાન કરે કંઈક સારું થાય.'

હું ચૂપ હતી. 'હા' કહું કે 'ના' એ વિચારવાની શક્તિ પણ મારામાં નહોતી. હું મૌન હતી.

બીજા દિવસે સવારે પારૂલ આન્ટી ફરીથી આવ્યા. આ વખતે તેઓ મમ્મી પાસે જવાને બદલે સીધા મારી પાસે આવ્યા.

'સંયુક્તા.' તેઓ ધીમેથી મારી બાજુમાં આવીને બેઠા.

'હા.' મેં તેમની સામે જોયું.

'આજે મારી એક રિકવેસ્ટ છે તને.' તેમણે મારી સામે હાથ જોડ્યા.

'શું ?' મને બોજો લાગ્યો.

'દાદા પાસે આવવાની ના નહીં પાડતી. તારા બધા પ્રોબ્લેમ કાયમને માટે સોલ્વ થઈ જશે.'

'એ શક્ય જ નથી.'

'આ પહેલી અને છેલ્લીવાર પારૂલ આન્ટી તને ફોર્સ કરે છે. પછી ક્યારેય નહીં કરે. બસ ?' એમની આંખોમાં કોણ જાણે કેમ પણ મારા માટે પ્રેમ દેખાતો હતો.

મેં માથું હલાવ્યું. તેઓ ખૂબ ઉલ્લાસથી મને ભેટ્યા. મમ્મી આ બધું જોઈ રહી હતી.

'ક્યારે જવાનું છે ?' મમ્મીએ પૂછ્યું.

'હું એ કહેવા જ તો આવી હતી. લો, ખુશીના માર્યા વાત તો ભૂલી ગઈ કહેવાની. મેં તમારા માટે વાત કરી લીધી છે. આપણે આજે સાંજે ચાર વાગે દાદા પાસે જઈશું.'

'તમને ખાતરી છે ને કે સંયુક્તાને કોઈ વાંધો નહીં આવે ? મમ્મીને હજી પણ કોઈ ખૂણે ડર અને શંકા હતા.

'મારા પર વિશ્વાસ રાખો. ખરેખર તો તમે દાદાને એકવાર મળશો તો તમને જ ખાતરી થઈ જશે.'

'સારું. અમે તૈયાર રહીશું સાંજે.'

મિરાજ ધ્યાનથી સંયુક્તાની વાત સાંભળતો હતો.

'પછી ?' મિરાજની ઉત્સુકતા તેના ચહેરા પર દેખાતી હતી.

## (૨૪)

'પછી શું ?' એ દિવસ મારી લાઈફનો બેસ્ટ ડે હતો. જ્યારે મને દાદાના દર્શન થયા. પહેલી જ મુલાકાતમાં એ મારા દિલમાં પરમાત્મ પ્રેમ જગાવી ગયા.

'પરમાત્મ પ્રેમ ? એ કેવી રીતે ?'

'કહું... કહું...' સાંજે ચાર વાગે અમે એમના ઘરે પહોંચ્યા. હું અટકી. પારૂલ આન્ટીએ અંદર આવવા કહ્યું. એક બાજુ પાર વગરની શંકાઓ હતી અને બીજી બાજુ પારૂલ આન્ટી પ્રત્યે વિશ્વાસ. અમે ઘરમાં પ્રવેશ્યા.

ઘર સામાન્ય લાગતું હતું. જૂના જમાનાનું હોય એવું દેખાતું હતું. વાતાવરણમાં સાદાઈ અને સજ્જનતાના પડઘા પડી રહ્યા હતા. પવિત્રતા ઘરના ખૂણેખાંચરેથી બહાર ડોકાઈ રહી હતી. જાણે પોતાના અસ્તિત્વનો ઢંઢેરો ન પીટાવતી હોય ! ઘરમાં અદ્‌ભુત શાંતિ વર્તાતી હતી, મંદિર જેવી જ નીરવ શાંતિ ! મને ઠંડક લાગતી હતી છતાં મન શાંત નહોતું થતું.

ત્યાં તો સફેદ પંજાબી ડ્રેસમાં એક બહેન આવ્યા.

'જય સચ્ચિદાનંદ, પારૂલબેન.'

'જય સચ્ચિદાનંદ, કાનનબેન.'

'જય સચ્ચિદાનંદ.' તેમણે મારી અને મમ્મીની સામે હાથ જોડીને કહ્યું.

અમે આછા સ્મિત સાથે હાથ જોડ્યા.

'આવો બેસો.' એમણે અમને પલંગ પર બેસવા કહ્યું.

'દાદા છે ને અંદર ?' પારૂલ આન્ટીએ પૂછ્યું.

'હા, છે. તમારી પહેલા જે આવ્યા હતા, તેઓની સાથે વાત કરે છે. પાંચ મિનિટ લાગશે.'

'વાંધો નહીં.'

પલંગ પર બેસતા જ જાણે ભવોભવની ભટકામણનો વિસામો ખાવા બેઠા હોય એની ટાઢક લાગી. મન ઠર્યું. રૂમમાં કોઈ ખાસ ફર્નિચર નહોતું. ઘરની દીવાલો

પર આછો રંગ હતો અને પહેલાના જમાનાનો દરવાજો હતો. બધે સ્વચ્છતા અને મોકળાશ દેખાતા હતા. વધારાનો કોઈ સામાન ક્યાંય પડ્યો નહોતો. ક્યાંય કોઈ વસ્તુ એવી નહોતી જેનાથી આંખોને ખેંચાણ થાય છતાં પણ મનને ખેંચાણ થતું હતું. જાણે કોઈ સંતના ઘરે આવ્યા હોય એવો અનુભવ થયો.

'આટલી બધી ઠંડક ! બહારના બફારાને અહીં આવવાની મનાઈ હોય, એવો આ ઠંડકનો પ્રભાવ છે.' કંઈ પણ વિચારી ન શકનારી હું પણ આટલો અનુભવ તો કરી જ શકી.

એટલામાં રૂમમાંથી એક ભાઈ અને બહેન બહાર નીકળ્યા. કાનનબહેનને 'જય સચ્ચિદાનંદ' કહીને હસતા ચહેરે બંને ત્યાંથી ગયા.

'ચાલો, અંદર.' કાનનબેને પારૂલ આન્ટીને કહ્યું.

'હા. આવો.' પારૂલ આન્ટીએ તરત ઊભા થઈ મને અને મમ્મીને અંદર આવવા કહ્યું.

અમે ધીમા પગલે એમની પાછળ રૂમમાં પ્રવેશ્યા. મનમાં અનેક પ્રકારની ભાવનાઓ હતી. થોડી કુતૂહલતા અને થોડી શંકાઓથી મન ઘેરાયેલું હતું.

દાદાનો રૂમ એકદમ સાદગીવાળો હતો, છતાં મનમોહક લાગતો હતો. ત્યાંની અપાર શાંતિના કારણે. દાદા સામે જ બેઠા હતા. કાનનબેન દાદાની પાસે નીચે બેઠા.

પારૂલ આન્ટી સીધા જઈને એમને પગે લાગ્યા.

'જય સચ્ચિદાનંદ.' પારૂલ આન્ટીએ નમીને કહ્યું.

'જય સચ્ચિદાનંદ.' દાદાએ સામો પ્રતિસાદ આપ્યો.

હું મમ્મી સાથે પાછળ ઊભી હતી. દાદાએ અમારી સામે જોયું. મારી દૃષ્ટિ પહેલીવાર એમની સાથે મળી. કેટલાય અવતારોની ઓળખાણ હોય એવી આત્મિયતા એ દૃષ્ટિમાં હતી. એ દૃષ્ટિ આજે પણ મારી આંખોમાં અકબંધ છે.

એમણે મારી તરફ જોયું. મારી નજર તો એમના ચહેરા પરના સ્મિત અને આંખોની પવિત્ર અને નિર્મળ ચમક પર જ ચોંટી ગઈ હતી. દાદા માટે મનમાં જે કંઈ શંકાઓ હતી તે બધી વીખરાવા લાગી. એમના મોઢા પરના તેજ અને સૌમ્યતા, બંનેના પ્રભાવ મારા દિલ પર છવાયા. હૃદય જાણે એકદમ ઠરી ગયું. તોફાને ચઢેલું મન એકદમ શાંત પડી ગયું. આ બધું માત્ર એક-બે ક્ષણમાં જ અનુભવાઈ ગયું.

'બેસો બધા.' દાદાના અવાજમાં ખૂબ નરમાશ હતી.

અમે પાછળ જ્યાં ઊભા હતા ત્યાં જ મમ્મી બેઠી. હું મમ્મીની બાજુમાં બેસી

ગઈ. મારી અંદર શું ચાલી રહ્યું હતું એ તો મને સમજ નહોતી પડતી. બસ સમય જાણે થંભી ગયો હોય એવું લાગ્યું.

'આગળ જઈને બેસો, દાદા પાસે.' કાનનબેને કહ્યું.

'ના ચાલશે. અહીંયા બરાબર છે.' મમ્મીએ કહ્યું.

પહેલાના ખાધેલા મારના આ પડઘા હતા.

'દાદા, આ સંયુક્તા છે અને આ એના મમ્મી રશ્મિબેન.' પારૂલ આન્ટી ઓળખાણ આપતા બોલ્યા.

'પહેલીવાર આવ્યા છે ?'

'હા, દાદા.'

'શેમાં ભણે છે ?' દાદાએ મારી સામે જોઈને પૂછ્યું.

'આમ તો કોલેજમાં છે પણ... દાદા, તમારા આશીર્વાદ લેવા જ આવ્યા છીએ. સંયુક્તા હમણાં થોડી ડિસ્ટર્બ રહે છે.'

'કંઈ વાંધો નહીં. દુનિયામાં બધા ડિસ્ટર્બ જ છે ને.' દાદાએ હસીને કહ્યું.

'એમ નહીં, દાદા. આને થોડો પ્રોબ્લેમ છે.' પારૂલ આન્ટીએ સ્પષ્ટતા કરવા કોશિશ કરી.

'એમ ? એ તો બધું પાર પડશે ધીમે ધીમે. વાદળો કંઈ કાયમ ઘેરાયેલા ના હોય. સૂર્યનો પ્રકાશ આવશે એટલે બધું ક્લિયર થઈ જશે.'

'હા દાદા.' પારૂલ આન્ટી કદાચ દાદાના વાક્યને સમજ્યા હોય એમ શાંત થયા.

રૂમમાં શાંતિ છવાઈ ગઈ. દાદાના જવાબ પછી પારૂલ આન્ટી શાંત બેસી રહ્યા અને એમની સામે જ જોઈ રહ્યા. મેં પારૂલ આન્ટી સામે સહેજ નજર કરી. એમની નજર દાદા પર સ્થિર અને મન ભક્તિભાવમાં ઓતપ્રોત હતું.

'તમારે કંઈ પૂછવું હોય તો પૂછજો.' દાદાએ મમ્મીને કહ્યું.

'હા.' મમ્મી એટલું જ બોલી.

મારી નજર બધા પર ફરતા ફરતા ફરી દાદા પર સ્થિર થઈ. કોણ જાણે કેમ એમની સામે જોતા મારું હૃદય ભરાઈ આવ્યું. આંખોમાં પાણી તરવરી આવ્યા. રડવાનું તો મારા માટે સાવ સામાન્ય હતું પણ આજે આંખો ભીની થઈ એનું કારણ દાદા હતા. એ એટલા બધા પોતાના લાગ્યા કે મારા દિલમાં તરત સ્વીકાર થઈ ગયા.

શું આ બધું હકીકત છે ? હું કોઈ સ્વપ્ન તો નથી જોઈ રહીને ? આવું મને કેમ થાય છે ? મેં પોતાના આંસુઓ પર કંટ્રોલ કરવાની કોશિશ કરી.

'તમારી મૂંઝવણ ખાલી કરી લો અહીંયા.' પારૂલ આન્ટીએ મમ્મીને કહ્યું.

ત્યાં કાનનબેન અંદર આવ્યા. એમણે દાદા પાસે જઈને ધીમેથી કહ્યું, 'દાદા, પુનાથી તન્મયનો ફોન છે. બહુ ખુશ લાગે છે. એને હમણાં જ તમારી સાથે વાત કરવી છે.'

'એમ ? આપો ત્યારે.'

અમારી સાથે વાત અધૂરી મૂકીને દાદાએ તન્મયનો ફોન રિસીવ કર્યો, એ મને ન ગમ્યું. મેં મમ્મી સામે જોયું. એ પણ થોડા ભોંઠા પડી ગયા હતા. મારી નજર પારૂલ આન્ટી તરફ ગઈ. તેઓ તો એ જ ભક્તિભાવમાં બેઠા હતા.

કાનનબેન ફોન સ્પીકર પર રાખી પકડીને ઊભા રહ્યા.

'જય સચ્ચિદાનંદ તન્મય.'

દાદાનો અવાજ સાંભળતા જ તન્મયનો અવાજ ઢીલો થઈ ગયો.

'જય સચ્ચિદાનંદ દાદા. સોલી, મેં તમાલી સાથે અત્યાલે જ વાત કલવા માટે જિદ કલી. પન દાદા, આજે હું બહુ ખુશ છું, માટે માલે તમાલી સાથે અત્યાલે જ વાત કલવી'તી. તમે ખલેખલ માલા પલ ખૂબ ઉપકાલ કલ્યો છે. મેં ક્યાલેય વિચાલ્યું નો'તું કે હું ફલીથી નોલ્મલી જીવી શકું છું. હું પન બીજાની જેમ ખુશ લહી શકું છું. લાઈફ એન્જોય કલી શકું છું. મને તો એવું જ હતું કે માલી આખી જિંદગી આવી એક અંધાલી લૂમમાં જ જશે. પન તમે માલી જિંદગીમાં એવું અજવાલું કલ્યું જે મેં ક્યાલેય જોયું જ નો'તું.

'કોણ હશે આ તન્મય ? એનો પ્રોબ્લેમ તો સમજાય છે કે એની સ્પીચ સ્પષ્ટ નથી. દાદાએ એવું તે શું કર્યું હશે કે એ દાદાનો આટલો બધો ઉપકાર માની રહ્યો છે ?' આવા અનેક સવાલોથી મારું મન ઘેરાઈ ગયું. મેં મમ્મી સામે જોયું. મમ્મી પણ કુતૂહલવશાત્ દાદા સામે જોઈ રહી હતી. મારી નજર મમ્મી પરથી હટીને પારૂલ આન્ટી પર ગઈ. એમને જોઈને એવું લાગ્યું જાણે એમના માટે આ પરિસ્થિતિ કંઈ નવી ન હતી. તેઓ એ જ ભક્તિભાવ સાથે દાદા સામે જોઈ રહ્યા હતા. એમના મોઢા પર હળવી સ્માઈલ હતી. મારા કાન ફરી તન્મયની વાત સાંભળવા સરવા થયા.

'દાદા, તમે માલો હાથ પકલીને ફલી મને અજવાલામાં ચાલતા શિખવાલ્યું. જ્યાલે જીવનમાં જીવવાના કોઈ કાલણો લહેતા નો'તા, ત્યાલે તમે એક મોટું કાલન બનીને માલા જીવનમાં આવ્યા. અને એવો આધાલ આપ્યો. જેના કાલને હું આજે માલા પગ પલ ઊભો છું. લોકોની સામે નજલ મેલવી શકું છું. શાંતિથી લોકોના સવાલોના જવાબ આપી શકું છું. બોલતા બોલતા જીભ લથલાય તો બધાની સાથે હું

પન હવે હસી શકું છું.

તન્મય એકીશ્વાસે બોલ્યે જ જતો હતો. એના બોલવામાં ક્યાંય પૂર્ણવિરામ નહોતું. એના અવાજમાં ઉછાળો હતો. જ્યારે દાદા ખૂબ સ્થિરતાથી એની વાત સાંભળી રહ્યા હતા. ન એને વચ્ચે અટકાવતા હતા કે ન કંઈ બોલતા હતા. અને કાનનબેન પણ જરાય કંટાળ્યા વગર ફોન પકડીને ઊભા હતા. એમના મોઢા પર પણ 'આ ઝટ ફોન મૂકે તો સારું' એવો કોઈ ભાવ નહોતો.

'દાદા, પહેલાનો તન્મય, જેને બહાલ જવાનું જ બંધ કલી દીધું'તું, લોકોની સાથે હલતામલતા જેને સંકોચ અનુભવાતો'તો, એ જ તન્મય આજે બહાલ જઈ લોકો સાથે હલેમલે છે. કોલેજના નવા પ્લોજેક્ટમાં ભાગ લે છે. દાદા, તમાલી ખૂબ ક્લુપા છે માલા પલ. કોઈ દવા આવું કામ ના કલે, જે કામ તમાલા પ્લેમે કર્યું છે. તમને જ્યારે હું પહેલી વાલ મલ્યો, ત્યાલે તમાલી જ એક દ્લષ્ટિ એવી હતી જેને મને નોલ્મલ જોયો હતો. તમે ક્યાલેય માલામાં કોઈ ખોડ છે એવું જોયું જ નથી. તમાલી એ દ્લષ્ટિએ મને ખૂબ બલ આપ્યું છે. દાદા, તમે આવી રીતે માલા પલ ક્લુપા વલસાવતા લહેજો.

હવે દાદા બોલ્યા, 'અમારી કૃપા તારી સાથે જ છે. અમે કહ્યું એ પ્રમાણે તું કરતો રહેજે. બધું સારું થઈ જશે. અમે તારી સાથે જ છીએ.

'એ તો હું અનુભવું જ છું દાદા.'

'હા, ચાલ વિધિ કરી લે.' કહી દાદા આંખો બંધ કરી મનમાં કંઈક બોલવા લાગ્યા. હું એમને જોતી જ રહી, એમના મુખ પર અલૌકિક તેજ હતું. તન્મય ત્યારે કેવો અનુભવ કરી રહ્યો હશે, એ તો મને ખબર નથી પણ મને અદ્ભુત શાંતિનો અનુભવ થઈ રહ્યો હતો.

'જય સચ્ચિદાનંદ.' દાદા વિધિ પૂરી કરતા બોલ્યા.

'જય સચ્ચિદાનંદ, દાદા.' કહી તન્મયે ફોન મૂક્યો.

ફોન સામેથી મૂકતા દાદા અને કાનનબેન વચ્ચે એક આછા સ્મિત સાથે મૌન લેવડદેવડ થઈ. કાનનબેન ફોન બંધ કરીને એક સાઈડ પર નીચે બેસી ગયા.

'જોયું ? પ્રોબ્લેમ કોની લાઈફમાં નથી હોતા. પણ સાચી સમજણથી બધા દુ:ખો દૂર થઈ શકે એમ છે. અત્યારે આટલો ખુશ દેખાતો તન્મય જ્યારે મારી પાસે આવ્યો હતો ત્યારે ડિપ્રેશનમાં હતો.

'ડિપ્રેશન...!' મમ્મીથી બોલાઈ ગયું. પણ મારી સામે જોતા તરત એ ચૂપ થઈ ગઈ.

દાદાએ મારી સામે જોયું અને બોલ્યા, 'આ તન્મય તારા જેટલી ઉંમરનો જ

છે. નાનપણથી એ તોતડું બોલતો હતો. ઘણા ઉપચાર કરાવ્યા પણ કોઈ ફરક નહોતો પડતો. જ્યાં જાય ત્યાં બધા એની હાંસી ઉડાવતા. ધીમે ધીમે એ પોતાનો આત્મવિશ્વાસ સાવ ખોઈ બેઠો.'

'મારા પર પણ બધા હસે છે.' કોણ જાણે કેમ પણ મારાથી આટલું બોલાઈ ગયું.

'દુનિયા પાસે નિર્દોષ આનંદના કોઈ રસ્તા નથી, એટલે આવું તેવું કરીને આનંદ મેળવે છે. પણ એને ખબર નથી કે એમાં કેટલી મોટી જોખમદારી વ્હોરે છે. પણ આપણી પાસે એવી સમજણ હોવી જોઈએ કે આપણે એ હસીમજાકને પચાવી શકીએ અને બિચારા અજાણતાથી ગુના કરી રહેલા જગતને માફ કરી શકીએ.' દાદાના આટલા શબ્દોએ ક્ષણવાર માટે મને વિચારતી કરી દીધી.

'જગત... બિચારું ?... અને એને માફ કરી દેવાનું ?' દાદાના શબ્દો પચવામાં ભારે લાગ્યા પણ એમની વાણીમાં ભારોભાર કરુણા નીતરતી હતી, એ સ્પર્શી ગઈ.

'દાદા, સંયુક્તાને પણ તન્મય જેવું જ થાય છે.' અંતે પારૂલ આન્ટીએ આડકતરી રીતે દાદાને કહ્યું.

'એમ ? તો ગૌરવભાઈ સાથે થોડી વાત કરોને. એમણે આનું જ ભણ્યું છે. સરસ સમજાવશે. આને પણ સારું થઈ જશે બધું. અમે પ્રાર્થના કરીશું.'

દાદાએ કાનનબેન તરફ જોયું. કાનનબેન તરત ઊભા થઈ ગયા. તેઓ અમારા ઊભા થવાની રાહ જોતા હતા.

પારૂલ આન્ટી બહુ વિનમ્રતા સાથે દાદાને હાથ જોડીને ઊભા થયા. એમણે મને અને મમ્મીને બહાર આવવા કહ્યું. હું અને મમ્મી ઊભા થયા. દાદા સામે સહેજ માથું નમાવી અમે બહાર ગયા.

'બેસો.' અમને પલંગ પર બેસવાનું કહીને કાનનબેન ગૌરવભાઈને બોલાવવા ગયા.

અમે ત્રણે ગોઠવાયા.

'જય સચ્ચિદાનંદ.' હળવા સ્મિત સાથે એમણે અમારી તરફ હાથ જોડીને કહ્યું. ગૌરવભાઈના ચહેરા પર પણ એક અલગ તેજ દેખાતું હતું. નાની ઉંમરમાં ચહેરા પર સરળતા સાથેની સ્થિરતા અને વર્તનમાં વિનય ઝળકતો હતો.

'આ ગૌરવભાઈ છે. એ પણ કાનનબેનની જેમ જ દાદાને સમર્પિત થયેલા છે. એમની સાથે તમે નિ:સંકોચ વાત કરી શકો છો.' પારૂલ આન્ટીએ મમ્મીને કહ્યું.

થોડી ઔપચારિક વાતો પછી પારૂલ આન્ટીએ મમ્મીને કહ્યું, 'ગૌરવભાઈને તમે વિસ્તારથી કહોને આપણી દીકરીની વાત.'

મેં મમ્મી સામે જોયું. એના શબ્દો જાણે અટકી ગયા હતા. એણે માથું હલાવતા મારી સામે જોયું. પછી પારૂલ આન્ટી સામે જોયું.

મમ્મીનો ઈશારો સમજી ગયા હોય, એમ પારૂલ આન્ટીએ મારો હાથ પકડીને કહ્યું, 'ચાલ સંયુક્તા, તને દાદાનું ઘર બતાવું.' કહી મને લઈ ગયા.

અમારા ગયા પછી મમ્મીએ એમને મારા વિશે વિગતવાર વાત કરી અને સજળ નયને પૂછ્યું, 'મારી દીકરી ડિપ્રેશનમાં છે. મને ડર છે કે એ પાગલ તો નથી થઈ ગઈને !

'ના, ના. મોટાભાગના લોકો એવું માનતા હોય છે કે ડિપ્રેશન માનસિક બીમારી છે. અને દરેક માનસિક બીમારી એટલે પાગલ એવી એક માન્યતા લોકોમાં ઘર કરી ગઈ છે. ખરેખર તો આ પણ એક શારીરિક (મગજની) બિમારી જ છે. ડિપ્રેશન એ પાગલપન નથી. પણ મગજમાં અમુક કેમિકલ્સ ચેન્જીસને કારણે માણસને નેગેટિવ વિચારો વધારે આવતા હોય છે. જેથી તે નકારાત્મક લાગણીઓના પ્રભાવમાં વધારે હોય છે. આપણને આ ન સમજાતા આપણે એને પાગલ સમજીએ છીએ.અંતે આપણા જ વાઈબ્રેશન એને પાગલ બનાવતા જાય છે. માટે એવું માનવાની ભૂલ ના કરશો. અને એને ખૂબ પ્રેમ આપજો. ગૌરવભાઈના અવાજમાં ખૂબ આત્મિયતા છલકાતી હતી.

'એટલે શું એનું મગજ નબળું પડી ગયું છે ?'

'ના. ડિપ્રેશન એટલે મગજની નબળાઈ એ વાત ખોટી છે. પહેલા તમે આવા ખોટા ભ્રમમાંથી બહાર નીકળી સ્વસ્થ બનો. તો જ તમે એને બહાર નીકળવામાં મદદરૂપ થઈ શકશો.'

'કેવી રીતે ગૌરવભાઈ ?'

'તમે કયા ધર્મના છો ?'

'વૈષ્ણવ.'

'તો તમને ખબર જ હશે કે અર્જુન મહાભારતના યુદ્ધમાં, રણમેદાનમાં સામે પક્ષે પોતાના જ કાકા, દાદા,ભાઈ-ભાંડુઓને જોઈને સાવ ભાંગી પડેલો. એ ડિપ્રેશન જ હતું એકજાતનું. ત્યારે શ્રીકૃષ્ણે એને બોધ આપી ઠીક કર્યો. આજની ભાષામાં એ એકજાતનો સાયકોથેરાપી જ હતી. આ બધું ભગવત્ ગીતાના વિષાદયોગ અને કર્મયોગમાં વર્ણવવામાં આવ્યું છે.

મમ્મીએ માથું હલાવ્યું.

'તો શું એ અર્જુનના મગજની નબળાઈ હતી ?'

મમ્મી વિચારવા લાગી.

'ના, અમુક પ્રસંગની મગજ પર એવી અસર થાય છે કે એનાથી મગજમાં કેમિકલ ચેન્જીસ થાય છે. અને નેગેટિવ વિચારો શરૂ થઈ જાય છે. પછી વ્યક્તિને આગળ કંઈ પણ સૂઝતું બંધ થઈ જાય. એ નાસીપાસ થઈ જાય. અને પછી નેગેટિવિટીમાં જાય છે. એને મેડિકલ ટર્મમાં ડિપ્રેશન કહેવાય છે.'

'ઓહ !'

'તમે ઈતિહાસ જોશોને તોય ખ્યાલ આવશે કે કેટલાય મહાન પુરુષોને એમના જીવનમાં ડિપ્રેશનનો સામનો કરવો પડેલો. માટે ડિપ્રેશન એ શરમજનક સ્થિતિ છે, એ માન્યતા જ ખોટી છે. પહેલા તમે એમાંથી બહાર નીકળો. તો જ તમે તમારી દીકરીને યોગ્ય સમયે યોગ્ય આધાર આપી શકશો.'

મમ્મી પોતાના આંસુ લૂછી સ્વસ્થ બન્યા.

'અત્યારે એને શારીરિક તેમ જ માનસિક બંને આધારની સતત જરૂર છે. ખાસ કરીને પ્રેમ અને હૂંફની. તે તમે તમારી આંખો, શબ્દો, વર્તન અને હાસ્ય દ્વારા એની પોસે વ્યક્ત કરો. એને પ્રેમની લાગણીઓનો અનુભવ થવા દો. તમને ખબર છે, પ્રેમ આપનાર અને મેળવનાર બંનેને હીલિંગ થાય છે. એવું હમણાંના સંશોધનોમાં પણ પુરવાર થયું છે.'

મમ્મી શાંતિથી સાંભળતા હતા.

'બીજું, એની સાથે ખૂલીને વાત કરો. ખાસ કરીને એને ખૂબ સાંભળો. આમ થવાથી એની અંદર ઘૂંટાઈ રહેલી લાગણીઓને બહાર આવવાની જગ્યા મળશે. અને એ રાહત અનુભવશે. જો એની લાગણીઓ બહાર નહીં આવે તો એને વધારે એકલા પડી ગયા હોવાનો અનુભવ થશે. માટે એને બહાર આવવા દો, એને સમજો અને સ્વીકારો.

અને ખાસ, આવા સમયે એને સલાહની નહીં પણ પ્રશંસાની જરૂર હોય છે. માટે એના પોઝિટિવ ગુણોની પ્રશંસા કરો. એનામાં કંઈ સારું તો હશેને ?'

'એ ડ્રોઈંગ બહુ સારું કરે છે, રસોઈ સારી બનાવે છે.'

'તો એની એ ક્વોલિટીના એની પાસે વખાણ કરો અને ધીમે ધીમે એને એમાં પરોવવા પ્રેરિત કરો.'

'એને સારું થઈ જશે ?'

'ચોક્કસ.'

ત્યાં તો હું આવી ગઈ. મારી પાછળ આન્ટી પણ આવ્યા.

'મમ્મી, ચાલને ઘરે.' હું ધીમેથી બોલી.

'હા, જઈએ બેટા.' આ વખતે મમ્મીના મોઢા પરથી ટેન્શન જાણે ગાયબ થઈ ગયું હતું. પ્રેમાળ હાસ્ય સાથે એણે મારા માથા પર હાથ ફેરવ્યો.

ગૌરવભાઈએ ફરીથી એટલા જ વિનય સાથે હાથ જોડીને અમને જય સચ્ચિદાનંદ કહ્યા.

ગૌરવભાઈએ કહ્યું, 'એકવાર દાદાને મળી લો.'

'વાતો કરી બધી ?' અંદર જતા જ દાદાએ ગૌરવભાઈને પૂછ્યું.

ગૌરવભાઈએ હા કહ્યું.

'તમને ગમી બધી વાતો ?' સમાધાન થયું ? દાદાએ મમ્મીને પૂછ્યું.

'હા. ઘણી હળવાશ લાગે છે.'

'તને ગમ્યું અહીં ?' દાદાએ મને પૂછ્યું.

મેં મૌન હા પાડી.

'તારે કંઈ વાત કરવી છે ?'

હું વિચારવા લાગી. જીવનમાં વણઉકેલ્યા પ્રશ્નો તો ઘણા હતા પણ પૂછતા જીભ નહોતી ઊપડતી.

'કંઈ વાંધો નહીં. તને મન થાય ત્યારે પૂછજે. મારી વાત માનીશ ?' દાદા જાણે મને બહુ નજીકથી ઓળખતા હોય, એવી આત્મિયતા સાથે મારી સાથે વાત કરી રહ્યા હતા.

'શું ?'

'અમે અહીં જ છીએ થોડા દિવસ. આવતી રહેજે. તને સારું લાગશે.'

મેં આંખોથી જ સ્વીકૃતિ આપી.

પારૂલ આન્ટી દાદાને પગે લાગ્યા. અને એમની પાછળ અમે બંને પણ. દાદાએ અમને પ્રસાદી આપી.

'કાલે આવીશું.' પારૂલ આન્ટીએ કહ્યું. અને અમે ત્રણેય રૂમમાંથી નીકળી ગયા. કાનનબેન અમારી પાછળ દરવાજા સુધી આવ્યા. હસતા ચહેરે એમણે અમને વિદાય આપી.

રસ્તામાં પારૂલ આન્ટીએ મમ્મીને પૂછ્યું, 'કેવું લાગ્યું ?'

મમ્મીએ હળવાશ સાથે કહ્યું, 'સારું લાગ્યું. દાદા સંત પુરુષ જેવા જ લાગ્યા.

બહુ વાત ન થઈ છતાં અંદર બધું શાંત પડી ગયું છે. કાનનબેન અને ગૌરવભાઈ પણ જાણે આપણા જ હોય એવું લાગ્યું. બંને બહુ વર્ષોથી દાદા સાથે રહે છે ?'

'હા, ઘણા વર્ષોથી દાદાની સેવામાં છે.' પારૂલ આન્ટી બોલ્યા. હું ચૂપચાપ સાંભળતી હતી.

'ગૌરવભાઈને પણ સારું એવું નોલેજ છે. એમની સાથે વાતો કરવાથી નવી દિશા મળી. કેટલાય વર્ષોનો ભાર જાણે ઊતરી ગયો. એમની સાથે વાત કરીને એવું લાગ્યું કે ગૌરવભાઈ આવા છે તો દાદા કેવા હશે ?'

'દાદાની તો શું વાત કરવી ! તેઓ તો આશ્ચર્યની પ્રતિમા કહેવાય. એમના માટે જેટલા શબ્દો કહું, વામણા લાગે. તમે જાતે જ અનુભવ કરજોને ધીમે ધીમે. આપણે કાલે પણ જઈશુંને ?'

મેં જોયું કે મમ્મીએ કોઈ આનાકાની ન કરી.

'એવી તે શું વાતો કરી હશે ગૌરવભાઈએ મમ્મી સાથે ?' હું પણ ચકિત હતી. કેટલા વર્ષે મેં મમ્મીને રિલેક્સ જોઈ.

'દાદા આશ્ચર્યની પ્રતિમા ? એટલે શું ? એવું તે શું હશે દાદામાં ?' એક બાજુ મારા મનમાં પ્રશ્નોની વણઝાર હતી અને બીજી બાજુ સમાધાન પણ હતું કારણ કે હું પણ દાદા પાસે જઈને ઠરી ગઈ હતી. જાણે કેટલાય જન્મોથી મારી અંદર બળી રહેલી બળતરા આજે શાંત થઈ હતી.

'સંયુક્તા, બેટા તને સારું લાગ્યું ?' આન્ટીએ મારી તરફ જોતા પૂછ્યું.

'હા.' હું એટલું જ બોલી શકી.

હું પણ ઘણા સમય પછી એવી જગ્યાએ ગઈ હતી, જ્યાં મને જોઈને કોઈ હાયકારો કે હસાહસી કે એવા કોઈ એબ્નોર્મલ એક્સપ્રેશન નહોતો જોવામાં આવ્યા. અને એની મને સૌથી વધારે શાંતિ લાગી હતી.

'મને ખૂબ ખુશી થઈ આ વાત સાંભળીને. આપણે કાલે ફરી જઈશું. તને ચોક્કસ સારું થઈ જશે.'

ઘરે જવાના આખા રસ્તે દાદાનો ચહેરો મને વારંવાર યાદ આવ્યા કરતો હતો. દાદાની આમ તો અમને કોઈ ખાસ ઓળખાણ નહોતી. છતાં એમણે જાણે અમારા મન પર એક આગવી છાપ જરૂર છોડી દીધી હતી. 'દાદા બધાથી કંઈક જુદા જ છે' એવું સતત થયા કરતું હતું.

અને મમ્મી...

મમ્મી તો હળવી ફૂલ થઈ ગઈ હતી. વર્ષો પછી મેં એમનું મોઢું ભાર વગરનું

જોયું.

આટલી વાતચીત થઈ ત્યાં તો ઘર આવી ગયું. અમે છૂટા પડ્યા. પારૂલ આન્ટી જતા જતા પાછું વળીને મારી સામે હસીને ગયા.

## (૨૫)

સાંજ પડી ગઈ હતી. મને થોડી પોઝિટિવ ફીલિંગ આવતી હતી. પપ્પા ઘરે આવ્યા પણ મમ્મીએ એમને દાદા વિશે કોઈ વાત કરી નહીં. પણ દાદી અને રોનકને કરી.

મારા ચિત્તમાં દાદાની રમણતા ચાલુ જ હતી. એમનો એ દિવ્ય ચહેરો અને એમની આંખોમાંથી નીતરતી શીતળતા, એ અલૌકિકતા મને સ્પર્શી રહી હતી.

એ રાતે આમ તેમ પાસા ફેરવતા હું સૂવાનો પ્રયત્ન કરી રહી હતી. ક્યારે આંખ મીંચાઈ ગઈ, ખ્યાલ ન રહ્યો...

'સંયુક્તા, શું વિચારે છે ?'

'દાદા, મારી સાથે જ કેમ આવું થાય છે ? મેં શું ગુનો કર્યો છે ?'

'આખું જગત પાપ-પુણ્યના કર્મોના હિસાબ ચૂકવી રહ્યું છે.'

'પણ મેં તો એવું કોઈ પાપ નથી કર્યું.'

'આ જનમમાં નહીં તો ગયા જનમમાં કર્યું હશે. બીજ વગર તો ફળ આવે નહીંને !'

'મને કોઈ સમજણ નથી જોઈતી. મને નોર્મલ દેખાવ જોઈએ છે. મારા વાળને લીધે મને જે દુઃખ છે એ દૂર કરી આપી શકશો તમે ?'

'હા.'

થોડીવાર સુધી બધું શૂન્ય થઈ ગયું. પછી મેં પોતાની જાતને અરીસા સામે ઊભેલી જોઈ. મારામાં બાહ્ય કોઈ જ ફરક નહોતો. હું અંદરથી બદલાઈ ગઈ હતી. હું આનંદમાં હતી. મને પોતાની જાત માટે કોઈ ફરિયાદ નહોતી. હું સ્વસ્થ હતી, સ્ટ્રોંગ હતી.

'બસ દાદા, હવે મને કંઈ નથી જોઈતું. મને મારા સાચા સ્વરૂપની ઓળખાણ પડી ગઈ છે. આપની કૃપા આમ જ મારા પર રાખજો.'

'અમારા અશીર્વાદ તારી સાથે જ છે.' દાદાએ મારા માથા પર હાથ મૂક્યો અને અદૃશ્ય થઈ ગયા.

હું ઝબકીને જાગી ગઈ. પણ આ વખતે મારા જાગી જવામાં કોઈ ચીસ કે રાડ નહોતી. હૃદયના ધબકારા રિધમમાં ચાલી રહ્યા હતા. બાજુમાં સૂતેલી મમ્મીને ખ્યાલ પણ ના આવ્યો કે હું જાગી ગઈ છું. આવું પહેલા ક્યારેય નહોતું થયું. જોયું તો વહેલી સવારના ચાર વાગ્યા હતા. હું ફ્રેશનેશ ફીલ કરતી હતી.

'દાદા મારા સપનામાં આવ્યા ? માન્યામાં નથી આવતું. માત્ર એક જ વારની મુલાકાત પછી મને સપનામાં આશીર્વાદ આપી ગયા ! એમના હાથનો સ્પર્શ હજી હું મારા માથા પર ફીલ કરું છું. શું એ કોઈ દૈવી પુરુષ છે કે કોઈ દિવ્ય પુરુષ !' હું આગળ કંઈ વિચારી નહોતી શકતી.

'દાદાની કિંમત આંકવામાં હું ખોટી ઠરું એ પહેલા મારે દાદાને ફરી મળવું છે.'

'મમ્મી... મમ્મી... આજે આપણે દાદાને મળવા જઈએ ?' બાજુમાં સૂતેલી મમ્મીને મેં ઢંઢોળી.

'સંયુક્તા... અત્યારે સૂઈ જા. હજી સવાર નથી થઈ.' પહેલા પણ ઘણીવાર ડિપ્રેસ થઈને હું આમ જ મમ્મીને ઉઠાડતી. એટલે મારી વાત સમજ્યા વિના જ એણે જવાબ આપ્યો.

'મમ્મી... હું દાદાની વાત કરું છું.'

'દાદા !'

'હા, સાંભળને. મારે દાદાને મળવું છે.'

'સારું. હું પારૂલ આન્ટીને વાત કરી જોઈશ. અત્યારે તો સૂઈ જા.'

મમ્મીને ઊંઘમાં મારી તડપનો અહેસાસ ન થાય એ સ્વાભાવિક હતું. સપનાને વાગોળતી હું તકિયા પર માથું મૂકીને પડી રહી. ઊંઘ તો ક્યાંય ઊડી ગઈ હતી. કંઈક સારો સંકેત મળ્યો હોય, એવી ખુશી સાથે હું દાદા સાથેના મિલનનો પ્રસંગ યાદ કરતી પલંગમાં પડી રહી.

સવારથી મારા મનમાં દાદા જ દાદા હતા. એટલામાં પારૂલ આન્ટી ઘરે આવ્યા.

'સંયુક્તા, મજામાં છે ને ?' પારૂલ આન્ટીએ હસતા હસતા પૂછ્યું.

'હા, હું તમને જ યાદ કરતી હતી.'

'એમ ? શું છે ?'

'દાદા…' હું અચકાતા સ્વરે બોલી.

'હા બોલ. દાદાનું શું ?' એમણે પ્રેમથી પૂછ્યું.

'દાદા આજે મારા સપનામાં આવ્યા હતા.' કહી મેં એમને આખું સપનું કહી સંભળાવ્યું.

'શું બોલે છે ?' આન્ટીની આંખો પહોળી થઈ ગઈ, 'હજી તો મળ્યા-ન મળ્યા જેવું જ કહેવાય અને દાદા સપનામાં આવી ગયા ? આ તો દાદાની તારા પર કૃપા ઊતરી કહેવાય.'

'સાંભળો છો રશ્મિબેન ?' મમ્મી તરત દોડતી આવી.

'આ આપણી દીકરીને દાદાના આશીર્વાદ મળી ગયા. હવે સંયુક્તાને ચોક્કસ સારું થઈ જશે, મને ખાતરી છે.' કહી આન્ટી મને ભેટી પડ્યા.

મારી નજર મમ્મી પર પડી. એ હર્ષઘેલી થઈને મને જોતી હતી. એણે મારા માથે હાથ ફેરવ્યો.

'આન્ટી, મારે દાદાને પર્સનલી મળવું છે.' મેં કહ્યું.

'હા, હા, કેમ નહીં. આજે આપણે જવાનું જ છે ને ?'

'મમ્મી, તું પણ આવીશને ?'

'હા.' મારી દાદાને મળવાની ઉતાવળને જોઈને એની આંખોમાં હરખ દેખાયો.

ઘણા દિવસે મારા મોઢા પર પણ આનંદ દેખાયો.

બસ, આમ મારી દાદાને મળવાની ગોઠવણી થઈ. પારૂલ આન્ટીનો મોટો ફાળો રહ્યો મને દાદા સુધી લઈ જવામાં.

'અમે ત્રણે દાદા પાસે ગયા. મમ્મી અને આન્ટી દાદાના દર્શન કરીને બહાર કાનનબેન સાથે બેઠા અને હું દાદા સાથે.'

દાદાનો એ જ ફ્રેશ ચહેરો, એવું જ પ્રેમાળ સ્મિત અને આંખોમાં એવું જ તેજ.

'સંયુક્તા નામ છે ને તારું ?' દાદાએ સામેથી વાત શરૂ કરી.

'હા.'

મારે દાદાને સપનાની વાત કહેવી હતી પણ એકદમ કહું કે નહીં એ વિચારતી હતી.

'જ્યાં વિશ્વાસ આવે ત્યાં હૈયું ઠલવાય.' દાદા બોલ્યા.

'દાદા, તમને મળ્યા પછી મને બહુ શાંતિ લાગે છે. મને ખબર નહોતી કે ફરીથી તમને મળવા માટે મને આટલી ઈચ્છા થશે.'

'એ તો આપણું હૃદય કબૂલ કરેને, ત્યારે એવું થાય.'

'તમે કહ્યું એ પ્રમાણે હું કરું છું. મને સારું લાગે છે.'

'એમ ? સારું સારું.'

'દાદા, તમે આજે મારા સપનામાં આવેલા.'

'એમ ? તો તો દાદાના આશીર્વાદ મળી ગયા તને. શું સપનું આવ્યું હતું ?'

મેં વિગતવાર સપનું કહ્યું. દાદા સપનાની વાત સાંભળીને પણ એટલા જ સ્થિર હતા. કોઈ જાતનો ઉછાળો દેખાતો નહોતો. એમની આવી બધી લાક્ષણિકતાઓ જ મને એક પછી એક સ્પર્શી જતી હતી.

'તો તને તારા દેખાવ માટેનું દુઃખ છે ?'

'હા, દાદા. એના કારણે હું આખી જિંદગી હેરાન થઈ છું. બધા લોકોએ મને તરછોડી છે, કેટલાય લોકોની મજાકનો ભોગ બની છું. પણ આમાં મારો શું વાંક છે ? આ કંઈ મારા હાથમાં થોડું છે ?'

'સાચી વાત છે. એ તારા હાથમાં નથી. તો જે આપણા હાથમાં ન હોય એના પર દુઃખી થવાને બદલે જે આપણા હાથમાં છે એના પર ધ્યાન દેવું જોઈએ.'

'મારા હાથમાં શું છે, દાદા ?'

'ઈનર બ્યૂટી !'

'ઈનર બ્યૂટી ?' હું સમજવાનો પ્રયત્ન કરતી હતી.

'હા, આ દેહનો દેખાવ, એની સુંદરતા એ આઉટર કહેવાય. સુડોળ કાયા, સુંદર ચહેરો, સારા અંગઉપાંગ, વાળ, નખ એ બધું આઉટર બ્યૂટીમાં જાય.'

'અને ઈનર બ્યૂટી ?' મેં પૂછ્યું.

'સ્વભાવ એ ઈનર બ્યૂટી કહેવાય.'

મેં કોઈ રિસ્પોન્સ ન આપ્યો.

'ગમે એવા રૂપાળા હોય પણ જો સ્વભાવ ખરાબ હોય તો લોકો એને પસંદ કરે ?'

મેં ધીમેથી નકારમાં માથું હલાવ્યું.

'પણ હાર્ટિલી હોય, સેવાભાવી હોય, કોઈને દુઃખ ન આપતી હોય, એવી વ્યક્તિ દેખાવમાં સારી નથી તોય લોકો એને પસંદ કરે કે નહીં ?'

હું વિચારવા લાગી.

'અપંગ હોય પણ હસમુખી હોય, કાયમ આનંદમાં રહેતી હોય અને સાથેવાળાને પણ કાયમ ખુશમાં જ રાખતી હોય તો લોકો એને પસંદ કરે કે નહીં, શું

લાગે છે તને ?'

'હા' મારો અવાજ ધીમો હતો, 'છતાં દાદા, લોકો બહારનો દેખાવ પણ એટલો જ જુએ છે.'

'એ તો શરૂઆતમાં જુએ. પછી સ્વભાવ જોતા થઈ જાય. કારણ કે દેખાવમાં ખૂબ સુંદર હોય પણ ઘમંડી હોય, આપણને નીચા ગણતી હોય, વાતે વાતે આપણને ઉતારી પાડતી હોય તો એની સાથે આપણી ફ્રેન્ડશિપ કેટલી ટકે ?'

હું નિરુત્તર હતી.

'એમ જ થઈ જાય કે ભાઈ, તારો દેખાવ તારા ઘેર. હું આ ચાલી. થાય કે નહીં ?'

'હા, થાય.'

'એટલે વાળ નથી એનું જરાય દુઃખ લગાડવા જેવું નથી.'

'પણ દાદા, લોકોની મજાક મારાથી સહન નથી થતી. મને બહુ દુઃખ થાય છે.'

'જ્યાં સુધી તને લોકોની મજાકનું દુઃખ લાગે છે, ત્યાં સુધી એમને તારી મસ્તી કરવાની મજા આવશે. અને તું દુઃખી થઈશ જ. તું અસર રહિત થઈ જા. તો એ લોકોને પછી તારી મસ્તી કરવાની મજા નહીં આવે અને ધીમે ધીમે બંધ કરી દેશે.'

'કઈ રીતે અસર રહિત થઉ ?'

'સાચી સમજણથી. જેનો કોઈ ઉપચાર નથી, એની ચિંતા કરાય નહીં, એનું દુઃખ લગાડાય નહીં. ખરેખર એને દુઃખ કહેવાય જ નહીં. માટે એને ખુશી ખુશી સ્વીકારવાનું હોય.'

'કેવી રીતે સ્વીકારું ? લોકો મને સ્વીકારતા નથી, હું કોઈની સાથે મિક્સ નથી થઈ શકતી.' મારો અવાજ થોડો ખેંચાયો.

'લોકો આપણને સ્વીકારતા નથી, એનું દુઃખ આપણે શું કામ માથે લઈ લઈએ ?'

'તો ક્યાં જાઉ ? કેવી રીતે સામનો કરું આ બધાનો ?'

'ધીરજથી અને સમજણથી.'

'સમજી સમજીને હું થાકી ગઈ છું.'

'જે સમજણથી થાક લાગે એ સમજણ જ ન કહેવાય.'

'તો તમે જ કહો હું શું સમજુ ? મને પણ બીજી છોકરીઓની જેમ સારા દેખાવાનું મન તો થાયને ?'

અમારી વાત ચાલુ હતી, ત્યાં તો કાનનબેન અંદર આવ્યા અને દાદાને ધીમેથી કંઈક કહ્યું.

'સંયુક્તા, આજે આપણે જે વાતો કરી એને પચવા દે થોડું. એના પર વિચાર કરજે. પણ સાથે સાથે હું કહું એવું કરીશ ?'

'શું ?'

'તને યોગા-પ્રાણાયામ આવડે છે ?'

'હા.'

'તારે રોજ એ કરવાના.'

'તને બીજું શું ગમે ?'

'ડ્રોઈંગ ગમે.'

'સાઈકલિંગ ગમે ?'

'હા.'

'તો એ પણ કરવાનું.'

'પછી સાંજે ઘરે કૃષ્ણ ભગવાનની આરતી કરવાની, એમના ફૂલોનો હાર બનાવવાનો. કરીશ એવું બધું ?'

'હા.'

'તો કાલથી કરજે.'

'હા.'

હું દાદાને પગે લાગી. દાદાએ આશીર્વાદ આપ્યા. 'અમે પ્રાર્થના કરીશું. બધું સારું થઈ જશે હં !'

એ દિવસે પણ હું ઘણા અંશે હળવી થઈ ગઈ હતી. ઘરે જઈને મેં દાદા સાથે કરેલી વાતો મમ્મી, દાદી અને રોનકને કહી. બધા બહુ ખુશ થયા. રાત્રે દાદાની વાતો વાગોળતા વાગોળતા હું સૂઈ ગઈ.

બીજા દિવસથી હું મારામાં અને ઘરના વાતાવરણમાં બદલાવ અનુભવવા લાગી. હું એની એ જ હતી અને મારી રૂમ પણ એની એ જ હતી. છતાં આજે મારા રૂમની દીવાલો મને ખાવા નહોતી આવતી. ન તો હું પોતાની જાતને કોસતી હતી. હું ખૂબ શાંત હતી.

આમ તો મારી અવદશા જોઈને અત્યાર સુધી મારા ઘરનાએ મને એમાંથી નીકળવાના ઘણા ઉપાયો બતાવ્યા હતા. પણ મારું મન તે સ્વીકારતું નહોતું. પણ દાદાના શબ્દો મારા માનસ પર એવી અસર કરી ગયા કે એમના કહ્યા પ્રમાણે અનુસરવા

માટે મારું દિલ તરત માની ગયું.

ધીમે ધીમે મેં પ્રાણાયામની શરૂઆત કરી અને મમ્મીએ રોજ ઘરમાં આરતીની. હું શાંતિથી બેસતી. ક્યારેક સૂતા સૂતા સાંભળતી. દાદીની મદદથી હું ફૂલોની માળા બનાવવા લાગી. ઘરનું વાતાવરણ દુઃખ અને ઉચાટની જગ્યાએ હળવું બનતું ગયું.

મારામાં પણ ફરક હતો અને મમ્મી, બા અને રોનકમાં પણ.

એ લોકો બધું કામ મારી પાસે બેસીને કરતા. હું કોઈને જાકારો નહોતી આપતી. હું ઘરના સાથે થોડી વાતો કરતી થઈ. એ લોકો મને પ્રેમથી સાંભળતા. મેં મારા નસીબ પર રડવાનું, એને કોસવાનું છોડી દીધું.

ધીમે ધીમે મમ્મીએ પપ્પાને પણ વાત કરી. પપ્પા પણ મારામાં આ અશક્ય બદલાવ જોઈને રાજી થયા. તેઓ પણ ધીમે ધીમે આરતીમાં જોડાયા. ઘરનું વાતાવરણ ભક્તિ અને આનંદમય બની ગયું.

ઘરના બધા મનોમન દાદાનો ઉપકાર માનવા લાગ્યા. સાથે સાથે પારૂલ આન્ટીનો પણ.

અમને ખુશ જોઈને પારૂલ આન્ટીનો હરખ પણ સમાતો નહોતો.

## (૨૬)

અઠવાડિયા પછી, દાદાને મળવા જવાનું નક્કી થયું. અમે પહોંચ્યા એટલે કાનનબેને એ જ હસતા ચહેરે અમને આવકાર્યા. અમને બહાર બેસાડી તેઓ દાદાને કહેવા ગયા.

હું અંદર ગઈ. મમ્મી અને પારૂલ આન્ટી કાનનબેન સાથે બહાર બેઠા. દાદા સાથે મારી દૃષ્ટિ મળી કે ફરી એ જ અનુભવ. એ જ ઠંડક, એ જ તૃપ્તિ. આને કોઈ જાદુગરી કહેવી કે શું કહેવું ! મને સમજ નહોતી પડતી. હા, આશ્ચર્યની પ્રતિમા જ યોગ્ય જણાતું હતું.

અંદર જઈને મેં દાદાના ચરણ સ્પર્શ કર્યા.

'કેમ છે સંયુક્તા ?' સારું લાગે છે ?'

'હા દાદા. તમારી સમજણ મને થોડી થોડી હિંમત આપે છે. પણ હજુ મારું મન પૂર્ણપણે સમાધાન નથી પામતું. અંદર ઘણી ગડમથલ ચાલે છે, જે મને હેરાન હેરાન કરી નાખે છે. મારો શ્વાસ રૂંધાઈ જાય છે.'

હું કંઈ આગળ બોલવા જાઉં ત્યાં તો એક છોકરી રડતી રડતી અંદર આવી. કાનનબેન જે રીતે એની પાછળ આવ્યા એ જોઈને એવું લાગ્યું કે એ છોકરી કાનનબેનને હડસેલીને દાદા પાસે આવી ગઈ હોય. દેખાવે સુંદર યંગ, લગભગ ત્રેવીસ-ચોવીસ વર્ષની હશે. દાદાના પગમાં પડી એ ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડી.

'દાદા, આવી સ્વાર્થી અને દગાખોર દુનિયામાં હવે હું જીવી શકું એમ નથી. અને કોઈ મને મરવા પણ નથી દેતું.'

દાદાએ નિરુત્તર રહી એને બોલવા દીધી.

'બધું જ તો છે મારી પાસે. ડિગ્રી, દેખાવ, પૈસો... બધું જ. ફક્ત એક કેન્સર શું થયું, અંકિતે મારી સાથે લગ્ન કરવાની ના પાડી દીધી. આ કેન્સર તો ક્યોરેબલ છે તો પણ. ખરેખર, આ દુનિયામાં બધા લોકો બહુ ખરાબ છે.' એ નોન સ્ટોપ બોલ્યે

જતી હતી.

'પાર્થી, આ દુનિયામાં કોઈ વ્યક્તિ ખરાબ નથી હોતી. આપણા કર્મો ખરાબ હોય છે. પુણ્યનો ઉદય હોય ત્યારે બધું સારું કહેનારા ભેગા થાય અને પાપનો ઉદય થાય ત્યારે એ જ વ્યક્તિઓ આપણને તરછોડે. આમાં જોઈએ તો પુણ્ય ને પાપ આપણું જ છે. વ્યક્તિઓ તો નિમિત્ત બની જાય છે.'

દાદાના આ વાક્યે મારા અંતરપટમાં પણ ઝંઝાવાત જગાડ્યો. મારા જીવનના દુઃખ, વચ્ચે ક્ષણિક સુખ અને ફરી પાછા દુઃખની શૃંખલા મારા સ્મૃતિપટ પર છવાઈ ગઈ.

'શું ખરેખર કોઈ વ્યક્તિ ખરાબ નથી હોતી ? આપણને દુઃખ આપનાર કોઈનો વાંક નથી ?' મારી અંદર એક ઝબકારો થયો.

'હું શું કરું દાદા ? મને કંઈ સમજાતું નથી.' પાર્થી વિવશતાથી બોલ્યે જતી હતી.

'આપણા કર્મો આપણે પૂરા નહીં કરીએ તો એ કરજ આપણે માથે ઊભું રહેશે. પાછળથી પણ એ પૂરું તો કરવું જ પડશે. કુદરત કંઈ કોઈને છોડે નહીં, પાર્થી.'

'દાદા, મને બહુ ભારે પડે છે. મારે મરી જવું છે.'

'એમ કંઈ આપઘાત ન કરાય. એનાથી કર્મ પૂરું નથી થતું. કરજ ચૂકવ્યા વગર જઈએ એટલે એને ચૂકવવા ફરી મનુષ્ય થઈને આવવું પડે અને વ્યાજ સાથે ચૂકવવું પડે. સાત અવતાર આપઘાત કરીને મરવું પડે. માટે સોલ્વ કરવું. નહીં તો દુઃખ ઘટવાને બદલે વધશે ઊલટું.'

'હું અંકિતને માફ નહીં કરી શકું. હું એમ માનતી હતી કે એ મને બહુ પ્રેમ કરે છે. પણ બધું ફક્ત દેખાડો જ હતો.' એના રડવામાં ગુસ્સો ભળ્યો.

'પ્રેમ ? આ બે હાથવાળા આપણને શું પ્રેમ આપી શકશે, પાર્થી ? ઊલટું આપણે જગતને પ્રેમ આપીશું. પણ ક્યારે ? વીતરાગ થઈશું ત્યારે. વીતરાગ એટલે કોઈના માટે દ્વેષ નહીં ને કોઈના માટે રાગેય નહીં. બધા માટે એકસરખો પ્રેમ. જેવો દાદાનો છે એવો. તું દાદાનો પ્રેમ જુએ છે ને ?' દાદાના અવાજમાં ભારોભાર પ્રેમ નીતરતો હતો.

આ સાંભળી પાર્થી શાંત પડી અને હું તો ઠરી જ ગઈ.

'આ બે હાથવાળા આપણને શું પ્રેમ આપી શકશે ?' દાદાનું એક-એક વાક્ય મારા હૃદયમાં કોતરાઈ રહ્યું હતું.

'બધા માટે એકસરખો પ્રેમ. જેવો દાદાનો છે એવો. તું દાદાનો પ્રેમ જુએ છે

ને ?' મને એવું લાગતું હતું કે દાદા પાર્થીને નહીં પણ મને જ કહી રહ્યા છે. હું દાદાનો પ્રેમ ફક્ત જોઈ જ નહોતી રહી, અનુભવી પણ રહી હતી, ત્યાં જ બેઠા બેઠા.

દાદાએ પાર્થીને ખૂબ પ્રેમથી સમજાવી અને આપઘાતના વિચારમાંથી પાછી વાળી. એની સાથે સાથે મારું મન પણ કાયમ માટે આપઘાત ન કરવાના નિર્ણય પર આવી ગયું.

પાર્થી દાદાને પગે લાગી રૂમમાંથી બહાર નીકળી ગઈ. એ ગઈ એટલે દાદાએ મારી સામું જોયું.

'જે દેખાવ માટે પાર્થીને અભિમાન હતું, એ એનું કેન્સર મટાડી શક્યું નહીં કે એની સગાઈ પણ ટકાવી શક્યું નહીં.'

હું શું બોલું ?

'તારી સાથે આટલું ખરાબ તો નથી થયુંને ?'

'ના.' મેં માથું હલાવીને કહ્યું.

'એટલે હંમેશાં દૃષ્ટિ આપણાથી નીચેવાળા તરફ રાખવી. તો આપણે સુખી રહીએ. ઉપરવાળાને જો જો કરીએ તો દુઃખ મટે જ નહીં.'

'તમારી વાત સાવ સાચી છે, દાદા. છતાં મને મન પર ભાર રહે છે કે મારા વાળ નથી.'

'વાળ જ નથીને. બાકી તો બધું સલામત છે ને. એક વાત કહે. તારી પાસે હાર્ટ છે, કીડની છે, આંખો છે એ બધું તું કોઈને લાખો રૂપિયામાં આપી દે ખરી ? સામે તને વાળ મળતા હોય તો આપે ખરી ?'

'એ તો કેવી રીતે અપાય ?'

'દુનિયામાં કેટલાય લોકો પાસે એ નથી. આપણી પાસે શરીરની એ બધી સંપત્તિ તો સલામત છે ને ? કુદરતનો કેટલો મોટો ઉપકાર છે આપણા પર ?'

દાદાની સમજ સીધેસીધી મારા હૃદયમાં ઊતરી રહી હતી.

'હંમેશાં જે મળ્યું છે એનો ઉપકાર માની એના આનંદમાં રહેવાનું. નથી એની ચિંતા નહીં કરવાની. સમજાય છે ?'

'હા.'

'પણ દાદા, આ તો તમે સમજો છો. લોકો તો નથી સમજતાને ? લોકો મને એવી દૃષ્ટિથી નથી જોતાને.'

'લોક તો રૂપાળું જ ખોળે. આ કેરી લેવા જાય છે ને, તે બહારથી રૂપાળી જોઈને લઈ આવે. પછી ઘરે આવીને ખાટી નીકળે ને પસ્તાય એના જેવું છે. ભગવાન

કૃષ્ણને શામળાજી કહીને હરખાય અને કોઈ છોકરી કાળી હોય તો એની ટીકા કરે. આવા લોકોના ક્યાં ઠેકાણા જ છે !'

આ વાત પર દાદાની એક્શન જોતા મને હસવું આવી ગયું.

'સંજોગોને જોવાની દૃષ્ટિ ફરી જશે, પછી એ જ સંજોગ તને દુઃખ નહીં આપી શકે. સમજાય છે ?'

'થોડું થોડું.'

'એક વાત યાદ રાખજે, આ કાળમાં રૂપ હોતા જ નથી. રૂપ તો ભગવાન હાજર હતા એ કાળમાં હતા. એ બધી પદ્મિની સ્ત્રીઓ કહેવાતી. એ હોય એના કેટલા માઈલ સુધી એની સુગંધી આવે એવી હતી એ સ્ત્રીઓ. અને અત્યારની સ્ત્રીઓ ! બાજુમાં બેસવુંયે ન ગમે એવા તો લોકોના પરસેવા ગંધાતા હોય. સુગંધી લાવવા અત્તર છાંટવું પડે.'

દાદાની એક-એક વાતથી મારું અંતર સહમત થતું જતું હતું.

'સારા ડ્રેસ પહેરવાથી, મેકઅપ કરવાથી, હેર સ્ટાઈલ કરવાથી રૂપ નથી ખીલતા. ખરું રૂપ નીખરે છે સત્સંગથી, સાચી સમજણથી, સારા સંગમાં આવવાથી. અને એનાથીયે આગળ, જેમ જેમ અહંકાર ઓગળે તેમ તેમ વ્યક્તિનું રૂપ અલૌકિક થતું જાય. અહંકાર રૂપને ખાઈ જાય, લોકોના પ્રેમને ખાઈ જાય, લોકોને દુઃખ આપી દે.'

હવે મને દાદાની વાતોમાં રસ પડવા લાગ્યો.

'ભગવાન સંપૂર્ણ અહંકાર વગરના હોય માટે એમનું રૂપ દેવો કરતાય ઊંચામાં ઊંચું હોય. આ ચામડીનું રૂપ તો એક દિવસ ક્યાંય કથળી જશે. પણ જો અહંકાર ઓગળ્યો તો એ રૂપ અલૌકિક અને કાયમ રહે પછી.'

'અહંકાર કેવી રીતે ઓછો થાય ?'

'આપણે કોઈને દુઃખ આપતા બંધ થઈએ ત્યારે. જેમ જેમ બીજાની ભૂલો કાઢતા બંધ થઈએ, સામાના દોષ જોતા બંધ થઈએ, તેમ તેમ ઊંધી બુદ્ધિ ઓછી થતી જાય. આમ, અહંકાર અને વિપરીત બુદ્ધિ ઓછા થાય તો આંતરિક રૂપ અને આંતરિક સ્વભાવ એટલો સુંદર થાય કે લોકોને આપણી હાજરી ગમે, આપણો સ્વભાવ ગમે, આપણી સાથે રહેવું ગમે.'

હવે મેં મુક્તતાથી સ્માઈલ આપી. મને એમની વાતો બિલકુલ અલગ જ લાગી. આવું કેમ કોઈ વિચારતું નહીં હોય ?

'હવે બોલ, તું કઈ બ્યૂટી પસંદ કરીશ ?'

'ઈનર બ્યૂટી' મને પહેલીવાર એક નવા અભિગમથી કોઈએ જિંદગીની વાસ્તવિકતા સમજાવી હતી, 'આ બધું સાંભળીને સારું લાગે છે.પણ જ્યારે વાસ્તવિક દુનિયાનો સામનો કરવો પડે છે, ત્યારે બહુ અઘરું લાગે છે.'

'ના, વાસ્તવિક દુનિયાનો સામનો કરતી વખતે આ સમજને હાજર રાખવાથી ફાયદો થાય. તને બીજી એક વાત કહું.'

'આ માણસ મરી જાય છે ત્યારે કોઈ એને સંઘરે છે ? લોકો તરત સ્મશાનની તૈયારીઓ કરે. એવું કેમ કરતા હશે આપણા લોકો ?

'સડી જાય એટલે.'

'હા, આ શરીર સડી જાય, ગંધાય. માટે લોકો કહેશે, આ તો આપણને બીમાર પાડશે. માટે બાળી આવો ઝટ.'

'હા, બરાબર.'

'તો આ શરીર જે ક્યારેક રૂપાળું હતું, એ ઘરડું થાય ત્યારે કેવું વિચિત્ર થાય છે ? સુંદર આંખો હોય પણ મોતિયો આવે તો કેવી લાગે ? આ તો આત્માની હાજરી હોય ત્યાં સુધી જ એની કિંમત છે પછી તો ઝીરો વેલ્યૂ.'

'હા, મારા નાનીને મેં જોયા હતા. આખું શરીર કંતાઈ ગયું હતું. મૃત્યુ પછી ચહેરો પણ બદલાઈ ગયો હતો.'

'હા, એટલે સાચી કિંમત આત્માની છે. આત્મા એ જ પરમાત્મા છે. બાકી આ શરીરનું ખોખું તો ગમે ત્યારે ઉપાધિ કરાવે. એનો કોઈ ભરોસો નથી.'

'દાદા, બીજી છોકરીઓ મારી આગળ વધારે રોફ મારે છે, ત્યારે મારે શું સમજવું ?'

'એ તો એના મનમાં એમ સમજે કે હું કંઈક છું એટલે મારે. એવી કેટલીય છોકરીઓના કેસ હું જાણું છું. જે એક જમાનામાં બહુ સક્સેસફુલ થયેલી અને પછી ડિપ્રેશનનો ભોગ બનીને ક્યાંય ખોવાઈ ગઈ છે. ત્યારે ક્યાં ગયો દેખાવ, સ્ટેટ્સ અને પૈસાના આધારે લીધેલું સુખ ? કર્મોના ફળ તો બધાને ભોગવવા જ પડે છે.'

'આ બધું સમજાય છે, દાદા. પણ હું કોઈને ફેસ કરી શકતી નથી એનું શું કરું ?'

કેમ ? શું ડર લાગે છે ? લોકો મશ્કરી કરશે એનો ?'

'હા. બીજી છોકરીઓને માન મળે અને મને તિરસ્કાર. એ જોઈને મને ખૂબ જેલસી થાય છે.'

'કોઈ વધારે દેખાવડી કે રૂપાળી છોકરી હોય તો લોકો એને કેમ વધારે માન

આવે છે એ ક્યારેય વિચાર્યું છે ?'

એ સારી દેખાય છે એટલે બધાને ગમે છે. અને બધા સામે રોફ પણ મારી શકે છે એટલે.'

'ના. આ જગતમાં લોકો ભૂખ્યા છે. કેટલાક પૈસાના, કેટલાક માનના અને મોટા ભાગના વાસનાના.'

'વાસના !' આ શબ્દ સાંભળતા જ મને ધ્રાસકો પડ્યો.

'લોકોની દૃષ્ટિ આ કાળમાં ખૂબ વિકારી છે. સામો રૂપાળો હોય તો એને ભોગવી લે. છેવટે મનથી તો ભોગવી જ લે છે. માન આપીને ફસાવે અનેપછી એનો ગેરલાભ ઉઠાવે. અને આ છોકરીઓ બિચારી મૂરખ બને છે. માન આપે એટલે એ મૂર્છિત થઈ જાય.'

આ સાંભળીને હું સાવ મૂંગી થઈ ગઈ.

'લોકો પોતાની લાલચમાં બીજાને માન આપે છે. સામે કંઈ પણ ભોગવી લેવાની, ફાયદો લેવાની લાલચ હોય જ.'

'તો આ બધી હિરોઈનો માટે પણ એવું જ હોય ?'

'તો બીજું શું હોય ? છોકરીઓ સમજે કે અમે બધાને નચાવીએ છીએ. પણ આખરે પોતે જ મૂરખ બનીને છેતરાઈ જાય છે.'

છેલ્લી વાત સાંભળીને હું સ્તબ્ધ થઈ ગઈ અને ઊભી થઈને સીધી દાદાના પગમાં પડી ગઈ.

## (૨૭)

*દાદાના ચરણોમાં નમી ત્યારે દાદાએ ખૂબ પ્રેમથી મારા માથા પર હાથ મૂક્યો. મારી આંખમાંથી સતત અશ્રુધારા વહી રહી હતી. દાદાએ મને ખાલી થઈ જવા દીધી, જ્યાં સુધી મેં મારી જાતે માથું ન ઊંચક્યું ત્યાં સુધી. હું શાંત પડી. આંસુ લૂછી હું સ્વસ્થ થઈ. દાદાની સામે જોયું. દાદાની આંખમાં પ્રેમ જ પ્રેમ છલકાતો જોયો.*

*'સંયુક્તા, આજે જે આપણી વાત થઈ એને રોજ વાગોળજે. જ્યારે જ્યારે બહાર નીકળવાનું થાય ત્યારે ખાસ. એ તને બળ આપશે. ધીમે ધીમે તારો અચકાટ ઓછો થતો જશે.'*

*'હા દાદા. પણ છતાં હું ઢીલી પડું તો તમે મારી જોડે રહેજો.'*

*'અમે તારી સાથે જ છીએ. અમારી હજી એક વાત માનીશ ?'*

*'શું દાદા ?'*

*'મમ્મી-પપ્પા કહે છે એ પ્રમાણે ડોક્ટરની દવા શરૂ કરને.'*

*હું કંઈ બોલી નહીં.*

*'ડોક્ટરની દવા અને અમારી દુઆ, બંને ભેગા મળીને કામ કરશે.'*

*કોણ જાણે કેમ પણ મારું મન તરત માની ગયું.*

*'સારું દાદા.'*

*હું ફરી દાદાને પગે લાગી. દાદાએ આશીર્વાદ આપ્યા. આ વખતે મારા મોઢા પર હળવાશ હતી. બોજો જાણે બાષ્પીભવન ન થઈ ગયો હોય !*

*આને જાદુ કહેવો કે ચમત્કાર !*

*હું રૂમમાંથી બહાર આવી. મમ્મી અને પારૂલ આન્ટી કાનનબેન સાથે વાતો કરી રહ્યા હતા. મને જોઈને તેઓની આંખો મારા ચહેરા પર સ્થિર થઈ. તેઓ તાગ લગાવી રહ્યા હતા કે હું કેમ છું !*

*પણ કહે છે ને કે 'મા એ મા.' મને જોતા જ એના મોઢા પર પણ ખુશી છવાઈ*

ગઈ. એ તરત જ ઊઠીને મને વળગી પડી.

'સંયુ... મારી દીકરી...'

'મમ્મી, મને ઘણું સારું લાગ્યું.'

આ સાંભળીને પારૂલ આન્ટીએ પણ નિરાંતનો શ્વાસ લીધો.

'આવો, તમે દાદાના આશીર્વાદ લઈ લો.' કાનનબેને મમ્મીને કહ્યું.

હું, મમ્મી અને આન્ટી ત્રણેય દાદાના દર્શન કરવા અંદર ગયા.

'જય સચ્ચિદાનંદ, રશ્મિબેન.'

'જય સચ્ચિદાનંદ, દાદા.'

'તમે મજામાં છો ને ?'

'હા દાદા. સંયુક્તાને જોઈને મને પણ શાંતિ થઈ ગઈ.'

'બધું સારું થઈ જશે હં. એને થોડી ડોક્ટરની દવા પણ શરૂ કરજોને.'

'પણ એ...'

'એ લેશે.' કહી દાદાએ મારી સામે જોયું.

મેં હકારમાં માથું હલાવ્યું.

મમ્મી તો મારામાં આ અકલ્પનીય ફેરફાર જોઈને આભી જ બની ગઈ.

એની આંખો રડું રડું થઈ ગઈ. દાદા માટેનો અહોભાવ આંખોમાં સ્પષ્ટ દેખાતો હતો પણ એને વ્યક્ત કરવા ફાવતું નહોતું.

'દાદા...' એ એટલું જ બોલી શકી.

'રશ્મિબેન, તમારી દીકરી હવે ખરી સુંદરતા પ્રાપ્ત કરવાની છે. એના માટે એને તમારો સપોર્ટ જોઈશે.'

'હા, હા, ચોક્કસ.'

દાદાએ પારૂલ આન્ટી સાથે થોડી વાતો કરી અને અમે ત્રણેય ત્યાંથી નીકળ્યા.

મમ્મીએ રોનકને ડોક્ટર સંબંધી વાત કરી અને રોનકે પપ્પાને અને દાદીને. ઘરમાં બધા ખુશ હતા. મારી ડોક્ટરની દવા શરૂ થઈ.

દાદાની દુઆ અને ડોક્ટરની દવા !

હું ખરેખર સ્વસ્થ થવા લાગી, તનથી અને મનથી, બંનેથી ! દાદાએ કહેલી વાતો હું રોજ યાદ કરતી. એ મારામાં વિટામિન જેવું કામ કરતું.

ધીમે ધીમે મેં બહાર જવાની હિંમત કરી. હિંમત સાથે બેચેની પણ હતી. શરૂઆતમાં તો હું બિલ્ડિંગમાં જ નીચે ઊતરીને ઉપર આવી ગઈ. બહાર વધારે રહેવાની હિંમત ન ચાલી. ગભરાટમાં મારા ધબકારા વધી જતા. ઘરે આવીને આંખો

બંધ કરીને હું થોડીવાર બેસતી અને દાદાની વાત યાદ કરતી. પાછી હિંમત આવતી. આમ થોડા દિવસો પસાર થયા.

એક દિવસ મેં નક્કી કર્યું કે દાદાને મળવા જવાથી જ હું એકલી બહાર નીકળવાની શરૂઆત કરું. અને હું નીકળી. મમ્મી, દાદી અને રોનક તો મને જોઈ જ રહ્યા !

દાદા પાસે પહોંચતા સુધીમાં તો હું પરસેવે રેબઝેબ થઈ ગઈ હતી. ઉતાવળા પગલે રૂમ સુધી ગઈ. દરવાજા પાસેથી જ દાદાને જોતા મારી સાથે સાથે હૃદયની ચાલવાની સ્પીડ પણ આપોઆપ નોર્મલ થઈ ગઈ. એમને જોતા જ ઠંડક થઈ ગઈ. ધીમા પગલે હું રૂમમાં પ્રવેશી. એમની સામે મર્યાદા અને વિનય આપોઆપ આવી જ જાય એવો ગજબનો એમનો પ્રભાવ હતો.

'જય સચ્ચિદાનંદ, દાદા.' મેં કહ્યું.

'જય સચ્ચિદાનંદ. બધું સચ્ચિદાનંદ છે ને ?'

'હા દાદા.'

'તો હવે તારા ભોગવટા ઓછા થયા ?'

'આમ તો તમારી પાસેથી જે સમજણ મળી છે, તે યાદ રહે છે. એનાથી ઘણો ફરક લાગે છે, દાદા. પણ ઘણીવાર હજી અંદર અસર ઊભી થઈ જાય.'

'એમ ? શું થાય ?'

'દાદા, જ્યારે પણ ઘરની બહાર નીકળું ત્યારે લોકોની અચંબાવાળી નજર મારા પર સ્થિર થઈ જાય છે. પહેલા જેટલી અસર તો નથી થતી. છતાં ક્યારેક કોઈ વધારે સમય સુધી ઘૂરીને જુએ તો ઓકવર્ડ ફીલ થાય.'

'એ વખતે તું શું કરે ?'

'તમારી વાત યાદ આવી જાય તો થોડું નોર્મલ થઈ જવાય. પણ ઘણીવાર સામી વ્યક્તિનું વર્તન વધારે ના ગમતું લાગે તો બધું ભૂલી જઉ છું.'

'પહેલા કરતા તો સારું રહે છે ને ?'

'હા દાદા. પહેલા તો સાવ ખરાબ હાલત હતી. આપ તો જાણો જ છો ને.'

'બીજું શું શું થાય ?' દાદાને મારી અંદરની સ્થિતિ આરપાર દેખાતી હોય એમ જાણી ગયા કે મારી ગૂંગળામણ હજી પૂરી ખાલી થઈ નથી.

દાદાને બધું સાચું કહીશ તો દાદાને કેવું લાગશે કે મને હજી પણ આ બધું થાય છે. એ વિચારે મેં એકવારમાં એમને બધું ના કહ્યું પણ દાદાએ મને પકડી પાડી.

'હું હજી પણ લોકો સાથે દૃષ્ટિ મિલાવી નથી શકતી. હું ટ્રાય કરું કે આ બધા

લોકોથી મારે ડરવાની કે નાનપ અનુભવવાની કોઈ જરૂર નથી તો પણ...'

'કંઈ વાંધો નહીં. આપણે અહંકારે કરીને નહીં પણ સમજણ ગોઠવીને આમાંથી બહાર નીકળવાનું છે. જેમ જેમ તને ઊંડાણમાં સમજાતું જશે, તેમ તેમ બધું બરાબર થઈ જશે હં.' દાદાએ પ્રેમથી મને કહ્યું.

એમનો એ પ્રેમ જોઈને મને રાહત થઈ ગઈ. દાદા મારા માટે હવે પરિચિત હતા. મને એમની સાથે વાત કરવામાં જે થોડો સંકોચ રહેતો હતો તે પણ તેમની કરુણાથી નીકળવા લાગ્યો.

'હા દાદા. હજી બધા જેવો કોન્ફિડન્સ નથી લાવી શકતી.'

'એ કોન્ફિડન્સ લાવવાનો નથી. તારી સમજણ બદલાશે એના પરિણામે આપોઆપ કોન્ફિડન્સ આવી જશે. અહંકારથી આવેલો કોન્ફિડન્સ ક્યારે ડિપ્રેશનમાં જતો રહે એ કહેવાય નહીં.'

દાદાના આ વાક્યથી મને મારી વિગના કારણે આવેલું એલિવેશન અને તે પછીના ડિપ્રેશનનો પ્રસંગ એકદમ તાજો થઈ ગયો. દાદાની વાતો ગળે ઊતરવા લાગી કારણ કે સાંભળતા જ પોતાની થયેલી ભૂલો તાદૃશ દેખાવા લાગી અને ત્યાં ને ત્યાં જ સમાધાન થઈ ગયું...

'તારી દૃષ્ટિ જે આખો દિવસ સંયુક્તાના બાહ્ય દેખાવ પર, વિનાશી સ્વરૂપ પર સિમિત થઈ જાય છે તે જ દૃષ્ટિને તું પોતાના અસલ અવિનાશી સ્વરૂપ પર ગોઠવ.' દાદાએ કહ્યું.

'એટલે ? કંઈ સમજાયું નહીં.'

'આ દેહ તો નિરંતર પરિવર્તનશીલ છે. બાળપણમાં જેવો હોય એવો યુવાનીમાં ના રહે અને યુવાનીમાં હોય એવો ઘડપણમાં ના રહે. મૃત્યુ વખતે પણ બદલાય. મર્યા પછી લોકો બાળી મૂકે તો પછી જ્યારે જીવતો હતો ત્યારે કોની હાજરીથી તેનામાં ચેતના હતી ? જે દેહના આધારે બધા સંબંધો હતા તે બધા જ મરતાની સાથે જ પૂરા થઈ જાય છે. તો પછી એમાં આપણે મૂળ કોણ ? એવું વિચાર્યું છે કદી ?'

'ના દાદા.'

'આપણા બધાની અંદર જે આત્મા છે તે જ મૂળ તત્ત્વ છે અને તે જ પરમાત્મા છે. એ જ તારું સાચું સ્વરૂપ છે. એને લોકો જોઈ શકતા જ નથી. જે જુએ છે એ તો બહારના પેકિંગને જુએ છે. એ તો કોઈનું રૂપાળું હોય તો કોઈનું કદરૂપું. પણ અંદર જે આત્મા છે તે જ સાચો માલ છે. એના નીકળી ગયા પછી શરીરને કોઈ સંઘરી રાખતું નથી. એ તો મૂકી આવે તરત જ સ્મશાનમાં. એટલે આ પેકિંગની કોઈ વેલ્યૂ નથી

આત્મા સામે. પણ કળિયુગમાં લોકોનો મોહ એટલો વધ્યો છે કે આને જ સર્વસ્વ માન્યું છે. આ જ હું છું અને આ બધું મારું જ છે. અધ્યાત્મની ભાષામાં વાસ્તવિકતા સાવ જુદી જ છે. સમજાય છે ?'

'હા, થોડું થોડું. આખી જિંદગી આ શરીરને જ પોતાનું સર્વસ્વ માનીને ચાલ્યા અને તેના કારણે જ આટલા ભયંકર ભોગવટા ભોગવ્યા છે. હવે સાચી કિંમત આત્માની છે એ સમજાય છે. દાદા, આજથી હું નિર્ભયપણે એકલી હરવા-ફરવાની શરૂઆત કરીશ.'

'સરસ. અમારા આશીર્વાદ છે તને કે તું સુંદર જીવન જીવતી થઈ જઈશ.'

હું કંઈક બોલવા જતી હતી પણ એ પહેલા દાદા બોલ્યા,

'અ... હ...,વાળ સાથે નહીં, સાચી સમજણ સાથે.' દાદાએ એમની પહેલી આંગળી ઊંચી કરીને મને હસતા હસતા ચેતવી.

હું ખડખડાટ હસી પડી.

'દાદા, મને ક્યારેક વિશ્વાસ નથી થતો કે તમને મળ્યા પહેલા મારી જિંદગીમાં શું હતું અને આજે શું છે !!'

'કેટલાય અવતારોનું પુણ્ય ટીપું ટીપું કરીને ભેગું કર્યું હોય ત્યારે આ ભવમાં જ્ઞાનીનો ભેટો થાય.'

એ દિવસે પહેલીવાર મને પોતાના ફૂટેલા ભાગ્ય પર ગર્વ થયો. હું દાદાના ચરણોમાં નમી પડી. દાદાએ આશીર્વાદ આપ્યા અને હું ત્યાંથી નકળી.

અને એ દિવસથી ધીમે ધીમે હું નોર્માલિટી તરફ જવા લાગી. મીત મળ્યો તે દિવસે હું રોનક સાથે બિન્દાસ નાટક જોવા ગઈ હતી. એના પછી શું શું થયું એ તો તમે જાણો જ છો.

બધા મૌન હતા અને સ્વસ્થ પણ. છતાં કોઈ ઊંડા વિચારોમાં ગરકાવ થઈ ગયા હતા.

મેં મિરાજ તરફ જોઈને કહ્યું, 'મિરાજ એક વાત યાદ રાખજે. આપણને એમ લાગે કે મેં બહુ સહન કર્યું છે. પણ આ જર્નીમાં આપણા પેરેન્ટ્સે આપણા કરતા પણ વધારે સહન કર્યું હોય છે.'

મિરાજની આંખો ઢળી પડી. જોયું તો એના મમ્મી-પપ્પાની આંખો પણ ઢળેલી જ હતી.

'મિરાજ, તને યાદ છે ? મેં તને કહ્યું હતું કે પરમ, નિખિલ, પ્રિયંકા... આ બધા તો નિમિત્ત કહેવાય.'

'હા દીદી. એ લોકો તો જેવા છે એવા જ છે. પણ મને સારા-નરસાનો ફરક ન સમજાયો, એટલે હું મારી જાતને બદલવા ગયો અને એમાં ફસાયો. એમાં એમનો વાંક નથી.'

'તારી સમજણ ખરેખર બહુ ડેવલપ થઈ ગઈ છે, મિરાજ. આઈ એમ હેપી ટૂ હિયર ધીસ ફ્રોમ યૂ.'

મિરાજના મોઢા પર સંતોષનું સ્માઈલ આવ્યું.

'મિરાજ, જો તું એ લોકોને માફ કરી શકે તો તારા પેરેન્ટ્સને માફ ન કરી શકે ?' આ સાંભળી મિરાજ સડાક થઈ ગયો.

'ભલે જમાના પ્રમાણે હવે વિચારશૈલી બદલાઈ હોય અને ક્રિકેટમાં પણ કરિઅર બનાવી શકાય. પણ ગમે એટલા જમાના બદલાય, એ સિદ્ધાંત ક્યારેય નહીં બદલાય કે મા-બાપને ક્યારેય દુઃખ ન અપાય. એમને સમજાવીને વાત કરાય. પણ જો મેળ ન બેસતો હોય તો તેઓ રાજી થાય એ રીતે રહેવું. એમાં પોતાનું સુખ જતું કરવું પડે તો એ કરીને પણ મા-બાપને પહેલા રાજી રાખવા. જે સુખ મેળવવા તે આટલા ફાંફાં માર્યા, એટલી મહેનત તે મમ્મી-પપ્પાને ખુશ રાખવામાં કરી હોત, તો તું એમ ને એમ સુખીયો થઈ ગયો હોત. તારી આ હાલત ન હોય. આખરે તેઓ મા-બાપ છે. અને કોઈ મા-બાપ એમના છોકરાંઓનું અહિત તો ન જ ઈચ્છે.' મારો અવાજ થોડો સ્ટ્રોંગ હતો. પણ મને એ ખાતરી હતી કે હવે એ ભાંગી નહીં પડે.

'મનમેળ વગર એક ઘરમાં સાથે રહેવામાં મુક્તતા કેવી રીતે લાગે ?' મારી નજર બધા તરફ ફરી. કોઈની પાસે જવાબ નહોતો.

'શું થયું ? અઘરું લાગે છે ?' ફરી મારી દૃષ્ટિ મિરાજ પર સ્થિર થઈ.

મિરાજ એકીટસે મને જોઈ રહ્યો.

'ક્યારેક તો માઉન્ટ એવરેસ્ટ ચઢવો પડશે ને ?' મારો અવાજ મૃદુ થવા લાગ્યો, 'તું જ કહે, તું માંદો હતો ત્યારે કયા ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ કે વ્હોટ્સએપના ફ્રેન્ડ્સ કામમાં આવ્યા છે ?'

'કોઈ નહીં.'

'ત્યારે તારા પેરેન્ટ્સ જ હતાને તારી પાસે ને પાસે ?'

મિરાજે માથું હલાવ્યું. એને એક પછી એક પ્રસંગો આંખ સામે આવવા લાગ્યા.

'એટલે કંઈ પણ થાય, ઘરની બધી વ્યક્તિ એક તાંતણે બંધાયેલી હોવી જ જોઈએ. તું એ અનુભવ કરી તો જો.'

મિરાજ ઢીલો પડ્યો. મારી વાત એનું હૃદય પણ કબૂલ કરતું હતું. એની આંખોમાં પસ્તાવાના ભાવો ઊપસી આવ્યા. એ તરત ઊભો થયો અને એની મમ્મીના પગમાં પડ્યો. અચાનક આવું થવાથી અલ્કાબેન ડઘાઈ જ ગયા. તરત જ એમણે મિરાજને ઊભો કરી ગળે વળગાડી દીધો. તેઓ રડી પડ્યા.પછી મિરાજ પપ્પાના પગે પડ્યો. તેઓ ઊભા થઈને મિરાજને ભેટી પડ્યા. અલ્કાબેન સાડીના છેડાથી આંખો લૂછી રહ્યા હતા અને મિરાજના પપ્પા એમના ચશ્મા. મીત ગદ્‌ગદ થઈ ગયો હતો. એ સામેથી ઊભો થઈને મિરાજને ભેટી પડ્યો. બંને ભાઈઓનું આ મિલન જોઈને મારી આંખો પણ ભરાઈ ગઈ.

ફાઈનલી મિરાજ મારી પાસે આવ્યો અને મને નમવા ગયો. મેં તરત એને રોકી લીધો અને હસતા હસતા મારો હાથ એની સામે લંબાવ્યો, 'ગુડ લક મિરાજ. આઈ એમ પ્રાઉડ ઓફ યૂ.' મિરાજે એની ભીની આંખો લૂછતા લૂછતા મારી સાથે હેન્ડ શેક કર્યું.

'દીદી, એક લાસ્ટ ફેવર કરશો ? મને દાદાના દર્શન કરવા છે. જેમણે મને જોયો નથી, છતાં મારા માટે સતત તમને માર્ગદર્શન આપી મારા પર આટલી બધી કૃપા કરી.'

'હા, હા. અમારે પણ એમના દર્શન કરવા છે. જેમની કૃપાથી અમારા અંધારા ઘરમાં ફરી ઉજાસ થયો.'

'ચોક્કસ લઈ જઈશ.' મેં ખુશી ખુશી કહ્યું, 'અત્યારે એ બહારગામ છે. મહિના પછી આવશે ત્યારે જઈશું.'

બધા ખુશ થઈ ગયા.

'મિરાજ, તારી બર્થ ડે આવે છે ને ? લે, આ મારા તરફથી નાનકડી ગિફ્ટ.'

'કંઈ ફ્રેમ જેવું છે ?' એણે આતુરતાથી ગિફ્ટ રેપર ખોલવા માંડ્યું.

'કરેક્ટ.'

એણે રેપર ખોલીને ફ્રેમમાં લખેલા શબ્દો વાંચ્યા.

'I never lose. I either win or learn.'

- Nelson Mandela

'આજ પછી જીવનમાં ગમે તેવા કસોટીના પ્રસંગો આવે પણ તારે સ્ટ્રોંગ અને પોઝિટીવ જ રહેવાનું છે. પ્રોમિસ આપ.'

એણે મને ખુશી ખુશી પ્રોમિસ આપ્યું.

બસ આ હતી મારી મિરાજના વેલ વિશર તરીકેની આખરી મુલાકાત. ત્યાર

પછી અમે મળ્યા નથી. મીત પાસેથી એના રિપોર્ટ મળી જાય છે. એના ઘરમાં બધું ઓલરાઈટ થઈ ગયું છે. ક્યારેક તણખા ઝરે પણ થોડીવારમાં બધું સોલ્યુશન આવી જાય છે. તણખા તો ઝરે, પણ પછી તરત પાણી છાંટતા આવડી જવું જોઈએને.

મને ખૂબ સંતોષ છે. દાદાએ મને જે નવજીવન આપ્યું એનો બદલો તો હું વાળી શકું એમ નથી. પણ મારા જેવા એકને સવળે વાળી મેં મારા જીવનને સાર્થક કર્યું.

હા.

હું સંયુક્તા...

તમારી જ મિત્ર...

તમારો જ પડછાયો...

તમે તમારામાં મને અથવા મિરાજને ક્યાંક ને ક્યાંક અદશ્ય જોશો જ...

હવે તો તમે મને બહુ સારી રીતે ઓળખો છો. તેથી તમારામાં છૂપાયેલી મારી છબીને પણ સહેલાઈથી ઓળખી શકશો.

જીવનના વિવિધ પાસાઓમાં અટવાઈ જતા હું અને તમે, નજીવી અણસમજણના કારણે, અકારણ હોઠ અને આંખોને ન હસવાની ઉંમરકેદની સજા આપી દેતા હોઈએ છીએ.

આવો, આજે સાચી સમજણ પકડીને મુક્ત મને હસીએ અને જીવનને પૂર્ણપણે જીવીએ.

જય સચ્ચિદાનંદ

“ કોઈ માણસ ચહેરા પર માસ્ક પહેરીને કેટલો વખત રહી શકે? પોતાની જાતને કેટલી હદ સુધી બદલવાની કોશિશ કરી શકે? જે વસ્તુ કરવામાં પોતાને ભાર લાગતો હોય, એ ભાર સાથે કેટલું ખેંચે? પોતાની જિંદગીમાં જે ખુશી સચવાઈને રહેલી હોય એ પણ જતી રહે. એ રસ્તે આગળ વધીને શું ફાયદો? પોતાની જાતને દેખાદેખીથી પ્રેરાઈને જબરજસ્તી લોકો જેવી બનાવવા જવી, એનાથી મોટું સેલ્ફ ટોર્ચર બીજું શું હોઈ શકે?

સરળ થવું અને સરળ રહેવું એટલું અઘરું નથી પણ સરખામણી કરીને નકલી પર્સનાલિટી કે ઈમ્પ્રેશન બનાવવા માટે સતત મથતા રહેવું બહુ અઘરું છે. અમુક લિમિટ સુધીનો બદલાવ સ્વીકાર્ય છે અને જરૂરી પણ છે. પણ એની લિમિટ પહેલા સમજી લેવી જોઈએ. જીવન જીવવું સહેલું છે. પણ આપણે જાતે એને કોમ્પ્લિકેટેડ બનાવી દઈએ છીએ. ”

ISBN 978-93-87551-74-9